[illegible]—सिद्धि [illegible]

[illegible]

[illegible]

સંતાન-સિદ્ધિ શાસ્ત્ર.

(દરેક ગૃહસ્થના ઘરમાં સંઘરવા લાયક દેશી વૈદકનું અપૂર્વ પુસ્તક.)

સંગ્રહકર્તા-

વૈ. શાસ્ત્રી રતનશી નેણશી દુમરાકર.

પ્રકાશક—મેઘરાજ પુસ્તક ભંડાર,

(શા. મેઘજી હીરજી બુકસેલર).

આવૃત્તિ પહેલી. પ્રત ૨૦૦૦

સંવત્ ૧૯૮૪ સને ૧૯૨૭.

કીંમત રૂ. રા

આ પુસ્તક મળવાનું ઠેકાણું-

વૈ. શાસ્ત્રી રતનશી નેણશી દુમરાકર.
લાલવાડી-કાસમ મીઠા બીલ્ડીંગ, ૧ લે માળે, રૂમ નં. ૯.
મુંબઈ પો. નં. ૧૨.

અથવા—

મેઘરાજ પુસ્તક ભંડાર,
(શા. મેઘજી હીરજી બુકસેલર).
પાયધુની, મુંબઈ નં. ૩.

આ પુસ્તક મુંબઈ નં. ૩, ચોપાટી રોડ, લેડી નોર્થ કોટ હિન્દુ ઓર્ફનેજ
કે. એન. સેલર પ્રેસમાં જાદવજી પીતાંબર ઠક્કરે છાપ્યું અને

મેઘરાજ પુસ્તક ભંડાર માટે શા. લાલજી હીરજી બુકસેલરે પાયધુની,
ગોડીજીની ચાલ, ઘર નં. ૫૬૬, મુંબઈ નં. ૩ માંથી પ્રસિદ્ધ કર્યું.

નિવેદન.

વિશ્વ-બગીચામાં વિચરતા દંપતીને સંતાનસુખની અભિલાષા હોય, એ તો સ્વભાવસિધ્ધ છે. આજકાલ સંતાનની આશા સફળ કરવા સંખ્યાબંધ દંપતીઓ અને તેમાં પણ ખાસ કરીને સ્ત્રી વર્ગનો મોટો ભાગ, **દેવ, દેવી, યક્ષ કે ઓલીયા** પીરની માનતા માની રહેલ છે. વળી કોઇક ભોળા મનની ભામિનીઓ બાવા કે ફકીરના વચનપર વિશ્વાસ રાખીને પણ છેતરાય છે. એ પ્રમાણે માનતા માનતાં પણ જ્યારે તેઓ નિરાશ થાય છે, ત્યારે નશીબનું નામ લઈ, માથે હાથ મુકીને બેસી રહે છે. આ બાબતમાં કેટલાક પુરૂષો તો સાંગોપાંગ સાર સમજ્યા વિના એમજ બોલી દે છે કે-" **એ તો દૈવાધીન વાત છે.** " આવી રીતે ગેરસમજથી જીવનભરમાં તેઓ સંતાનનું સુખ મેળવવા ભાગ્યશાળી થઈ શકતા નથી. તેમણે સમજવું જોઈએ કે-શરીરમાં ઉત્પન્ન થતા રોગોમાં ગર્ભાશયને દુષિત કરનાર પણ ગુપ્ત દર્દો છે, જેવાં કે **ઋતુદોષ, પ્રદર, યોનિરોગ,** યોનિકમળનાં ગુપ્ત દર્દો તેમજ વિરૂધ્ધ ખાનપાન, અતિ વિષયસેવન કે માનસિક પ્રતિકુળતા એ વિગેરે કારણો ગર્ભાધાનને અટકાવવામાં પ્રતિબંધરૂપ છે. તેમ છતાં કદાચ આધાન રહે તો પણ તે શુષ્ક છોડ થઈ, કસુવાવડ કે ગર્ભપાત-રૂપે પડી જાય છે. એટલે એ પ્રતિકૂળ કારણોને બરાબર સમજી, તેને ટાળવાનો ઉપાય કર્યા વિના ગર્ભાશયની શુધ્ધિ ન થાય અને શુધ્ધિ વિના સંતાનની સિધ્ધિ પણ ન થઇ શકે, એ વાત તો ચળકતા દીવા જેવીજ છે.

અમારૂં આ **સંતાન-સિદ્ધિ શાસ્ત્ર** ખરેખર એક દિવ્ય કલ્પવૃક્ષના પ્રતિનિધિ સમાન છે, એમ કહેવામાં લેશ પણ અતિશયોક્તિ નથી. ગર્ભ ધારણને માટે એમાં બતાવેલ સંખ્યાબંધ ઉપાયોમાંના કેટલાક તો સાદા અને સ્હેલાઇથી થઇ શકે તેવા છે, છતાં તેમાં ફળપ્રદ ગૌરવ તો અપૂર્વજ છે. કેટલાક વિશેષ ઉપાયો અજમાવતાં તો અવશ્ય ફળસિધ્ધિ થાય, એ તો નિઃસંદેહજ છે.

આ શિવાય ઋતુદોષના ભેદ, કારણો અને ઉપાયો, પ્રદરના ભેદ કારણો અને તેના સંખ્યાબંધ ઉપાયો, યોનિરોગનાં કારણો, યોનિનાં છ ગુપ્ત દર્દો અને

તેના અલગ અલગ ઉપાયો, યોનિસંકોચના ૪૩ ઉપાયો. પુત્ર કે પુત્રી થવાના *પ્રસંગો, ઓધાન રહ્યાની કેટલીક સામાન્ય નિશાનીઓ, ગર્ભમાં પુત્ર છે કે પુત્રી?* તેને જાણવાનાં લક્ષણો, કસુવાવડનાં કારણો અને તેને અટકાવવાના ઉપાયો, શીઘ્રપ્રસૂતિના ઉપાયો, ગર્ભવતીનાં દર્દો અને તેના ઉપાયો, સગર્ભા અને ગર્ભ પોષણના ઉપાયો, સ્તનવૃધ્ધિના ઉપાયો, સુવાવડમાં સમજવાની બાબતો, ઓરનો નિકાલ કરવાના ઉપાયો, સુવારોગના ઉપાયો, હિસ્ટીરિયા (અપસ્માર), વાઇ (મૃગી), અને ઉન્માદના ઉપાયો, સ્તનરોગના ઉપાયો, અશુધ્ધ અને શુધ્ધ ધાવણની ઓળખાણ, ધાવણને શુધ્ધ કરવાના તથા વધારવાના ઉપાયો, બાળકોને જન્મથી તે આઠ વરસ સુધીમાં લાગુ પડતાં દર્દો અને તેના ઉપાયો કે જેમાં અંજનની ૮ બનાવટ તથા બાળાગોળીની ૮ બનાવટ બતાવેલ છે, ઓધાન ન રહે તેવા ઉપાયો, તેમજ પુરૂષોને લાગુ પડતા ગરમીનાં દર્દો જેવાં કે પ્રમેહ, ચાંદી-ટાંકી, ઉપદંશ, મુત્રકૃચ્છ, મુત્રાવરોધ, મુત્રાશ્મરી (પથરી), બદ, વિસ્ફોટક, વધરાવળ, વિગેરેનાં કારણો અને તેના ઉપાયો. ધાતુસ્રાવ ટાળવાના અને ધાતુપુષ્ટિના ઉપાયો. વાજીકરણ કે જેમાં નામર્દાઇ ટાળવાનાં તેલ, લેપ અને ખાવાનાં ઔષધો બતાવેલ છે. અને છેવટે ધાતુસ્તંભન કે જેમાં પુરૂષનું વીર્ય, સ્ત્રીસમાગમ વખતે તરત સ્ખલિત ન થતાં વધારે વખત સ્તંભિત રહી શકે તેવા ખાસ સરળ અને સબળ પ્રયોગો બતાવેલ છે.

આ પુસ્તકમાં જે કાંઇ ઉપાયો બતાવેલા છે, તે બધા પુરાતન હસ્ત-લિખિત ગ્રંથો, જેવા કે **વૈદ્યકલ્પલતા, ભૈષજ્યભંડાર,** ચિકિત્સા**રત્નાકર, વનૌષધિવિજ્ઞાન,** તેમજ મહર્ષિઓનાં જ્ઞાનસિદ્ધ ઔષધોના નિધાનરૂપ અને અતિ પ્રાચીન મુદ્રિત ગ્રંથો, જેવા કે **સુશ્રુત આયુર્વેદ. ભાવપ્રકાશ, શારંગધરસંહિતા, ચરકસંહિતા, હારીતસંહિતા, અમૃતસાગર** (હિંદી), **યોગ ચિંતામણિ** (જૈન) એ વિગેરે અનેક પ્રામાણિક ગ્રંથોના આધારેજ આપેલા છે.

એકંદર **ક્ષેત્રશુદ્ધિ** અને **સાત્વિક બીજ** એ બંને ગર્ભાધાનને માટે અસાધારણ કારણરૂપ છે. એટલે એ બંનેમાં રહેલ પ્રતિબંધક દોષ દૂર થઇ કાર્યસિધ્ધિ યા ફળસિધ્ધિ થાય, એ આ પુસ્તક-પ્રયાસનો ખાસ મુખ્ય હેતુ છે.

કિં બહુના. **કાર્તિકી પૂર્ણિમા.** **સંગ્રહકર્ત્તા.**

અનુક્રમણિકા.

પ્રકરણ ૧૭ મું.

પ્રકરણ ૧૮ મું.

પ્રકરણ ૧૯ મું.

પ્રકરણ ૨૦ મું.

પ્રકરણ ૨૧ મું.

કેટલીક ખાસ બનાવટોની યાદી.

સંતાન-સિદ્ધિ શાસ્ત્ર.

પ્રકરણ ૧ લું.

ઋતુદોષ.

આજ કાલ શોખ, નાજુકાઈ અને નબળાઈ વધી જવાથી સ્ત્રીઓમાં આ દોષ આધિકાંશે દાખલ થવા પામ્યો છે. તેમાં પણ શહેરી વાતાવરણમાં ઉછળતી અબળાઓને એ વધારે સતાવે એ તો દીવા જેવી વાત છે. ઋતુદોષને લઈને સ્ત્રીઓને બીજાં અનેક દર્દો લાગુ પડે છે કે જે લાંબા વખત પછી અસાધ્ય કે દુઃસાધ્ય થઈ પડે છે. એ દોષની ઉપેક્ષા કરવા જતાં છેવટે તેમાંથી પ્રદર જેવો મહાભયંકર રોગ પણ પ્રગટ થાય છે. અનિયમિત ઋતુથી સ્ત્રીઓનું શરીર નિસ્તેજ બનતું જાય છે, રકતશુધ્ધીના અભાવે તેમનું રૂપ અને લાવણ્ય ક્ષીણ થાય છે, નબળાઈને લીધે તેઓ હંમેશાં સુસ્ત બની રહે છે, જઠરાગ્નિ મંદ પડી જાય છે, માથું વારંવાર દુખ્યા કરે છે. કોઈ સારા પ્રસંગમાં પણ તેને ચેન પડતું નથી, અંગે કળતર થાય છે, અલ્પ મહેનત કરતાં તે થાકી જાય છે, અધિક ઋતુસ્રાવથી અશક્તિ વધે છે, અને તેથી વખત-સર હીસ્ટિરીયા જેવાં મહાદર્દ પણ તેને લાગુ પડે છે.

આ દોષ સ્ત્રીઓને ચાર પ્રકારે લાગુ પડે છે. **નષ્ટાર્ત્તવ, ન્યૂનાર્ત્તવ અત્યાર્ત્તવ**, અને **પિડિતાર્ત્તવ.** નષ્ટાર્ત્તવમાં ઋતુ બિલકુલ બંધ પડી જાય છે અથવા ન જેવી આવીને બંધ પડે છે. ન્યૂનાર્ત્તવમાં જોઈએ તેટલા પ્રમાણમાં આર્ત્તવ આવતું નથી અથવા

સ્હેજ અનિયમિત રીતે કોઈ વાર દેખાવ આપે છે. અત્યાર્ત્તવમાં અધિક ઋતુસ્રાવ થાય છે, તેથી સ્ત્રીના શરીરે સ્ફુર્તિ ન રહેતાં તે લોથ જેવી બની જાય છે. અને પીડિતાર્ત્તવમાં અટકાવ વખતે કષ્ટ થાય છે. આ ચારે પ્રકારના ઋતુદોષને વેળાસર ચેતીને ટાળવાની જરૂર છે.

ઋતુદોષ થવાનાં કારણો—લાંબો વખત કબજીયાત રહેવાથી, અતિમૈથુન સેવવાથી, રાત દિવસ વિષયના વિચારોનો વેગ વધારવાથી, ભારે ખોરાક લઈ પડી રહેવાથી, આળસુ બની અતિ ઉંઘવાથી, શરીરને યોગ્ય મહેનત ન આપવાથી ખરાબ હવામાં રહેવાથી, બહુ ભય અગર વધારે ગુસ્સો લાવવાથી, પ્રતિકૂળ પદાર્થોના સેવનથી-એ વિગેરે કારણોને લઇને આર્ત્તવ દોષને ઉત્પન્ન થવાનો અવકાશ મળે છે.

એ ઋતુ દોષને દુર કરવાના ઉપાયો દરેક ભેદના અલગ અલગ રીતે બતાવેલા છે.

નષ્ટાર્ત્તવ—એટલે બિલકુલ બંધ પડી ગયેલ અટકાવના ઉપાયો—

(૧) રાતી હીરાબોળ અને એળીયાનું ચુરણ [૧]માસો ૧, દુધ કે પાણીમાં લેવું.

(૨) માલકાંકણીના પાનનો રસ પીવો.

(૩) સુંઠ, મરી, પીંપર, હીંગ, ભારંગમૂળ-એનું ચુરણ માસા ૩, તલના કાઢામાં નાખી પીવું.

(૪) ગાજરનાં બીયાં પાણીમાં વાટી ૫ થી ૭ રોજ પીવાં.

---

૧ એક માસાના બે વાલ સમજવા.

(૫) સાકર, જાવંત્રી અને ફટકડીનું ચુરણ ઠંડા પાણીમાં લેવું.

(૬) કડવી ઇંદ્રવારૂણીનું ચુરણ માખણ સાથે ચાટવું.

(૭) બળદાણા, ખપાટ, વડની વડવાઇનાં કોમળ કુંપળ જેઠીમધ, નાગકેસર અને સાકર એનું સમ ભાગે ચુરણ કરી તો. ૦ાા, મધ, ઘી તથા દુધમાં લેવું.

(૮) કાળા તલનો ક્વાથ ગોળ નાખી પીવો.

(૯) રાતી કણેરનાં ફુલ તેલમાં ઉકાળી તેનું ચુરણ બનાવી વાપરવાથી ઋતુ આવશે.

(૧૦) રાયણના મીંજ પાણીમાં વાટી તેની નાના બોર જેવડી ગોળી કરવી. તે એક ગોળી ગુહ્યસ્થાનમાં મુકવાથી બંધ પડી ગયેલ રૂતુ પાછી આવશે

(૧૧) અરણીના પાનનો રસ તો. ૯ અને મીંઢળની ભુકી તો. ૯ એકરૂપ કરી તેમાંથી પોતાની શકિત પ્રમાણે પીવાથી અટકાવ અવશ્ય આવે.

(૧૨) જવખાર. પીપર, મીંઢળ ગુગળ, કડવી તુંબડીનાં બી, એ બધાં સમ ભાગે લઇ ખુબ બારીક વાટી પાણીમાં તેની મોટા બોર જેવડી ગોળીયો કરવી. તે એક ગોળી સ્ત્રી પોતાના ગુહ્ય સ્થાનમાં મુકે તો બંધ થયેલ ઋતુ પાછી આવે

(૧૩) પાકાં ધીલોડાં, ટંકણખાર અને કપુર, પાણીમાં વાટી યોનિમાં લેપ કરવાથી અટકાવ બરાબર આવે.

(૧૪) ત્રિગડુ, તલના કણસલાંની રાખ, ભારંગી, ઘી તથા ગોળ એ બધાં મિશ્ર કરી ખાવાં.

(૧૫) પીંપળાની અને આંબલીની છાલ પાણીમાં ઘસીને પીવી.

(૧૬) રાયણના મીંજ અને એળીયો ૨ સાથે યોનિમાં રાખવાં.

(૧૭) રાયણના બીજનો ગર તો. ૦ાા, તલનું તેલ તો. ૨ાા સાથે મેળવી પી જવાં.

(૧૮) હળદર ફુલાવેલ ફટકડી. હીરાબોળ—એ દરેક તો. ૦॥, તલના કણસલાંની રાખ તો. ૫, એ બધાં મેળવી તો. ૦॥। ની ગોળી કરવી. તે ગોળી ઉના પાણીમાં લેવી તથા યોનિમાં ધારણ કરવી.

(૧૯) કડવી ઇંદ્રાણીના મૂળ તો. ૦। ની ચુરણની પોટલી ગુહ્ય સ્થાનમાં મુકવી.

(૨૦) તલ. ગુંદાં અને વરીયાળીના કાઢામાં ગોળ નાખી પીવો.

(૨૧) ધોળી ધરોના રસમાં દાડમની મોટી મોટી કળીયો વાટી તે રસ ઠંડી થયેલ કાંજીમાં નાખી સાત દીવસ પીવો.

(૨૨) રાસ્ના, આસંધ, અરડુસી-એ ત્રણેનો કલ્ક કરી તેમાં સિદ્ધ કરેલ ઘી પીવું. એથી યોનિશૂળ પણ નાશ પામશે.

(૨૩) કલગારી અથવા અઘેડાના મૂળ યોનિમાં ધારણ કરવાં. એથી યોનિશૂળ પણ નાશ પામશે.

(૨૪) દસ્તની કબજીયાતનું કારણ જણાય તો કબજીયાત ટાળવાના ઉપાય તરત કરવા.

(૨૫) ગરમ પાણીમાં બેસવું અથવા પેડુપર ગરમ પાણીનો શેક કરવો.

(૨૬) એળીયો તથા હીરાબોળની સોગઠી પહેરવી.

(૨૭) લોહની કોઈ પણ બનાવટ જેવી કે **લોહ ભસ્મ, લોહાસવ, મંડુર** વિગેરે, કુંવારની કોઈ પણ બનાવટ **કુમારિકાસવ** વિગેરે, ગુગળની કોઇ પણ બનાવટ **યોગરાજગુગળ, લઘુ યોગરાજ ગુગળ** વગેરે તથા એળીયો, એ એકલી અગર બીજી દવાઓ સાથે પણ લઈ શકાય.

(૨૮) ટંકણખાર વાલ ૧, એળીયો રતી ૧, મંડુર ભસ્મ રતી ૧, એની ગોળી બનાવી પાણી સાથે લેવી.

(૨૯) સુવા તો. ૭, પાશેર પાણીમાં ઉકાળતાં બે ઉભરા આવ્યા પછી નીચે ઉતારી ગાળી તેમાં સાકર નાખી દીવસમાં તે ત્રણ વખત પીવું. એથી ઋતુ આવી જશે.

(૩૦) ગધેડીનું દુધ તો. ૩ મધ તો. ૧, એ બંને મેળવી ગરમ કરતાં તેમાંનો પોણો ભાગ બળી જાય ત્યારે નીચે ઉતારી ઠંડું થયા પછી તેમાં રૂનું પોતું બોળી ગુહ્યસ્થાનમાં રાખવું, એથી બંધ થયેલ દસ્તાન છુટ અને નિયમિત થશે.

(૩૧) હીરાબોળ તો. ૨, એળીયો તો. ૪, ગુલકંદ તો. ૫, એ બધાં સાથે મેળવી બબ્બે વાલની ગોળી બનાવી ટંકે એકેક ગોળી લેવી.

(૩૨) મહારાસ્નાદિ ક્વાથ પીવાથી પણ એ દોષ મટે છે.

(૩૩) શાહજીરૂં તોલા ૭, સરકામાં ભીંજવી સુકવવું. એમ ત્રણ વખત કરવું. પછી તેનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી તેમાં સુંઠ, મરી, ફુદીનો, પીપરીમૂળ, સુદાબ, મોટી હરડે અને સંચળ–એ દરેક તો. ૩ નું ચુરણ કરી મેળવવું. પછી એ બધાંથી ત્રણ ગણું મધ મેળવી તો. ૦। ની ગોળી બનાવવી. તે ટંકે એકેક ગોળી ખાવી. (યુનાની)

(૩૪) ધતુરાના પાનનો રસ આખા શરીરે ચોળવો.

(૩૫) ત્રિફળા અને ગળોના ક્વાથમાં લોહ ભસ્મ નાખી તે પી જવો.

(૩૬) પાણી અને મધ વિષમ ભાગે એટલે ઓછા વધતા ભાગે મેળવીને પીવું.

(૩૭) ભોંયરીંગણીનાં બી, એળીયો, રાતી હીરાબોળ, સરખા ભાગે વાટી જુના ગોળમાં તે બારીક ચુરણની ગોળી બનાવી તે પાણી સાથે લેવી.

(૩૮) લીંડી પીંપરનું ચુરણ રોજ મધમાં મેળવી ચાટવું.

(૩૯) કડવી તુંબડીનાં બીંજ, શોધેલ નેપાળો, પીપર, મીંઢળ, જુનો ગોળ, દારૂની નીચે જામેલ કદડો, જવખાર, એ બધાંને થોરના દુધમાં વાટી એકરૂપ કરવાં. પછી રૂના પોલમાં મુકી તે યોનિમાં મુકવાં. સગર્ભા સ્ત્રીએ આ ઉપાય કરવો નહિ. એથી ગર્ભપાત થવા સંભવ છે.

(૪૦) શુદ્ધ પારો, શુદ્ધ તામ્ર ભસ્મ, શુદ્ધ લોહ ભસ્મ, અને બંગ ભસ્મ એ સમભાગે લઈ આકડાના દુધમાં ખુબ ઘુંટી ખરલ કરી બબ્બે રતીભારની ગોળી વાળવી, તે રોજ એક ગોળી મધ અને પાણી સાથે લેવી.

(૪૧) ઠળીયા કહાડેલી દરાખ તો. ૫, તાજું ઘી તો ૫, દરાખ ઘીમાં ખુબ તળવી, પછી ઠંડી થયા બાદ તે રોજ સવારમાં બધી ખાઇ જવી. એમ પાંચ દીવસ રોજ તાજી દરાખ તળી ખાવાથી ૠતુ નિયમિત આવશે. પથ્ય બરાબર પાળવું.

(૪૨) રાનતુરનાં બી વાટી બહુ બારીક કરવાં. તેમાંથી તો. ૧ તથા સાકરની ભુકી તો. ૦ા બંને મેળવી રોજ સવારે ફાકી ભરવી, ઉપર દુધ પીવું. ચાર દીવસ ખાવાથી દસ્તાન નિયમ પ્રમાણે આવશે.

(૪૩) ફુલાવેલ ફટકડી વાટી છાશમાં પીવી

(૪૪) સરસવનાં ફુલ તથા સરસવના દાણા બાવેલ તેલમાં કાલવી તે પીવું.

(૪૫) રાતી હીરાબોળ અને કાળી હીરાબોળનું ચુરણ માસો ૧ પાણીમાં લેવું.

(૪૬) ખોરેતીના ફળનું ચુરણ નાળીયેરના અંગરસમાં ત્રણ કે સાત દીવસ લેવું.

(૪૭) નાક છીંકણીના પાનનું ચુરણ સાકર સાથે સાત દીવસ લેવું અને તેજ પાંદડાં તેલમાં ખરલ કરી ગોળી બનાવી ૠતુકાળે ત્રણ દીવસ તે ગોળી યોનિમાં રાખવી. એથી ૠતુ પાછી નિયમિત થસે.

(૪૮) એળીયો બે આની ભાર. હીરાબોળ છ આના ભાર, સેવિન ઓઇલ ટીપાં ૧૨, એની કોકમના તેલ સાથે ચાર સોગટી કરવી. રોજ રાતે એક પહેરવી. સારો ખોરાક લેવો.

(૪૯) માલકાંકણીનાં પાન વાટી તે ચટણી, તથા રાઈ, વજ, અને અસાંણાનું ચુરણ, દુધમાં ત્રણ દીવસ લેવાથી ૠતુ પ્રાપ્ત થશે, અને એથી વંધ્યાદોષ પણ જશે.

(૫૦) કાંજી, તેલ, અડદ, દહીંમાં પાણી નાખ્યા વિના કરેલી છાશ તથા દહીં, એમાંના એક, બે કે ત્રણનું સેવન કરવાથી ૠતુ આવશે.

(૫૧) તલ તો. ૨, પાણીમાં ઉકાળી, ત્રણ દીવસ પીવાથી ૠતુ આવે.

(પર) હીરાબોળ તો. ०ા, દેવદાર તો. ૨ા, પાણીમાં ઉકાળી પીવાથી ઋતુ આવશે.

પીડિતાર્ત્તવ એટલે ઋતુ આવતી વખતે પીડા થાય તેના ઉપાયો—

(૧) રોસાનું ઘાસ તો ०ાા, પાણી તો. ૧૦ માં ઉકાળતાં અડધું પાણી બાકી રહે ત્યારે તે ગાળી લઈ તેમાં ગોળ તો. ૧ મેળવી પાવાથી ઋતુ સાફ આવશે અને પીડા થતી મટશે.

(૨) અજમોદ, રોસાનું ઘાસ, ખસખસનાં ડોડાં, એ દરેક તો. ०ા, અનીસુન તો. ૧, એ બધાંને દોઢ રતલ પાણીમાં ધીમી આંચે ઉકાળતાં પાણી અડધું રહે ત્યારે ગાળી લેવું. તે દીવસમાં ત્રણ વાર થોડી સાકર મેળવીને પીવું.

(૩) અફીણ સાથે ટંકણખાર મેળવી ગોળી કરી ખાવી.

(૪) એલાડોના તો. ०ા, જસતના ફુલ તો. ०ાા, મધમાં ઘુંટી ચાર સોગઠી કરવી. રોજ રાતે એક પહેરવી.

(૫) ઇંદ્રવારૂણીનાં મુળ પાણીમાં ઘસી તેનો કપડા પર લેપ કરી તેનો વાટો યોનિમાં રાખવો. એથી **નષ્ટાર્ત્તવ** પણ દૂર થશે.

(૬) હીરાબોળ અને એળીયાની બબ્બે વાલની ગોળી બનાવી તે દીવસમાં ચાર વખત પહેરવી અને ખાવી.

(૭) **કોહોળાપાક, લોહાસવ, યોગરાજ ગુગળ, કુમારિકાસવ,** એ બધી બનાવટો આર્ત્તવ દોષ તથા ગર્ભાશયના રોગને પણ મટાડે છે.

(૮) અફીણ રતી ૪, કપુર રતી ૮, એની ૭ ગોળી કરવી. તે ત્રણ ત્રણ કલાકે એકથી બે ગોળી ખાવી.

(૯) છાલસહિત સાટોડીના મૂળપર એળીયાના સાત પટ દઈ તે સીંદુરના પ્રવાહી પાણીમાં બોળી સુકવવું. એમ ત્રણ ચાર વખત સીંદૂરના પાણીમાં બોળી સુકવવું. એ સળી પહેરવાથી બે ત્રણ કલાકમાં ઋતુ આવે. **પીડિતાર્ત્તવ** કે **નષ્ટાર્ત્તવ** ટળે. આ ઉપાય સગર્ભા સ્ત્રીએ ન કરવો. ગર્ભપાત થવા સંભવ છે.

(૧૦) લાણુનો પાશો તો. ૧, સફેત સાકર તો. ૨, ગાયનું દુધ તો. ૧૦, પાણી તો. ૧૦, ઉકાળતાં પાણી બળી જાય અને દુધ રહે, ત્યારે તે ગાળીને પી જવું. એથી તમામ ઋતુરોષ નાશ પામશે અને ગર્ભાશય શુદ્ધ થશે. આ ઉપાય રોજ સવાર સાંજે બે વખત એમ ચૌદ દીવસ કરવો. ઉપર સાત્વિક ખોરાક લેવો. તેલ, ખટાઇ કે ગરમ ચીજ ન ખાવી.

(૧૧) અફીણ અને એલાડોનાની કોકમના તેલથી સોગઠી બનાવી પહેરવી.

(૧૨) પીતપાપડાની રાખ ચોખાના ધોવણમાં લેવાથી નષ્ટાર્તવ પણ ટળશે અને કસુવાવડ થતી પણ અટકશે.

અત્યાર્ત્તવ એટલે પ્રમાણ કરતાં અધિક આર્ત્તવ આવતું હોય તેના ઉપાયો–

(૧) પીતપાપડો અને સેવંતીના ફુલ પાણી કે ઘીમાં ચુરણ કરી ખાવાં અને ફટકડીની પોટલી યોનિમાં રાખવી.

(૨) એળીયો તો ૧૦, હીરાકસી તો. ૭॥ તજ તો. ૫, એલચી તો. ૪, સુંઠ તો. ૫, ગુલકંદ તો. ૨૦, એ બધાં મેળવી બબ્બે વાલની ગોળી કરવી. તે ટંકે એક લેવાથી અનિયમિત ઋતુ અને **નષ્ટાર્ત્તવ**ના દોષ પણ જશે.

(૩) શતાવરીનું ચુરણ તો. ૦॥, ઘી અને સાકર સાથે ખાવાથી **નષ્ટાર્ત્તવ** અને **ન્યૂનાર્ત્તવ** દોષ પણ મટશે.

(૪) સફેત સાંવરીના મૂળનું ચુરણ તો. ૦। ગાયના દુધ અને સાકર સાથે લેવું.

(૫) હીરવણીના પાનનો રસ સાકર નાખી પીવો.

(૬) ફુલાવેલ ફટકડીની ગુંદરના પાણીમાં એકેક રતીની ગોળી કરવી. તે રોજ બે ત્રણ લેવી તથા પહેરવાની ગોળી ગુહ્યસ્થાનમાં રાખવી.

(૭) લાલ જાસુંદીના મૂળ તો. ૦॥, સફેત જાસુંદીના મૂળ તો. ૦॥, એ બંને ખોખરાં કરી દશ તોલા ગાયના દુધમાં ખુબ

ચોળવાં પછી તે દુધ ગાળીને પી જવું. એમ ચાર દીવસ કરવું. પથ્ય બરાબર પાળવાથી ઋતુ વધારે જતી હશે તો નિયમિત થઈ ઓછી થશે.

(૮) ઝેરમરા (એક જાતના પત્થર) ની રાખ વાલ ૨, જેઠી-મધનો શીરો વા. ૫, એલચી દાણા વા. ૫, એ ત્રણેને ઘી અગર મધ અથવા સાકરના શીરામાં મેળવી ખાવાથી અધિક દસ્તાન ઓછું થશે.

ઝેરમરાનો પત્થર બંને છાણાને કોતરીને વચમાં મુકી તે છાણા સળગાવી દેવાં. એટલે પત્થર બળીને સફેત ખાખ થશે.

(૯) લાખ તો. ોા, સોનાગેરૂ, ઇંદ્રજવ, ખાખરાનો ગુંદર, મોચ-રસ, નાગકેસર. ગોપીચંદન, પડવાસ, સફેત મુશળી, એ દરેક તો. ો, લઇ વસ્ત્રગાળ ચુરણ કરવું. તે તો. ો તેટલીજ સાકર સાથે મેળવી ઠંડા પાણીમાં લેવું. એથી અધિક ઋતુ કમી થશે.

(૧૦) શંખજીરૂં અને સાકર ૭ માસા મેળવી ખાવાથી રકતસ્રાવ બંધ પડશે.

(૧૧) તકમરીયાંનો લુવાબ સાકર નાખી પીવો.

(૧૨) ઓથમીજીરાનો લુવાબ સાકર નાખી તો. ોા પીવાથી પ્રદર પણ ટળે.

(૧૩) હીરાદખણ તો. ૧, લોદર તો. ૧. સાકર તો. ૨, એના આઠ ભાગ કરવા. ચોખાના ધોવણ સાથે રોજ સવાર સાંજે બે ભાગ એમ ચાર દિવસમાં આઠ ભાગ લેવા.

(૧૪) ત્રિફળા, અતિવિષની કળી, મજીઠ. પીતપાપડો, દાડમની છાલ, ધાવડીના ફુલ, એનું ચુરણ તો. ૧, મધ અને સાકર સાથે લેવું.

(૧૫) આવળના ફુલની સોગડી બનાવી પહેરવી.

(૧૬) બાવળની છાલ તો. ૨, લઇ ખાંડવી તે પાણી શેર ોા માં ઉકાળતાં પાણી તો. ૨ રહે ત્યારે તેમાં આંબળાં નંગ ૭ ખાંડીને નાખવાં તથા બીજું પાશેર પાણી નાખવું. તે સાત દીવસ પીવાથી અત્યાર્ત્તવ મટશે.

ન્યૂનાર્ત્તવ એટલે આર્તવ જોઇએ તેટલા **પ્રમાણમાં ન આવતાં** બહુજ અલ્પ આવતું હોય, તેના ઉપાયો—

(૧) ભારંગમૂળ, સુંઠ, મરી અને પીપરના કાઢામાં ગોળ નાખી પીવો.

(૨) ધાટી છાશ, કુંવારની બનાવટ અને ગુગળની બનાવટનું સેવન કરવું.

(૩) માલકાંકણીના પાન, સાજીખાર, વજ, બીબલો, એ બધાં પાણીમાં વાટીને પીવાં.

(૪) ખાખરાના પાન દુધમાં વાટીને પીવાં.

(૫) એલચીના ડોડાં, જીરૂં, હળદર, સીંધાલુણ એ દરેક એક માસા ભાર લઈ બારીક વાટી કપાસીયાના તેલમાં પોટલી બાંધવી. તે ઋતુના ચોથા દિવસથી યોનિમાં રાખવી. એથી **નષ્ટાર્ત્તવ** પણ દુર **થશે**.

(૬) કાંડવેલ ભડસાળમાં શેકી તેનો રસ તો. ૨ કહાડી, તેમાં તેટલુંજ ઘી. ગોપીચંદનની ભુકી તો. ૧ નાખી પીવાથી નષ્ટાર્ત્તવ પણ ટળશે.

(૭) રાયણના મીંજની પોટલી યોનિમાં મુકવી.

(૮) મજીઠ તો. ૨॥ નો [1]ફાંટ કરી પીવો.

પ્રકરણ ૨ જું.

પ્રદર, ધૂપણી અથવા વાંધો.

આ દર્દ ચાલુ જમાનામાં સ્ત્રીઓને માટે ઘણીવાર જીવલેણ થઈ પડે છે, એમ કહી શકાય. મોજ શોખ અને ખાનપાનમાં મશગુલ બનેલ નાજુક અને નબળા બાંધાની સ્ત્રીઓને તે તરત પકડી લે છે. એનો પ્રતીકાર જો તુરત કરવામાં ન આવે, તો તરૂણીઓના માંસ અને રકતને તે ચુસી લે છે. એ દર્દના જોરથી સ્ત્રીઓનું બદન

---

૧ ગરમ પાણીમાં વનસ્પતિ કે દવા નાખી તેનું સત્વ લઇ લેવાની રીત.

દીવસે દીવસે બળહીન બનતું જાય છે તેમના ગોરા ગાલપરની લાલી ઉડી જાય છે, કામ કરતાં તેમને થાક લાગે છે, રાત દીવસ મગજ બેચેન રહે છે, ઉંઘ બરાબર આવતી નથી, કમ્મરમાં દુખાવો અને હાથે પગે કળતર થાય છે, દમ અને ખાંસી વખતે વખતે દેખાવ આપે છે, કોઈ વાર જીર્ણજ્વર પણ જણાય છે, શરીર બીલકુલ ફીકું પડી જાય છે, મગજની નબળાઇને લીધે વખતસર તેમને હીસ્ટિરીયા લાગુ પડે છે અથવા ક્ષય જેવા ભયંકર દર્દમાં સપડાય છે. ઘણીવાર જ્યારે તેમને પથારીવશ થવું પડે છે, ત્યારે તેમના પતિ અને બાળ બચ્ચાંઓને બહુ સોસવું પડે છે. આ બધાં સંકટો કાંઈ ઓછાં ન કહેવાય. ગર્ભાધાનને માટે તો તેઓ નાલાયકજ બની બેસે છે, પરંતુ તેઓ પોતાના વ્હાલા પતિ અને બાળકોની સારસંભાળ લેવામાં પણ અશક્ત બને છે. કહો આવા કાતીલ દર્દને નાબુદ કરવામાં એક ઘડીવારનો વિલંબ પણ કોણ કરે?

સામાન્ય રીતે પ્રદરના સાત પ્રકાર બતાવેલા છે. (૧) વાત પ્રદર (૨) પિત પ્રદર. (૩) કફ પ્રદર (૪) વાતપિત પ્રદર (૫) વાતકફ પ્રદર (૬) પિતકફ પ્રદર (૭) વાતપિતકફ પ્રદર. તેમાં આ ત્રિદોષજન્ય સાતમા પ્રકારનો પ્રદર અસાધ્ય કહેલ છે. અર્થાત્ એના માટે કશો ઉપાય કામ આવતો નથી. મુખ્ય રીતે પ્રદરના બે પ્રકાર કહેલા છે. તેમાં સોમપ્રદર એટલે જળ પ્રદરને અલગ માનવાથી તેના ત્રણ પ્રકાર થાય છે. (૧) શ્વેતપ્રદર (૨) રક્તપ્રદર, (૩) અને સોમ પ્રદર. સ્ત્રીના ગુહ્યસ્થાનમાંથી સફેત, લાલ કે પીળું ચીકણું અને પાણી જેવું અવારનવાર વહ્યા કરે, એ પ્રદરના દર્દનું મુખ્ય લક્ષણ છે

• અસાધ્ય પ્રદરમાં ઘી, મધ કે હરતાલના પાણી જેવું, મેદ કે ઝાડાના રસ જેવું ગંધાતું રક્ત વહ્યા કરે.

પ્રદર થવાનાં કારણો—

નષ્ટાર્ત્તવ કે અત્યાર્ત્તવથી, કસુવાવડ કે સુવાવડનો બિગાડ રહી જવાથી, કોઈ પણ રોગની નબળાઈથી, દસ્તની કબજીયાતથી, અતિ વિષયના સેવનથી, રાત દિવસ વિષયની તાલાવેલીના વિચારો કરવાથી, ઉપરાઉપરી સુવાવડ થવાથી, કાચી વયમાં પુરૂષ સંગ કરવાથી, મળમૂત્રની હાજતને રોકવાથી, ભારે ભોજન લઈ પડી રહેવાથી, અંગકસરત એટલે જાત મહેનત ન કરવાથી, દારૂના વ્યસનથી યોની કે ગર્ભાશયમાં કંઈ દર્દ થવાથી. ખરાબ ખોરાક ખાવાથી, દીવસે બહુ ઉંઘવાથી, પાંડુરોગથી, સંગ્રહણી કે હરસના રોગથી, એ વિગેરે અનેક કારણોથી પ્રદર રોગ ઉત્પન્ન થાય છે.

પ્રદરના સામાન્ય ઉપાયો—

(૧) અશોકની છાલ વાટી તેમાં રસાંજન નાખી મધ સાથે ચોખાના ધોવણમાં લેવી.

(૨) ખાખરાનું મૂળ, રોહિડાનું મૂળ, કાળીપાટ-એના કાઢામાં મધ અને સાકર નાખી પીવાથી દરેક પ્રદર મટે.

(૩) કેરીની કાચી ગોટલી તો. ૦ા, પાણીમાં ઘસીને પાવી તથા તેની બારીક ભુકીની પોટલી યોનિમાં રાખવી.

(૪) ગળોસત્ત્વ વાલ ૨, લોહભસ્મ વાલ ૦ા, દીવસમાં ત્રણ વખત મધ સાથે મેળવીને લેવી.

(૫) નાગકેસરનું ચુરણ બે આની ભાર, ગાયની છાશમાં લેવું.

(૬) શતાવરીનું ચુરણ તો. ૦ા, ઘી અને સાકર સાથે લેવું.

(૭) કમળકંદ, જાંબુના પાન, સોનાગેરૂ, એ સમભાગે લઈ ચુરણ બનાવી ચોખાના ધોવણમાં લેવું.

(૮) કસુંબાને ગાયના દુધમાં એકરસ કરીને પી જવું.

(૯) વડની વડવાઇ, ગાયના દુધમાં વાટી તેમાં સાકર નાખી લેવી.

(૧૦) બકરીની લીંડી, લોદર અને સાકર, ચોખાના ધોવણમાં ચુરણ બનાવીને લેવું.

(૧૧) ભારંગી અને સુંઠનું ચુરણ, ચોખાના ધોવણમાં લેવાથી દરેક પ્રદર જાય.

(૧૨) મહુડાં ઘીમાં તળી તેને સાકરની ભાવના આપી ચુરણ બનાવીને તે મધમાં લેવું.

(૧૩) દારૂહળદર, કરીયાતું, રસોત, નાગરમોથ, રસાંજન અને આકડાના ફુલ, એનો કાઢો મધ નાખી પીવો.

(૧૪) તાંદળજાની ભાજીનો રસ રસોત નાખી પીવો.

(૧૫) રસાંજન, તાંદળજાના મૂળનું ચુરણ, મધ સાથે ચોખાના ધોવણમાં લેવાથી દરેક પ્રદર નાબુદ થાય.

(૧૬) દારૂ હળદર, મોથ, રસાંજન, ભીલામા, બીલીનો ગર, અરડુસો અને કરીયાતું—એના કાઢામાં મધ નાખી પીવાથી દરેક પ્રદર મટે અને **યોનિશૂળ** પણ જાય.

(૧૭) ગોપીચંદનની ભુકી સાકર સાથે ફાકી જવી.

(૧૮) અતિ બારીક મીઠાની પોટલી યોનિમાં રાખવી. તે સાત દીવસ નિત નવી કરવી.

(૧૯) એલચી તો. ૧, કુવાડીયાના બી તો. ૦॥, ચીનીકબાલા તો. ૦॥, ગોપીચંદન તો. ૦॥, એ બધાનું બારીક ચુરણ બનાવી છાશના નીતરેલા પાણી સાથે સાત દીવસ લેવાથી સ્ત્રીનો તણખીઓ પ્રમેહ નષ્ટ થાય.

(૨૦) સાકર તો. ૧, બાવળની અંતરછાલ તો. ૧॥, એ બંનેને વાટી પાશેર પાણી સાથે સાત દીવસ લેવાથી સ્ત્રીનો પ્રમેહ મટે.

(૨૧) તાંદળજાની ભાજીનો રસ તોલા ૮ લઇ તેમાં સાકર તોલા ૪ મેળવી પી જવો.

(૨૨) જીરૂં, સાકર, મધ અને રાલનો અવલેહ કરી ચાટવો.

---

૧ દારૂ હળદરનો માવો.

(૨૩) ઉંદરની લીંડી, મોચરસ, અને નાગકેસરનું ચુરણ ગાયના દુધમાં લેવું.

(૨૪) કમળકાકડી, વંશલોચન, અને સેવંતીના મૂળના ચુરણમાં સાકર મેળવી તે ચોખાના ધોવણમાં લેવું.

(૨૫) લુણીના બીજની ફાકી સાકર સાથે ફાકવી.

(૨૬) આવળના ફુલની સોગઠી બનાવી પહેરવી.

(૨૭) પાકેલ કેળું, આમળાનો રસ અને સાકર, એ મેળવીને ખાવાં.

(૨૮) ખપાટના મૂળનું ચુરણ દુધ તથા સાકર સાથે લેવાથી પ્રદર, કળતર, કમ્મરનો દુખાવો મટે અને તાકાત આવે.

(૨૯) બહુફળીને વાટી કાઢેલ રસ, અથવા તેની ભૂકી પાણીમાં પલાળી કાઢેલ લુવાબ અગર તેના કાઢામાં સાકર નાખી પીવાથી પ્રદર અવશ્ય ટળે.

(૩૦) સુકા બાવળીયા કુટી, તેમાં ફુલાવેલ ફટકડી, કાથો, તથા બોદાર કાંકરીની ભુકી મેળવી પાણીમાં સોગઠી બનાવી યોનિમાં તે ધારણ કરવી.

(૩૧) જાસુંદીના ફુલની ૫-૬ કળીયો, દશ તોલા સાકર સાથે તે રોજ બે વખત ખાવી અને ઉપર દુધ પીવું. એમ ૭ સાત દીવસ એ ઉપાય કરવો.

(૩૨) જીરૂં અને સાકરનો આથો કરીને ખાવો.

(૩૩) અમુક દીવસ મોટાં આંબળાંનો મુરબ્બો ખાવો.

(૩૪) કાંસકીના મૂળનું ચુરણ, મધ અને સાકરમાં લેવું.

(૩૫) મુલતાની માટીની ગોળી બનાવીને તે ગુહ્યસ્થાનમાં પહેરવી.

(૩૬) ઉંબરાના ફળ તો. ૨, ખાંડી તેમાં સાકર તો ૧ તથા મધ તો. ૧ નાખી ચાર તોલાનો લાડુ બનાવી, તે આખા દીવસમાં ત્રણ ભાગે ખાવાથી દરેક પ્રદર જાય.

(૩૭) તાજાં અંજીર, અથવા પીંપળા કે પીંપળીની પેપડી, અગર તેનો પાક કરીને ખાવો.

(૩૮) બીલીના પાન વાટી તેનો રસ કહાડી, તેમાં સાકર નાખીને પીવો.

(૩૯) રોજ બેથી ચાર તોલા ગુલકંદ આરામ થતાં સુધી ખાવો.

(૪૦) ખેરીયો ગુંદર અને શેમળાનો ગુંદર ઘીમાં તળીને ખાવો.

(૪૧) પાકેલ કેળામાં ફટકડી તો. ૦। નાખી, ઘી અને સાકરમાં તેનો છુંદો કરી તે આખા દીવસમાં ખાવો. એમ દરદ મટતાં સુધી એકેક કેળાનો પ્રયોગ ચાલુ રાખવો.

(૪૨) આસોપાલવની છાલ, હીરવણીનું મૂળ, આંબાહળદર અને દરભના મૂળ—એ દરેક તો. ૧ લઇ, વાટી ચટણી જેવાં બનાવી, બાર તોલા ચોખાના ધોવણમાં રાતે પલાળી, સવારે મસળીને તે પાણી ગાળી લેવું. તે પાણી તો. ૪ રોજ ત્રણ વખત એટલે બાર તોલા ત્રણ વખતમાં પી જવું. એમ ત્રણ દીવસ કરવાથી દરેક પ્રદર મટી જાય.

(૪૩) ઉંબરાના પાકાં ફળ અથવા પાકેલા પીંપળાનાં કુંપળ ત્રણ ચાર દીવસ ખાવાં.

(૪૪) ત્રિફળા સમ ભાગે લઈ ચુરણ બનાવી, તે ચુરણ તો. ૧, સાકર તો. ૨ અને ઘી તો. ૨॥ માં મેળવીને દીવસમાં ત્રણ વાર ત્રણ ભાગે ચાટવું.

(૪૫) ગળો, ગોખરૂ અને આંબળાં સમ ભાગે લઈ બારીક ચુરણ બનાવી, તે તો. ૦॥ ઘી અને સાકર સાથે લેવું.

(૪૬) ઉંદરની લીંડીનું ચુરણ ત્રણ દીવસ દુધ સાથે લેવું. તેમાં આફરો લાવવાનો ગુણ છે, માટે માફકસર લેવું.

(૪૭) શંખજીરૂં અને સાકર મળી માસા ૭ રોજ લેવા.

(૪૮) ઝીણકાં ગુંદાનો ભુકો શેર ૧. ઘી શેર ૧, મરી તોલા ૨॥, એ ત્રણેનો આથો કરી રોજ સવારે તો. ૨॥ થી ૫ ખાવા.

(૪૯) ડોશી ડાળીયાના પાન તોલા ૦॥, પાણીમાં વાટી રોજ સવારે એક વખત તે પીવું. ત્રણ રોજમાં પ્રદર ટળે.

(૫૦) પડવાસનાં ફળ માસા ત્રણ, તલના તેલમાં નાખી ખાવાથી દરેક પ્રદર નાબુદ થાય.

(૫૧) એક મોટું દાડિમ લઇ, તેમાં અફીણ તો. ૦ા નાખી તેને કપડમાટી કરી અગ્નિની ભરસાડમાં દાટવું. પછી તે બફાય એટલે લઈ તેમાંથી અફીણ કહાડી તે રોજ વાલ ૪ ખાવાથી સ્ત્રીની જતી ધાત અટકશે. અનિયમિત સ્રાવ બંધ થઇ જશે.

(૫૨) ત્રિફળાં, સુંઠ, દારૂહળદર, અને લોદર, એના કાઢામાં મધ અને લોદરનું ચુરણ નાખી પીવાથી ત્રિદોષજન્ય પ્રદર પણ નાશ પામે.

(૫૩) કોઠી અને વાંસનાં પાન વાટી તેની ચટણી બનાવી, તેમાં મધ નાખી ખાવી.

(૫૪) શેરણીના પાનનું ચુરણ ઘીમાં મેળવી ચાટવાથી શૂલયુક્ત પ્રદર પણ મટી જાય.

(૫૫) ધાવડીના ફુલનો કાઢો ત્રણ દીવસ પીવો અથવા તેના પાનનો રસ સાકર મેળવી પીવો.

(૫૬) ભોંયઆંબલીના મૂળ, ચોખાના ધોવણમાં વાટી ત્રણ દીવસ પીવાથી દુઃસાધ્ય પ્રદર પણ નષ્ટ થાય

(૫૭) કાંટાશેળીયાના મૂળ, મહુડાંની છાલ ધોળું ચંદન અને જેઠીમધ—એ બધાં વાટી ચોખાના ધોવણમાં પીવાં.

(૫૮) ત્રિફળાં, દેવદાર, વજ, અરડુસી, ધરો, પીકવણ અને બલ દાણા-એનો કાઢો મધ નાખીને પીવો.

(૫૯) તકમરીયાંનો લુવાબ, સાકર નાખી પીવો.

(૬૦) આસંધનું ચુરણ સાકર સાથે બે વખત ગાયના દુધમાં લેવાથી પ્રદર જશે અને તાકાત પણ આવશે.

(૬૧) દારૂહળદર, ભીલામા, તલનાં ફુલ, રસાંજન અને લજામણું એ બધાંનો કાઢો કરી પીવો.

(૬૨) ખારેક ભાંગી, ઘીમાં તળી, તેમાં ગોપીચંદનની ભુકી નાખી ખાવી.

(૬૩) દારૂહળદરના કાઢામાં ત્રણ માસા શિલાજીત નાખી સાત દીવસ તે કાઢો પીવો.

(૬૪) મોચરસના વૃક્ષની છાલનું ચુરણ, દૂધમાં લેવું

(૬૫) હીરાબોળ, ધાવડીનાં ફુલ, અને ઉંદરની લીંડી. એ બધાં સમ ભાગે લઇ ચુરણ બનાવી રોજ તો. ૧, એમ. સાત દીવસ લેવાથી દરેક પ્રદર મટે.

(૬૬) ગુલાબનાં તાજાં ફુલ ૫–૬, સાકર સાથે રોજ બે વખત ખાવાં, ઉપર ગાયનું દુધ પીવું, એથી દસ્ત પણ સાફ આવશે.

(૬૭) જાસુંદીનાં મૂળ, ગાયના દુધમાં ઘસી, તેમાં સાકર નાખી સવાર સાંજ બે વખત પીવાથી પ્રદર જશે અને શકિત પણ આવશે.

(૬૮) બોરસલીનાં તાજાં ફુલ તો. ૧ લઇ. તેમાં ચાર બદામના મીંજ નાખી સાકર સાથે તે બે વખત ખાવાં. ઉપર ઠંડું પાણી તો. ૧ પીવું.

(૬૯) ધોળી જાસુંદીનાં મૂળ કમળકંદ. સફેત શેમળાનો કંદ, અથવા છાલ, એ બધાંનું બારીક ચુરણ બનાવી. સાકર નાખેલ ગાયના દુધમાં તે ૭ માસા બે વખત લેવું.

(૭૦) પીળા ચંપાની છાલનો રસ અથવા તેની છાલનો કાઢો બનાવીને પીવો.

(૭૧) ગોપીચંદન ભાગ ૪, ફટકડી ભાગ ૧, એ બંનેને કુલડીમાં નાખી ભસ્મ બનાવી, તે રતી ૧, ચોખાના ધોવણમાં મધ અથવા સાકર નાખી પીવી.

(૭૨) આંબાની ગોટલીનું ચુરણ, મધમાં ચાટવું.

(૭૩) ગોખરૂનું ચુરણ માસા ૭, મધ અને ખડી સાકરમાં ખાવું

(૭૪) પેટારીનાં મૂળીયાં પાણીમાં વાટી તેમાં સાકર નાખી પીવાં અથવા પેટારીના પાનનો રસ, નાગકેસરનું ચુરણ નાખી પીવો.

(૭૫) કાંડોળીનું ગુંદર રાતે પાણીમાં પલાળી સવારે ગાળીને તેમાં ખડી સાકર નાખી તે પી જવું.

(૭૬) સાલમ મિશ્રી, સફેત મુશળી અને પંજાબી સાલમ, એ ત્રણે સમ ભાગે લઇ ચુરણ કરી, તે ત્રણ માસા ગાયના દુધમાં લેવું.

(૭૭) અજવલાના પાનનો રસ ચોખાના ધોવણમાં પીવો.

(૭૮) દરભનાં મુળ, ચોખાના ધોવણમાં વાટી પાણી નીચોવી, તે જીરાની ભુકી અને સાકર નાખી પીવું.

(૭૯) તાંદળજાનાં મૂળ વાટી, ચોખાના ધોવણમાં લેવાં.

(૮૦) કેળનાં પાન બારીક વાટી, દુધમાં તેની ખીર કરીને બે ત્રણ દીવસ ખાવી.

(૮૧) ગૌરીફળાના વેલાનો રસ, ગાયના દુધમાં પીવો.

(૮૨) ગોરખ આંબલીના ગરનું સરબત બનાવી તેમાં સાકર મેળવી પીવું.

(૮૩) ખારેકનાં બીયાં ઘીમાં તળી, બારીક વાટી, તેમાં ગોપીચંદનની ભુકી નાખી ખાવાં.

(૮૪) મોગલાઇ બેદાણા એકથી બે તોલા રાતે પાણીમાં પલાળી સવારે ગાળી તેમાં બે તોલા સાકર નાખી પી જવું.

(૮૫) બીવલાનો રસ એકથી બે વાલ, દુધમાં નાખી પીવો.

(૮૬) બ્રહ્મપીંપળાની લાખ તો. ૧, છાશના પાણીમાં ઉકાળી તેમાં સાકર નાખી, તે પાણી પીવું.

(૮૭) ધોળી પીલુડીનાં મૂળ, ચોખાના ધોવણમાં ઘસીને પીવાં.

(૮૮) રકત હીરાબોળનું ચુરણ માસો ૧, મધ નાખેલ ચોખાના ધોવણમાં પીવું.

(૮૯) લીમડાની છાલનો રસ, જીરૂં નાખી સાત દીવસ પીવો.

(૯૦) મુશળી અને જાસુંદીની કળીઓ, સાકર સાથે ખાવી અને ઉપર દુધ પીવું.

(૯૧) જેઠીમધ તોલા ૧, ચોખાના ધોવણમાં કલ્ક કરી તેમાં સાકર તોલા ૪ નાખી લેવાથી પિત્તપ્રદર મટે.

(૯૨) સરસડાની છાલનો રસ કહાડી, તેમાં સમાન ભાગે ગાયનું ઘી મેળવી પીવો.

(૯૩) શેમળાની છાલનું ચુરણ દુધમાં લેવું. અથવા તેના કાંટાનું ચુરણ દુધ સાકર સાથે લેવું.

(૯૪) સારફળના ગુંદરને રાતે પાણીમાં પલાળી, સવારે ગાળી તેમાં સાકર નાખી પી જવું.

(૯૫) વરી (મોરીઆ)ના ચોખાના ધોવણમાં ઉંદરની લીંડીઓ વાટીને પીવી.

(૯૬) સોનાગેરૂ, વરીયાળી, રાળ, મરી એ દરેક તો. ૧ લઈ ચુરણ બનાવી, તે માસા આઠ વાસી પાણીમાં સાત દીવસ લેવું.

(૯૭) ધાવડીનાં ફુલ, બીજોરાનાં બીયાં, ઉંદરની લીંડી, એ સમ ભાગે લઇ ચુરણ બનાવી, તે રોજ તો. ૦॥ લેવાથી ભારે પ્રદર પણ મટી જાય.

(૯૮) રસવંતી તો. ૦।, તાંદળજાના મૂળ તો. ૦॥, સાકર તો. ૧, અને ચોખાનું ધોવણ તો. ૧, વાટીને રોજ સવારે પીવું. ત્રણ દીવસમાં પ્રદર જશે.

(૯૯) તાવડી પર તપાવેલ ભાંગ, બદામ, ખસખસ, તીખાં, ચણકબાબ, એ બધાં સમ ભાગે લઇ ચુરણ બનાવી, તેની વડના દુધમાં બબ્બે વાલની ગોળી કરવી. તે રોજ બે કે ત્રણ વખત એકેક ગોળી લેવી.

(૧૦૦) બાવળના પરડા વાટી તેનો રસ કહાડી, તેમાં પાણી મેળવી અમુક વખત આછરવા દઈ, તે પાણી નીતારી લેવું. પછી તે પાણી ઉકાળતાં જે સત્વ રહે, તેમાં બાવળનો ગુંદર મેળવી ચાટી જવું.

(૧૦૧) કડવી તુંબડી, કડવી ઘીસોડી અથવા કડવી દુધી, એ ત્રણમાં ગમે તે એકનો ગર લઇ, તેની મગ જેવડી ગોળી બનાવી, તે યોનીમાં રાખવાથી અથવા તેના રસમાં રૂનાં પોતાં બોળી સુકવી, તે પહેરવાથી થોડા વખતમાં પ્રદર નાશ પામે.

(૧૦૨) આસોપાલવની છાલ તો. ૪. બકરીનું દુધ તો. ૩૨, પાણી તો. ૩૨, એ ત્રણે ઉકાળતાં. દુધ બાકી રહે, ત્યારે તે ગાળીને પીવાથી દરેક પ્રદર નાબુદ થાય.

(૧૦૩) ભોંય આંબલીના મૂળ, ચોખાના ધોવણમાં વાટી, તેનો રસ કહાડી, તેમાં ઘી નાખી ત્રણ દીવસ પીવાથી દુઃસાધ્ય પ્રદર પણ મટશે.

(૧૦૪) લોદરનો કાઢો પીવો. અથવા તેનું ચુરણ આદુના રસમાં અગર કેળના કાંદાના રસમાં લેવું.

(૧૦૫) ખાંડેલ જીરૂં શેર ૧, ગાયના દુધ શે. ૪ માં તેનો માવો કરવો. પછી ઘીમાં શેકી તેનો દાણો પાડવો. પછી સાકર શેર ૨ ની ચાસણી કરી તેમાં તજ, તમાલપત્ર, એલચી, નાગકેશર, પીપર, સુંઠ, જીરૂં, નાગરમોથ, વાળો. દાડમની છાલ, રસાંજન, ધાણા, હળદર, સાલમ, વંશલોચન અને તવખીર એ દરેક તો. ૨ નું ચુરણ તથા ઉપલો માવો નાખી પાક કરવો. તે પાક રોજ તો. ૫ ખાવાથી પ્રદર અને પ્રમેહ. હરસ, રકતપિત, પથરી ટળે. જીરાપાક.

(૧૦૬) મોતીની ભસ્મ, શુધ્ધ હિંગળો, બંગ ભસ્મ, તથા ગાંજો, એ બરાબર વાટીને મધમાં એકેક વાલની ગોળી કરવી. તે ગોળી બબ્બે પહોરે એક ખાવી. પથ્યમાં દુધ ઘી, ચોખા, ઘઉં, મગ, અડદ જેવો પૌષ્ટિક અને માફક આવે તેવો ખોરાક લેવો.

(૧૦૭) લોદર, ધાવડીના ફુલ, નાગરમોથ, મોચરસ, બીલીનો ગર, સાકર, આંબળાં, દાડમની છાલ, હરડાંની છાલ, વજ, એ બધાં સમ ભાગે લેવાં. ફુલાવેલ ફટકડી ત્રણ ભાગ, બેહેડાંની છાલ બે ભાગ,

માયફળ ત્રણ ભાગ, એ બધાં ખાંડી બારીક કરવાં. પછી અરણીના રસમાં તેની ચણા જેવડી ગોળી વાળવી. તે દરદના પ્રમાણમાં એક, બે કે ત્રણ વખત ગુહ્યસ્થાને પહેરવાથી દરેક પ્રદર ટળશે

(૧૦૮) અજમો. એલચી, કપુર, કાકડાશીંગી, કાયફળ, કઠ, ચંદન, જાવંત્રી, જાયફળ, તજ, તમાલપત્ર, શંખજીરૂં, ત્રિફળાં, તાલીસપત્ર, ધાણા, નાગકેસર, પીપર, લવીંગ, નાગરમોથ, મરી, શાહજીરૂં, સુંઠ, સંચળ, સીંધાલુણ, એ બધાં દરેક તો. ૧, અને મેથી તો. ૨૨, લઈ બધાંને બારીક ખાંડી. જુના ગોળમાં તેના લાડુ બનાવવા. તે રોજ સવાર સાંજે તો. ૧ ખાવાથી દરેક પ્રદર મટી જાય અને તાકાત આવે

(૧૦૯) ગોખરૂ તો. ૧૧૨, કુટી તેને છગણા પાણીમાં ઉકાળતાં અરધું પાણી બાકી રહે. ત્યારે ગાળી તેમાં શુધ્ધ ગુગળ તો. ૨૮ મેળવીને ઘુંટવું અને ઉપરથી સુંઠ, મરી, પીપર, હરડાં બેહેડાં, આંબળાં અને મોથ. એ સાતે ચાર ચાર તોલા લઇ ચુરણ બનાવી નાખતા જવું. તે મધ અથવા પાણી સાથે તો. ૦। લેવાથી પ્રદર ટળે. **ગોક્ષુરાદિ ગુગળ.**

(૧૧૦) વંશલોચન, એલચીદાણા, એ દરેક તો. ૧ લઇ વસ્ત્રગાળ ચુરણ કરવું. પછી તે પલળે તેટલું તેમાં સુખડનું તેલ મેળવી નાની સોપારી જેવડી ગોળી કરવી. તે સવારે પાણી તો. ૪ માં એક ગોળી ઓગાળી, તેમાં સાકર તો. ૦॥ નાખી તે પાણી પી જવું. સાંજે પણ એ પ્રમાણે કરવું. એમ સાત દીવસ ચાલુ રાખવાથી પ્રદર જશે અને પ્રમેહ પણ એથી ટળે. પથ્યમાં ઘઉંની રોટલી, તુવરની દાળ. ઘી અને સાકર ખવાય.

(૧૧૧) ગોરખ આંબલીના ફળ ૧ ના મરનો આટો સાકર શે. ૦॥, કાગદી એલચી તો. ૧, પાણીમાં ચૌદ દીવસ લેવાથી મહાઘોર પ્રદર પણ નાશ પામે.

(૧૧૨) તાંદળજાના મૂળને વાટી ચટણી બનાવી, તેમાં મધ અને બમણું રસાંજન નાખી ખાવી.

(૧૧૩) કચોરો, વજ, મોથ, ગળો, કરીયાતું. દેવદાર, હળદર, અતિવિષની કળી, દારૂહળદર, પીપરીમૂળ, ચિત્રકમૂળ, ધાણા, હરડાં, બેહેડાં, આંબળાં, ચવક, વાવડીંગ, ગજપીંપર, સુંઠ, મરી, પીપર, સુવર્ણમાક્ષિક, જવખાર, સાજીખાર, સીંધાલુણ, સંચળ, બીડલવણ, એ દરેક તો. ૦।, નસોતર, દાંતીમૂળ, તજ, તમાલપત્ર, એલચી અને વાંસકપુર, એ દરેક તો. ૧, લોહભસ્મ તો. ૨, સાકર તો. ૪, શિલાજીત તો. ૮, શુધ્ધ ગુગળ તો. ૮, એ બધાં બારીક વાટી પાણીમાં ગોળી વાળવી. તે એક કે બે ગોળી ઘી અને સાકર સાથે લેવી. પ્રદર ટળે, તેમજ ઋતુદોષ પણ એથી મટશે. **ચંદ્રપ્રભા ગુટી.**

(૧૧૪) બાવળના પરડાનો રસ શે. ૧, શતાવરીનો રસ શે. ૧, એનો [1]ઘન બનાવી માવાની સાથે તેનો દાણો પાડવો. તેનાથી બમણી સાકર લઈ ત્રિતારી ચાસણી કરવી. પછી તેમાં ગળોસત્વ, આસંધ, તુલસીનાં બીયાં, રાસ્ના, રતાંજળીના બીયાં, નાગકેસર, શંખાવલી, પીંપળાની લાખ, રીસામણી [2]પંચાંગ, લીમડાનું પંચાંગ, એ દરેકનું ચુરણ તો. ૧. તેમજ એલચી, તજ, તમાલપત્ર, વંશલોચન, પીપર, ધોળી દ્રાક્ષ, ખસખસ, વરીયાળી, શીંગોડાનો લોટ, ચારોળી, પીસ્તાં, એ દરેક તો. ૦॥ તથા બદામના મીંજ તો. ૫, એ બધાં નાખી પાક કરવો. તે રોજ સવારે તો. ૨ લઈ ઉપર સાકર નાખી ગરમ કરેલ ગાયનું દુધ પીવું. અમુક વખતમાં પ્રદર મટે.

૧૧૫ શુદ્ધ ખાપરીયું તો. ૨. કાળાં મરી તો. ૧, એનું વસ્ત્રગાળ ચુરણ બનાવી માખણમાં એક દીવસ તેને ઘુંટવું, પછી માખણની

---

૧ બાવળ તથા શતાવરીના રસમાં તેટલુંજ પાણી નાખી, ૨૪ કલાક રહેવા દઈ, ઉપરનું પાણી નીતારી, તે પાણી ઉકાળતાં બધું બળી ગયા પછી જે સત્વ રહે તે ઘન કહેવાય.

૨ મૂળ, ફળ, ફુલ, પાન અને છાલ, એ પંચાંગ કહેવાય. પણ નાનો છોડ હોય તો છાલને બદલે ડાળાં લેવાં.

ચીકાસ મટે ત્યાંસુધી લીંબુના રસમાં ઘુંટવું. તે વાલ બે થી ચાર મધ અને પીપરના ચુરણ સાથે ચાટવું. પ્રદર તેમજ તાવ, રકતાતિસાર, હરસ અને પિત્તવિકાર જશે. **લઘુમાલિની વસંત.**

(૧૧૬) શુદ્ધ પારો, શુદ્ધ ગંધક, સીસાની ભસ્મ, એ દરેક ભાગ ૧, રસવંતી ભાગ ૩, લોદર ભાગ ૬, એ બધાં સાથે અરડુસીના રસમાં ઘુંટવાં. પછી તે વાલ ૨, મધમાં લેવાથી અસાધ્ય પ્રદર પણ મટશે.

રકતપ્રદર એટલે સ્ત્રીના ગુહ્ય સ્થાનમાંથી ચીકણું રકત પાણી જેવું વહ્યા કરે, તેના ઉપાયો—

(૧ કાયફળ, તજ, સમ ભાગે લઈ ચુરણ બનાવી, તેમાં બમણી સાકર નાખી, ગાયના દુધમાં લેવું.

(૨) હીરાદખણ અને ફુલાવેલ ફટકડીનું ચુરણ પાકા કેળામાં ત્રણ દીવસ સાંજે ખાવું.

(૩) શેમળાનાં ફુલ, સુખડનું ચુરણ, એમાં સાકર મેળવીને ખાવાં.

(૪) આસોપાલવની છાલના કાઢામાં દુધ નાખી ઉકાળતાં દુધ બાકી રહે, ત્યારે તેમાં મધ નાખી પીવાથી તીવ્ર **રકતપ્રદર** પણ નષ્ટ થાય.

(૫) રોજ એક તોલો એરંડીયું લેવું, એમ થોડા દીવસ લેવાથી રકતપ્રદર મટશે.

(૬) એલચી, જાયફળ, વાંસકપુર, નાગકેસર, શંખજીરું, એ દરેક તો. ૧, કેસર તો. ૦।, બારીક ચુરણ બનાવી, તે તો. ૦॥, સાકર તો. ૧, ગાયનું ઘી તો ૧, તથા મધ, મેળવીને ચાટી જવું અને ઉપર ગાયનું દુધ પીવું. ચાટણ બે વખત લેવું.

(૭) ચંદનને ચોખાના ધોવણમાં ઘસીને તેનો ઘસારો તો. ૧ લેવો. અથવા સુખડનું ચુરણ, ચોખાના ધોવણમાં મધ તથા સાકર નાખી પીવું.

(૮) કેવડાનાં મૂળ, ચોખાના ધોવણમાં ઘસી, તેમાં સાકર નાખી પીવાં.

(૯) તવખીર, સોનાગેરૂ અને રાલનું ચુરણ ઘીમાં ચાટવું.

(૧૦) નાગકેસરની ભુકી ઘીમાં પલાળી રાખી, તેની સોપારી જેવડી ગોળી બનાવી. રોજ બે વખત તે ખાવી.

(૧૧) દુધેલીના મુળને બકરીના દુધમાં ઘસીને તે ઘસારો સાત દીવસ પીવાથી રક્તપ્રદર જાય.

(૧૨) આંબાનાં કુંપળ પ્રભાતે બે ચાર વખત ખાવાથી સ્ત્રીને લોહીવા મટે.

(૧૩) આસોપાલવની અંતર છાલ તો. ૪, ફુલાવેલ ફટકડી તો. ૧, લઈ બારીક ખાંડીને તેની ફાકી ભરવી.

(૧૪) લોદર, મેંદીનાં બી અને સાકર, સમ ભાગે લઇ બારીક વાટી રોજ ત્રણ વાર ફાકી ભરવી.

(૧૫) ખજુરીનાં મુળીયાં તો. ૧૦ માં મીઠું તો. ૧ નાખી સારૂં વાટી પેઢુ પર મુકી ઉપર પાટો બાંધવો.

(૧૬) દાડમડીના પાનના રસમાં મધ તો. ૦॥ નાખી પીવાથી રક્ત પ્રદર જાય.

(૧૭) કાંસકીનાં ફુલ, તલનાં ફુલ અને સાકર સમાન ભાગે ખાંડીને રોજ ત્રણ વાર એમ સાત દીવસ ફાકી ભરવી.

(૧૮) બેરીયો ગુંદર રાતે પાણીમાં પલાળી સવારે ગાળી, તેમાં સાકર નાખી. પીવાથી રક્તપ્રદર અને પ્રમેહ પણ મટે.

(૧૯) ખપાટના પાનનો રસ તો. ૨, તેમાં નાગકેસરનું ચુરણ માસા બે નાખી સાત દીવસ પીવો.

(૨૦) એક પાકેલ કેળામાં ઘી તોલો ૦॥ મેળવી રોજ બે વખત ખાવું. ટાઢું પડે તો તેમાં મધ નાખી ખાવું.

(૨૧) નાની અરણી (નરવેલ)ના પાનનો રસ પોતાની શકિત પ્રમાણે બેથી ચાર તોલા પીવો.

(૨૨) બાવળની શીંગો, આંબાની મોર, મોચરસના વૃક્ષની છાલ અને ગુંદાના બીજ, એ બધાંનું ચુરણ દુધમા લેવું.

(૨૩) કડવા લીમડાના રસમાં જીરૂં નાખી તે સાત દીવસ પીવો.

(૨૪) ઉંદરની લીંડીઓ તોલા ૩, મરી તોલા ०॥, સોનાગેરૂ તો. ०॥, બારીક ખાંડી વસ્ત્રગાળ કરી, સરખા વજનની તેની સાત ગોળી કરવી. તે રોજ એકેક ખાવાથી રકતપ્રદર ટળે.

(૨૫) ધાવડીનાં ફુલ, માયફળ, પડવાસ, એ બધાં સમ ભાગે લઇ બારીક ખાંડીને તેને બકરીના દુધના સાત પટ દેવા. પછી તેનું ચુરણ રોજ તોલો એક ખાવું પથ્ય બરાબર પાળવું.

(૨૬) મહુડાંને ઘીમાં તળી, તેમાં સાકર નાખી, ફાકી બનાવીને તે ૧૪ દીવસ લેવી.

(૨૭) ગોપીચંદન તો. ૧, સવારે રોજ ચુરણ લેવું અને તેની ઉપર દરાખ તો. ૨, પાણીમાં ચોળીને તે પાણી પી જવું. એમ સાત દીવસ કરવું.

(૨૮) દુધેલીનાં મુળ. બકરીના દુધમાં ઘસીને તે ઘસારો સાત દીવસ પીવો.

(૨૯) પિત્તપાપડાને ઉકાળી, ગાળી તેમાં મધ નાખીને પીવાથી રકત-વિકાર મટે અને ગર્ભાધાન પણ થાય.

(૩૦) મીણમાં જુની ઈંટનું ચુરણ ખરળ કરી તે યોનિમાં ચોપડવું.

(૩૧) નાગકેસરનું ચુરણ બે વખત ઘીમાં ચાટવું.

(૩૨) જુની ઇંટ માસા ૬, માયફળ માસા ૩, એની ભુકી, ગાયનું ઘી તો ૧, બરાબર મેળવીને ચાટવી. આ ઉપાય સાત દીવસ ચાલુ રાખવો.

(૩૩) જેઠીમધનું ચુરણ તથા સાકર, ચોખાના ધોવણમાં મેળવી પીવું.

(૩૪) ખપાટનાં મુળ, દુધમાં વાટીને પીવાં.

(૩૫) અરડુસીના પાનનો રસ અથવા ગળોનો રસ તો. ૪, જેઠીમધનું ચુરણ તો. ०॥, સાકર તો. ૪, એ બધાં ચોખાના ધોવણમાં વાટી ગાળીને પીવાં.

(૩૬) રસાંજન અને ડાંગરના મુળ, ચોખાના ધોવણમાં વાટી, તેમાં મધ મેળવીને પીવાં.

(૩૭) આસોપાલવની અથવા પીંપળાની છાલના કાઢામાં દુધ નાખી સવારે પીવો.

(૩૮) દરભનાં મૂળ, ચોખાના ધોવણમાં વાટીને પીવાં.

(૩૯) જુની ઇંટની ભુકીમાં સાકર મેળવી તે ફાકી જવી.

(૪૦) ત્રિફળાં સમ ભાગે તો. ૧૦ લઇ, તે માટીના કોરા વાસણમાં રાતે અરધા શેર પાણીમાં પલાળી તે વાસણ છાપરા કે આગાશી પર મુકવું. તે સવારે ગાળી આખા દીવસમાં ત્રણ ભાગે પી જવું. પછી સાંજે તેજ ત્રિફળાના વાસણમાં તેટલુંજ બીજું પાણી નાખી રાતે ખુલ્લી જગ્યામાં રાખી સવારે ગાળીને ત્રણ ભાગે પીવું. એમ ત્રીજે દીવસે પણ કરવું. ચોથે દિવસે ત્રિફળાં નવાં લેવાં. એ પ્રમાણે કેટલાક દિવસ ચાલુ રાખવાથી રક્તપ્રદર અવશ્ય નાશ પામશે.

(૪૧) ઉંબરાના કાચાં ફળ ખાવાથી રક્તપ્રદર જાય તથા ગર્ભવતીના ગર્ભની રક્ષા પણ થાય.

(૪૨) લોદર, કડીયાનો ગુંદર. પીપરીમુળ અને ગેરૂ, એ દરેક તો. ૦ાા અને સાકર તો. ૧ લઇ, બધાં બારીક વસ્ત્રગાળ કરી ચૌદ દીવસ દુધ સાથે લેવાથી રક્તપ્રદર નાબુદ થાય

(૪૩) સુરોખાર તો. ૦ાાા સોનાગેરૂ તો. ૦ાાા, બંને બારીક ખાંડી વસ્ત્રગાળ કરી ૧૪ દીવસ સુધી પોતાને માફક આવે તેટલા સાકરવાળા દુધમાં મળવીને તે ખાવું.

(૪૪) અજમોદ તો. ૨ાા, અર્શાણ તો. ાા, દાડેમની કળી તો. ૧, જાયફળ તો. ૧, જાવંત્રી બેઆની ભાર ધતુરાના બી બેઆની ભાર, કડાછાલ બેઆની ભાર. મરડાશીંગ તો. ૦ાા, કાચું દાડમ તો. ૧, એ બધાં ખાંડી ત્રણ ભાગ કરવા. તે ત્રણ દીવસ પાણીમાં લેવા.

(૪૫) જુની છોને ખાંડી ચાળી, તેમાં પાણી મેળવીને તે ત્રણ રોજ પેઢુ પર બાંધવી.

(૪૬) રતનમાળીની જડ વાટી, તેનો રસ કહાડીને પીવાથી રક્તપ્રદર નાશ પામે.

(૪૭) તણખીઓ સુરમો વાલ ૬, ખાંડ તો. ૧ાા, એ બંને ચોખાના ધોવણ સાથે અલ્પ માત્રાએ સાત રોજ લેવાં. પથ્ય પાળવું.

(૪૮) હરડાં બેહેડાં, આંબળાં, અતિવિષની કળી, મજીઠ, પિત્ત-પાપડો, દાડિમની છાલ, ધાવડીનાં ફુલ, એ બધાંનું બારીક ચુરણ કરી, તે મધ તથા સાકર અથવા ઘી અને દહીં સાથે ચાટવાથી યોનિમાંથી વહેતું રક્ત તરત બંધ થાય છે. તેમજ રકતાતિસાર પણ એનાથી અટકે છે.

(૪૯) જેઠીમધ, મજીઠ, એલચી, તમાલપત્ર અથવા ગળીનાં પાન, લીમડાના પાન હરડે, મોથ, ઇંદ્રવારૂણી, કડુ, એ બધાંની ચટણી બનાવી, સાકર સાથે તે ખાવાથી યોનિમાંથી વહેતું લોહી બંધ થશે તેમજ યોનિશુળ અને તૃષાની પીડાસહિતનો **રક્તપ્રદર** પણ મટી જશે.

(૫૦) એલચો, મજીઠ, હરડે, પીપર, શેમળાની અંતરછાલ, એ બધાં સમ ભાગે લઇ, તેનો કાઢો કરી, તેમાં મધ અને સાકર નાખી પીવાથી યોનિમાંથી વહેતું લોહી બંધ થશે અથવા **ખંડખાદ્ય રસાયન** સવારે તો. ૧, લઈ ઉપર દુધ પીવાથી યોનિશૂળ સાથે **રકતપ્રદર** તેમજ **રકતાતિસાર** પણ મટી આરામ થાય છે.

(૫૧) ઘઉંનો સફેતો, બકરીના દુધમાં નાખી સાત દીવસ પીવો.

(૫૨) શીમળાનો ગુંદર લઇ તેને ખાંડી, બકરીના દુધના સાત પટ દેવા. પછી તેની ફાકી કરીને લેવી.

(૫૩) આસોતરાનાં મૂળ છાલ સાથે દોઢ શેર લાવી, તેને ધોઇને સાત ભાગ કરવા. પછી પાણી શે. ૫ માં એક ભાગ ઉકાળતાં તે પાણી પાશેર રહે ત્યારે નીચે ઉતારી તેમાં સાકર તો. ૦ાા નાખી પીવું. એમ સાત દીવસ કરવું.

(૫૪) ચંદન, સુગંધી વાળો, સુંઠ, એ દરેક તો. ૨ લઇ ખાંડીને ખુબ ખરલ કરવાં. તે રોજ તો. ૦ાા, મધ સાથે સાત દીવસ ચાટવાં. આ ઉપાય લાંબા વખતના પ્રદર માટે અકસીર છે.

(૫૫) દ્રાક્ષ, ગડુ, એલચી અને લવીંગ, સમ ભાગે લઈ ખાંડવાં. પછી તેમાં તેટલીજ બીજી દરાખ અને બીજોરાનો રસ નાખી રોજ પ્રભાતે તો. ૦ા ખાવું.

(૫૬) આસોતરાનાં મૂળ શે. ૧, પાણી શે. ૨૦ માં નાખી ઉકાળતાં અરધો શેર પાણી રહે, ત્યારે નીચે ઉતારી, તેમાં સાકર તો. ૨ નાખી એ ત્રણ વખતમાં પી જવું. એમ ૧૪ દીવસ કરવું.

(૫૭) શતાવરી, બલબીજ, જેઠીમધ, ખજુરી, કાકોલી, દાડિમડી, મેદ (સુગંધી એક પદાર્થ) સફેત ભોંયકોહોળું, ધઉંલા, આંબલી, નાગબલા, એ ઔષધો નાખી ગાયનું દુધ સિધ્ધ કરવું અને તે દુધ જમાવી, વલોવીને ઘી કહાડવું અથવા તો ઉપર બતાવેલાં ઔષધોનો કાઢો કરી, તેમાં ગાયનું દુધ અને ઘી નાખી પકાવતાં ઘી માત્ર રહે, ત્યારે ઉતારી લેવું. એ ઘી ખાવાથી રકતપ્રદર જાય. તેમજ લિંગ કે ગુદામાંથી વહેતું લોહી પણ બંધ થાય. આ ઘી ક્ષયરોગને પણ મટાડે છે.

(૫૮) સુરોખાર તો. ૧ા, એલચી તો. ૦ા, રેવંચીની લાકડી તો. ૧, પાષાણભેદ તો. ૧, એ બધાં વાટી, સાકર નાખી બકરીના દુધ સાથે ચુરણ તો ૧ા.લેવું. એથી ઇંદ્રિય જુલાબ લાગશે. પછી નીચે બતાવેલ દવા કરવી–

માયફળ તો. ૧, સાકર તો. ૨, એલચી તો. ૦ા, સુરોખાર તો. ૧ા, બદામ તો. ૨, તવખાર તો. ૧, કબાબચીની તો. ૧, આંબળાં તો. ૦ા, હરડે મોટી તો. ૦ા, બરાશ તો. ૦ા, જાયફળ તો. ૦ાા, એ બધાં બારીક વાટી, તેમાં પ્રમાણસર સાકર અને મધ નાખી, ફરી વાટીને અરધા અરધા તોલાની ગોળી વાળવી. તેમાંથી ૧ ગોળી રોજ સવારે ખાવી અને ૧ ગોળી રાતે ગુહ્યસ્થાનમાં ધારણ કરવી. એથી રકતપ્રદરનો અવશ્ય નિકાશ થાય.

(૫૯) ચોખાની કુસકી, કેળા સાથે ખાવાથી લોહીવા જાય.

(૬૦) કાચી સુંઠ તો. ૪॥, સેકેલી સુંઠ તો. ૪॥, અજમો પાશેર, ઘરનો ધુંવાસો પાશેર, ભાંગ તો. ૪॥, એ બધાં સાથે વાટવાં. પછી સાત દીવસ દહીં સાથે સમ ભાગે ખાવાં. ખોરાકમાં દહીં અને ભાત લેવાં.

(૬૧) મગ શે. ૧ શેકી ખાંડીને તેની ફોતરી કહાડી નાખવી. પછી તેનો લોટ કરવો. તેમાં ઘેટીનું દુધ નાખી એકરૂપ કરી ૧૪ રોજ સરખા ભાગે ખાવાથી **રક્તપ્રદર** નષ્ટ થાય.

(૬૨) પતંગ, ખેરસાર, અરડુસી, શેમળાનાં ફુલ, બળબીજ, શુધ્ધ ભીલામાં, ધોળી અને કાળી ઉપલસરી, જાસુદનાં તાજાં ફુલ, આંબાની ગોટલી દારૂહળદર, કરીયાતું, પોસના ડોડાં, જીરૂં, લોહ ભસ્મ, રસવંતી, બીલીફળ, ભાંગરો, તજ, કેસર, લવીંગ, એ દરેક તો. ૪ લઇને બારીક કરવાં. તેમજ દ્રાક્ષ તો. ૮૦, ધાવડીનાં ફુલ તો. ૬૪, પાણી તો. ૨૦૪૮, સાકર તો. ૪૦૦, મધ તો. ૨૦૦, એ બધાં ઉપરના ચુરણ સાથે એકઠાં કરી એક માટલામાં ભરી, એક માસ રાખી મુકવાં. પછી ગાળીને તે આસવ રોજ તો. ૨ થી ૪ પીવાથી રક્તપ્રદર, તેમજ બીજા પણ દરેક જાતના પ્રદર જાય, તથા તાવ, પાંડુ, સોજા, મંદાગ્નિ પણ એથી તરત નાબુદ થાય.

શ્વેતપ્રદર એટલે સ્ત્રીના ગુહ્યસ્થાનમાંથી ચીકણું સફેદ પાણી જેવું વહ્યા કરે તેના ઉપાયો—

(૧) આંબળાનું ચુરણ અને સાકર ચોખાના ધોવણમાં લેવાં.

(૨) જેઠીમધનું ચુરણ, ભોંયકોહોળાનું ચુરણ અને અડદનો લોટ, એ મધ, સાકર અને ગાયના દૂધમાં મેળવી ખાવાં.

(૩) પારેવાની ચરક, ચોખાના ધોવણમાં લેવી

(૪) માયફળના ચુરણ સાથે સમ ભાગે સાકર મેળવી, તે તો. ૧ ફાકવો.

(૫) શેમળાનાં ફુલ, ઘીમાં તળીને ખાવાં.

(૬) કાકડીનાં બીયાંનો મગજ તો. ૧, ધોળા કમળની કળીયો તો. ૧, બારીક વાટી, તેમાં જીરૂં અને ખડીસાકર નાખી સાત દીવસ લેવાં.

(૭) આંબળાંના બી પાણીમાં વાટી, તેમાં મધ અને સાકર મેળવી, તે ત્રણ દીવસ ખાવાં.

(૮) ગાયનું દુધ તો. ૧૪, પાણી તો. ૨૧, અને સુંઠ માસા ૪, એને ઉકાળતાં દુધ બાકી રહે ત્યારે તેમાં સાકર માસા ૪ નાખી પી જવું. આ ઉપાય રોજ સવાર સાંજે એમ ૨૧ દીવસ ચાલુ રાખવો.

(૯) ઓડીઅધાડીના મુળનો રસ અને લોદરનું ચુરણ મધમાં મેળવીને લેવાં.

(૧૦) અરડુસીના પાનનો રસ અથવા ગળોનો રસ મધમાં મેળવીને પીવો.

(૧૧) અબોલીનાં મુળ તોલો ૧ લઈ, તે દુધમાં બાફી, તે દુધ તોલા ૫, પીવું.

(૧૨) રગત રોહીડાના મુળની ચટણી, મધ મેળવી ખાવી.

(૧૩) કપાસનાં મુળ, ચોખાના ધોવણમાં બે વખત ઘસીને પીવાં

(૧૪) જીરાનું ચુરણ ખડીસાકર સાથે ચોખાના ધોવણમાં લેવું.

(૧૫) હરડાં, બેહેડાં અને આંબળાં, એ ત્રણે મળીને તો. ૧૦ લેવાં. તેમાં હરડાં અને બેહેડાંની છાલ પત્થર પર પાણી સાથે ઘસવી અને આંબળાંની છાલનું વસ્ત્રગાળ ચુરણ કરવું. તેને ખરલમાં પાણી સાથે એક પહોર ઘુંટવું. પછી ઉપરના ઘસારાને તેમાં મેળવી, તેમજ બીજું પાણી નાખી બશેર પાણી કરવું. તે પહોળા મ્હોંવાળા એક ચીનાઈ વાસણમાં નાખી, પાતળી વાંસની સળી ઉપર સારૂં પીંજેલું રૂ લઇ ટચલી આંગળી જેવી જાડી અને બહુજ કઠણ વાટ કરવી. એવી ચોવીસ વાટો બનાવી તે ચીનાઈ વાસણમાં એક પહોર ભીંજવી રાખવી. પછી તે કહાડીને એક પહોર છાયામાં સુકવવી. તેમાંની એક વાટ રોજ ગુહ્યસ્થાનમાં પહેરવી. એમ ચોવીશ દીવસ કરવાથી શ્વેતપ્રદર ટળશે. એક માસ પતિસંગ ન કરવો.

(૧૬) ઉપરના પ્રયોગમાં બતાવેલ ત્રિફળાના પાણીમાં રતાંજલી તો. ઘસી નાખીને બાકીની ઉપર બતાવેલ વિધિ પ્રમાણે વાટ તૈયાર કરી પહેરવાથી **પીળો પ્રદર** નાશ પામે.

(૧૭) જો મધુ પ્રદર એટલે મધ જેવો સ્રાવ થતો હોય તો ઉંબરાના ફળ તો. ૧, બીજ સહિત ખરલ કરી નં. ૧૫ માં બતાવેલ ત્રિફળાના પાણીમાં નાખી, તે પ્રયોગમાં બતાવેલ વિધિ પ્રમાણે વાટ યાર કરી પહેરવાથી **મધુપ્રદર** મટે.

શ્વેત અને **રક્ત** બંને પ્રદરના ઉપાયો–

(૧) આંબલીના ચીચુડા, પાણીમાં પલાળી, તેની છાલ કહાડી સુકવી, ચુરણ બનાવી, તે સવાર સાંજે તો. ૨, સાકર સાથે લેવાથી બંને જાતના પ્રદર મટે.

(૨) કાળા ઉંબરાના ફળનો રસ, મધ નાખીને પીવો. પથ્ય દુધ ભાત.

(૩) કડાછાલ તો. ૪૦૦, પાણી તો ૧૦૨૪ માં ઉકાળતાં આઠમો ભાગ પાણી રહે ત્યારે ગાળી લઇ, ફરી તે પાણી ઉકાળતાં ચાટું થાય, ત્યારે તેમાં મોચરસ, મજીઠ, બીલાં, કાળીપાટ, નાગરમોથ, ધાવડીનાં ફુલ, અતિવિષની કળી, અભ્રક ભસ્મ, લોહ ભસ્મ, એ દરેક તો. ૪ નું ચુરણ મેળવવું. તે તો. ૦। થી ૦॥, દરભના રસમાં લેવાથી બંને જાતના પ્રદર તેમજ ગર્ભાશયમાંથી વહેતું પાણી એ વિગેરે દર્દો નાબુદ થાય. **પ્રદરારિ લોહ.**

(૪) હરડાં, બેહેડાં, આંબળાં સુંઠ, મરી, પીપર, ધાણા, કાકડાશીંગી, કઠ, સીંધાલુણ, કચોરો, કાયફળ, નાગકેશર, તાલીસપત્ર, અજમો, જેઠીમધ, મેથીદાણા, જીરૂં શાહજીરૂં એ બધાં સમાન ભાગે લેવાં. એ બધાંના વજન જેટલી ભાંગ લઇ તેને ઘીમાં સોંતરવી, અને બધાંનું ચુરણ કરવું. પછી ભાંગના જેટલી સાકર લઈ, તેની ચાસણીમાં ચુરણ નાખવું. તેમજ તેમાં ગાયનું તાજું ઘી, મધ, તજ, એલચી, તલ, તમાલપત્ર અને કપુર, એ બધાં પ્રથમની ચીજોના સમાન ભાગે નાખી ચાર ચાર આની ભારની

ગોળી કરવી. તે દરદના પ્રમાણમાં રોજ એથી ત્રણ ગોળી લેવી. બંને પ્રદર તેમજ ઋતુદોષ પણ અવશ્ય જાય.

(૫) તોરણના તોરા નાગરવેલના પાનનાં ડીટાં, એ બંને સમાન ભાગે લેવાં. તેમાં એક તોલાએ ત્રણ માસા પ્રમાણે કળી ચુનો મેળવી વાટીને ચણા પ્રમાણની ગોળીઓ કરવી તે ધોળા એટલે શ્વેતપ્રદરમાં ટાઢા પાણી સાથે અને રકતપ્રદરમાં ઘી સાથે રોજ બે વખત એકેક ગોળી લેવી. જે દીવસે તાવ આવે તે વખતે ગોળી બંધ કરી કાંજીમાં ઘી નાખી, તે એ દીવસ પીવી

સોમપ્રદર એટલે સ્ત્રીના ગુહ્યભાગમાંથી સફેત પાતળું પાણી જેવું વહ્યા કરે તેના ઉપાયો–

(૧) કાળી મુશળી, ખારેક, જેઠીમધ અને ભોંયકોહોળાનું ચુરણ મધ અને સાકરમાં લેવું.

(૨) કુવાડીયાનાં મૂળ, ચોખાના ધોવણમાં વાટી સવારે ખાવાં.

(૩) શંખજીરૂં અને પાષાણભેદનું ચુરણ દુધ સાથે લેવું.

વાત–પિતપ્રદરના ઉપાયો–

(૧) શતાવરીનો રસ, મધ નાખી પીવાથી **પિતપ્રદર** ટળે.

(૨) ગળોનો રસ, મધ નાખી પીવાથી **વાતપ્રદર** મટે.

(૩) રસાંજન, અને લાખ બકરીના દુધમાં વાટી પીવાથી **વાત પિત્ત-પ્રદર** જાય.

(૪) રાયણના પાન અને કોઠીના પાન, ઘીમાં શેકી, તેની ચટણી કરી ખાવાથી **વાત પિત્ત પ્રદર** મટે.

પ્રકરણ ૩ જું

યોનિરોગ.

પ્રાચીન વૈદક ગ્રંથોમાં યોનિરોગના વીશ પ્રકાર બતાવેલા છે. તે બધાનું અહીં વિવેચન કરવાનું પ્રયોજન નથી. ગુહ્ય સ્થાનમાં સોયો ભોંકાયા જેવી ઝીણી ઝીણી વેદના થવી, કાળું, ફીણવાળું અથવા અલ્પ દસ્તાન આવે, યોનિની સંધિઓમાં પીડા થાય, યોનિમાં કે ગર્ભાશયમાં વાયુ ભરાઈ જવાથી વારંવાર કષ્ટ થયા કરે, પતિ સમાગમમાં સ્ત્રીને અતિ પીડા થાય અથવા તો ઈચ્છાજ ન થાય, યોનિમાં દાહ એટલે બળતરા થાય, તે અંદર પાકે, અંદરથી બહુજ દુર્ગંધ નીકળ્યા કરે, સ્વામિસંગ કરતાં અંદર સોજો થઈ આવે, બહુ રકતસ્રાવ થાય, યોનિમાં કંદ (ગાંઠ) બંધાઈ જાય, ગુહ્ય ભાગમાં બહુ શરદી થવા પામે, વારંવાર ખરજ આવ્યા કરે, હંમેશાં તેમાં ચીકાશ માલુમ પડે. તાવ આવી જાય, કમ્મર અને સાંધા દુખ્યા કરે, શુળ કે ગુલ્મ થાય કે પ્રદર થતાં અવારનવાર રાતું, પીળું કે સફેત પાણી જેવું ચીકણું અંદરથી વહ્યા કરે, યોનિકમળ પર માંસ વધી જાય, કમળ ફરી જાય, કમળમાં જંતુ પેદા થાય, ઈત્યાદિ **યોનિરોગનાં** અનેક લક્ષણો બતાવેલાં છે.

યોનિરોગ થવાનાં કારણો—

સુવાવડ કે કસુવાવડ વખતે બરાબર સાવચેતી ન રાખતાં યોનિમાં વાયુ ભરાઈ જવાથી, મળમૂત્રાદિનો વેગ બલાત્કારે અટકાવવાથી, ગરમીના દરદવાળા પુરૂષનો સંગ કરવાથી, કાચી વયમાં સંસાર ભોગવવાથી, કફવાળા પદાર્થો તેમજ વાયડી ચીજો બહુ ખાવાથી, પ્રતિકૂળ આહાર વિહાર કરવાથી, વિષયનું બહુ સેવન અથવા રાત દિવસ તેનાજ

વિચારો કરવાથી, બહુ કબજીયાત રહેવાથી, બહુ ભારે ભોજન કરીને તરત પતિસંગ કરવાથી, બરાબર સ્વચ્છતા ન રાખવાથી; બહુ ગરમ પદાર્થો ખાવાથી, સુવાવડનો બિગાડ રહી જવાથી, પ્રદર ઉત્પન્ન થવાથી, પતિ-સમાગમ વખતે શરીરની સ્થિતિ વાંકી ચુંકી રાખવાથી એટલે તે વખતે સમાસનમાં ન રહેતાં વિષમાસનમાં રહેવાથી, ચળ આવતાં વારંવાર ખરજ કરવાથી, એ વિગેરે અનેક કારણોને લઈને યોનિરોગ પેદા થાય છે.

યોનિરોગના સામાન્ય ઉપાયો—

(૧) જીરૂં, શાહજીરૂં. કલોંજી જીરૂં, પીપર, અરડુસો, સૈંધવ, સુગંધી વજ, જવખાર, અને અજમાનું ચુરણ, જરા ઘીમાં શેકી તેમાં ખાંડ મેળવી લાડુ બનાવી શકિત પ્રમાણે ખાવાથી યોનિના બધા રોગ નાબુદ થાય.

(૨) પીળા ફુલનો કાંટાશેળીયો, કાળા ફુલનો કાંટાશેળીયો, હરડાં, બેહેડાં, આંબળાં, ગળો, સાટોડી. અરડુસો, હળદર, દારૂ હળદર, રાસ્નો, શતાવરી, મેદાને બદલે પણ શતાવરી, એ દરેક તો. ૧ લઇ ચટણી કરવી. પછી ગાયનું ઘી તો. ૬૪, ગાયનું દુધ તો. ૨૫૬, પાણી તો. ૨૫૬, એમાં ચટણી નાખી ધીમા તાપે ઉકાળતાં ઘી સિદ્ધ કરવું. તે રોજ એથી ચાર તોલા લેવાથી યોનિના દોષ જેવા કે શૂળ, પીડા. યોનિદ્વાર મોટું થવું, અંગ બહાર નીકળવું, સ્થાનભ્રષ્ટ થવું, ગર્ભાધાન ન થવું, એ વિગેરે યોનિના બધા દોષ નાશ પામે. **લઘુફળઘૃત.**

(૩) પીંપર, મરી, શતાવરી, અડદ, કઠ, સૈંધવ, એ બધાં પાણીમાં બારીક વાટી, ટચલી આંગળી જેવી જાડી વાટ બનાવી તે યોનિમાં રાખવાથી બધા રોગ ટળે.

(૪) વડ, પીંપળો, ઉંબરો, પીંપળી, વાંસ, પારસ પીંપળો, મહુડો, નાંદરૂખ, કદંબ, અર્જુન વૃક્ષ, બોરડી, જેઠીમધ, ચારોળી, રાતો લોદર, ધોળો લોદર, ધુપેડો, અરલુ, નાના જાંબુ, મોટા જાંબુ, બાલહરડે, આંબો

અને અસાંણા, એમાંથી જે હાથ લાગે અગર તેની છાલ કે મૂળ જે કાંઈ મળે, તેનો કાઢો કરી પીવાથી યોનિના બધા રોગ નાબુદ થાય.

(૫) બાવચીના પાન, તુલસીના પાન, શોધેલ પારો તો. ાા ખારેક નં. ૧, એ બધાં સાથે વાટી તેની ગોળી બનાવી, તે રવિવારે સ્ત્રી પોતાના ગુહ્યસ્થાનમાં મુકે તો યોનિ શુધ્ધ થાય.

(૬) ચમાર દુધીના પાન, અજમા સાથે બાફી, વાટીને તેની ગોળી બનાવી ખાવાથી યોનિરોગ મટે.

(૭) ઉંદરના માંસના કાઢામાં પકાવેલ તલના તેલનું પોતું યોનિમાં રાખવાથી યોનિના બધા રોગ અવશ્ય જાય.

(૮) સાપની કાંચળી, કડુ, સરસવ, એ ત્રણેને કડવા તેલમાં વાટી, યોનિને ધુણી આપવી.

(૯) ઉદુમ્બરના પાકાં ફળ અને પલાસ પાપડો, સમ ભાગે તલના તેલમાં વાટી, યોનિમાં લેપ કરવાથી યોનિરોગ કદિ ન થાય અને તે ગાઢ થાય. આ ઉપાય ૨૧ દીવસ કરવો.

(૧૦) સિવણ, ત્રિફળા, દ્રાક્ષ, કાસુંદરો, આંબા હળદર, હળદર, ગળો, કાંટાશેળીયાના મૂળ, શતાવરી, સાટોડી, ફાલસા, એ બધાં દરેક તો. ૧ લઇ, બધા કરતાં સોળગણું પાણી નાખી ઉકાળતાં આઠમો ભાગ પાણી રહે, ત્યારે તેમાં ઘી એક શેર નાખી સિદ્ધ કરવું. તે રોજ નિયમિત ખાવાથી યોનિ સંબંધી બધા રોગ નાશ પામે. એથી ગર્ભાશયની બહુજ શુધ્ધિ થાય છે.

યોનીમાં શૂળ કે દુખાવો થાય, તેના ઉપાયો—

(૧) રાસ્ના, આસંધ અને અરડુસી-એ ચીજો નાખી ઉકાળેલ દુધ ગાળીને પીવાથી યોનિશૂળ મટે.

(૨) સીંધાલુણ, અફીણ, હીરાબોળ, આંબા હળદર, એ બધાં બારીક વાટી પાણીમાં ગોળી બનાવી તે યોનિમાં ધારણ કરવી.

(૩) કડવી ઇંદ્રાયણના મૂળ, ઘેટીના ઘીમાં અથવા ઘેટીના દુધમાં ઘસી, તેનો ગુહ્યસ્થાને લેપ કરવો.

(૪) કાળા ધતુરાના બે ત્રણ પાન બારીક વાટી, તેમાં સીંધાલુણ તથા ઘી મેળવી, પોટલી બાંધી યોનિમાં તે રાખવાથી તમામ શૂળ બંધ થાય.

(૫) બીડલવણ, બાબચી, અરડુસીનાં મૂળ, પીપર, વજ, મરી, સુંઠ, પીપરીમૂળ— એ બધાંની ચટણી કરી, તે કોકરવરણા પાણીમાં લેવી.

(૬) ગળો, ત્રિફળાં, દાંતીમૂળ, એના કાઢા વતી યોનિને શેક કરવો.

(૭) રૂનું પોતું ઘીમાં બોળી, તેના પર ચંદનનું પાણી છાંટી, તે યોનિમાં મુકવું.

(૮) જુની ઇંટની ભુકી અથવા બારીક મીઠાની પોટલી વતી યોનિને શેક કરવો.

(૯) સુંઠ, મરી અને પીપરનું ચુરણ મધમાં ચાટવું

(૧૦) તગર, ભોંયરીંગણી, ઉપલેટ, સીંધાલુણ, દેવદાર, એના કાઢામાં તેલ સિધ્ધ કરી, તેમાં રૂનું પોતું ભીંજવી, તે યોનિમાં ધારણ કરવું.

(૧૧) બીલીનાં પાન, કલોંજી જીરૂં, અરડુસી, સુંઠ, પીપર, મરી, પીપરીમુળ, એ બધાં વાટી, ગરમ પાણીમાં મેળવી, તે પાણી ગાળીને પીવું.

(૧૨) સુંઠની ભુકી, એરંડીયા તેલમાં કાલવી અથવા સુંઠ અને એરંડમૂળ, પાણીમાં ઘસી, તેનો ગુહ્યસ્થાને લેપ કરવાથી અવશ્ય યોનિશૂળ નાબુદ થાય.

(૧૩) કલગારી, અઘેડો અથવા ઇંદ્રાયણ—એના મૂળ યોનિમાં રાખવાથી શૂળ મટે અને ઋતુદોષ પણ જાય.

(૧૪) લીમડાની લીંબોળીના મીંજ અને એરંડીના મીંજ, એ લીમડાના પાનના રસમાં વાટી, વાલ વાલની ગોળી બનાવી, તે યોનિમાં રાખવાથી અથવા તેનો લેપ કરવાથી યોનિશૂળ નષ્ટ થાય.

(૧૫) અજમાનું કસોજણુ તથા લીમડાના પાન, અગ્નિમાં નાખી યોનિને તેની ધુમાડી આપવી.

(૧૬) બાજરાનો લોટ અને સુવા અગ્નિમાં નાખી ગુહ્યસ્થાનમાં તેની ધુમાડી દેવી.

(૧૭) સુવા, લોદર, માયફળ, ધાવડીનાં ફુલ, રીસામણીનાં પાન, સીંધાલુણ અને ગુગળ, એ બધાં સમભાગે લેવાં. તેમાં ગુગળ અને સૈંધ-વને જરા શેકી નાખવા. પછી બધાં બારીક વાટી. તેમાંની બોર પ્રમાણુ પોટલી કરી, તે એરંડીયામાં બોળીને પહેરવાથી શૂળ કે ચસકા મટે.

યોનિ કંડુ એટલે ગુહ્યસ્થાનમાં વારંવાર ખરજ આવતી હોય તેના ઉપાયો—

(૧) ત્રિફળાં. ગળો, દાંતીમૂળ, એના કાઢાવતી યોનિ ધોવાથી ખરજ શાંત થશે. અથવા કાઢામાં પોતુ પલાળીને યોનિમાં મુકવું.

(૨) કાથો, મીંઢીઆવળ, અને હીરાદખણુ, એ સમાન ભાગે પાણીમાં વાટી ગુહ્યસ્થાને ચોપડવાથી ખરજ મટશે.

(૩) મીંઢીઆવળ તો. ૬, એલચી તો. ૧, વરીયાળી તો. ૨॥, ખાંડ તો. ૫, ઘીમાં તળેલી હીમજ તો. ૨॥. એ બધાં પાણીમાં વાટીને ચોપડવાથી ખરજ શાંત થઇ જશે.

(૪) કડવા તુરીયાના બીજ. પાણીમાં ઘસીને ગુહ્યાંગે તેનો લેપ કરવો.

યોનિકંદ એટલે ગુહ્યાંગમાં અંગુઠા જેવો માંસનો ગોળો બંધાયો હોય તેના ઉપાયો—

(૧) નાંદરૂખની છાલ અને પીળા લોદરને કુટી, તેને આંબલી સાથે પકાવી, તેનો લેપ કરવાથી યોનિકંદ નાબુદ થાય.

(૨) સોનાગેરૂ, આંબાની ગોટલી, હળદર, સુરમો અને માયફળ, એ બધાંનું બારીક ચુરણ મધમાં કાલવી યોનિમાં તેનો લેપ કરવો અને ત્રિફળાના કાઢામાં મધ નાખી તે પાવો.

(૩) પીતપાપડાને કુટી, કણકમાં મેળવી, તેની હાથેલી જેવડી પુરી બનાવી, તે કંદ ઉપર બાંધવી. ઉપર લંગોટી બરાબર બાંધી રાખવી.

(૪) કડવા લીમડાનાં બીયાં તેલમાં તળી, તેમાંજ ખરલ કરી, પછી ફુલાવેલ મોરથુથાની થોડી ભુકી તેમાં નાખી મલમ બનાવી, તે કંદ ઉપર ચોપડવાથી કંદ ગરી પડે. આ મલમ હરસના મસાને માટે પણ બહુજ ઉપયોગી છે.

(૫) વાવડીંગ, સોનાગેરૂ, કાયફળ, હળદર, એ બધાંનું બારીક ચુરણ, ત્રિફળાના કાઢામાં મેળવી, તેમાં મધ નાખી ગુહ્યસ્થાને રાખવાથી યોનિકંદનો નિકાલ થાય.

(૬) ગળો, ત્રિફળાં, અને દાંતીમૂળ—એના કાઢામાં પીપર, મરી, અડદ, શતાવરી, કઠ અને સીંધાલુણ વાટી, તેની આંગળી જેવી દીવેટ કરી, તે યોનિમાં ધારણ કરવાથી કંદ મટી યોનિ સ્વચ્છ થશે.

(૭) શિરકસીયાનાં મૂળ, પાણીમાં વાટી, તેનો ગુહ્યસ્થાને લેપ કરવાથી યોનિકંદ ટળશે.

યોનિ સંબંધી બીજાં દરદોના ઉપાયો—

(૧) આંબળાના રસમાં સાકર નાખી પીવાથી યોનિમાં થતી બળતર શાંત થાય.

(૨) મરી, પીપર, અડદ, વરીયાળી, ઉપલેટ, સીંધાલુણ, એના કાઢાવતી યોનિ ધોવાથી યોનિના કફરોગ જાય.

(૩) કિરમાળાના પાન, અરડુસીના પાન, પટોળના પાન, એ બધાં ઉકાળી, તે પાણીવતી યોનિને ધોવાથી તેમાંની દુર્ગંધ બધી દુર થાય.

(૪) સુવા, કઠ, સીંધાલુણ, અડદ, પીપર અને મરી, એ બધાંને પાણીમાં વાટી તેની ટચલી આંગળી જેવી જાડી અને લાંબી વાટ કરવી. તે પહેરી રાખવાથી યોનિમાંની દુર્ગંધ અને ચીકાશ મટશે.

(૫) કાથો, હરડે, જાયફળ, લીમડાના પાન અને સોપારી, એનુ

ચુરણુ અથવા સોગઠી ધારણ કરવાથી સ્રાવ બંધ થશે અને યોનિદ્વાર દૃઢ થશે.

(૬) લીમડાનાં પાન, દારૂહળદર, વિગેરે શોધન વસ્તુઓ તથા સીંધાલુણને ગાયના મૂત્રમાં વાટી, તેની ગોળી બનાવી, તે પહેરી રાખવાથી યોનિમાંથી પરૂ વહેતું બંધ થશે.

(૭) કાથો, મગના ફુલ, હરડે, જાયફળ, પહાડ મુલ અને સોપારી, એનું વસ્ત્રગાળ ચુરણ અથવા સોગઠી ધારણ કરવાથી પરૂ કે પાણી વહેતું બંધ થઇ યોનિ ઘટ્ટ થશે.

(૮) તલના તેલનું પોતું યોનિમાં નિરંતર ધારણ કરવાથી તેમાંનું ખરસટપણું અને કાઠિન્ય તથા વાયુવિકાર મટી જઇ તેમાં સ્નિગ્ધપણું આવશે.

(૯) વણના મૂળ, ધીમી આંચે ઉકાળી, તે કાઢાવતી યોનિ ધોવાથી તેની શિથિલતા મટી જશે અને તે પીન થશે.

(૧૦) લાંગલીની જડ પાણીમાં ઉકાળી, તે પાણીવતી હાથ પગ ધોતાં મૃતગર્ભના યોનિને લાગેલ દોષ ટળી જશે.

(૧૧) હીરાદખણ, ઓદારશીંગ, ફુલાવેલ મોરથુથુ અને પીળી કોડીની રાખ, એ બધાં બારીક વાટી, સો વખત ધોયેલા ઘીમાં તેનો મલમ બનાવી, ગુહ્ય સ્થાને ચોપડવાથી ગરમીની ચાંદી મટી આરામ થશે.

(૧૨) તુંબડીના પાન અને પઠાણી લોદર, એ બંને સમાન ભાગે લઇ, પાણીમાં બારીક વાટી તેનો લેપ કરવાથી યોનિમાં થયેલ ચાંદી તથા દુખાવો ટળે, અને તે તંગ થાય.

ગુહ્યાંગ એટલે યોનિનો અમુક ભાગ બહાર લચી પડે, તેના ઉપાયો—

(૧) રીસામણીના પાંદડાંનો રસ અથવા તેનાં મૂળ ઘસી, હાથે ચોળી, તે હાથવતી બહાર આવેલ અંગ અંદર બેસાડવું. આ ઉપાય સુયાણીના હાથે કરાવવા લાયક છે.

(૨) સહદેવીના પાનનો રસ હાથપર મસળી, તે હાથવતી બહાર આવેલ અંગ યોનિમાં બેસાડવું. એટલે ફરી તે બહાર આવશે નહિ.

(૩) યોનિ બહાર લચી આવતી હોય, તો ઘી ચોપડીને પછી દુધની બાફ દઇ તેને અંદર બેસાડવી અને પછી સુંઠ, મરી, પીપર, ધાણા, જીરૂં, દાડમ અને પીપરીમૂળ. એ બધાંનું બારીક ચુરણ બનાવી, તે યોનિ-દ્વારમાં ભરીને મજબુત પાટો બાંધી દેવો.

(૪) પીતપાપડાના બી અને ઉંબરાના ફળ, એ બંનેને તલના તેલમાં વાટી, તેનો યોનિમાં લેપ કરવો. એથી ગુહ્યાંગ બહાર ન નીકળતાં અંદર બેસી જશે અને તે ગાઢ થશે.

સ્ત્રીઓના યોનિકમળનાં છ ગુપ્ત દર્દો—

આ દર્દો ગર્ભાધાનને અટકાવે છે અને તેમની તંદુરસ્તીને બહુ હરકત પહોંચાડે છે. એ દર્દોનાં નામ—(૧) કમળ ઉંધું વળી ગયું હોય. (૨) કમળ વાયે ઢંકાયેલ હોય. (૩) કમળપર માંસ બંધાયું હોય. (૪) ગુહ્ય સ્થાનમાં જંતુની ઉત્પત્તિ થવા પામી હોય. (૫) કમળપર પિત્ત ચઢેલ હોય. (૬) કમળમાં શીતાંગ હોય. એ છએ દર્દોના ક્રમવાર ઉપાયો:—

(૧) **કમળ** ઉંધું વળી ગયું હોય તો—

(૧) કપાસીયાના મીંજ તો. ૨૦, તથા ચઉં પલાળી, પાણીમાં વાટી, ગુહ્યસ્થાને ચડે તે પ્રમાણની ગોળી બનાવી, ઋતુસ્નાતા સ્ત્રીએ ઋતુને ચોથે દીવસે પહેરવી. તે એક પહોરમાં એક, એમ ત્રણ પહોરમાં ત્રણ ગોળી પહેરવી. એથી કમળ સીધું થશે.

(૨) ઇંદ્રાયણના મૂળની જડ, પાણી કે દુધમાં ઘસી, તેને ગરમ કરી પેઢુપર લેપ કરવો.

(૩) કપાસીયાનાં મીંજ અને મોરપીંછા સાથે વાટી, પાણીમાં મેળવી, ન્હાયા પછી ત્રણ દીવસ તે પાણી વતી ગુહ્યસ્થાન ધોવું.

(૪) લોદર, સુવાદાણા, સૈંધવ, ધાવડીનાં ફુલ, માયફળ, બેંસો ગુગળ, એ બધાં સમાન ભાગે લઇ, ચુરણ બનાવી, મધમાં તેની જાંબુ પ્રમાણ ગોળીયો કરવી. આ ગોળી પહેરવાથી કમળ સમું થઇ જશે.

(૨) **કમળ** વાયે ઢંકાઇ ગયેલ હોય તો—

(૧) દ્રાક્ષ તો, ૨, તલના તેલમાં વાટી, તેમાં રૂ બોળી તે યોનિમાં ધારણ કરવાથી વાયુ દૂર થશે.

(૨) આબાદ હીંગ તો. ાા ની ગાયના ઘીમાં તો. ાા ની ગોળાં વાળવી તે એક ગોળી એક પહોર પહેરવી.

(૩) હીંગ, તેલમાં ઉકાળી, તેમાં સારા પીંજેલ રૂનો પોલ બોળી, ન્હાયા પછી ત્રણ દીવસ જુદો જુદો પોલ ગુહ્યસ્થાને ધારણ કરવો. એથી વાયુનો ભરાવો નીકળી જશે.

(૪) પાડલના પાન અથવા તેના મૂળના કાઢાવતી યોનીને ધોવાથી વાતરોગ જાય.

(૩) **કમળપર** માંસ બંધાયું હોય તો—

(૧) ધોળું જીરૂં, અને હાથીના નખ વાટી, તેને સરસીયા તેલમાં તળી, તે તેલમાં રૂ બોળીને ઋતુ પછી ત્રણ દીવસ યોનિમાં રાખવું.

(૨) ઘોડાના તથા હાથીના નખને બાળી રાખ કરી, તેની સરસીયા તેલમાં આઠ ગોળી વાળવી. તે એકેક ગોળી એકેક પહોર પહેરી રાખવી. એમ ત્રણ ગોળી ત્રણ પહોર પહેર્યા પછી દર આઠ પહોરે એક ગોળી, એમ બાકીની ગોળીઓ પહેરવી. એથી માંસનો વધારો નાબુદ થશે.

(૪) **ગુહ્યસ્થાનમાં** જંતુની ઉત્પત્તિ થઈ હોય તો—

(૧) સાકરના પાણીમાં ત્રિફળાં પલાળી, ઋતુ પછી ત્રણ દીવસ તે પાણીવતી યોનિને ધોવાથી જીવાત ટળશે.

(૨) સાબુના પાણીમાં સાજીખાર, હરડાં, અને બેહેડાં વાટી નાખીને તેમાં કપડું ભીંજવી યોનિમાં મુકવું.

(૩) કપડા ધોવાનો સારો સાબુ, સાજીખાર, સાકરનું બુરૂં, હીરણાપૂરભ–એ દરેક તો. ૨ા, બારીક વાટી સારા રૂના ત્રણ પોલમાં તે પાથરી, દરેક પોલ આઠ પહોર પહેરવો. એથી ફુલમાંની જીવાત મટી જશે. (હીરણાપૂરભ ન મળે તો ત્રિફળાંની છાલ તો. ૨ા લેવી.)

(૫) **કમળપર** પિત્ત ચડેલ હોય તો—

(૧) તલના તેલમાં લીંબોળી પકાવી, તે તેલવતી યોનિને શેક કરવાથી પિત્ત ટળશે.

(૨) ધાવડીનાં ફુલ, તલના તેલમાં વાટી, તેમાં રૂ બોળીને તે ગુહ્યસ્થાનમાં રાખવું.

(૩) કપુર, માલવણ, બાવચ્ચી, કાળાં મરી, જાયફળ, મીરજ, કેસર, એ બધાં પાણીમાં પલાળી, ઋતુ પછી ત્રણ દીવસ તે પાણીવતી ગુહ્યસ્થાન ધોવું, એથી પિત્ત જશે.

(૪) ચીલની ભાજી તથા ટાંકાની ભાજી, એ દરેક તો. ૧ લઈ તેને છાશમાં વાટી ચાર ગોળી વાળવી. ઋતુસ્નાન પછી એક એક ગોળી ત્રણ ત્રણ પહોર સુધી પહેરી રાખવી. એથી કમળ નિર્મળ થશે.

(૬) **શીતાંગ** હોય તો—

(૧) કડુ, શાહજીરૂં, જાયફળ, એ ત્રણેનું ચુરણ, તલના તેલમાં તળી, તે તેલમાં રૂ બોળીને તે ગુહ્ય ભાગમાં મુકવાથી અતિશીતલતા મટે.

(૨) ભમરીના ઘર એકઠાં કરી, પાણીમાં તે ઉકાળી, ઋતુ પછી ત્રણ દીવસ તે પાણી વતી યોની ધોવાથી શીતલપણું જાય.

(૩) જાયફળ, જાવંત્રી, કેસર, એ દરેક દશ દશ આની ભાર લઇ વાટી, અરણીના રસમાં તેની ત્રણ ગોળી કરવી. તે એક ગોળી આખો દીવસ પહેરી રાખવી. એથી શીતાંગ રોગ નાબુદ થશે.

યોનિસંકોચ—

સુવાવડ, કસુવાવડ, લાંબા વખતના પ્રદર કે મહાપ્રદરથી સ્ત્રીના ગુહ્યાંગના સ્નાયુ શિથિલ થઇ જાય છે. તેને પુનઃ અસલ સ્થિતિમાં એટલે તંગ (દૃઢ) સ્થિતિમાં લાવવા માટે નીચે બતાવેલા ઉપાયો કરવા લાયક છે. એથી યોનિની શિથિલતા મટી તે તંગ (દૃઢ) થશે.

(૧) કમળના કેસરા અને દેવદાર, એ બંને દારૂમાં વાટી ગુહ્યસ્થાને લેપ કરવાથી તે દૃઢ અને સંકીર્ણ થાય.

(૨) નાળસહિત કમળને જળમાં વાટી, ગોળી બનાવી તે ગોળી યોનિમાં રાખવાથી તે તંગ બને.

(૩) ત્રિફળાં, ધાવડીનાં ફુલ, જાંબુડીની છાલ અને લોદર, બારીક વાટી, મધમાં ઘુંટી, તેનો લેપ કરવાથી ગુહ્યાંગ તંગ અને સંકુચિત બની જાય.

(૪) લોદર, લજામણીના મૂળ, જાઇનાં પાન, ફુલાવેલ ફટકડી, ચંદન, માયફળ, ચોળા, એ દરેક તો. ૨॥, ખાખરાનો ગુંદર તો. ૭, એ બધાં વાટી વસ્ત્રગાળ કરવાં. તેમાંથી તો. ०॥ યોનિમાં ભભરાવી એક ઘડી સુધી રાખવાથી તે ગુહ્યસ્થાનમાંથી વહેતું પાણી-રક્ત બંધ થઇ તે કુમારિકાના જેવું સખ્ત થઇ જશે.

(૫) દાડમની છાલ, કાથો, હીરાકસી, દરેક તો. ०॥ લઇ બારીક વસ્ત્રગાળ કરી, ચંબેલીનાં પાનના રસમાં તેની બોર જેવડી ગોળીયો કરવી.

તે સાત રોજ એકેક ગોળી યોનિમાં રાખવાથી તે વહેતી બંધ થઇ પીન થશે.

(૬) માયફળ તો. ૧. દાડિમના ફુલ તો. ૧ાા, એ બંનેને વાટી આવળાના પૈડાના રસમાં નાની સોપારી જેવડી ગોળી બનાવી સ્ત્રી ગુહ્યેંદ્રિયમાં રાખે તો તે સંકોચ પામે.

(૭) દ્રાક્ષ, પીપર, ત્રિફળાં, લોદર, બારીક કરી, મધમાં વાટી ભગે લેપ કરવાથી તે તંગ અને સંકીર્ણ થશે.

(૮) માયફળ, ચણીયો કપુર, મોગરાનાં ફુલ, એ ત્રણેની શિલારસમાં ગોળી બનાવી પહેરવાથી ગુહ્યાંગની શિથિલતા મટી તે તંગ થાય.

(૯) માયફળનું ચુરણ અને કપુર, મધમાં મેળવી ગુહ્યસ્થાને તેનો લેપ કરવાથી તે દ્દઢ અને સંકીર્ણ થવા પામશે.

(૧૦) વાવડીંગ, ત્રિફળાં, મધ, તેલ સાથે એકરૂપ કરી ભગે લેપ કરવાથી તે તંગ થશે.

(૧૧) દહીંથી ધોતાં ગુહ્યાંગ સંકોચ પામે.

(૧૨) બારીક મોચરસની પોટલી એક પહોર ભગે રાખવી.

(૧૩) ભાંગ વાટી, તેની પોટલી ભગે મુકવાથી તે અતિ તંગ અને સંકીર્ણ થાય.

(૧૪) એલચી, હરતાલ અને મધ. એકરૂપ કરી તેનો લેપ કરવો

(૧૫) સરધવાનાં મૂળનો રસ અથવા તેનો કાઢો કરી, તેનાવતી રોજ યોનિ પખાળવાથી તે તંગ અને સંકીર્ણ થશે.

(૧૬) માયફળ, જાયફળ, શિલાજીત, એ ત્રણે સમભાગે વાટી મરેડીની જડ સાથે પાણીમાં ઘસી ત્રણ દીવસ લેપ કરવાથી યોનિ સંકોચ પામે.

(૧૭) દેવડીઓ કાથો. માયફળ. લોદર અને ત્રાયમાણ, એ દરેક તોલા ાા લઇ વસ્ત્રગાળ ખાંડી, પાણીમાં નાના બોર જેવડી ગોળી બનાવી, તે ગુહ્યસ્થાનમાં મુકવાથી યોનિ સંકુચિત થાય.

(૧૮) આસંધ, ગજપીંપર, વજ, કક્ક બધાં બારીક વાટી, ભેંસનાં માખણમાં ઘુંટી લેપ કરવાથી ગુહ્યેંદ્રી પીન અને સંકુચિત થાય.

(૧૯) ત્રિફળાં, કેવડીયો કાથો, સોનામુખી અને ફુલાવેલ મોરથુથુ, એ બધાં સમભાગે લઈ વસ્ત્રગાળ કરી, તેમાં પાણી નાખીને ગુહ્ય ભાગમાં લેપ કરવાથી તે સંકીર્ણ થાય. પથ્ય પાળવું.

(૨૦) ભાંગનાં ફુલ, અજમો, માયફળ, લાલ કણેરની કળી, ધતુરાનાં બીજ, એ બધાં વસ્ત્રગાળ કરી અને શિલારસ સાથે ખુબ ખરલ કરી નાના બોર જેવડી ગોળીયો વાળી છાંયડે સુકવવી. તે ગોળી યોનિમાં મુકવાથી બહુજ કઠિન અને સાંકડી થશે.

(૨૧) બેખરાના કાઢામાં તેનુંજ ચુરણ નાખી, તેનો ભગે લેપ કરવાથી તે સંકુચિત અને તંગ થાય.

(૨૨) માયફળ અને ફુલાવેલ ફટકડીનું બારીક ચુરણ, ઝીણા વસ્ત્રે પોટલી બાંધી તે યોનિમાં રાખવી.

(૨૩) ધાવડીનાં ફુલ, હરડાની છાલ, માયફળ, બાવળની પાલી, એ બધાં સમાન ભાગે લઈ અરણીના રસમાં વાટી તેની ચણા જેવડી ગોળી બનાવી, રોજ એક પહેરવી.

(૨૪) કોચાની છાલના કાઢાવતી યોનિ ધોવાથી તે તંગ થશે.

(૨૫) માયફળ, હરડે, જાયફળ, ખેરસાર, મગનાં ફુલ, સોપારી, વાટી તેની પોટલી ભગે ધારણ કરવાથી તે સંકીર્ણ થાય.

(૨૬) ઇંદ્રગોપ (મેના મામા) ઘીમાં વાટી, ગુહ્યસ્થાને તેનો લેપ કરવો.

(૨૭) માનકંદ અને કપુર, મધમાં વાટી, યોનિમાં તેનો લેપ કરવાથી તે સંકોચ પામે.

(૨૮) ભાંગનાં ફુલ, માયફળ, વાવડીંગ, ફુલાવેલ ફટકડી, સાકર, હીરાદખણ, અફીણ, એ દરેક તો. ૦ાા લઇ ખુબ ખાંડી તેમાં શિલારસ નાખી ઘુંટવું. પછી બોર જેવડી ગોળીયો કરવી. તે ગોળી ૧, ત્રણ કલાક ગુહ્યદ્રીમાં રાખવાથી તે અતિકઠિન અને સંકીર્ણ બને.

(૨૯) મગનાં ફુલ, જાયફળ, ખેરસાલ, હરડેદળ, માયફળ, સોપારી, એ બધાં સમભાગે બારીક વાટી વસ્ત્રગાળ કરી પાણીમાં બોર જેવડી ગોળીયો વાળવી. તે એક ગોળી ગુહ્યસ્થાનમાં પહેરવાથી તે અતિ સંકોચ પામે.

(૩૦) અજમો, લાલ કણેરનાં બી, મધ, ધતુરાનાં બી, એ દરેક તો. ાા લઇ ખાંડીને સુકવવા. પછી બારીક વસ્ત્રગાળ ચુરણ કરી પાણીમાં તેની બોર જેવડી ગોળીયો વાળવી. તે સંભોગ પહેલાં એક પહોર અગાઉ યોનિમાં મુકવી. લઘુશંકા ન કરવી, તથા પાણી પણ અડાડવું નહિ. એથી યોની બહુજ સંકીર્ણ થશે.

(૩૧) લોદર તો. ાા, કપુર તો. ા, ફુલાવેલ ફટકડી તો. ૧, માયફળ તો. ૧, એ બધાં બારીક વસ્ત્રગાળ કરી પાણીમાં બોર જેવડી ગોળીયો કરવી. તે એક ગોળી યોનિમાં મુકવાથી સંકીર્ણ થાય.

(૩૨) ફુલાવેલ ફટકડી, ધાવડીનાં ફુલ, માયફળ, વાટી તેની પોટલી ગુહ્યાંગે ધારણ કરવાથી તે સંકીર્ણ થાય.

(૩૩) માયફળ, ફુલાવેલ ફટકડી, આસોપાલવની છાલ, આંબાહળદર, અરણીનાં મૂળ, નરમાનાં મૂળ, ધરો કે દરભ, ઘીના કુડલાની ચામડીની રાખ, એ બધાં સમાન ભાગે લઇ, વાટી, પાણીમાં વટાણા પ્રમાણ ગોળી કરી રોજ એક પહેરવી.

(૩૪) સુખડ, હરડે, માયફળ, ફુલાવેલ ફટકડી, ધાવડીનાં ફુલ, લોદર, છીણીનાં મૂળ, દાડિમની છાલ, કાદંબરી, એ બધાં વાટી લેપ કરવાથી યોનિ સંકીર્ણ અને પીન થાય.

(૩૫) ત્રિફળાં, ખેરસાર, માયફળ, ધાવડીનાં ફુલ, ફુલાવેલ ફટકડી, એ બધાં સમભાગે પાણીમાં વાટી, ગોળી બનાવી, તે ગુહ્યસ્થાને રાખવાથી સંકીર્ણ અને તંગ થાય.

(૩૬) આંબળાંનું મૂળ, કસેલો, બાવળની જડ, બોરડીની જડ, અરડુસાની જડ, માયફળ, એ બધાં ઉકાળી, તે ઉકાળાવતી ગુહ્યસ્થાન ધોવાથી તે દૃઢ અને સંકીર્ણ થાય.

(૩૭) કવચમૂળના કાઢાવતી યોનિ ધોવાથી તેમજ દહીંથી ધોતાં તે સાંકડી થાય.

(૩૮) બારીક ભાંગની પોટલી અથવા બારીક મોચરસના ચુરણની પોટલી ગુહ્યંદ્રીમાં મુકવાથી તે સંકોચ પામે.

(૩૯) ફટકડી, માયફળ, જાયફળ, અફીણ, સંકારણ, એ બધાં સમાન ભાગે લઇ બારીક વાટવાં, તથા બાવળની છાલ શે. ૨, પાણી શે. ૧૫ માં ઉકાળતાં પાણી શે. ૦ાા રહે ત્યારે ઉતારીને ઉપરનો ભુકો તેમાં નાખી ખરલ કરી એકરૂપ કરવું. પછી તેની નાના બોર જેવડી ગોળીયો વાળવી. એ ગોળી ગુહ્યસ્થાને પહેરવાથી તે સંકીર્ણ થવા પામશે.

(૪૦) હરડાં, બેહેડાં, આંબળાં, લોદર, દુધેલી, દાડમની છાલ, એ બધાં સરખા વજને લઇ બારીક વાટી, તેની અરણીના રસમાં એક સરખી ગોળીઓ બનાવી, તે યોનિમાં રાખવાથી શિથિલતા મટી દ્રઢતા આવે અને તે પીન થાય.

(૪૧) ભાંગનાં ફુલ તો. ૧, માયફળ તો. ૧ાા, હીરાકસી તો. ૧, એ બારીક વાટી શિલારસમાં તેની ૭ સાત ગોળીયો કરવી. તે ગુહ્યાંગે ધારણ કરવાથી સ્ત્રી જુવાન થઇ જશે.

(૪૨) લોદર, કડવી તુંબડીનાં પાન, એ બંને બારીક વાટી તેની ગોળી બનાવી યોનિમાં પહેરવાથી તે સ્થાન બહુજ સંકીર્ણ થાય.

(૪૩) ભાંગના ફુલ તો. ૦ા, માયફળ બેઆનીભાર, કશીસાં તો. ૦ા, કડીયો ગુંદર તો. ૦ા, એ બધાં બારીક બનાવી, શિલારસમાં તેની તુવેરના દાણા જેવડી ગોળીયો બનાવી ગુહ્યસ્થાનમાં એક પહોર ધારણ કરવી. એથી તે બહુજ સંકીર્ણ થશે.

પ્રકરણ ૪ થું.

સંતાન-સિદ્ધિ.

ઋતુદોષ પ્રદર અને યોનિરોગ-એ ત્રણેનો નિકાલ થયા પછી સંતાન-સિદ્ધિના માર્ગમાં એકે વિઘ્ન રહેતું નથી. તેમ છતાં તેમાં **મનુષ્યયત્ન** અને **ઇશ્વરકૃપાની** તો અવશ્ય જરૂર છે. કેટલાક લોકો એમ માને છે કે 'સંતાન પ્રાપ્તિમાં **ઇશ્વરકૃપા** એટલે દૈવનીજ સાનુકૂળતા જોઇએ.' આ વિચાર સર્વાંશે માની શકાય નહિ. કારણ કે શરીરમાં અનેક દર્દો ઉત્પન્ન થાય છે અને તેને માટે દવાઓ પણ મોજુદ છે. ગર્ભાશય એ કાંઈ શરીરથી ભિન્ન ભાગ નથી. વિરૂદ્ધ ખાનપાન કે આચરણથી ગર્ભાશય દૂષિત થાય, એ યુક્તિસિદ્ધ વચન છે. તો પછી તે દોષને ટાળવા માટે દવાઓ પણ કેમ મોજુદ ન હોય? પ્રાચીન અને પ્રમાણભૂત વૈદક ગ્રંથોમાં તો એટલે સુધી બતાવેલ છે કે અમુક દવા સાથે અમુક નિયમો પાળવાથી પુત્રજ ઉત્પન્ન થાય. પ્રાચીન મહર્ષિઓનું આ જ્ઞાનસિદ્ધ વચન છે. આવી સ્થિતિ છે, તો પછી સંતાનના અભિલાષી દંપતીએ તેવા દોષ ટાળવા માટે સંતાનની દવા લેવી અગર પોતાના હાથે તૈયાર કરી તેનો ઉપયોગ કરવો. આ ચાલુ પ્રકરણમાં સંતાન-પ્રાપ્તિને માટે ઘણા સાદા ઉપાયો બતાવેલા છે કે જે બહુજ સ્હેલાઇથી અને ઓછા ખરચે થઈ શકે તેવા છે. માત્ર દૈવપરજ આધાર રાખી બેસી રહેવું અને કોઇપણ પ્રકારનો દોષ છતાં તેને દૂર કરવાનો પ્રયત્ન ન કરવો, એ તો એક પ્રકારનું અજ્ઞાનજ છે. આવા પ્રયત્નપ્રધાન જમાનામાં તેવા ખોટા મંતવ્યને માર્ગ આપવો, એ ન ઇચ્છવા જેવી બાબત છે. માટે પ્રયત્નશીલ બની સંતાન-સિદ્ધિમાં સફળતા મેળવો.

સંતાનાસદ્ધિના સાદા અને સામાન્ય ઉપાયો—

(૧) વરધારો અને ધોળી જાસુંદીનાં ફુલ, ગાયના દુધમાં વાટી, તેમાં સાકર મેળવી. ઋતુના ચોથા દિવસથી સાત દીવસ રોજ સવારે ખાવાં.

(૨) વડના કોમળ અંકુર વાટી, તેની બોર જેવડી ૨૧ ગોળી કરવી. તે ઋતુકાળે રોજ ત્રણ ગોળી એમ સાત દીવસ ખાવી. ઉપર પૌષ્ટિક ખોરાક લેવો.

(૩) નાગરકેસરનું ચુરણ ઋતુકાળે ઘી કે માખણ સાથે મેળવીને ચાટવું અથવા પાણીમાં લેવું.

(૪) આસંધ ધીમી આંચે ઉકાળી ગાળીને તેમાં ગાયનું ઘી અને દુધ મેળવી ઋતુસ્નાન પછી રોજ સવારે સાત દીવસ પીવું.

(૫) ભોંયકોહોળાનું ચુરણ તો. ૧, રોજ સવારે માખણમાં ચાટવું અને બાવળનો ગુંદર શે. ના ના આઠ ભાગ કરી રોજ એક ભાગ પાણીમાં પલાળીને પીવો.

(૬) પારસ પીંપળાના બીજનું ચુરણું, ઋતુ વખતે ઘી તથા સાકરમાં મેળવી ચાટવું અથવા કાંસકીના મૂળ પાણીમાં વાટીને સાત દીવસ પીવાં.

(૭) ધાવડીના ફુલનું ચુરણ અને સાકર, ઋતુકાળે ત્રણ દીવસ ઠંડા પાણીમાં લેવાં. અથવા ગાભણી ભેંસના દુધમાં બકરીનું મુત્ર નાંખી પીવું.

(૮) રજસ્વલા સ્ત્રીએ વડની કોમળ વડવાઈ ત્રણ દીવસ ઘીમાં ખાવી. અથવા નાગકેસર અને જીરાનું ચુરણ, ત્રણ દીવસ ગાયના ઘીમાં ખાવું.

(૯) કંકોડીનાં મૂળ, પીળા ફુલનો કાંટાશેળીયો કે આસંધ, એ ત્રણમાંના એકનું ચુરણ, ઋતુકાળથી સોળ દીવસ ગાયના દુધમાં લેવું.

(૧૦) પાતાળતુંબી અને શતાવરી, એ બંને ગાયના દુધમાં ઘસીને ઋતુકાળે ત્રણ દીવસ તે ઘસારો પીવો.

(૧૧) જાયફળ, લવીંગ, કપુર, કેસર, શુદ્ધ હીંગળો, રૂદ્રવતી એ બધાં દુધમાં ખરલ કરી ચણા પ્રમાણ ગોળી બનાવી ઋતુ પછી ત્રણ દીવસ, એમ ત્રણ ઋતુ સુધી ખાવી

(૧૨) બીજોરાનાં બી, ગાયના દુધમાં પકાવી, તેના જેટલું નાગકેસર અને ગાયનું ઘી નાખી ઋતુકાળે રોજ તો. ૨ાા, એમ સાત દીવસ ખાવું.

(૧૩) આસંધનો કાઢો ધીમી આંચે તૈયાર કરી, તે ઋતુકાળે પીવો. અથવા શતાવરી બકરીના મુત્રમાં ઘસીને ઋતુ પછી ત્રણ દીવસ તે ઘસારો પીવો.

(૧૪) અણવીંધેલું અડધું સાચું મોતી, અડધું જાયફળ અને અડધું પરવાળું, એ ત્રણેનું બારીક ચુરણ. ઋતુકાળે ત્રણ દીવસ ગાયના દુધમાં લેવું.

(૧૫) નાગકેસર અને બીજોરાનાં બીનું ચુરણ ઋતુકાળે દુધ અગર ઘીમાં લેવું. અથવા બીજોરાના બીનું અને સુવાનું ચુરણ ગાયના દુધમાં પીવું.

(૧૬) એક આખા બીજોરાનાં તમામ બીયાં દુધમાં વાટીને ઋતુકાળે ખાવાં. અથવા ધોળી જાસુંદીનાં મૂળ, એકવર્ણી ગાયના દુધમાં ઘસી, તેમાં બીજોરાનાં બીયાં વાટી નાખીને પી જવાં.

(૧૭) નાગકેસર અને જીરૂં, સમભાગે વાટી ઋતુકાળે ત્રણ દીવસ ગાયના દુધમાં પીવાથી સંતાન રહે.

(૧૮) વડની કોમળ વડવાઇ તો. ૦ાા, ગાયના દુધમાં વાટીને પીવાથી ગર્ભાધાન થાય.

(૧૯) પદ્મક તો. ૧ાા નો રસ તથા કસુંબી તો. ૧ાા, વાટી બકરીના દુધ શે. ૦ માં મેળવી પીવાથી ઓધાન રહે.

(૨૦) શિવલિંગીનાં મૂળ તથા તેનાં ફુલ, સમભાગે લઇ ચુરણ બનાવી, તે ગાયના દુધમાં મેળવી પીવાથી હમેલ રહે.

(૨૧) કાંટાશેળીયાનાં મૂળ, ગાયના ઘીમાં ઘસીને ઋતુકાળે પીવાં. અથવા એરંડીના મીંજ અને બીજોરાનાં બીયાં વાટી, ઘી સાથે ચાટવાં.

(૨૨) કાળા તલ, સાકર, કમળકંદ, એનું ચુરણ હંમેશાં મધમાં ચાટવું. અથવા કાયફળની ભુકી સાથે સાકર મેળવી, તે ઋતુ બાદ ત્રણ દીવસ ફાકવી.

(૨૩) જાયફળ, વાવડીંગ, સમુદ્રશીણ, એલચી, નાગકેસર, એ બધાં સમભાગે લઈ બારીક ચુરણ બનાવી, તે તો. ૦ાા, સાકર સાથે લેવું.

(૨૪) કાંટાશેળીઆનાં મૂળ, ધાવડીનાં ફુલ, વડની કોમળ વડવાઇ અને કમળકાકડી, એ બધાં બારીક વાટી, ઋતુકાળે તો. ૧ા, દુધમાં લેવાં.

(૨૫) ખાખરાના બીયાંની અર્ધદગ્ધ રાખ, પાણીમાં નાખી પીવી, અથવા એખરાનાં બીજ સાકર સાથે ખાવાં.

(૨૬) કાયફળ વાલ ૫, કાથો વા. ૫, એનું બારીક ચુરણ ઋતુકાળે ચાર દીવસ મધમાં ચાટવું.

(૨૭) પારસપીંપળાનાં મૂળ કે બીજ તથા જીરાનું ચુરણ ઋતુકાળે રોજ તો. ૧, દુધમાં લેવું અને પથ્ય પાળવું.

(૨૮) વડ ઉપરના વાંદાનો રસ, ઋતુ બાદ ચોથા દિવસથી ત્રણ દીવસ પીવો.

(૨૯) તલ, દહીં કે અડદ, ગમે તે રોજ ખાવાં, અથવા કૌંચાનાં મૂળ અને કોહાનો ગર, દુધમાં લેવાં.

(૩૦) [1]મોરશિખા અને સુવાનું ચુરણ ઋતુકાળે ત્રણ રોજ ગાયના દુધમાં લેવું.

(૩૧) સુંઠ, મરી, પીપર, નાગકેસર, એનું ચુરણ ઘીમાં કાલવી ઋતુકાળે ચાટવું.

(૩૨) કોઠીનું મૂળ, વરધારો, નાગકેસર, તમાલપત્ર, સાકર અને એલચી, એ બધાંનું બારીક ચુરણ બનાવી, ઘી તો. ૨ સાથે મેળવીને ચાટવું.

---

૧ એ આકારની વનસ્પતિ સમજવી.

(૩૩) કાથો. જાયફળ, સમભાગે લઈ બારીક ખાંડી, ઋતુકાળે તે મધમાં ચાટવાથી ગર્ભાધાન થાય.

(૩૪) અજમો તો. ૧૦, ગોળ તો. ૨૦, એના ચાર ભાગ કરી ઋતુ સમયે તે ચાર દીવસ ખાવાથી ગર્ભાધાન થાય.

(૩૫) શિવલિંગીનાં મૂળ, લક્ષ્મણાનાં મૂળ, એ બંનેનું ચુરણ ઋતુ વખતે ગાયના ઘીમાં કાલવી ખાવાથી સંતાન થાય.

(૩૬) ખરેંટી, ગરણીના મૂળની છાલ, વડના કુંપળ, નાગકેસર અને મહુડાં, એ બધાં સમભાગે લઈ વાટી, ગાયના દુધ તો. ૩ માં મધ સાથે પંદર દીવસ પીવાથી વંધ્યા સ્ત્રી પણ ગર્ભવતી થાય.

(૩૭) સફેત આકડાનાં મૂળ, દુધમાં ઘસીને પીવાં. અથવા ખાખરાના પાન દુધમાં વાટી, સ્નાન પછી આઠ દીવસ પીવાં.

(૩૮) માલકાંકણીના પાન, સાજીખાર, વજ, બીબલો, એ બધાં પાણીમાં વાટી, સ્નાન પછી આઠ દીવસ પીવાં.

(૩૯) બળદાણા, જેઠીમધ, ખપાટના બીજ, વડવાઇના ઝીણાં કુંપળ, નાગકેસર અને સાકર, એ બધાંનું બારીક ચુરણ ઋતુ પછી આઠ દીવસ, મધ, ઘી અને દુધમાં લેવું.

(૪૦) વંરધારો, ગજકેસર, એલચી અને હાઉબેર, એનું ચુરણ તો. ના ના ત્રણ પડીકાં કરવાં. તે ઋતુસ્નાન પછી ત્રણ દીવસ ખાવાં. ઉપર ભોજન દુધ ભાત કે દુધ ઘેંસનું લેવું.

(૪૧) તલનું તેલ, દુધ, કાકડી, દહીં, ઘી, એ બધાં ભેગાં કરી હાથવતી બરાબર મસળી, તેમાં પીપરનું ચુરણ નાખીને ખાવું.

(૪૨) પારસપીંપળાનાં બીજ, એરંડીના મીંજ, સફેત સાકર, પટોળ, સુખડ અને કેસર, એ બધાં બારીક વાટી, ગોળી બનાવી, તે ઋતુકાળે ત્રણ દીવસ ખાવી.

(૪૩) દુધ, સાકર અને કેસરની સાથે અથવા કંસારની સાથે ભોંઢળના બીની ભુકી તો. ૦। લેવી.

(૪૪) ધાટી છાશ, કુંવાર કે ગુગળની બનાવટ, એનું ઋતુ બાદ આઠ દીવસ સેવન કરવું.

(૪૫) કાળા તલ, સુંઠ મરી, પીંપર, ભારંગી, ગોળ, એ બધાંનો કાઢો કરી ઋતુ બાદ ૧૫ દીવસ પીવો.

(૪૬) પારસ પીપળાનાં મૂળ અથવા બીજ, સફેત જીરું, અને શરપંખો, એ સમાન ભાગે વાટી, તો. ૧, ગાયના દુધમાં લેવાં.

(૪૭) એક કેળું, કપુર તો. ૨, વંશલોચન તો. ૧, એ બધાં મેળવી કેળના પાનમાં વીંટાળી સાંજે તુલસીના ઝાડ નીચે દાટવાં. પછી બીજે દીવસે સવારે લઇ, વાટીને તેની ત્રણ ગોળી કરવી, તે ઋતુબાદ ચોથા દીવસથી ત્રણ રોજ ખાવી.

(૪૮) કબુતરની હગાર તો. ૦॥, ચોખાના ધોવણમાં મેળવી પીવાથી ફરી અટકાવ ન આવે અને ઓધાન રહે.

(૪૯) ધોળી ચણોઠીનાં મૂળ. એકવરણી ગાયના દુધમાં ઉકાળી ઋતુકાળે ચાર દીવસ તે અચ્છેર દુધ પીવાથી સંતાન રહે.

(૫૦) કુંવારના લાબરા નીચેની માટી તો. ૦॥, મધ તો. ૧, એ બંનેને બકરીના દુધમાં ઘોળી સવારે પીવાથી હમેલ રહે અને ઋતુ ન આવે.

(૫૧) શંખાવળીનું મૂળ, ભાંગ, કાંટાશેળીયાનું મૂળ, સફેત ચણોઠીનાં મુળ, એ બધાં ગાયના દુધમાં ઘસીને ઋતુ સમયે પીવાથી ઓધાન રહે.

(૫૨) આસંધ, પુંનાગું, નાગકેસર, ઉજળી ખાંડ, એ દરેક નવટાંક અને હાઉબેર તો. ૨॥, એ બધાંનું બારીક ચુરણ બનાવી, તેના નવ પડીકાં કરવાં. દર મહીને ઋતુકાળે ત્રણ પડીકાં ત્રણ દીવસ ગાયની

છાશમાં લેવાં, એમ ત્રણ મહિના ઋતુકાળે ત્રણ દીવસ ખાવાં. પથ્ય દુધ ભાત.

(૫૩) પીપર અને આદુનું ચુરણ. ઋતુકાળે ગાયના ઘીમાં કાલવીને ત્રણ દીવસ ચાટવું.

(૫૪) મીંઢળનું બારીક ચુરણ, દુધ અને સાકર સાથે લેવું. મીંઢળથી કદાચ ઉલટી થાય તો ગભરાવું નહિ.

(૫૫) મીંઢીયાવળનાં પાનની ભુકી, ગોખરૂનાં પાનના રસમાં અથવા સાકર સાથે ૨૧ દીવસ લેવી.

(૫૬) કપુર, રૂમીમસ્તકી, નાગકેસર અને સાકર. એ બધાં સમ ભાગે લઈ બારીક ચુરણ બનાવી, તે ઋતુના ચોથા દીવસથી રોજ તો. ૦ાા, એમ ત્રણ દીવસ ખાવું. પથ્ય પાળવું.

(૫૭) બીજોરાનાં મૂળ તો. ૦ાા, દુધમાં ઉકાળી, તેમાં ઘી નાખી ઋતુકાળે ત્રણ દીવસ પીવું.

(૫૮) કાળા તલ તો. ૫, અજમોદ તો. ૩, એ બંને તેલમાં તળી, ઋતુ વખતે તે રોજ તો. ૧ પ્રભાતે ખાવું. પછી નાગકેસર તો. ૩, વરધારો તો. ૭, એનું ચુરણ ઋતુ સ્નાનના દીવસથી સાત દીવસ લેવું.

(૫૯) રવિવારે પંચાંગ શરપંખાનો છોડ લાવી, એકવરણી ગાયના દુધમાં કન્યાના હાથે તે ઘુંટાવી, તેમાંનું નવટાંક, ઋતુકાળે વંધ્યા સ્ત્રીએ પીવું.

(૬૦) ઋતુ બાદ ત્રીજે દિવસે કેળું છાલ સહિત ચીરી, તેમાં ગુંદર અને સાકરનું ચુરણ ભરી, અગાસીમાં મુકવું કે તુલસીના મૂળમાં તે દાટી દેવું. બીજે દીવસે તે લઇ, ઋતુ પછી ચોથે. પાંચમે અને છઠ્ઠે દિવસે એકેક ખાવું. કેળું રોજ તાજું લેવું.

(૬૧) અજમો, રીંગણીનાં બી, પીપર, અને નાગકેસર, એનું બારીક ચુરણ, ગાયના ઘીમાં ચાટવું.

(૬૨) ચંપાની કળી તેલમાં બોળી, દીવાપર સેકી, ત્રણ દીવસ તો. ०। ખાવાથી ગર્ભ ધારણ થાય.

(૬૩) વાઝીકંટાનાં મૂળ રવિવારે લાવી, તે ગાયના દુધમાં ઘસીને પીવાથી, અથવા સફેત શંખાવલીનાં મૂળ ગાયના દુધમાં ઘસીને ત્રણ દીવસ પીવાથી ઓધાન રહે.

(૬૪) વાંઝ કંકોડીના મૂળ તો. ०।, ગાયના દુધમાં ઘસીને પીવાથી વંધ્યા પણ પુત્રવતી થાય.

(૬૫) શિવલિંગીનાં બીયાં, કેળા સાથે ખાવાં.

(૬૬) ઉપલેટના મૂળ, એલચી, વરધારો, નાગકેસર, જીરું, તમાલપત્ર, એ દરેક તો. ૧ લઇ બારીક ચુરણ કરવું. તેના સાત પડીકાં કરવાં. દરેક પડીકામાં એક શિવલિંગીનું બીજ નાખવું. તે રોજ એક પડીકું માખણમાં લેવું. એમ સાત દીવસ કરવું. પથ્ય દુધ ભાત.

(૬૭) કઠ, વારાહિકંદ, શિવલિંગીના બીજ, વાટીને ઋતુકાળે તો. ૧, ગાયના દુધમાં લેવાથી અવશ્ય ઓધાન રહે.

(૬૮) પીંપળાની પેપડી અથવા તેનાં કુણાં પાન તો. ૧, દુધ તો. ૪, પાણી તો. ૮, ઘી તો. ૨, એ બધાં ધીમી આંચે ઉકાળવાં. દુધ અને પાણી બળી જાય, ત્યારે ઘી ગાળીને પી જવું. આ ઉપાય ઋતુના ચોથા દીવસથી આઠ રોજ કરવો. પથ્ય અવશ્ય પાળવું.

(૬૯) પદ્મકાષ્ઠ, દુધ કે પાણીમાં ઘસી તો. ૧, પી જવું.

(૭૦) જીરું કે ધોળા શરપંખા સાથે પારસ પીંપળાના ડોડવા વાટી પીવાથી અવશ્ય ઓધાન રહે. પથ્ય પાળવું.

(૭૧) પીંપળાની પેપડી અથવા કુણાં પાન તો. ૧, વાટીને સંતાનના અભિલાષી સ્ત્રી પુરૂષ બંનેએ ઋતુના ચોથા દીવસથી આઠમા દીવસ સુધી દુધમાં પીવાં.

(૭૨) પિત્તપાપડાની અર્ધદગ્ધ કાળી ભસ્મને ઝીણી વાટી, તે વાલ ૧, ચોખાના ધોવણ સાથે ઋતુના ચાર દીવસ પીવાથી અવશ્ય ઓધાન રહે. ઉપર દુધ સાથે સાબુ ચોખાની કાંજી લેવાથી સારી પ્રજા થાય.

(૭૩) કુંવારના લાંબરાની છાલ ઉતારી અંદરનો ગર તો. ૨ લઇ, તેના પર મીઠું અને હળદર છાંટી નરણે કોઠે ખાવો. એમ ૧૫ દીવસ ચાલુ રાખવું. કુંવારથી મરડો થાય તો ઘી ચાટવું.

સંતાનસિદ્ધિના વિશેષ ઉપાયો—

(૧) લક્ષ્મણાનાં મૂળ ગળે બાંધવાં, તેમજ તે ઘી કે દુધમાં ઘસીને નાકે પીવાથી બહુ બળવાન્ પુત્ર થાય.

(૨) પુષ્યનક્ષત્રમાં લક્ષ્મણાનાં મૂળ કહાડી, તે કુમારિકાના હાથે એકવરણી ગાયના દુધમાં વટાવી, ઋતુસ્નાતા સ્ત્રીએ પીવાં.

(૩) રવિવારે પંચાંગ લક્ષ્મણા લાવી, છાંયડે સુકવી, તે કુંવારી કન્યાના હાથે એકવરણી ગાયના દુધમાં ઘુંટાવી, ઋતુસ્નાન પછી સાત દીવસ રોજ તો. ૨, તે ઘસારો પીવો. એથી વાંઝણીને પણ પુત્ર અવતરે. પથ્ય દુધ ભાત.

(૪) લક્ષ્મણાનાં મૂળ અને સુવાનું ચુરણ, ઋતુકાળે ત્રણ દીવસ ગાયના દુધમાં લેવું. એથી વંધ્યાને પણ ઓધાન રહે.

(૫) કોહોળું, બ્રાહ્મી, વજ, શંખાવલી, સાટોડી, તુલસી, એનું ચુરણ મધ તથા સાકર સાથે ખાંવાથી વંધ્યાને પણ ગર્ભ રહે. એ ચુરણના સેવનથી અપસ્માર અને ઉન્માદનો પણ નાશ થાય.

(૬) વડની કોમળ વડવાઇ માસા ૬, ગજકેસર માસા ૬, એ બંને વાટીને ત્રણ ટીકડી બનાવવી. તથા શિવલિંગીના ૨૭ બીજના ત્રણ ભાગ કરવા. પછી કપિલવરણી ગાયના દુધની ખીરમાં ગાયનું ઘી, સાકર, એક ટીકડી તથા એક ભાગનાં નવ બી નાખવાં. ઋતુસ્નાન પછી સ્ત્રી એ ખીર ખાય, તો અવશ્ય ઓધાન રહે.

(૭) ધોળી ભોંયરીંગણીના મુળ, ગાયના દુધમાં ઘસીને ઋતુના દીવસથી ચાર રોજ પીવાં પછી પાંચમા દીવસથી સાત રોજ વર સાટોડી, અને નાગકેસરનું ચુરણ ગાયના દુધમાં લેવું. સાત દીવસ સાઠી ચોખા અને દુધ સાકર ખાવાં, બીજું કાંઇ પણ ખાવું નહિ. આવું પથ્ય રૂતુ વખતે સાત દીવસ, એમ ત્રણ માસ પાળવું. એથી સારી પ્રજા થશે.

(૮) આસંધ તો. ૧ ના બારીક કટકા કરી, તે પાણી શેર એકમાં ઉકાળતાં પાણી તોલા ૭ રહે, ત્યારે કલઈ કરેલા વાસણમાં ગાળી લેવું. પછી તેમાં જીવતા વાછરડાવાળી એકવરણી ગાયનું દુધ શેર ૦।, નાખી ત્રણ ટંકમાં તે ૭ તોલા પાણી પીવું. એમ એક માસ કરવું. અટકાવ આવતાં તે બંધ કરવું અને સ્નાન પછી ચાર દીવસ નીચેનો ઉપાય કરવો—

અતકની હગાર તો. ૧ લઇ, સુકવી બારીક વાટી, તેમાં ગોળ તો. ૧ નાખી ચાર ગોળી વાળવી. તે રોજ એક ગોળી, એમ ચાર દીવસ ચાર ગોળી ખાવાથી અવશ્ય ઓધાન રહે.

(૯) આંબાહળદર. સિંધાલુણ. ખાંડનું બુરૂં, એ ત્રણે દરેક તોલો ૧ લઇ બારીક વસ્ત્રગાળ કરી, રૂતુના પહેલા દીવસથી રોજ સવાર સાંજે અરધો અરધો તોલો ચુરણ પાણી સાથે લેવું, એમ ૭ ટંકે ત્રણ તોલા પુરૂં કરવું. એથી ઋતુ શુદ્ધ થઇ જશે. પછી ઋતુસ્નાતા સ્ત્રીએ નીચે બતાવેલ ઉપાય કરવો—

શિવલિંગીના દાણા સાત, સાચાં મોતી સાત, શંખાવલી, સાકર, નાગકેસર, સફેત જીરૂં, ધોળી રીંગણીના બીજ, એ પાંચ દરેક માસા સાત લેવા. તેમાં શિવલિંગીનાં બી અને મોતી શિવાય પાંચે વસ્તુનું વસ્ત્રગાળ ચુરણ કરવું અને તેના સમાન ભાગે સાત પડીકાં કરવાં. પછી પતિભકતા પ્રમદાએ પતિની આજ્ઞા લઇ પોતના ઇષ્ટદેવનું સ્મરણ કરી શિવલિંગીનું એક બી ચાવી એક રસ કરીને ઉતારવું, તેના-પર એક મોતી દાઢવતી ખુબ ચાવી મોઢાની લાળ સાથે ગળે ઉતારી

(,પછી સાત પડીકામાંથી એક પડીકું ગાયના દુધ સાથે લેવું.
૧, એમાં માત્ર સાઠી ચોખા, દુધ અને સાકર શિવાય બીજું કાંઈ ખાવું નહિ. એમ ઋતુકાળે ત્રણ માસ કરવાથી ઉત્તમ સંતતિ થશે.

(૧૦) હરડાં, બેહેડાં, આંબળાં, જેઠીમધ, ઉપલેટ, હળદર, પીપર, મોથ, કડુ, દારૂહળદર, વાવડીંગ, ઈંદ્રવારૂણીનાં મુળ, કાયફળ, વજ, મેદા અને મહામેદાને બદલે બમણી આસંધ, ધોળી અને કાળી ઉપલસરી, ધઉંલા, વરીયાળી, હીંગ, ધોળી ભોંયરીંગણીના મુળ, રાસ્ના, સુખડ, રતાંજળી, જુઈનાં ફુલ, અજમોદ, વાંસકપુર, કમળ, સાકર, દાંતીમુળ, આ બધાં ઔષધો દરેક તો. ૧ લઇ તેની પાણીમાં વાટીને ચટણી કરવી. પછી જીવતા વાછરડાવાળી એકવરણી ગાયનું ઘી તો. ૬૪, ઘીથી ચારગણું ગાયનું દુધ અને દુધ જેટલું પાણી લેવું. એ ચારે વસ્તુ સાથે મેળવી, માટી કે તાંબાના વાસણમાં નાખી પુષ્યનક્ષત્રમાં શુભ તિથિના દીવસે અડાયા છાણાના અગ્નિ પર ઘી બાકી રહે ત્યાંસુધી ઉકાળવું. પછી ઘી ગાળી લેવું. આ ઘી ખાવાનો શુભ દિવસે આરંભ કરવો. વાંઝણી સ્ત્રીને આ ઘીના સેવનથી પુત્ર થાય. મુવેલું બાળક અવતરતું હોય અથવા અવતરીને મરી જતું હોય, તેવી સ્ત્રીને આ ઘૃતથી લાંબી આવરદાવાળો બુદ્ધિશાળી પુત્ર થાય. પુરૂષ જો આ ઘીનું સેવન કરી સ્ત્રીસમાગમ કરે, તો તે તેજસ્વી પુત્રને ઉત્પન્ન કરનાર થાય. તો. ૨ થી ૪ લેવું. **ફળઘૃત.**

(૧૧) વેકરીઓ, ચીમેડ, બળદાણા, એખરો, ગોખરૂ, એ બધાં સમભાગે લેવાં. એ બધાંના વજનથી અરધી મેથીનો લોટ કરવો. તે બધાંથી બમણો ફોતરી વિનાની અડદની દાળનો લોટ લઈ, તેનો ઘીમાં દાણો પાડવો. પછી સાકર શે. ૧‍॥ થી ૨ લઇ, તેની ચાસણી કરી, તેમાં ઉપરની બધી ચીજો નાખી એક એક તોલાની ગોળી વાળવી. તે ઋતુના દીવસથી રોજ બબ્બે ગોળી ખાવી, અને ૭ દીવસ અટકાવ પાળવો. સાતમે દીવસે ન્હાવું. એથી અવશ્ય ઓધાન રહેશે.

(૧૨) આસંધ તો. ૪૦૦, ગોખરૂ તો. ૨૦૦, બલા–ખરેટીનાં

મૂળ, ગળો, સુગંધી સમેરવો, વિદારિકંદ,-ભોંયકોહોળું, શતાવરી, સાટોડી, પીંપળાનાં મૂળ, સુંઠ, શવનનાં ફળ, કમળકાકડી, અને અડદ—એ અગીયારે ઔષધો દરેક તો. ૪૦ લેવાં. એ તેર ઔષધ અધકચરાં કરી, તેમાં પાણી તો. ૪૦૯૬, નાખી ઉકાળતાં ચોથો ભાગ પાણી રહે, ત્યારે ગાળી લેવું. પછી મેદા અને મહામેદાને બદલે શતાવરી, કાંકોલી અને ક્ષીરકાકોલીને બદલે આસંધ, જીવક અને ઋષભકને બદલે ફગવેલાનો કંદ, જીવંતી—મીઠી ખરખોડી, જેઠીમધ, રાની મગ, રાની અડદ, કઠ, પદ્મક, રતાંજળી, તમાલપત્રં, પીપર, દ્રાક્ષ, ખાચા, કાળું કમળ, નાગકેસર, ધોળી અને કાળી કપુરી-મધુરી, બલા—ખરેટી અને નાગબલા—ગંગેટી—એ ત્રેવીશે ઔષધ એક એક તોલો લેવાં અને પાણીમાં વાટીને તેની ચટણી કરવી. પછી ઉપરના કાઢામાં એ ચટણી તો. ૨૩; સાકર તો. ૮, ધોળી શેલડીનો રસ તો. ૨૫૬, ગાયનું ઘી તો. ૨૫૬, એ બધાંને ધીમી આંચે ઉકાળતાં માત્ર ઘી બાકી રહે ત્યારે ગાળી લેવું. એ ઘી રોજ તો. ૨ થી ૪ ખાવાથી વંધ્યાને પણ ઓધાન રહે. અને પુરૂષમાં ભારે તાકાત આવે. એનાથી બીજા પણ અનેક રોગ નાબુદ થાય છે. **કામદેવઘૃત.**

(૧૩) સાલવણ, પીઠવણ, ઉભી રીંગણી, બેઠી ભોંયરીંગણી, ગોખરૂ, બીલી, અરણી, અરડુસો, શવન, પાટલા—એ દશેનાં મૂળ વીશ વીશ તોલા લેવાં. ચિત્રકમૂળ તો. ૧૦૦, પુષ્કરમૂળ તો. ૧૦૦, લોદર તો. ૮૦, આંબળાં તો. ૬૪, ધમાસો તો. ૪૮, ખેરની છાલ તો. ૩૨, બીબલાની છાલ તો. ૩૨, હરડેદળ તો. ૩૨, તથા કઠ, મજીઠ, દેવદાર, વાવડીંગ, જેઠીમધ, ભારંગી, કોઠું, બેહેડાં સાટોડીનાં મુળ, ચવક, જટામાંસી, ઘઉંલા, ઉપલસરી, શાહજીરૂં, નસોતર, રેણુકબીજ, રાસ્ના, પીપર, સોપારી કચુરો, હળદર, વરીયાળી, પદ્મક, નાગકેસર, નાગરમોથ, ઇંદ્રજવ, કાકડાશીંગી, જીવક અને ઋષભકનો બદલે વિદારિકંદ, મેદા, અને મહામેદાને બદલે શતાવરી, કાકોલી અને ક્ષીરકાકોલીને બદલે આસંધ, ઋધ્ધિ અને વૃધ્ધિને બદલે વારાહિકંદ, એ પાંત્રીશે ઔષધો દરેક આઠ આઠ

તોલા લઈ ખાંડી, એ બધાંથી આઠગણું પાણી લઈ, તેમાં બધાં ઔષધો નાખી ઉકાળતાં ચોથો ભાગ પાણી રહે ત્યારે એક માટલામાં તે ગાળી લેવું. પછી દરાખ તો. ૨૫૬ લઇ તેનાથી ચારગણા પાણીમાં તે ઉકાળતાં ત્રણ ભાગ પાણી રહે ત્યારે ગાળી લેવું. અને ઠર્યાં પછી તે પેલા કાઢાના માટલામાં નામી દેવું. તથા તેમાં મધ તો. ૧૨૮, ગોળ તો. ૧૬૦૦, નાખવા. અને ધાવડીના ફુલ તો. ૧૨૦, કંકોલ, વાળો, સુખડ, તજ, જાયફળ, લવીંગ, એલચી, તમાલપત્ર, પીપર, નાગકેસર, એ દરેક તો. ૮ લઇ બધાંનું બારીક ચુરણ કરી, તે માટલામાં નાખી દેવું. તેમજ તેમાં કસ્તુરી માસા ચાર નાખી, તે માટલાને કપડ માટીથી મોઢું બરાબર બંધ કરી જમીનમાં દાટી દેવું. એક મહીને તે ઉત્તમ રસ થયો સમજી તે બહાર કહાડી, તેમાં નિર્મળીના બીજનું થોડું ચુરણ નાખવું, જેથી રસ બહુજ નિર્મળ થઇ જશે. એ રસ રોજ તો. ૧ થી ૨૫ પીવાથી વંધ્યા સ્ત્રી અવશ્ય ગર્ભવતી થાય. દુર્બળ માણસમાં ભારે તાકાત આવે, શરીરમાં વીર્ય અને બળની અત્યંત વૃધ્ધિ થાય. વળી એ રસના સેવનથી ક્ષય, શ્વાસ, હરસ, પાંડુ, પ્રમેહ, સંગ્રહણી, અરૂચિ, ઉધરસ, વિગેરે અનેક દર્દો નાબુદ થાય છે.

(૬૪) હરડાં, બેહેડાં, આંબળાં, હળદર, દારૂહળદર, ધ્રુઉંલા રેણુકબીજ, ધોળી અને કાળી કપુરીમધુરી, સુગંધી સમેરવો, સમેરવો, દેવદાર એલવાલુક (એક સુગંધી પદાર્થ), તગર, મોટી ઇંદ્રવારૂણીનાં મુળ, નેપાળાના મુળ, દાડમ નાગકેસર, કાળું કમળ, એલચી, મજીઠ, વાવડીંગ, કઠ, પદ્મક, જાઇના ફુલ, સુખડ, તાલીસપત્ર, ઉભી ભોંયરીંગણી, એ અઠયાવીશે ઔષધો દરેક તો. ૧, લઈ તેની ચટણી કરવી. પછી ગાયનું ઘી તો. ૬૪, અને ઘીથી ચારગણું પાણી લઇ, એ ત્રણે સાથે મેળવી ઉકાળતાં ઘી બાકી રહે ત્યારે ગાળી લેવું. એ ધૃતના સેવનથી વંધ્યાને અવશ્ય ઓધાન રહે. તેમજ એના સેવનથી બીજા પણ અનેક રોગ ટળે છે. **પાનીયકલ્યાણઘૃત.**

(૧૫) [1]કાકોલી અને ક્ષીરકાકોલીને બદલે આસંધ, જીવક અને ઋષભકને બદલે ભોંયકોહોળું, મેદા અને મહામેદાને બદલે શતાવરી, મીઠી ખરખોડી, જેઠીમધ, જંગલી મગ અને જંગલી અડદ, એ દશ **જીવનીયગણ** ઔષધોનું ચુરણ ખાવાથી અવશ્ય ઓધાન રહે. સ્તનમાં દુધ વધારવા માટે પણ આ ચુરણ સર્વોત્તમ ગણાય છે.

(૧૬) ગાયનું ઘી શે. ૪, શતાવરીનો રસ શે. ૧૬, ગોમુત્ર શે. ૧૬, [2]જીવનીયગણના ઔષધો દરેક તો. ૧ ચુરણ, એ બધાં ધીમી આંચે પકાવી ઘી સિધ્ધ કરવું. આ ઘી તો. ૨ થી ૪, રોજ ખાવાથી વંધ્યાદોષ અવશ્ય જાય.

(૧૭) રાસ્ના, ધમાસો, બલાના મુળ, એરંડાના મુળ, દેવદાર. કચુરો, વજ, અરડુસી, સુંઠ, હરડે, ચવક, નાગરમોથ, વરધારો, સાટોડીના મુળ, ગળો, વરીયાળી, ગોખરૂ, આસંધ, અતિવિષની કળી, ગરમાળાનો ગોળ, શતાવરી, પીપર, કાંટાશેળીયાના મુળ, ધાણા, ઉભીરીંગણી, બેઠી રીંગણી, એ છવીશ ઔષધોમાં રાસ્ના બે ભાગ લેવી, બાકીના ૨૫, એક એક ભાગ લેવાં. એનો કાઢો કરી સુંઠ, પીપર, યોગરાજ ગુગળ, અજમોદાદિ ચુરણ અથવા એરંડીયું તેલ, એ પાંચ અનુપાનોમાં ગમે તે એકની સાથે અનુકૂળતા પ્રમાણે તે પીવાથી વંધ્યાદોષ ટળે. એનાથી યોનિના રોગ પણ મટે છે. ગર્ભાધાન માટે એ બહુ ઉપયોગી બતાવેલ છે. વળી એના સેવનથી સર્વાંગવાયુ, પક્ષાઘાત, આમવાત, કુબ્જત્વ, વધરાવળ, વિગેરે રોગો પણ નાબુદ થાય છે. **મહારાસ્નાદિ ક્વાથ.**

---

૧ કાકોલી, ક્ષીરકાકોલી, જીવક, ઋષભક, મેદા અને મહામેદા, એ અલભ્ય ઔષધ છે. તેને બદલે અહીં આસંધ વિગેરે સુલભ્ય ઔષધ બતાવેલ છે.

૨ જીવનીયગણનાં ઔષધો ઉપરના પંદર નંબરમાં બતાવેલાં છે.

(૧૮) [1]મેદા, મહામેદાને બદલે શતાવરી, કાકોલી અને ક્ષીરકાકોલીને બદલે આસંધ, જીવક અને ઋષભકને બદલે ભોંયકોહોળું, તથા ઋદ્ધિ અને વૃદ્ધિને બદલે વારાહિકંદ, એ આઠે ઔષધોનું ચુરણ અષ્ટવર્ગ ચુરણ કહેવાય છે. એના સેવનથી અવસ્ય ઓધાન રહે છે અને સ્ત્રીના સ્તનમાં દુધનો વધારો થાય છે.

(૧૯) ચંદન, કાળો વીરણવાળો, મજીઠ, પટોળ, નાગરમોથ, પીળો વીરણવાળો, મહુડો, જેઠીમધ રતાંજલી, સારિવા, જીરૂં, ભદ્રમોથ, પદ્મ-કાષ્ઠ, સાટોડી, એ બધાંનું ચુરણ કરી તેમાં સાકર ભેળવીને દુધ સાથે લેવું. એથી પિત્તજન્ય આર્ત્તવદોષ મટશે, અને યોનિ શુદ્ધ થશે. પછી નીચેનું ઔષધ કરવું.

(૨૦) ચંદન, વીરણવાળો મજીઠ, ગરણી અને સાકર, એ બધાંનું ચુરણ, દુધમાં નાખીને પીવું. એથી આર્તવ શુધ્ધ થશે અને ઓધાન રહેશે.

જે આતવનું લોહી કાળું કે પાકેલા જાંબુના રંગ જેવું હોય અને આર્તવ વખતે સ્ત્રીને પીડા થતી હોય, તે વાયુદોષવાળા આર્ત્તવનો નીચે પ્રમાણે ઉપાય કરવો.

(૨૧) સુંઠ, પીપર, મોથ ધમાસો, રીંગણી. ભોંયરીંગણી, પાડળ, એ ઔષધોના કાઢામાં ગોળ નાખી પાવો. તે સાત દિવસ અથવા આર્તવ વહ્યા કરે ત્યાંસુધી પાવો. પછી નીચેનો ઉપાય કરવો.

(૨૨) ધોળી ગરણીના બીજ, ધોળી ચણોઠી અને સાટોડી. એનું ચુરણ ગાયના દુધ સાથે પીવું. આ પ્રયોગ એક માસ કરવાથી સ્ત્રીને અવસ્ય સંતાન રહે.

કફથી બગડેલ આર્તવ ઘાટો અને પિચ્છાવાળો હોય છે, સ્ત્રીને જડતા આવે છે, પેશાબ રોકાય છે, આળસ, તંદ્રા અને નિદ્રા ઉપજે છે. તેનો ઉપાય આ પ્રમાણે કરવો.

---

૧ મેદા, મહામેદા, કાકોલી, ક્ષીરકાકોલી, જીવક, ઋષભક, ઋદ્ધિ અને વૃદ્ધિ—એ આઠ ઔષધો અલભ્ય મનાય છે, તેને બદલે શતાવરી, આસંધ, ભોંયકોહોળું, અને વારાહિકંદ વપરાય છે.

(૨૩) ત્રિફળાં, ગરણો, ગરમાળો, કડાછાલ, એનો કાઢો કરી, તેમાં દુધ નાખીને પીવો આથી આર્તવ શુદ્ધ થઇ આધાન રહેશે.

(૨૪) રૂતુસ્નાનના દીવસે જવનું શુધ્ધ મંથ, ધોળેલી પાતળી કાંજીમાં મધ તથા ઘી મેળવી, સુંદર વાછરડાવાળી ધોળી ગાયના દુધમાં નાખી ચાંદી અગર કાંસાના પાત્રમાં સાત દીવસ વખતે વખતે તે દુધ પીવું. તથા સવારે શાળના કે જવના પદાર્થોમાં દહીં, મધ અને ઘી અથવા દુધ મેળવીને તે ખાવા.

(૨૫) ગામની પાસેના વડની પૂર્વ તથા ઉત્તર તરફની વડવાઇઓ-માંના બે સારા કુંપળ લઇ, બે ચોખાના દાણા, બે અડદના દાણા, બે ધોળા સરસવ, એ બધાં દહીંમાં મેળવીને તે પુષ્યનક્ષત્રમાં સ્ત્રીએ ખાવાં.

(૨૬) જીવક, રૂષભક, એ બંને ન મળે તો તેને બદલે ફગવેલાનો કંદ, ધોળો અઘેડો અને કાંટાશેળીયો, એ બધાંની ચટણી કરી, તે દુધમાં મેળવીને પુષ્યનક્ષત્રમાં પીવી.

(૨૭) પુષ્યનક્ષત્રમાં લક્ષ્મણાનું મુળ સુંધી, તેને દુધમાં ઘસી, પોતાના હાથે રૂ વડે તે દુધ, નાકના જમણા છિદ્રમાં રેડવું, જેથી પુત્ર થશે અને ડાબા છિદ્રમાં રેડવાથી કન્યા થાય.

(૨૮) રવિવારે પુષ્યનક્ષત્રમાં ઉખેડી લાવેલ ધોળી ભોંયરીંગણીનાં મુળને દુધમાં ઘસી તેના રસને અથવા દુધમાં પકાવીને તે દુધને સવારે ર્ય સામે ઉભા રહીને સુંઘવું, અગર નાકના જમણા છિદ્રમાં તે રેડવું. એથી પુત્ર થશે.

(૨૯) ઇંદ્રાયણ, બ્રાહ્મી, ધોળી ધરો, કાળી ધરો, પાઢરા, મોટી ગોર-ખમુંડી, હરડે, બલા, કડવો લીમડો, કડુ, કાંગ શતાવરી, એ ઔષધિઓ જમણા હાથે બાંધવી, અથવા માથાપર ધારણ કરવી. એ ઔષધિઓ-માં પકાવેલ દુધ અથવા ઘી પીવું. એ ઔષધિઓ નાખી ગરમ કરેલ જળવડે પુષ્યનક્ષત્રમાં સ્નાન કરવું. તેમજ એ ઔષધિઓ હંમેશાં પાસે રાખવી.

સંતાનસિદ્ધિના બહારના ઉપચારો—

(૧) આકડાના ફુલ અને જવખાર, વાટી ગોળી બનાવી તે યોનિમાં રાખવાથી કમળ વિકાસ પામે અને ઓધાન રહે.

(૨) ઇંદ્રજવ અને સો વરસનું જુનું રૂ, એની ગોળમાં ગોળી બનાવી, ગુહ્યસ્થાને પહેરવાથી સંતાન રહે

(૩) મીંઢળની બારીક ભુકી માસો એક લઈ, ગોળમાં ગોળી બનાવી, તે યોનિમાં રાખવાથી કમળ કોરૂં થઈ વિકાસ પામે અને તેનું મુખ બંધ હોય તો ખુલ્લું થાય. આ ગોળી મજબુત બાંધાની સ્ત્રીને સાત દિવસે અને નાજુક બાંધાની સ્ત્રીને ત્રણ દીવસે અસર કરે છે. સંતાન માટે આ ઉપાય રામબાણ છે.

(૪) પતંજરાની જડ યોનિમાં રાખવાથી ઓધાન રહે.

(૫) મોઢામાં ફેરવી સાફ કરેલ સાકરની કણી ગુહ્યસ્થાનમાં મુકવાથી સંતાન રહે.

(૬) ઘીલોડીના મૂળ, થુવેરના દુધમાં ઘસીને ઋતુકાળે પેઢુપર તેનો લેપ કરવો. પછી ચોથે કે પાંચમે દીવસે પતિસમાગમ કરવાથી ઓધાન રહે.

(૭) હીંગોળાના ઝાડના મૂળનું ચુરણ, થુવેરના દુધમાં મેળવી પેઢુપર તેનો લેપ કરવાથી સંતાન રહે.

(૮) ઇંદ્રજવ અને કેસર, એ મધ સાથે મેળવી યોનિમાં લગાડવાથી ઓધાન રહે.

(૯) સાડીના બી, કડવી તુંબડી, નેપાળાના મૂળ, પીપર, ગોળ, મીંઢળ, દારૂનો જાવો, જવખાર અને થોરનું દુધ, એ બધાં સાથે વાટી, તેની વાટ બનાવી, તે ગુહ્યસ્થાનમાં રાખવાથી ઋતુ આવે અને સંતાન રહે.

(૧૦) ભાંગ ભાગ ૧, માયફળ ભાગ ૪, બારીક વાટી, તેમાંની થોડી ભુકી યોનિમાં નાખી સંભોગ કરવાથી ઓધાન રહે.

(૧૧) એખરાનાં બીજ વાટી, લિંગે લેપ કરી, સ્ત્રીસંગ કરવાથી ગર્ભાધાન થાય.

(૧૨) રાયણનાં બીજ બારીક વાટી, તેની પોટલી યોનિમાં મુકવાથી સંતાન રહે.

ગર્ભાશયની શુદ્ધિના ઉપાયો—

(૧) મજીઠ, જેઠીમધના મુળ ઉપલેટ, હરડાં, બેહેડાં, આંબળાં, મિશ્રી, બલદાણા, મહામેદાને બદલે બમણી આસંધ, આસંધ, અજમોદ, હળદર, દારૂહળદર, પ્રિયંગુપુષ્પ, કડુ, કમળમુળ, દરાખ, સુખડ, રતાંજળી, એ દરેક તો. ૦ાા લઇ બધાંની ચટણી કરવી. પછી ગાયનું ઘી શેર ૧, શતાવરીનો રસ શે. ૪ લઇ તેમાં ઉપરની ચટણી મેળવી ધીમી આંચે પકાવી ઘી સિધ્ધ કરવું. એ ઘી રોજ સવારે તો. ૨ થી ૪ ખાવાથી સ્ત્રીનું ગર્ભસ્થાન શુધ્ધ થાય, યોનિના બધા રોગ જાય અને ઓધાન રહે. પુરૂષ ખાય તો ભારે તાકાત આવે અને ઘડપણ મટી પાછી નવી યુવાની આવી જાય.

(૨) ધોળી સાંવરીના મુળ, દુધમાં ઘસી તેમાં બીજોરાનાં બીયાં વાટી કપડાવતી ગાળી, તે ઋતુના દીવસથી ચાર રોજ પીવાથી ગર્ભાશય શુધ્ધ થાય.

(૩) કાળીજીરી, સફેત જીરૂં, કલોંજી જીરૂં, એ ત્રણેનું ચુરણ ઘી સાથે ચાટવાથી ગર્ભાશયનું શોધન થાય.

(૪) વિદારિકંદનું ચુરણ, મધ, ઘી અને સાકર સાથે ખાવાથી ગર્ભાશયની શુધ્ધિ થાય.

(૫) જીરૂં અને સાકર સમભાગે લઇ, તેનું ચુરણ તો. ૦ાા થી ૧, ચોખાના ધોવણમાં પીવાથી ગર્ભસ્થાનના દોષ ટળે.

(૬) આંબલીના ઝાડપરનો વાંદો, ઉજળી ગાયના દુધ સાથે ખાવાથી ગર્ભાશયના દોષ મટે અને ઓધાન રહે.

(૭) પુષ્યનક્ષત્રમાં વાંદાનું પંચાંગ લાવી, તેમાંથી તો. ૧ થી ૨, દુધમાં ઉકાળી પીવાથી ગર્ભસ્થાન શુધ્ધ થાય.

(૮) બોરડી, આંબલી કે આંબાપરનો વાંદો, પુષ્યનક્ષત્રમાં લાવી, તે કાળી ગાયના દુધમાં ઉકાળી પીવાથી ગર્ભાશય સુધરે અને સંતાન રહે.

(૯) વડની લીલી છાલ તો. ૧૦, ગાયનું દુધ તો. ૨૦, બને બારીક વાટીને તે રસ કપડાથી ગાળી લેવો. તે ઋતુકાળે ત્રણ દીવસ બબ્બે વખત પીવાથી ઋતુ નિયમિત થઇ ગર્ભાશયની શુધ્ધિ થશે અને એથી પ્રદર પણ મટશે.

(૧૦) જો મુવેલાં છોકરાં અવતરતાં હોય, તો ઇંગોરીયાના મુળનું ચુરણ દુધમાં પીવું. અથવા ઇંગોરીયાનું મુળ દુધમાં ઘસીને તે દુધ પીવું. એ પ્રમાણે ગર્ભના પહેલા મહીનાથી પ્રસવ થાય ત્યાંસુધી દર મહીને આઠ દીવસ આ ઉપાય ચાલુ રાખવો. એથી લાંબી આવરદાવાળી પ્રજા થશે.

(૧૧) દૈવદોષથી ગર્ભાધાન ન થતું હોય, તો નીચે બતાવેલ યંત્ર અષ્ટગંધથી ભોજપત્રમાં લખી, તેને ગુગળ કે લોબાનનો ધુપ દેવે અને જમણી ભુજાએ બાંધવો, એથી દૈવદોષ દુર થઈ ઓધાન રહેશે. તે યંત્ર આ પ્રમાણે—

૭ં	૭	૦॥	૭	૭૬	૭૬	૭
૪	૮૩	૪૧	૮૭	૮૧	૩૮	૩૮
૯	૮૩	૪૧	૮૭	૮૧	૩૮	૩૮

[1]બાલી ગયેલ સ્ત્રીને ઓધાન રહે તેવા ઉપાયો—

(૧) શાલવણ, પીઠવણ, બેઠી ભોંયરીંગણી, ઉભી ભોંયરીંગણી, ગોખરૂ,

૧ વાયુ કે ચરબીથી જેનું શરીર ફુલાઈ જાય તેવી સ્ત્રી.

બીલી, અરણી, અરડુસો, શીવણ, પાટલા—એ દશે ઔષધોનાં મૂળના કાઢા સાથે યોગરાજ ગુગળ લેવાથી, ઋતુદોષથી વધી ગયેલ ચરબી ઓછી થતાં ગર્ભાધાન થાય.

(૨) હરડાં, બેહેડાં અને આંબળાંના કાઢામાં મધ નાખી પીવાથી, ફુલી ગયેલ શરીરમાંનો વાયુ ઓછો થાય છે, જેથી ઓધાન રહે છે.

(૩) ગરમ પાણી ઠારી, તેમાં મધ નાખી રોજ પીવાથી મેદ અને ચરબીનો વધારો ગળી જતાં સંતાન રહે.

(૪) એળીયો તો. ૬, હીંગ તો. ૪, ગુલકંદ જરૂર પુરતો, એની એક એક વાલની ગોળી કરી, જમ્યા પછી એક કે બે ગોળી લેવી. એથી વધી ગયેલ ચરબી કમી થશે અને ઓધાન રહેશે.

(૫) સુંઠ, મરી, પીપર, હરડાં, બેહેડાં, આંબળાં, નાગરમોથ, ચિત્રક, વાવડીંગ, શોધેલ ગુગળ, એ બધી ચીજો સમાન ભાગે લઈ ચુરણ બનાવી ખાવાથી ચરબીનો વધારો ઓછો થશે અને શરીરમાં સ્ફુર્તિ રહેશે.

(૬) ત્રિફળાં ભાગ ૩, ત્રિકટુ ભા. ૩, શોધેલ ગુગળ ભા. ૧, એનું ચુરણ રોજ બેઆની ભાર એક કે બે વખત ખાવાથી ફુલાઈ ગયેલ અંગ પાતળું થશે અને ઓધાન રહેશે.

(૭) સુંઠ, પીપર, ચવક, પીપરીમૂળ, ચિત્રકમૂળ, શેકેલી હીંગ, અજમોદ, ધોળા સરસવ, જીરૂં, શાહજીરૂં, નગોડના બી, ઇંદ્રજવ, કાળીપાટ, વાવડીંગ, ગજપીપર, કડુ, અતિવિષની કળી, વજ, ભારંગમૂળ, મોરવેલ, એ દરેક તો. ૦।, ત્રિફળાં તો. ૧૦, એ બધાંનું બારીક ચુરણ કરવું. પછી શોધેલ ગુગળ તો. ૧૫, લઇ, તેને ઘીમાં બરાબર ગોળ જેવો નરમ કરી, તેમાં ઉપરનું ચુરણ મેળવવું, અને તો. ૦। ની ગોળીયો વાળવી. તે રોજ ૧ થી ૪ ગોળી મધમાં ખાવાથી વધી ગયેલ ચરબી ઓછી થાય, રજોદોષના તમામ વિકારો મટે અને ગર્ભસ્થાનનું શોધન થાય, સંતાન રહે. તેમજ પુરૂષની ધાતુ શુદ્ધ અને મજબુત બને. **યોગરાજ ગુગળ.**

(૮) આસંધ તો. ૧, પાણી શે. ૦ા માં ઉકાળતાં પાણી તો. ૨ા રહે, ત્યારે ગાળીને તેમાં દુધ શે. ૦ા નાખી પીવો. આ કાઢો બરાબર એક માસ પીવાથી વધી ગયેલ ચરબી કે વાયુ કમી થાય. ઋતુકાળથી એક માસ આ ઉપાય કરતાં ઓધાન રહે. ગર્ભાશયના દોષ દૂર થાય.

(૯) ચિત્રકમૂળનું ચુરણ, મધમાં ચાટવાથી ચરબી કે વાયુ મટી શરીર હલકું થશે, અને દોષ ટળી જતાં ઓધાન રહેશે.

પ્રકરણ ૫ મું.

પુત્ર કે પુત્રી થવાના પ્રસંગો.

(૧) દંપતીના સમાગમ વખતે પુરૂષનું વીર્ય અધિક હોય તો પુત્ર થાય અને સ્ત્રીનું રજ અધિક હોય તો પુત્રી થાય.

(૨) સમાગમ સમયે બંનેની જો **સૂર્ય નાડી** ચાલતી હોય તો પુત્ર થાય અને **ચંદ્ર નાડી** ચાલતી હોય તો પુત્રી ઉત્પન્ન થાય. એમ **સ્વરોદય** શાસ્ત્રમાં બતાવેલ છે.

(૩) સ્ત્રીના ગર્ભાશયના જમણા ભાગમાં જો પુરૂષનું વીર્ય સ્થિરતા પામે તો પુત્રપ્રાપ્તિ અને ડાબા ભાગમાં તે સ્થિર રહે તો પુત્રી થાય.

(૪) સમાગમ થયા પછી સ્ત્રી જો પુત્રની પ્રબળ અભિલાષા કરે, નરજાતિના પદાર્થોપર રૂચિ કરે અને પુત્રના જેવી આકૃતિનું ચિંતન કરે, તેમજં સાદો ખોરાક ખાય, તો પુત્ર ઉત્પન્ન થાય છે.

(૫) રજોદર્શન થયા પછી અગાઉના અમુક દીવસોમાં ઓધાન રહે તો પુત્રી થાય અને પાછળના દીવસોમાં ગર્ભ રહે તો પુત્ર થાય.

(૬) સમાગમ વખતે પુરૂષનું વીર્ય બળવાન હોય તો પુત્ર અને સ્ત્રીનું બીજ બળવાન્ હોય તો પુત્રી પેદા થાય.

(૭) સ્ત્રી કરતાં પુરૂષની અવસ્થા મોટી હોય તો પુત્રની સંખ્યા વધારે થાય. પરંતુ સ્ત્રી કરતાં પુરૂષ ૧૮ વર્ષ મોટો હોય તો આ નિયમ પ્રમાણભૂત ગણાય.

(૮) ઋતુસ્નાન પછી ૨ થી ૬ દિવસમાં ઓધાન રહે, તો પુત્રી ઉત્પન્ન થાય અને ૯ થી ૧૨ દિવસમાં ગર્ભ રહે તો પુત્ર પેદા થાય. એમ એક વૈદક માસિકમાં કહેલ છે.

(૯) જે સ્ત્રીની માતાને પુત્રીઓજ ઉત્પન્ન થતી હોય, તેની દીકરી પણ પુત્ર કરતાં પુત્રીઓ વધારે પેદા કરે; પરંતુ પુરૂષ જો તે કરતાં વધારે બળવાન્ હોય તો પુત્રની સંખ્યા અધિક થાય.

(૧૦) ઋતુસ્નાન પછી પાસેના દિવસોમાં સ્ત્રીબીજ અધિક અને બળવાન હોય તેથી પુત્રી પેદા થાય અને પાછળના દીવસોમાં પુરૂષના વીર્ય કરતાં સ્ત્રીબીજ નિર્બળ અને ન્યૂન હોય તેથી પુત્ર ઉત્પન્ન થાય.

(૧૧) ઋતુસ્નાન પછી ૬,–૮,–૧૦,–૧૨–૧૪,–૧૬ મી રાતે ઓધાન રહે, તો પુત્ર અને એ શિવાયની રાતે ગર્ભ રહે તો પુત્રી પેદા થાય.

(૧૨) અજવાળીયામાં ૧–૨–૩–૭–૮–૯–૧૩–૧૪–૧૫ એ તિથિએ ગર્ભ રહે તો પુત્રી જન્મે અને એ શિવાયની તિથિ પુત્ર થવા માટે સમજવી. તેમજ કૃષ્ણપક્ષ એટલે અંધારીયામાં ૧–૨–૩–૭–૮–૯–૧૩ ૧૪–૦)) એ તિથિઓમાં ઓધાન રહે તો પુત્ર થાય અને એ શિવાયની તિથિઓ પુત્રી માટે સમજવી. એમ કોકશાસ્ત્રમાં બતાવેલ છે.

(૧૩) ઋતુસ્નાન પછી ૪–૬–૮–૧૦–૧૨–૧૪–૧૬ મી, એ રાત્રે ગર્ભાધાન થાય તો પુત્ર અને એ શિવાયની રાત્રિઓ પુત્રી થવાની સમજવી. ૮–૧૦–૧૨–૧૪–૧૬ મી, એ રાત્રિઓ ઉત્તમ પુત્ર થવા માટે બતાવેલ છે.

(૧૪) મંગળ, શની અને રવિ, એ વારે ઓધાન રહે તો પુત્ર ઉત્પન્ન થાય તથા સોમ, બુધ, ગુરૂ અને શુક્ર, એ ચાર વાર પુત્રી થવા માટે બતાવેલા છે.

(૧૫) સ્ત્રીઓની ઋતુ સોળ અહોરાત્ર સુધી ઓછી વધતી રહે છે. તેમાં પ્રથમની ત્રણ રાત્રિ સંબંધને માટે નિષિધ્ધ બતાવેલ છે. તેમજ ચોથી રાત્રિનો પણ ઘણા ઋષિઓએ નિષેધ કરેલ છે. કારણ કે એ રાત્રે ઓધાન રહે, તો પ્રજા અલ્પાયુષી, ગુણહીન, આચાર-ભ્રષ્ટ, અજ્ઞાન અને દરિદ્રિ થાય છે. ઋતુસ્નાન પછી પર્વ તિથિઓ જેવી કે અષ્ટમી, ચતુર્દશી, અમાવાસ્યા, પૂર્ણિમા, વર્જવાની છે. અર્થાત્ તે દિવસે બ્રહ્મચર્ય પાળવું વધારે સારૂં છે. વળી પ્રભાતની સંધ્યા, સાયંકાળની સંધ્યા, મધ્યાન્હકાળ અને મધ્યરાત્રી, એ સમય સંભોગને માટે અનિષ્ટ છે. રાત્રીના દશ વાગ્યા પછીનો સમાગમ સર્વોત્તમ બતાવેલ છે. આ સમયે ગર્ભાધાન થવાથી ઉત્તમ પ્રજા પાકે છે. વળી સ્ત્રી પુરૂષ બંનેની જો તે વખતે સમાગમ કરવાની તીવ્ર અભિલાષા હોય, તોજ સારી સંતતી ઉત્પન્ન થાય એ ખાસ લક્ષમાં રાખવા લાયક છે.

(૧૬) સ્નાન પછી નવમી અને પંદરમી રાત્રે જો ઓધાન રહે તો રૂપવતી કન્યા ઉત્પન્ન થાય. તેમાં પણ જો પંદરમી રાત્રીએ ગર્ભ રહે તો મહાભાગ્યવતી, પતિવ્રતા, રાજ્ય જેવાં સુખ ભોગવનારી, ગુણવંતી પુન્યશાળી અને મહા તેજસ્વી કન્યા પેદા થાય. પાંચમી રાતે જો ઓધાન રહે તો પુત્રની પેદા કરનાર કન્યા થાય. સાતમી રાત્રિ ઓધાનને માટે અનિષ્ટકારી છે, એ રાત્રે ગર્ભ રહે તો વાંઝણી કન્યા ઉત્પન્ન થાય. નવમી રાત્રિએ ઓધાન રહે તો મહા સૌભાગ્યવતી, જ્ઞાનગુણધારક અને શૂરવીર બાળા પેદા થાય. અગીયારમી રાત્રિએ કન્યા અધર્મી થાય અને તેરમી રાત્રિએ ઓધાન રહે તો વર્ણસંકર પ્રજાને જન્મ આપનારી કન્યા પેદા થાય. આથી સુકન્યાને માટે નવમી અને પંદરમી રાત્રિજ અતિશ્રેષ્ઠ સમજવી.

(૧૭) છઠ્ઠી, આઠમી, દશમી, બારમી, ચૌદમી અને સોળમી એ છ રાત્રિઓ પુત્રના ગર્ભાધાન માટે બતાવેલ છે. એ રાત્રિએ ઓધાન રહેતાં મહાભાગ્યશાળી, ગુણવાન્ અને તેજસ્વી પુત્ર પેદા થાય છે. તેમાં પણ આઠમી રાત્રિએ ગર્ભ રહે તો બુદ્ધિમાન્ અને બળવાન્ પુત્ર થાય.

દશમી રાત્રિએ રહે તો ગુણવાન પુત્ર થાય, બારમી રાત્રિએ રહે તો સત્પુરૂષ અને પરોપકારી થાય, ચૌદમી રાત્રિએ ગર્ભ રહે તો રાજા સમાન વૈભવવિલાસી અથવા રાજ્યસુખ ભોગવનાર પુત્ર થાય અને સોળમી રાત્રિએ ઓધાન રહે તો સત્યવાદી, જિતેંદ્રિય, વિદ્વાન્, વિનયી તથા અનેકને આશ્રય આપનાર પુત્ર ઉત્પન્ન થાય.

(૧૮) સ્વરશાસ્ત્રના મત પ્રમાણે પોતાની ડાબી નાસિકા ચાલતી હોય તે વખતે જો પુરૂષ સમાગમ કરે અને ગર્ભ રહે તો પુત્રી પેદા થાય અને જમણી નાસિકા ચાલતી હોય તે વખતે સમાગમ કરતાં ઓધાન રહે તો પુત્ર ઉત્પન્ન થાય.

ઓધાન રહ્યાની કેટલીક સામાન્ય નિશાનીઓ—

(૧) ઓધાન રહ્યા પછી ઋતુ (અટકાવ) બંધ થાય છે. છતાં કોઈ નબળા બાંધાની સ્ત્રીને ચાલુ રહે, પણ તેમાં રતાશ બહુજ ઓછી હોય છે.

(૨) સવારે મોળ અગર ઉલટી જણાય છે, અરૂચિ લાગે છે અને ચેન પડતું નથી.

(૩) સ્તન હળવે હળવે વધે છે, તેની ડીંટી પર કાળાશ અને બારીક દાણા થઈ આવે છે, રકતપૂર્ણ નસો દેખાય છે, સ્તન કઠણ થતાં તેમાં ગાંઠા અને દુખાવો વરતાય છે.

(૪) ચાર મહીના વીત્યા પછી બચ્ચું પેટમાં ફરકવા માંડે છે.

(૫) પેટ હળવે હળવે વધવા માંડે છે. કોઈ દર્દની ગાંઠ હોય, તો તે ઓધાનની જેમ અનુક્રમે વધતું નથી.

(૬) નાભિ બહાર ઉપડી આવે છે અને તે પેટની બરોબર માલુમ પડે છે.

(૭) શરીર ભારે જણાય છે. આળસ અને સુસ્તી વધી પડે છે.

(૮) કોઈવાર ખોરાકપર અરૂચિ થાય છે અને કોઈવાર અધિક રૂચિ પણ થવા લાગે છે.

(૯) કોઈ વખત મોઢામાંથી લાળ પડતાં બહુ કંટાળો ઉપજે છે.

(૧૦) ઘણીવાર શરીર નબળું પડી જાય છે અગર ગૌરવર્ણ વધતાં તેજદાર જણાય છે, અને ચ્હેરાપર ફીકાશ પણ માલુમ પડે છે.

(૧૧) ત્રીજા માસની લગભગ ગર્ભવતીને દોહલા ઉત્પન્ન થાય છે. એટલે કે અનેક પ્રકારની ખાવા–પીવાની, પહેરવા ઓઢવાની કે દશ્યો નીહાળવાની ઈચ્છાઓ થાય છે.

(૧૨) ગર્ભમાં કોઇ પાપી જીવ પેદા થયો હોય તો દુષ્કર્મો આચરવા તરફ મન દોડે છે અને માટી, કોયલા કે રાખ ખાવાની મરજી થાય છે.

(૧૩) જો ગર્ભમાં કોઇ સુકૃતી–પુણ્યશાળી જીવ અવતર્યો હોય તો તેની માતાની ભાવના સુકૃત તરફ વધારે ખેંચાય છે. દયા, દાન, દેવદર્શનમાં તેને આનંદ ઉપજે છે.

ગર્ભમાં પુત્ર છે કે પુત્રી? તેને જાણવાનાં લક્ષણો—

(૧) ગર્ભમાં જો પુત્ર હોય તો ગર્ભવતીને પુરૂષ જાતિના પદાર્થો જોવાની અને ખાવાની મરજી થાય છે.

(૨) ગર્ભમાં જો પુત્રી હોય તો સ્ત્રી જાતિના પદાર્થો જોવાની અને ખાવાની ભાવના પ્રગટે છે.

(૩) જો ઓધાનમાં નપુંસક આવેલ હોય, તો નાન્યતર જાતિના પદાર્થો ખાવાની અને જોવાની ઈચ્છા થઇ આવે છે.

(૪) ગર્ભમાં પુત્ર, પુત્રી કે નપુંસક હોય, તે પ્રમાણે તેની માતાને પણ નરજાતિ, નારીજાતિ કે નાન્યતરજાતિનાં સ્વપ્નાં આવે છે. એ ઉપરથી ઉદરમાં રહેલ ગર્ભ પુત્ર, પુત્રી કે નપુંસકની બરાબર ખાત્રી થઈ શકે છે. માત્ર તેની માતાનું પુરતું લક્ષ્ય હોવું જોઈએ.

(૫) ચાલતાં જો પ્રથમ સ્વભાવથીજ જમણો પગ ઉપડતો હોય તો પુત્ર અને ડાબો પગ ઉપડે તો પુત્રીનું લક્ષણ સમજવું.

(૬) તપાસ કરતાં જમણી બાજુનું ઉદર જો વધતું માલુમ પડે તો પુત્ર અને વામકુક્ષિ ઉંચે આવેલ હોય તો પુત્રી સમજવી.

(૭) ડાબું પડખું ભારે જણાય તો પુત્રી અને જમણું પડખું ભારે લાગે તો પુત્ર સમજી લેવો.

(૮) જમણું અંગ વારંવાર ફરકયા કરે તો પુત્ર અને ડાબું અંગ ફરકયા કરે તો પુત્રી જાણવી. અંગમાં હાથ, પગ, આંખ અને ઉદરનો ભાગ સમજવો.

પ્રકરણ ૬ ઠું.

કસુવાવડ.

કસુવાવડ થવાની હોય તે પહેલાં સ્ત્રીના ગુહ્યસ્થાનમાં રકતસ્રાવ દેખાય છે, પેટ જડ બની દુખાવો થાય છે, બેચેની, આળસ, વાંસામાં દુખાવો, પેડુમાં પીડા, અને અંગે નબળાઈ માલુમ પડે છે. પીઠ, કેડ, પેટ અને સાથળ ફાટવા માંડે છે. પછી થોડીવારમાં પેટમાંથી ગર્ભ પડી જાય છે. જો ગર્ભ ટુંક મુદતનો કાચો હોય, તો રકતસ્રાવ વધારે થાય છે અને ચાર માસ ઉપરાંતનો ગર્ભ જેમ જેમ પાકેલ હોય, તેમ લોહી ઓછું પડે છે. ચાર માસ સુધીની કસુવાવડને ગર્ભસ્રાવ કહે છે, એટલે તે રકતસ્રાવરૂપે પડી જાય છે અને તે પછી કસુવાવડ થાય, તો ગર્ભપાત ગણાય છે, કારણ કે ગર્ભ શરીરના આકારરૂપે બંધાયેલ હોવાથી તે માંસના લોચા જેવું બહાર પડે છે. કસુવાવડ વખતે પણ સુવાવડ જેવી ઉપરાઉપરી વેણ થવા માંડે છે. એ વિગેરે કસુવાવડનાં લક્ષણો બતાવેલાં છે.

કસુવાવડનાં કારણો—

પેટ ઉપર આઘાત થાય, માર, ધક્કો કે ઘા લાગે, કોલેરાથી, ઘણા દીવસ તાવ અગર પેટમાં દર્દ થવાથી, પગ લપસી જતાં સગર્ભા સ્ત્રી કયાં ખાડામાં પડી જવાથી, હદ ઉપરાંત મહેનત કરવાથી, બહુ ખાંસી આવવાથી, દસ્ત કે પેશાબના વેગને વારંવાર અટકાવી રાખવાથી, હંમેશાં કબજીયાત રહેવાથી, બહુજ હસવાથી, ઘણો ગુસ્સો, બહુ હર્ષ કે અતિદુઃખ થવાથી, અચાનક સારા નરસા સમાચાર સાંભળવાથી, બહુ નબળાઇથી, ખાડાવાળા કે પત્થરવાળા માર્ગે દોડતી ગાડીમાં બેસી મુસાફરી કરવાથી, માથાપર ભારે બોજો ઉપાડવાથી, આંચકી કે હીસ્ટિરિયા જેવાં દર્દ થવાથી, વિરૂદ્ધ ખાનપાનના સેવનથી તેમજ પુરૂષસમાગમ કરવાથી, સખ્ત જુલાબથી, પ્રદર કે લોહીવાથી, ઓધાન રહ્યા પછી પ્રથમના બાળકને લાંબો વખત ધવરાવવાથી, અતિ ચિંતા કે શીળી થવાથી, બરલ વિગેરે ઉદરની ગાંઠો વધવાથી અથવા નાળમાં ગાંઠ પડવાથી—ઇત્યાદિ કારણોને લઇને ગર્ભસ્રાવ કે ગર્ભપાત થાય છે. સો સુવાવડ કરતાં પણ એક કસુવાવડને વધારે વસમી માનેલ છે. માટે અગાઉથીજ તેના ઉપાયો કરવામાં સાવચેતી રાખવાની ખાસ જરૂર છે.

કસુવાવડને અટકાવવાના ઉપાયો—

(૧) જવ, તલ અને સાકરનું સમભાગે ચુરણ કરી મધમાં મેળવીને ચાટવું.

(૨) તલ અને પદ્મકાષ્ઠ, સમભાગે વાટી, તેમાં સાકર નાખી પીવાથી ગર્ભ સ્થિર થાય.

(૩) ઝાઉવૃક્ષની જડ, અતિવિષની કળી, નાગરમોથ, મોચરસ, ઈંદ્ર-જવ, એનો કાઢો કરી પીવાથી ગર્ભ પડતો અટકે.

(૪) ધોળી જાસુંદીના મુળ, કુંભારના ચાકની માટી અને ગોપી-ચંદન, એ દુધમાં ઘસી પીવાથી ગર્ભસ્રાવ ન થાય.

(૫) ઋતુકાળે તાંદળજાનાં મુળ, ચોખાના ધોવણમાં વાટી, પીવાથી ગર્ભ સ્થિર થાય.

(૬) ધોળી ગરણીના મુળ, દુધમાં ઘસી પીવાથી ગર્ભનું સ્તંભન થાય.

(૭) જીરૂં શે. ૦।, જાયફળ તોલા ૨, સાકર તો. ૫, તવખીર તો. ૧।, એ બધાં બારીક વાટી ચુરણ તો. ૦।।, પાણી સાથે લેવાથી અધુરો ગર્ભ પડતો અટકે.

(૮) ઓધાન રહ્યા પછી દરમહીને આઠ આઠ રોજ **ફળઘૃત** વાપ-રવાથી કસુવાવડ થતી અટકશે.

(૯) ઓધાન રહ્યા પહેલાં અથવા રહે ત્યારે અઢી પાલી ઘઉંનું સત્વ કહાડી, તેમાં દરાખ તો. ૨૦, બદામ તો. ૧૦. ટોપરાની વાટકી ૧, સુગંધી વાળો નવટાંક, પરવાળાની ભસ્મ તો. ૨. એ પ્રમાણે નાખીને પાક તૈયાર કરવો. એ પાક ૧૪ દીવસ ખાવાથી કસુવાવડ ન થશે.

(૧૦) ઘઉં પલાળી, તેનું સત્વ કહાડી, તેમાં ઘી અને સાકર નાખી હલવો બનાવી રોજ શે. ૦।, એમ પંદર દીવસ ખાવાથી કસુવાવડ થતી અટકશે.

(૧૧) વાસણ ઘડતી વખતે કુંભારના હાથે ચોંટેલ નીતરેલ માટી બકરીના દુધમાં એકરસ કરી પીવાથી કસુવાવડ થશે નહિ.

(૧૨) આસોપાલવની અંતરછાલ તો. ૨।।, એખરો તો. ૦।, ગોખરૂ તો. ૦।, એ ત્રણેને પાણી તો. ૨૦ માં ઉકાળતાં પાણી તો. ૧૦ રહે, ત્યારે તેમાં જુનામાં જુનો ગોળ તો. ૨ થી ત્રણ નાખી પાંચ રોજ પીવું. કસુવાવડ ટળશે.

(૧૩) પદ્મકાષ્ઠ, પાણી કે ગાયના દુધમાં ઘસીને પીવાથી કસુવાવડ થતી અટકશે અને ઓધાન પણ રહેશે.

(૧૪) રવિવારે માલકાંકણીના મૂળ ખોદી લાવી, તે કાળા કપડામાં વીંટાળી, સુતર સાથે સગર્ભાની કમ્મરે બાંધી રાખવાથી અધુરે દીવસે ગર્ભ પડતો અટકશે. પછી પ્રસવ વખતે તે છોડી નાખવાં.

(૧૫) ધાવડીના ફુલનું ચુરણ સેવવાથી કસુવાવડ ન થાય, ઓધાન રહે અને પ્રદર પણ મટે.

(૧૬) લજામણી, ધાવડીના ફુલ, નીલ કમળ,જેઠીમધ અને લોદર, એનો કાઢો બનાવી સગર્ભા સ્ત્રીએ પાણીમાં બેસીને પીવો. એથી ગર્ભપાતનું નિવારણ થશે.

(૧૭) સાકર, તલ, કમળકાકડી, એ સમભાગે વાટી, મધમાં ખાવાથી કસુવાવડ થતી મટશે.

(૧૮) અતિબલાના મૂળ, કુમારિકાએ કાંતેલા સુતરમાં વીંટી કમ્મરે બાંધી રાખવાથી અકાળે ગર્ભ પડે નહિ.

(૧૯) ભમરીના ઘરની માટી, મજીઠ, રીસામણી, કાસોર્યા, કમળમૂળ, એ બધાં ગાયના દુધમાં ઉકાળી પીવાથી અકાળે ગર્ભ પડતો અટકે.

(૨૦) કસ્તુરી રતી ૧, જાવંત્રી રતિ ૩, જાયફળ રતિ ૨, અને પીંપળાના બીજ રતિ ૬, એ બધાં વાટી મધમાં ગોળી બનાવી, તે દર મહિને એક. એમ સાત માસ ખાવાથી ગર્ભસ્ત્રાવ કે ગર્ભપાત થશે નહિ.

(૨૧) સગર્ભા સ્ત્રીને જો ગરમી (રતવા)થી ગર્ભપાત થતો હોય, તો કંદનું ચુરણ ત્રણ મહિને ત્રણ પડિકાં, પાંચ મહીને પાંચ અને સાત માસે સાત પડીકાં, એમ ખવરાવવાથી ગર્ભ આબાદ રહેશે.

સગર્ભા સ્ત્રીને નીચે બતાવેલ ઉપચારો દરમહિને અનુક્રમે કરવાથી કસુવાવડની ધાસ્તી રહેશે નહિ.

પહેલે મહિને થતા ગર્ભસ્રાવના ઉપાય—

(૨૨) જેઠીમધ, સાગનાં બીયાં, શતાવરી અને દેવદાર, એ દરેક તોલો ૧, ઠંડા પાણીમાં વાટી, ચાર તોલા દુધમાં નાખી પીવાં.

(૨૩) દરાખ તથા ધાણા એ દરેક તો. ૧।, લઇ તેનાં ત્રણ પડીકાં કરવાં. તેમાંનું એક પડિકું રાત્રે પાશેર પાણીમાં પલાળી સવારે વાટી, તેમાં સાકર તોલા ૦ાા નાખી પી જવું. એમ ત્રણ દીવસ કરવું.

બીજે માસે—

(૨૪) ટોપરું, બદામના મીંજ, અને સાકર, એ દરેક તો. ૧ લઇ વાટીને ચાર પડીકાં કરવાં. રોજ સવારે એક પડીકું લેવું. એમ ચાર દીવસ લેવું.

(૨૫) આસોંદરાની છાલ, કાળા તલ, તામ્રવલ્લી (એના અભાવે મજીઠ લેવાય) અને શતાવરી, એ દરેક તો. ૧ લઈ ઠંડા પાણીમાં વાટી દુધ તો. ૪ માં મેળવીને પીવું.

ત્રીજે માસે—

(૨૬) લીમડાની ગળો, શતાવરી, ધઉંલા અને ઉપલસરી, એ દરેક તો. ૧ લઈ ઠંડા પાણીમાં, વાટી દુધ તો. ૪ માં મેળવીને પી જવું.

(૨૭) શ્રીફળની વચલી ચોટલી તો. ૦ાાા, પીપર તો. ૦ાાા, હરડેદળ તો. ૦ા, એ ત્રણેને અધકચરાં કરી ત્રણ ભાગ કરવા. તેમાંથી રોજ એક ભાગ પાશેર પાણીમાં ઉકાળતાં નવટાંક પાણી રહે, ત્યારે ગાળીને પી જવું. એમ ત્રણ દીવસ કરવું.

ચોથે મહીને—

(૨૮) ધમાસો, ઉપલસરી, રાસ્ના, કમળનું ડાંડું, જેઠીમધ, દરેક તો. ૧ લઇ ઠંડા પાણીમાં વાટી, દુધ તો. ૪ માં મેળવીને પીવું.

(૨૯) પારસપીંપળાના ફળની છાલ, જેઠીમધનું લાકડું, હીમજ,

એ દરેક તો. ા નું બારીક ચુરણ કરી, તેનાં ત્રણ પડીકાં કરવાં. તેમાંથી રોજ સવારે એક પડીકું મધ તો. ા માં ચાટવું. એમ ત્રણ રોજ લેવું.

પાંચમે માસે થતા ગર્ભપાતના ઉપાય—

(૩૦) બેઠી ભોંયરીંગણી, ઉભી ભોંયરીંગણી, શિવણમૂળ, તજ, કાકડાશીંગી અને વડ, પીંપળી, પીંપળો, ઉંબરો એ ચાર દુધાળાં વૃક્ષોમાંથી એકની છાલ, એ બધાંનો કાઢો કે ચુરણ કરી, ઘીમાં કે દુધમાં લેવું.

(૩૧) પાષાણભેદ, જાયફળ, પીપર, એ દરેક તો. ા લઇ ચુરણ કરી, તેના ત્રણ ભાગ કરવા. રોજ સવારે એક ભાગ, ગાયના પાશેર દુધમાં નાખી પીવું. એમ ત્રણ માસ કરવું.

છઠ્ઠે માસે—

(૩૨) ચીકવણ, સરગવો, બળદાણા, ગોખરૂ, શીવણ, એનો કાઢો અથવા ચુરણ ગાયના દુધ સાથે લેવું.

(૩૩) બાવળના ફુલ, જાવંત્રી અને સુંઠ, એ દરેક તો. ા લઇ બારીક ચુરણ બનાવી, તેના ત્રણ ભાગ કરવા. રોજ સવારે એક ભાગ ગાયના ઘી તો. ા માં મેળવીને ચાટવું. એમ ત્રણ દીવસ ચાલુ રાખવું.

સાતમે માસે—

(૩૪) શીંગોડાં, કમળતંતુ, દ્રાક્ષ, જેઠીમધ અને કચોરો, એના ચુરણમાં દુધ સાકર નાખી, લાપસી કરી ખાવી.

(૩૫) વડના પાનનાં ડીટાં, અને રાળ,. દરેક તો. ા નું ચુરણ કરી ત્રણ ભાગ કરવા. તેમાંનો એક ભાગ રોજ સવારે ઉના પાણી સાથે લેવો, એમ ત્રણ દીવસ કરવું.

આઠમે માસે—

(૩૬) કોઠીના મૂળ, બીલીના મૂળ, પટોળ, શેલડીના મૂળ, જીવંતીના મૂળ, બેઠી ભોંયરીંગણીનાં મૂળ, એનો કાઢો કરી, તેમાં ગાયનું દુધ મેળવી. ફરી ઉકાળીને પીવું.

(૩૭) લવીંગ, કચોરો, ચણકબાબ, અજમો, એ દરેક તો. ૦। નું બારીક ચુરણ કરી, ચાર ભાગ કરવા. તેમાંથી રોજ સવારે ટાઢા પાણીમાં એક ભાગ લેવો. એમ ચાર દીવસ ચાલુ રાખવું.

નવથી બાર સુધી પ્રસૂતિના ઉત્તમ મહિના છે. નવ માસ પછી પ્રસવ ન થાય, તો ગર્ભ અને ગર્ભવતીના રક્ષણ માટે નીચે બતાવેલા ઉપાયો કરવા—

નવમે મહિને—

(૩૮) જેઠીમધ, ધમાસો, શતાવરી, અને ઉપલસરી-એના કાઢામાં ગાયનું દુધ નાખી, ફરી ઉકાળતાં બાકી દુધમાત્ર રહે, ત્યારે તે પી જવું.

(૩૯) પડવાસ, સાઠી ચોખા, પીપરીમૂળ, એ દરેક બે આનાભાર લઈ બારીક વાટી, ઠળીયા વિનાની ખજુર તો. ૨॥ માં તે મેળવી ચાર ગોળી બનાવી, રોજ સવારે એક ગોળી ખાવી. એમ ચાર દીવસ ખાવી.

દશમે માસે—

(૪૦) શતાવરી અને સુંઠનો અથવા સુંઠ, જેઠીમધ અને દેવદારનો કાઢો કરી ગાળી, તેમાં ગાયનું દુધ નાખી ફરીવાર ઉકાળતાં માત્ર દુધ બાકી રહે ત્યારે તે પી જવું.

(૪૧) રતાંજળી, સુખડ, બેહેડાંની છાલ, આંબળાં અને સાકર, એ દરેક તો. ૦॥ લઇ બારીક વાટી, તેના ચાર ભાગ કરવા. સવારે ચોખાના ધોવણમાં એક ભાગ નાખી પીવું. એમ ચાર દીવસ પીવું.

અગીયારમે મહિને—

(૪૨) રાયણના મૂળની છાલ, નીલકમળ, લજામણીના કાંદા, અને આંબળાં, એ બધાં દુધમાં વાટી પીવાથી શૂળ કે વેદના શાંત થાય.

બારમે માસે—

(૪૩) ભોંયકોહોળું, આસંધ, શતાવરી, કમળતંતુ, એ વાટીને પીવાં. એથી તીવ્ર શૂળ શાંત થશે અને ગર્ભને પુષ્ટિ મળશે.

ગર્ભસ્રાવ કે ગર્ભપાતનાં ચિન્હ જેવાં કે પડખામાં શૂળ, પીઠમાં શૂળ, બળતરા, રક્તસ્રાવ, પેશાબનો અટકાવ, પેડુમાં આફરો, એ વિગેરે જણાય, ત્યારે એ ઉપર બતાવેલ ઉપાયો ચાલુ કરવા, જેથી થોડા દીવસમાં પડતો ગર્ભ અટકી જશે. પરંતુ એક વાત ખાસ ધ્યાનમાં રાખવાની છે કે જ્યારે કસુવાવડ સંબંધી દવા ચાલતી હોય, ત્યારે છાશ, આંબલી, કઠોળ, ડુંગળી, વાસી અન્ન બીલકુલ ખાવું નહિ.

કોઇવાર ગર્ભપાત ન થતાં ગર્ભને બરાબર પોષણ ન મળવાથી ગર્ભ સુકાતો જાય છે. એવા ગર્ભને છોડ અથવા શુષ્ક છોડ કહેવામાં આવે છે. તેની આસપાસ માંસ વધે છે અને તે માંસના લોચા અગર ચીંથરા જેવો થઈ જાય છે. તે ગળવા માંડે છે, જેથી ગર્ભવતીના ગુહ્ય-સ્થાનમાંથી બે ચાર દીવસે પાણી જેવું પ્રવાહી વહ્યા કરે છે. તે વખતે ગર્ભ વધવાનાં લક્ષણ દેખાતાં નથી. આવે વખતે ગર્ભ છોડ થતો સમજીને આ પ્રમાણે ઉપચારો કરવાથી છોડ પાલવીને પાછો ગર્ભના રૂપમાં આવશે.

(૧) શીંગોડાં અને કચોરાની લાપસી દુધમાં બનાવીને ખાવી.

(૨) ગહુંલા, કમળકંદ, અને ઉંબરાનાં કુણાં ફળ, દુધમાં બાફી તે દુધ પીવું, જેથી છોડ પાલવશે.

(૩) વરધારો અને ધોળી જાસુંદીનાં ફુલ, ગાયના દુધમાં વાટી, તેમાં સાકર નાખી તે સવારે પીવાં. આ પ્રયોગ દરેક ઋતુના ચોથા દીવસથી સાત દીવસ સુધી કરવો. અવશ્ય ગુણ થશે.

(૪) આંબળાંનાં બીયાં, આંબા હળદર, કોઠીનાં પાન, ગાયના ઘીમાં વાટી, સાત દીવસ તે ખાવાં.

(૫) નાગરમોથ, ધાણા, લજામણી, વાળો, ગળો, વાવડીંગ, પિત્ત-પાપડો અને ધમાસો, એનો કાઢો કરી પીવાથી શુષ્ક ગર્ભ જાગૃતિમાં આવી વધવા માંડશે.

(૬) શતાવરી, આસંધ, સુંઠ, ગોખરૂ, એ દરેક તો. ૯, સાકર શે. ૧, લઇ બારીક ચુરણ બનાવી, તે રોજ તો. રાા, ઘીમાં લેવાથી છોડ વધશે.

(૭) ધીલોડીના મૂળનો રસ, દેવદાર, જીરૂં અને સાકરનું ચુરણ એકવરણી ગાયના દુધમાં ઋતુકાળે ત્રણ દીવસ લેવું.

(૮) પિત્તપાપડાનો કાઢો કરી, તેમાં સાકર નાખી પીવાથી શુષ્ક છોડ પાલવી વધવા માંડશે.

(૯) આસંધ અને વરધારો, એ સમભાગે લઈ ચુરણ કરી તે તો. ૦॥ પાશેર દુધમાં ઉકાળીને પીવું.

(૧૦) સમુદ્રશોષના મુળનું અથવા વરધારાનું ચુરણ તો. ૦॥ લઇ, ગાયના ઘીમાં મેળવીને રોજ બે ટંક ચાટવાથી કેટલાક વખત પછી ગર્ભ જાગ્રુતિમાં આવી ફરી વધવા માંડે છે.

(૧૧) આસંધનું ચુરણ તો. ૧, દુધ શે. ૦। લઇ, તેમાં મેળવીને રોજ ત્રણ વખત પીવાથી છોડ પાલવે છે.

(૧૨) નીલ કમળ, રાતું કમળ, સફેત કમળ, રાતે ખીલતું કમળ, જેઠીમધ, એ બધાં સમાન ભાગે લઈ, તેનો કાઢો કરી પીવાથી શુષ્ક છોડ પાછો પાલવશે. એ કાઢાથી ગર્ભવતીના તરસ, દાહ, છાતીની પીડા મૂર્છા, વમન, અરૂચિ, રકતપિત્ત, વિગેરે દર્દો પણ મટી આરામ થાય છે.

(૧૩) જો વાયુના જોરથી ગર્ભ સુકાતો જાય અને ઉદર મોટું થવા ન પામે, તો તે સ્ત્રીને જીવનીય ગણના ઔષધો જેવાં કે કાકોલી અને ક્ષીરકાકોલીને બદલે આસંધ, જીવક અને ઋષભકને બદલે ભોંયકોહોળું, મેદા અને મહામેદાને બદલે શતાવરી, મીઠી ખરખોડી, જેઠીમધ, જંગલી મગ અને જંગલી અડદ, એ ઔષધોની ચટણી બનાવી, દુધમાં નાખી પકાવેલ દુધ પાવું અથવા બીજાં પૌષ્ટિક ઔષધો ખવરાવવાં. જેથી શુષ્ક છોડ ફરી પાલવશે.

પરંતુ છોડ જો સુકા લાકડા જેવો નિર્જીવ થઈ ગયો હોય, તો તે સ્ત્રીના હાથે ખંડાવવાં વિગેરે જેવાં કામો કરાવવાં અથવા બીજા ઉપાયો કરી છોડનો નિકાલ કરવો. તેને માટે નીચેના ઉપાયો કરવાથી છોડનો નિકાલ થશે—

(૧) આકડાના પાનની વચલી એકવીશ નસો કહાડી તેની જુડી બાંધી, તે નસોની અણી તરફના ભાગથી આઠ આંગળ ગુહ્યસ્થાનમાં નાખવી. જેથી ગમે તેવો છોડ કે ગર્ભ આડો આવી ગયેલ હોય, તો પણ તેનો તરત નિકાલ થાય છે. આ ઉપાય શસ્ત્ર પ્રયોગ કરતાં સારો અને ધાસ્તી વિનાનો છે. અથવા એ નસોનું ચુરણ, બે આનીથી ચાર આનીભાર ઉના પાણીમાં ફાકી આપવાથી પણ છોડનો નિકાલ થાય છે.

(૨) રાયણનાં મીંજ, એળીયો, તુલસીનાં પાન, એ ત્રણે સમભાગે ખરલ કરવાં. પછી તેમાં ચાર આંગળનો કપડાનો કાકડો બોળી ધીમે ધીમે યોનિમાં નાખી લેપ કરવો. એમ ત્રણ દીવસ કરવાથી શુષ્ક છોડ પડી જશે અને ઓધાન પણ રહેશે.

(૩) ગેરૂ, ઇંદ્રાયણનાં મૂળ, મોરથુથુ, હીંગ, એ દરેક તો. ૨ લઈ બારીક ખાંડી ગોળમાં તેની નાના બોર જેવડી ગોળીઓ વાળવી, તે ત્રણ દીવસ છાંયડે સુકવ્યા પછી વાસી પાણીમાં એક ગોળી લેવાથી છોડનો નિકાલ થાય.

(૪) રવિવારે સવારે વણનાં મૂળ લાવી, તેની સાથે લસણની એક કળી લઇ, તે કુંવારી કન્યાના હાથે કાંતેલા સુતરના ૨૭ તાંતણાંમાં બાંધી સ્ત્રીની કમ્મરે બાંધવાથી શુષ્ક છોડનો નિકાલ થાય.

(૫) આ શિવાય શીઘ્રપ્રસૂતિના ઘણાખરા ઉપાયો કરવાથી પણ શુષ્ક છોડનો અવસ્ય નિકાલ થાય છે.

કોઈવાર ગર્ભ અસ્થાને અટવાઇ કે ગર્ભસ્થાનમાં ખુંતી જવાથી અથવા સગર્ભા સ્ત્રીએ ભુતડો કે અપથ્ય પદાર્થો ખાધા હોય, જેથી ગર્ભ મૂઢ કે નિર્જીવ બની જાય છે, જેથી પ્રસવ વખતે વેણ થતી નથી અગર થાય તો તરતમાં બંધ પડી જાય છે. આવા પ્રસંગે ગર્ભવતીને કષ્ટ થાય છે અને પ્રસવ થવો બહુજ મુશ્કેલ થઇ પડે છે. તે વખતે

જો સાવચેતી રાખવામાં ન આવે. તો સગર્ભાનું જીવન ધાસ્તીમાં આવી પડે છે. એવા અવસરે નીચે બતાવેલા ઉપાયો ચાલુ કરવા.

(૧) મોરવેલ, વજ, આસંધ, મજીઠ, ગળીનાં મુળ અને બોરડીના મૂળનો કાઢો તો. ૧, ગોળ મેળવીને પાવો.

(૨) ફાલસાના મૂળનો અથવા સાલવણના મૂળનો લેપ, નાભિ, યોનિ અને બસ્તિને ઠેકાણે કરવાથી મૂઢ ગર્ભ કે મૃતગર્ભ બહાર આવે છે.

(૩) કણેરનું મુળ, કલગારીનું મુળ, નેપાળો, વછનાગ, અને પાષાણભેદ. એ બધાંને પાણીમાં ઘસી, તેનો યોનિના પેઢા પર અને કેડ પર લેપ કરવાથી મુઢ ગર્ભ કે મૃત ગર્ભ તરત બહાર નીકળે છે.

(૪) સાપની કાંચળી ઘીમાં મસળી, યોનિમાં તેનો ધુમાડો દેવાથી તરત પ્રસવ થાય છે.

(૫) આકડાના લીલા પાનની એકવીશ નસોની જુડી બાંધી તેના બારીક ભાગ તરફથી આઠ આંગળ યોનિની અંદર નાખવાથી જીવતા, મુવેલા કે આડા આવેલા દરેક ગર્ભનો તરત પ્રસવ થાય છે. આ ઉપાય શસ્ત્રપ્રયોગ કરતાં અત્યંત શ્રેષ્ઠ છે. અથવા એ નસોનું ચુરણ ફાકવાથી પણ અમુક અંશે ફાયદો થાય છે.

(૬) રાઈ અને હીંગનું ચુરણ માસા ત્રણ, કાંજીમાં આપવાથી મૃત ગર્ભનો નિકાલ થાય.

(૭) બ્રાહ્મીના પાનનો રસ નવટાંક, સીંધાલુણ તો. ૨ાા, મેળવીને પીવાથી મૃત ગર્ભનો નિકાલ થાય.

(૮) હરડાં, બેહેડાં, આંબળાં, સુંઠ, મરી, પીપર, ઉપલેટ, લોદર કડાછાલ, ધાવડીનાં ફુલ, એ બધાંનો કાઢો કરી તેમાં ગોળ નાખી ગર્ભવતીને પીવરાવવાથી કફથી મૂઢગર્ભ થયો હશે, તો કફ ટળી આરામ થશે.

(૯) સાગની અંતરછાલ, અથવા સાગનાં બીજ, વજ, મજીઠ, મોરવેલ, લોદર, ગળીનાં મૂળ, બોરડીનાં મૂળ, અને સોરઠી માટી, એ બધાંનો

કાઢો કરી, તેમાં ગોળ નાખી સગર્ભા સ્ત્રીને પાવાથી રકત પિત્તના વિકારથી મૂઢગર્ભ થયેલ હશે, તો તે વિકાર ટળી કુખની શુદ્ધિ થવા સાથે સ્ત્રીને આરામ થશે.

(૧૦) આ સિવાય મૂઢ ગર્ભ કે મૃત ગર્ભના નિકાલ માટે **શીઘ્ર** પ્રસુતિના ઉપાયોમાંના ઘણા ખરા ઉપાયો કામ લાગે તેવા છે. પોતાની અનુકૂળતા પ્રમાણે તે ઉપાયો અજમાવવામાં વાંધો નથી.

પ્રકરણ ૭ મું.

શીઘ્ર પ્રસૂતિ.

જ્યારે પ્રસવકાળ છેક નજીક આવે છે, ત્યારે સગર્ભા સ્ત્રીના ગુહ્યસ્થાનમાંથી ચીકણો ધોળો પ્રવાહી પદાર્થ પહેલાં કરતાં અધિક પડે છે અને કોઇવાર તેની સાથે રકતબિંદુ પણ મળેલાં જણાય છે. વખતસર મોળ અને ઉલટી પણ આવે છે, તથા મુત્રાશય અને બસ્તીમાં દાહ થઈ સગર્ભાને ઉપરાઉપર દસ્ત પેશાબની હાજત થાય છે. આ વખતે તેને પ્રસવવેદના શરૂ થાય છે. તેમાં પ્રથમ. કાંઈ ન જેવી વેદનાને તો તે સહન કરી લે છે, કારણ કે તે આંતરે આંતરે થાય છે: પરંતુ જ્યારે ભારે વેદના (વેણુ) શરૂ થાય છે, ત્યારે તે બહુ કષ્ટાય છે. આ વખતે કાળનો વિલંબ સહન કરવો અશકય થઈ પડે છે. એટલે આવે પ્રસંગે શીઘ્ર પ્રસવના ઉપાયો ચાલુ કરવાની અવશ્ય જરૂર પડે છે. જો તે વખતે કાલક્ષેપ કરવામાં આવે તો ગર્ભવતીનું જીવન ભયમાં આવી પડે છે. માટે તેવા સમયની સાવચેતી રાખી નીચે બતાવેલા ઉપાયો ચાલુ કરવા.

શીઘ્ર પ્રસવના ઉપાયો—

(૧) લાંગલીનાં મૂળ, ગરમ પાણીમાં વાટી, તેનો નાભિપર લેપ કરવાથી તરત પ્રસવ થાય.

(૨) અર્ગટની ભુકી ખાવાથી અથવા કપાસના મૂળીયાંનો કાઢો પાવાથી સત્વર પ્રસૂતિ થશે. એથી રક્તસ્રાવ બંધ થશે અને ઓર પણ બહાર આવશે.

(૩) ઇંદ્રવારૂણીનાં મૂળ ચોટલે બાંધવાથી તરત પ્રસવ થાય. પ્રસવ પછી છોડી નાખવાં.

(૪) આકડાનાં મૂળ, આકડાના પાનમાં લપેટી સગર્ભાની વેણીમાં બાંધવાથી શીઘ્ર પ્રસૂતિ થશે. પ્રસવ પછી કહાડી નાખવાં.

(૫) લાંગલીનાં મૂળ હાથે અને પગે બાંધવાથી સત્વર પ્રસવ થઈ જશે. પછી તરત છોડી નાખવાં.

(૬) બીજોરાનું મૂળ અને જેઠીમધ વાટીને ઘી સાથે પાવાથી તરત પ્રસવ થાય.

(૭) ઇંદ્રવારૂણીના મુળનું ચુરણ, ઘીમાં કાલવી, તેનો યોનિમાં લેપ કરવાથી સ્નાયુ નરમ થતાં તત્કાલ પ્રસવ થશે.

(૮) અરીઠાની ફીણનાં પોતાં યોનિ પર મુકવાથી સત્વર પ્રસુતિ થાય.

(૯) એરંડીયું તેલ નાભિપર લગાડવું.

(૧૦) સાઠીની જડ, કેડપર બાંધવાથી તરત પ્રસુતિ થશે. પ્રસવ પછી છોડી નાખવી.

(૧૧) ઉંધાફુલીનાં મૂળ અને કલગારીનાં મુળ, કેડપર બાંધવાથી તરત પ્રસવ થાય. પછી તરત છોડી નાંખવાં.

(૧૨) સાપની કાંચળી અને મીંઢળ કે મરવાની ધુમાડી, યોનિની ચોતરફ દેવાથી સત્વર પ્રસૂતિ થશે.

(૧૩) પોઇનાં મુળીયાંની ચટણી કરી, તેમાં તલનું તેલ મેળવી, યોનિમાં ચોપડવાથી તરત પ્રસવ થાય.

(૧૪) સુરજવેલ અને આકડાનાં મૂળ અથવાં કડવા વૃંદાવનનાં મૂળ, હાથે પગે બાંધવાં.

(૧૫) ધોળા અઘેડાનાં મૂળ, સગર્ભા સ્ત્રીની કમ્મરે બાંધવાથી શીઘ્ર પ્રસવ થશે. મૂળ કહાડતી વખતે જો તુટી જાય તો કન્યા અને આખું નીકળે તો પુત્ર જન્મે. આવો તેમાં ચમત્કાર છે.

(૧૬) તગર અથવા માથાના કેશની યોનિને ધુણી દેવી.

(૧૭) કેળના કાંદાનાં ફોતરાં નાભિ નીચે બાંધવાં.

(૧૮) ગાયનું દુધ તો. ૨૦, લઇ તેમાં ગાયનું તાજું છાણ તો. ૧ થી ૨ મેળવી, ગાળીને તે પાવાથી તરત છુટકો થાય.

(૧૯) શેલડીની ઉત્તર બાજુનાં મૂળ અથવા તાડની ઉત્તર બાજુનાં મૂળ લઇ સગર્ભા સ્ત્રીના શરીર પ્રમાણ લાંબા સુતરવતી બાંધી, તેની કેડ પર બાંધવાથી સત્વર પ્રસૂતિ થશે. પછી છોડી નાખવાં.

(૨૦) કડવો લીમડો, ઓડી અઘાડી અથવા ધોળો અઘેડો એ ત્રણમાં ગમે તે એકનાં મૂળ કમ્મરે બાંધવાં.

(૨૧) વજ, પાણીમાં વાટી. તેમાં એરંડીયું નાખી, નાભિપર તેનો લેપ કરવો.

(૨૨) બીજોરીના મૂળ અને ધોળી ચણોઠીનાં મૂળ. ઘીમાં ઘસી પીવાથી તરત પ્રસવ થશે.

(૨૩) કલગારીનો કંદ, પાણીમાં ઘસી આપણા હાથે તેનો લેપ કરી, તે હાથવતી કષ્ટાતી સ્ત્રીના હાથને સ્પર્શ કરવાથી સત્વર પ્રસૂતિ થાય.

(૨૪) અરડુસાનું મૂળ, પાણીમાં ઘસી, તેનો નાભિપર અને ગુહ્ય-સ્થાનપર લેપ કરવો.

(૨૫) બીજોરાનાં મુળ કેડપર બાંધવા. પ્રસવ પછી છોડી નાખવાં.

(૨૬) એરંડાના મૂળ ઘીમાં ઘસી પીવાં અને ગુહ્યાંગપર તેનો લેપ કરવો.

(૨૭) પીલુડીનાં મૂળ કેડ પર બાંધવાં. પછી છોડી મુકવાં.

(૨૮) કદંબ વૃક્ષનાં પાન બારીને પેડુપર બાંધવાથી સુખે પ્રસવ થાય.

(૨૯) પાડલ નામના ઝાડના મુળ પાણીમાં ઘસીને યોનિપર તેનો લેપ કરવાથી તરત સુખે પ્રસવ થશે.

(૩૦) કલગારીનાં મુળ, સુતરમાં બાંધી, તે હાથે પગે બાંધવાં. પ્રસવ પછી કહાડી નાખવાં.

(૩૧) અરડુસીનાં મુળ ઉકાળી, નાભિપર અને ગુહ્યસ્થાને તેનો લેપ કરવો અને કેળનો કાંદો કમ્મરે બાંધવો, પછી છોડી નાખવો.

(૩૨) ગાયનું તાજું છાણ તો ૫, પાણીમાં મેળવી, તે ગાળીને પાવાથી તરત પ્રસવ થાય.

(૩૩) કુવાડીયાનું મુળ, માથે બાંધવાથી છોકરૂં તરત બહાર આવશે. પછી તરત છોડી નાખવું.

(૩૪) ઉત્તરાનનું મુળ, જમણે પગે બાંધવાથી બાળક તરત જન્મે. તથા છોકરૂં આડું પડેલ હોય કે મૃત ગર્ભ હોય, તો પણ તરત બહાર આવે. પછી છોડી મુકવું.

(૩૫) ટંકણખાર વાલ ૫, તજ વાલ ૨, ચોખાની કાંજી સાથે એકેક કલાકે ત્રણ વખત પાવાથી શીઘ્ર પ્રસવ થશે.

(૩૬) કલઇ કરેલા વાસણમાં પાણી તો. ૧૦. ઉકળતું હોય, તેમાં કપાસ (વણ)ની છાલ તો. ૨ નાખી બે કલાક ઢાંકી રાખી, પછી તેમાંથી પાણી તો. ૨ પાવું. એટલે સત્વર પ્રસુતિ થશે.

(૩૭) પેટમાં બાળક મુવેલું હોય અગર જીવતું હોય, પણ જો

સ્ત્રી કષ્ટાતી હોય, તો પેડુથી ડુંટી સુધી બકરીનું દુધ મસળવું અને ઘોડાના નખની યોનિને ધુણી આપવી. જેથી બચ્ચું તરત બહાર આવશે.

(૩૮) કાસુંદરાના પાનનો રસ પાવાથી તરત પ્રસવ થશે.

(૩૯) સરગવાના મુળનો રસ, પાણી નાખી ઉકાળી, તે પગે ચોપડવાથી તરત છુટકો થાય.

(૪૦) ઘઉંની સેવો, આંધણમાં બાફી, તે પાણી ગાળી લઈ, અરધા શેર પાણીમાં નવટાંક ચોખ્ખું ઘી નાખી પાવું. વેણ થાય કે તરત આ પાણી પાવું. પછી પાવું નહિ.

(૪૧) યોનિને મીંઢળની ધુણી આપવી.

(૪૨) સુરજમુખીનાં મૂળ, સગર્ભાને ચોટલે બાંધવાં. પ્રસવ પછી કહાડી નાખવાં.

(૪૩) યોનિને કેશની ધુણી આપવાથી તરત છુટકો થાય.

(૪૪) કપાસ (વણ) ના મૂળની છાલની ચાહ પાવાથી છોકરું તરત જન્મે, પણ કુવખતે આ ચાહ પાવી નહિ.

(૪૫) પુષ્યનક્ષત્રમાં રવિવારે સ્નાન કરી, અઘેડાનાં મૂળ કહાડી લાવવા અને તે ઉંધાં ટાંગી મુકવાં. જે સ્ત્રીને જલદી પ્રસવ ન થતો હોય અને કષ્ટાતી હોય, તેના અંબોડે, તે મૂળ બાંધવાથી તરત પ્રસવ થશે. પ્રસવ પછી તરત છોડીને તે વહેતા પાણીમાં નાખી દેવાં. વિલંબ કરવાથી વખતસર ગર્ભાશય બહાર નીકળી આવે.

(૪૬) એક નાના છોકરાને નગ્ન કરી, સ્નાન કરાવી, તેની પાસે આસોત્રીના ઝાડની છાલ, તે ઝાડપર તેની છાયા ન પડે તેમ દાંતવતી ઉખડાવવી, તે છાલ તેવીજ રીતે મોઢામાં રાખી લાવીને કષ્ટાતી સ્ત્રીના માથાપર થુંકી નખાવવી. પ્રસવ ન થતો હશે, તો એથી તરત છુટકો થશે.

(૪૭) કુકર ભાંગરાનાં મૂળ અને કાળીપાટના મૂળ, હાથે પગે બાંધવાથી તરત પ્રસૂતિ થાય. પછી તરત છોડી નાખવાં.

(૪૮) હાડીયા કરસણનું મૂળ, અને પાડલનું મૂળ, હાથે પગે બાંધવાથી શીઘ્ર પ્રસવ થશે. પછી તરત કહાડી નાખવાં,

(૪૯) વદવાડીયાના મૂળ, દોરાવતી બાંધી કષ્ટાતી સ્ત્રીના હાથે પગે બાંધવાથી તરત પ્રસવ થશે. પછી છોડી નાખવાં.

(૫૦) मुक्ताः सूर्यस्य रश्मयः मुक्तः सर्वभयाद् गर्भ एहि
माचिर माचिर स्वाहा ॥

આ મંત્રથી અબોટ પાણી સાતવાર મંત્રીને કષ્ટાતી સ્ત્રીને પાવાથી સત્વર બાળક અવતરે છે.

(૫૧) કીરમજ તો. ૧, પાણીમાં પલાળી, તે પાણી સગર્ભા સ્ત્રીને પાવાથી તરત સુખે પ્રસવ થાય છે.

(૫૨) ઉટકટારીનાં મૂળ ચોટલે બાંધવાં. પ્રસવ પછી તરત છોડી નાખવાં.

(૫૩) કુકડવેલનું મૂળ, રીંગણીનું મૂળ કે કડવી ગલકીનું મૂળ, એમાંથી ગમે તે એકનું મૂળ, ગરમ પાણીમાં વાટી, તેનો નાભિપર લેપ કરવાથી સુખે પ્રસવ થશે.

(૫૪) શતાવરી, કરીયાતું, રીંગણીનું મૂળ, પીપર, અજમો, વજ, જવાન અજમો, એ બધાં ગરમ પાણીમાં વાટી, તેનો નાભિ નીચે લેપ કરવાથી સુખે પ્રસૂતિ થાય.

(૫૫) પીપર અને વજ, પાણીમાં વાટી, એરંડીયામાં કાલવી, તેનો ડુંટી પર લેપ કરવાથી સુખે પ્રસવ થશે.

(૫૬) કુકર ભાંગરાના મૂળ અને કાળીપાટનાં મૂળ, એના કાઢામાં મીઠું તેલ નાખી, તેનો ગુહ્યસ્થાનમાં લેપ કરવાથી સુખે પ્રસૂતિ થાય.

(૫૭) ફુલાવેલ ટંકણખાર વાલ ૫, અને તજનું ચુર્ણ વાલ ૨,

એ દર બબ્બે કલાકે પાણીમાં આપવાથી સત્વર સુખે પ્રસવ થશે અને એનાથી સુવાવડીની આંચકી પણ મટી જશે.

(૫૮) અઘાડીના મુળ, દર ચાર કલાકે બે વાલ, પાણીમાં ઘસીને પાવાથી અથવા તેનું ચુરણ વાલ બે, ચાર ચાર કલાકે આપવાથી અગર તો એ મુળ, કેડપર બાંધવાથી તરત સુખે પ્રસવ થશે. પછી છોડી નાખવાં.

(૫૯) નીચે બતાવેલ બે યંત્રમાંથી ગમે તે એક, અષ્ટગંધથી કાંસાની થાળીમાં આળેખી, તે કષ્ટાતી સ્ત્રીને દેખાડવાથી સત્વર પ્રસુતિ થશે.

૩૦

૧૬	૨	૧૨
૬	૧૦	૧૪
૮	૧૮	૪

૨૪

૧૪	૩	૨	૫
૫	૬	૪	૯
૪	૩	૧૦	૭
૧	૧૨	૮	૩

(૬૦) કઠ, એલચી, રતવેલીયો, વજ, ચિત્રક, કરંજ, એનું ચુરણ વારંવાર સુંઘવું. તથા વચવચમાં ભોજપત્ર અને શીશમની ધુણી સુંઘવી. એથી ગર્ભ સીધો થઇ હળવે હળવે નીચે ઉતરશે.

પ્રકરણ ૮ મું.

ગર્ભવતીનાં દર્દો અને તેના ઉપાયો.

સગર્ભા સ્ત્રીને હુમેલને લીધે કેટલાંક ખાસ દર્દો થઇ આવે છે, અથવા ઝાડો, મરડો, તાવ, ખાંસી કે કબજીયાત વિગેરે સામાન્ય દર્દો પણ થાય છે. આ વખતે તેની સગર્ભાવસ્થાને લીધે તેને

અનુકુળ પડે તેવા ઉપાયો કરવાનીજ જરૂર છે. જો તેવી સાવચેતી રાખવામાં ન આવે, તો ગર્ભને વખતે હરકત આવવાનો ભય રહે છે. સગર્ભા સ્ત્રીએ સાદો અને પાચન થાય તેવો ખોરાક લેવો, વાસી ટાઢું અન્ન ખાવું નહિ, તેમ માલ મલીદા જેવો ભારે ખોરાક પણ લેવો નહિ, અતિ મહેનતનું કામ ન કરવું, તેમ આળસુ થઇને આખો દિવસ બેસી કે પડી પણ ન રહેવું, ઉપવાસ વિગેરે તપસ્યા ન કરવી, ૭ મહિના પછી પુરૂષ સમાગમ કે લાંબો પ્રવાસ પણ કરવો નહિ. તેમ છતાં કંઇ ખાનપાન કે આચરણની ગફલતથી દર્દ થવા પામે, તો તેને માટે ખાસ નીચે બતાવેલા ઉપાયો કરવા—

તાવ, ખાંસી, શ્વાસ અને અશક્તિના ઉપાયો—

(૧) રતાંજલી, લોદર. ઉપલરી અને દરાખનો કાઢો, સાકર નાખી પાવાથી તાવ મટે.

(૨) જેઠીમધ, વાળો, ઉપલેટ, રતાંજળી અને પદ્મક, એ દરેક તો. ૧ લઇ એક શેર પાણીમાં ધીમી આંચે ઉકાળતાં પાશેર પાણી રહે ત્યારે ગાળી જરા ઠરવા દઇ, તેમાં મધ તો. ૦ાા અને સાકર તો. ૦ા નાખી બે ભાગે બે વખત પાવાથી તાવ જશે

(૩) બકરીના પાશેર દુધમાં પાશેર પાણી તથા સુંઠ તો. ૧ અને જેઠીમધનાં મુળ તો. ૧ ના બારીક કટકા કરી નાખીને ઉકાળતાં પાણી બળી જતાં દુધ રહે, તેમાં સાકર નાખી પાવાથી સગર્ભાનો તાવ ટળે.

(૪) શેકેલી કાંસકીનાં બીજ, મરી અને અતિવિષની કળી, એ બધાં સમભાગે લઈ, બારીક ચુરણ બનાવી, તે બબ્બે વાલ, પાણી સાથે દીવસમાં ત્રણ વાર આપવાથી સગર્ભાનો તાવ જાય.

(૫) ઉપલસરી, દુધી, પહાળમુળ, સુગંધી વાળો, નાગરમોથ, એનો કાઢો ટાઢો કરી પાવાથી ગર્ભવતીનો તાવ મટે.

(૬) મહુડાંની છાલ, ચંદન, વાળો, ઉપલસરી, જેઠીમધ, પદ્મકાષ્ઠ, એના કાઢામાં મધ નાખી પાવાથી સગર્ભાનો તાવ ટળે.

(૭) બકરીના દુધ અને પાણીમાં જેઠીમધની ચાહ બનાવી, તેમાં સાકર નાખી, દીવસે બે ત્રણ વખત પાવાથી ગર્ભવતીના **જીર્ણજ્વર** અને **તપારો** ટળશે. આ ઉપાય ગરમ પ્રકૃતિને વધારે અનુકુળ પડશે.

(૮) વાળો, પદ્મક, કાળી દરાખ, ગરણીનાં મુળ, રતાંજળી, ઉપલસરી, આંબળાં, જેઠીમધનાં મુળ, એ બધાં સમભાગે લઇ કાંઢો કરી, તેમાં મધ અને સાકર નાખી. દીવસમાં બે વખત પાવાથી સગર્ભાનો **પિતજ્વર** જાય.

(૯) ચંદન, જેઠીમધ. સાલવણ, ઉપલસરી. વાળો, દુધી, દ્રાક્ષ, પદ્મકાષ્ઠ અને આંબળાં, એનો કાઢો કરી પાવાથી ગર્ભવતીનો **પિત્તજ્વર** મટે.

(૧૦) બકરીના દુધ અને પાણીમાં સુંઠ તો. ૦ાા, ઉકાળી, તેમાં સાકર નાખી, ચાહ કરી પાવાથી સગર્ભાનો **વિષમજ્વર** એટલે નિયમિત આવનાર ટાઢીયો તાવ જાય. શરદ પ્રકૃતિમાં કે વાયુમાં આ ઉપાય અક્સીર છે. .એથી **જીર્ણજ્વર** પણ ટળશે, અને શક્તિ પણ આવશે.

(૧૧) ખેરસાર અને કાથાના ચુર્ણની મધમાં ગોળી બનાવી ખાવાથી **ખાંસી** જશે.

(૧૨) સાકર તો. ૧૬. વાંસકપુર તો. ૮, પીપર તો. ૪. એલચી તો. ૨, તજ તો. ૧, એનું બારીક ચુર્ણ બનાવી મધ અને ઘી સાથે લેવાથી **ખાંસી** અને **શ્વાસ** મટશે.

(૧૩) બહુફળીનાં મૂળ, બળદાણાનાં મૂળ, અરડુસીનાં પાન, એનો કાઢો કરી પાવાથી **ખાંસી, શ્વાસ, સોજો, કમળો** અને **રક્તપિત્ત** જશે.

(૧૪) જેઠીમધનો શીરો ચાવવો અથવા જેઠીમધના મુળનો કાઢો કરીને પાવો. ઉપર એક વાલ હળદર નાખેલ ગરમ દુધ પાવું. **ખાંસી** કે **શ્વાસ** જશે.

(૧૫) ભારંગમુળ, પીપર, સુંઠ, જેઠીમધના મુળ, **એ** બધાં સમાનઃ ભાગે લઇ, બારીક ચુરણુ બનાવી, તે બે આની ભારથી ચાર આનીભાર બે વખત મધ સાથે ચાટવાથી **ખાંસી અને શ્વાસ ટળશે.**

(૧૬) અરડુસીના પાનનો રસ, મધ નાખી પાવાથી, **ખાંસી** અને **શ્વાસ જાય.**

(૧૭) બકરીના દુધમાં સુંઠ વાટી પાવાથી **વિષમજવર** મટે.

(૧૮) સુંઠની ભુકી બેઆની ભાર લઈ, તે **ઘી અને** ગોળમાં મેળવી ચાટવાથી **અશકિત** દૂર **થશે.**

(૧૯) આસંધનું ચુરણ તો. ા થી ૧. પાણીમાં ઉકાળી તેમાં મધ અને સાકર નાખી પાવાથી **નબળાઇ** જશે.

(૨૦) ગળોસત્વ વાલ ૧ થી ૨. દુધમાં પાવાથી **અશક્તિ** ટળે.

(૨૧) ગાયનું કે બકરીનું દુધ, ખોરાકમાં લેવાથી **નબળાઈ** મટી જશે.

(૨૨) **ચ્યવનપ્રાશાવલેહ** સવાર સાંજે આશરે તો: ૧, લેવાથી શરીરમાં **જાગ્રતિ** રહેવા સાથે દસ્તનો ખુલાસો થશે, અને ગર્ભને પણ પોષણ મળશે.

જવરાતિસાર, અતિસાર. સંગ્રહણી, કોલેરા અને ઉલટીના ઉપાયો—

(૨૩) મજીઠ, જેઠીમધ અને લોદરના બારીક ચુરણમાં સાકર મેળવી ખાવું. **જવરાતિસાર** એટલે તાવ સાથેનો ઝાડો મટે. એથી **પ્રવાહિકા** અને **રકતાતિસાર**નો પણ નાશ **થશે.**

(૨૪) ઇંદ્રજવ, કાળીપાટ, કલુંભો, કડાછાલ અને અતિવિષની કળી, એ દરેક સમાન ભાગે લઇ, બારીક ચુરણ બનાવી, તે બેથી ચાર વાલ દર ચાર કલાકે મધમાં ચાટવાથી **જવરાતિસાર** મટશે

(૨૫) લોદર, કડાછાલ, મજીઠ, એ ત્રણેને પાણીમાં વાટી, તે પાણી નીચોવી, તેમાં સાકર નાખી પાવાથી **અતિસાર** જાય.

(૨૬) જાયફળ, બીલીનો ગર, મરડાશીંગી, એનું સમભાગે બારીક ચુરણ બનાવી, તે સવાર સાંજે બે આનીભાર પાણી સાથે આપવાથી **અતિસાર** (ઝાડો) મટશે.

(૨૭) આંબા અને જાંબુવૃક્ષની અંતરછાલનો કાઢો કરી, તેમાં શાળની ધાણીનો લોટ તથા સાકર નાખી પાવાથી **ઝાડો** ટળે.

(૨૮) આંબાની ગોટલી શેકીને ખાવાથી અતિસાર જાય.

(૨૯) ધાવડીનાં ફુલ, ઇંદ્રજવ, મોચરસ, એ સમભાગે લઇ, તેનું બારીક ચુરણ બે માસા, પાણીમાં લેવાથી **ઝાડો** મટે.

(૩૦) પાકેલાં ઉંબરાં મધમાં ખાવાથી અથવા પાકાં જાંબુ ખાવાથી **અતિસાર** નાશ પામે.

(૩૧) સુંઠ અને સુકાં કાચાં **બીલાંનો** કાઢો કરી, તેમાં જવનો લોટ નાખી ખાવાથી **અતિસાર** જશે. એથી **ઉલટી** પણ બંધ થઇ જશે.

(૩૨) મજીઠ, જેઠીમધ અને લોદર, એ દરેક તો. ૧ લઇ, બારીક ચુરણ કરી, તેને ધમાસા અને સાકરના પાકમાં નાખી ખવરાવવાથી **જ્વરાતિસાર** અને **રક્તાતિસાર** મટે છે.

(૩૩) રતાંજળી, ધાણા, બલા, અરલુની છાલ, ઝાઉવૃક્ષની છાલ, કડાછાલ, નાગરમોથ, જવાસો, પિત્તપાપડો, અતિવિષની કળી, એનો કાઢો પાવાથી, **અતિસાર, સંગ્રહણી** અને **તાવ** દુર થાય.

(૩૪) બલબીજ, બીલી, દાડિમની છાલ, કડાછાલ, પહાડમુલ, અતિવિષની કળી, જાંબુ તથા આંબાના કુણાં પાન, એ બધાંનું બારીક ચુરણ કરી તે સાકર અને દહીં સાથે લેવાથી ગર્ભવતીનો **અતિસાર** નાશ પામે.

(૩૫) ઈંદ્રજવ, રતાંજળી, લોદર, જેઠીમધ, સુંઠ, બીલીનો ગર, કડાછાલ, મજીઠ, અતિવિષની કળી, એ બધાં સમાનભાગે લઈ. બારીક ચુરણ કરી, રોજ બે વખત બેઆનીથી ચાર આની ભાર મધમાં ચાટવાથી સગર્ભાની **સંગ્રહણી** જાય.

(૩૬) સુંઠ અને બીલીના મુળનો કાઢો કરી પાવાથી તથા શેકેલા જવનો સાથવો જરા જરા ફાકવાથી સગર્ભાનો **કોલેરા** મટે.

(૩૭) ફુદીનો અને સુંઠ નાખી તૈયાર કરેલ ચાહ પાવાથી **કોલેરા** જાય.

(૩૮) તજ, એલચી, અને, સુંઠનું સમભાગે ચુરણ કરી, તે બેથી ચાર આની ભાર આરામ ન થાય, ત્યાંસુધી દર ચાર કલાકે આપવાથી **કોલેરા** મટશે.

(૩૯) હરડેદળ, સાજીખાર અને સુંઠનું સમભાગે કરેલ ચુરણ ફાકવાથી **કોલેરા** ટળી આરામ થશે.

(૪૦) કલંભાના ચુરણ અથવા તેના કાઢામાં મધ અને સાકર મેળવી આપવાથી ગર્ભવતીની **ઉલટી** મટી જશે.

(૪૧) ધાણા વાટી તે ચોખાના ધોવણમાં છણી, તેમાં સાકર નાખી પાવાથી ઉલટી ટળશે,

(૪૨) સોડા અને બરફ સાથે મેળવી પાવાથી સગર્ભાની **ઓકારી** બંધ થશે.

(૪૩) જેઠીમધ, બીજોરાનાં બી અથવા તેનાં મૂળ, સમભાગે લઈ, તેના બે આનીભાર ચુરણમાં વિષમ ભાગે ઘી અને મધ મેળવી ચાટવાથી ઉલટી મટે.

(૪૪) અજમો અને ખસખસની ફાકી ભરવાથી **ઓકારી** જાય.

(૪૫) ઝેરકોચલાને ઘીમાં બરાબર તળી, ઉપરની છાલ કહાડી નાખી, તેનું ચુરણ વાલ ૧, મધમાં ચાટવાથી **વમન** બંધ થાય.

(૪૬) બીલાંનો ગર અને ધાણીનું પાણી મેળવીને પાવાથી **ઓકારી** મટશે.

(૪૭) આવળનાં ફુલ તો. ૧, ગાયના દુધ તો. ૮ માં વાટી તેમાં સાકર તો. ૧ નાખીને પાવાથી **ઉલટી** ટળે.

(૪૮) કોથમરીનો રસ અથવા ધાણા વાટી, તે ચોખાના ધોવણમાં મેળવી. તેમાં કપુરકાચલી અને સાકરનું ચુરણ, દરેક સમભાગે લઇ પાવાથી સગર્ભાની **ઉલટી** બંધ થશે. એથી દરદની ઓકારી પણ મટી જશે.

(૪૯) જીરૂં અને લીંબુનો રસ મેળવી આપવાથી **ઓકારી** મટે.

(૫૦) લવીંગ નાખી ઉકાળેલ પાણી, ઠંડું કરી પાવાથી અગર લવીંગના અર્કના ૨ થી ૬ ટીપાં સાકરના પાણીમાં નાખી પાવાથી ગર્ભવતીની ઉલટી બંધ થાય.

(૫૧) કંઇ પણ ભારે ખોરાક ન આપતાં માત્ર દુધ, દુધની કાંજી કે રાબ આપવાથી **ઓકારીનું** જોર ઓછું થશે.

(૫૨) કલંભાનાં પતીકાં તો. ૦ાા લઇ, તે સાંજે નવટાંક પાણીમાં પલાળી, સવારે ગાળીને તે પાણી પાવું, એમ ત્રણ દીવસ કર્યા પછી નવો કલંભો લેવો. એથી હેળની **ઉલટી** મટી જશે.

વાયુ, શૂળ, મંદાગ્નિ, કબજીયાત, સોજા અને અરૂચિના ઉપાયો—

(૫૩) બીલાંનો ગર, પહાડમૂળ અથવા કુવાડીઓ અને સુંઠ, એ સમભાગે લઇ, કાઢો કરી, તે ત્રણ ટંક બબ્બે તોલા પાવાથી સગર્ભાનો **વાતરોગ** જાય.

(૫૪) વજ અને લસણ નાખી, ગરમ કરેલ દુધમાં હીંગ અને સંચળ નાખી પાવાથી સગર્ભાને વાયુયોગે મળ મૂત્રની બાધા હશે, તે દૂર થશે.

(૫૫) એરંડ મુળ, સુંઠ, અને સુવાનો કાઢો કરી પાવાથી ગર્ભવતીને વાયુની બાધા થશે નહિ અને સુખે પ્રસવ થશે.

(૫૬) દર્ભનાં મુળ, દોભકીની જડ, વજ, રસોત, હીંગ, સંચળ, એ બધાં ગાયના દુધમાં ઉકાળી પાવાથી સગર્ભાનો વાયુનો **આફરો મટશે.**

(૫૭) કાંસકીનાં મુળ, એરંડ મુળ, ગોખરૂના મુળ, દરભના મુળ, એ ચારે ગાયના દુધમાં ઉકાળી સાકર નાખી પાવાથી **શુળ** ટળી જાય.

(૫૮) સુંઠનો કાઢો એરંડીયા સાથે પીવાથી શુળ મટે.

(૫૯) હીંગાષ્ટક ચુરણની ફાકી લેવાથી શુળ જાય.

(૬૦) ગોખરૂ, હીંગ, જેઠીમધ, અને દરાખનો કાઢો કરી, તેમાં મધ નાખી પીવાથી શુળ મટે.

(૬૧) જેઠીમધ, ગોખરૂ અને દરાખ, દુધમાં વાટી તેમાં સાકર નાખી પાવાથી સગર્ભાનું શુળ નાશ પામે.

(૬૨) દરભમુળ, એરંડમુળ, ગોખરૂનાં મુળ અને કાંસકીનાં મુળ, એ પાણીમાં વાટી, તેમાં પકાવેલ દુધમાં મધ અને સાકર નાખી પાવાથી સગર્ભાનું **શુળ** મટે.

(૬૩) શીંગોડાં, પદ્મકાષ્ઠ, નીલ કમળ, કચ્ચોરો, વગડાઉ મગ, અને જેઠીમધ, એનો કાઢો સાકર નાખી પાવાથી સગર્ભાના **શુળ** અને **અતિસાર** નાશ પામે.

(૬૪) અજમોદ, પીપર, સુંઠ અને જીરાનું સમભાગે ચુરણ કરી, તે ગોળ અને મધમાં ચાટવાથી **મંદાગ્નિ** ટળશે.

(૬૫) લવીંગનો કાઢો કરી તેમાં મધ નાખી પાવાથી ગર્ભવતીનો **મંદાગ્નિ** મટી જશે.

(૬૬) દુધમાં એરંડીયું લેવાથી **કબજીયાત** મટે. પણ ત્રણ ચાર મહિના સુધી રેચ ન લેવો.

(૬૭) દુધનું વિશેષ સેવન કરવાથી પણ **કબજીયાત** મટશે.

(૬૮) ગરમ પાણીનો શેક કરવાથી સગર્ભાનો **સોજો** મટે.

(૬૯) ધોળી સાટોડીનાં મુળ ઘસી, તેનો લેપ કરવાથી અને એનોજ કાઢો કરી પાવાથી સોજો જાય.

(૭૦) જેઠીમધ, ચંદન, વાળો, નાગકેસર, તલ મેંઢાશિંગી, મજીઠ, આકડાનાં મૂળ અને સાટોડી—એ બધાંને વાટી, તેનો લેપ કરવાથી સોજાનો નાશ થાય. અને સગર્ભાના સોજાનો તો વિશેષે કરીને નાશ થાય.

(૭૧) આસંધનાં મૂળ, ગાયના મુત્રમાં અગર પાણીમાં ઘસી, ગરમ કરી, તેનો લેપ કરવાથી સોજો મટે.

(૭૨) શાહજીરું, ધોળું જીરું, કડુ, એનો કાઢો પીવાથી સોજો મટે છે.

(૭૩) અરણીના પાનનો રસ ચોળવાથી સોજો જાય.

(૭૪) એરંડીયું આપી દસ્તનો ખુલાસો કરવાથી પણ સોજાનું જોર નરમ પડશે.

(૭૫) કડુ, ખાંડતું ભુરું અને શાહજીરું, એ ત્રણ સમભાગે લઇ, તેનો કાઢો કરી પાવાથી ગર્ભવતી સ્ત્રીના સોજાનો નાશ થાય છે.

(૭૬) કેસુડાંને પાણીમાં બાફી, તે પેટ ઉપર બાંધવાથી પેશાબનો ખુલાસો થતાં સોજા નરમ પડશે.

(૭૭) ગાયનું માખણ તો. ૧, તેમાં બે માસા સાકર મેળવી આપવાથી સગર્ભાનું શૂળ તથા રક્તસ્રાવ પણ ટળશે.

(૭૮) ત્રિફળાનું ચુરણ બે આની ભાર, દુધ કે સાકરમાં લેવાથી કબજીયાત મટી જશે.

(૭૯) આદુ, કુટકી તથા બીજોરાનો ગર, એની ચટણી કરી, તેનો દાંત અને જીભ ઉપર લેપ કરવો, પછી ગરમ પાણીથી કોગળા કરવા. એથી સગર્ભાની અરૂચિનો નાશ થશે.

(૮૦) કમળનાળ, કમળફુલ, કમળમૂળ, જેઠીમધ, એ બધાં દુધ સાથે ઉકાળી પીવાથી ગર્ભવતીની અરૂચિ, તૃષા, મૂર્છા, બળતરા, ઉલટી મટી જાય અને ગર્ભસ્રાવ થતો પણ અટકશે.

ત્રબંધ, બહુમુત્ર, ઋતુસ્રાવ, પ્રદર અને **કમળા**ના ઉપાયો—

(૮૧) કાંસકીનાં મૂળ દરભનાં મૂળ, દોબકીનાં મૂળ, એ ત્રણે દુધમાં ઉકાળી પાવાથી ગર્ભવતીનું મુત્ર બંધ થયું હોય, તો છુટ થાય.

(૮૨) ખડબુચનાં બીજ, કાકડીના બીજ, હરડે, સુંઠ, પીપર, પાષાણભેદ, એ બધાંનું ચુરણ કરી, ચોખાના ધોવણ સાથે સાકર નાખીને પાવાથી સગર્ભાનો **મૂત્રબંધ** મટી જશે.

(૮૩) હરડે અને સુંઠની ગોળમાં ગોળી કરી આપવાથી અથવા ત્રિફળાના કાઢામાં ગોળ નાખી પીવાથી **ઝાડો પેશાબ** બંધ થયો હોય તો છુટ થાય.

(૮૪) સાઠી ચોખા, શેલડી, દરભ, કાસ, અને શરતૃણ, એ તૃણ પંચના મૂળની ચટણી કરી, દુધમાં નાખી તે ગરમ કરવું. તે ઉષ્ણ કરેલ દુધ ગાળીને પાવાથી ગર્ભવતીના **મૂત્રબંધ, દાહ, તૃષા,** અને **રક્તપિત**નો નાશ થશે.

(૮૫) ખાખરાનાં ફુલ બારી પેઢુપર બાંધવાથી **મૂત્રબંધ** છુટ થશે.

(૮૬) સુરોખાર પાણીમાં વાટી ડુંટીપર તેનો લેપ કરવાથી **મૂત્રબંધ** મટશે.

(૮૭) જવનું પાણી પાવાથી સગર્ભાને વારંવાર થતી **પેશાબ**ની હાજત મટશે.

(૮૮) એરંડીયું પાઇ દસ્તની કબજીયાત તોડવાથી પણ **બહુમુત્ર** થવાની હાજત ટળશે.

(૮૯) ખડી સાકર, મધ, નીલ કમળ, રક્ત કમળ, નાગકેસર, એનો કાઢો કરી, તેમાં મધ તથા ઘી નાખી પાવાથી ગર્ભવતીનો **ઋતુસ્રાવ** (રક્તસ્રાવ) બંધ થશે.

(૯૦) શીંગોડાં અને કચોરાની દુધમાં લાપસી કરી ખવરાવવાથી **રક્તસ્રાવ** મટશે.

(૯૧) ગહુંલા, કમળકંદ, કુમળા ઉંબરાંને દુધમાં બાફી, તે દુધ પાવાથી સગર્ભાનો **રક્તસ્રાવ** બંધ થાય.

(૯૨) ઇંદ્રજવ, ધાવડીનાં ફુલ, કડાછાલ, રસવંતી, અતિવિષની કળી, સુંઠ, એ બધાં સમભાગે લઈ, બારીક ચુરણ કરી, તે તો. ૦। થી ૦॥, મધ સાથે બે વાર લેવાથી લોહી પડતું બંધ થાય.

(૯૩) તાંદળજાનાં મૂળ, ચોખાના ધોવણમાં વાટી, તેનો રસ કહાડી પાવાથી રક્ત વહેતું અટકશે.

(૯૪) સાકર, તલ, જવ કે પદ્મકાષ્ઠનું ચુરણ તો. ૧, મધમાં ચટાડવાથી લોહી પડતું બંધ થઈ જશે.

(૯૫) કાળો અને ધોળો વાળો, ગળો, ધાણા, નાગરમોથ, રીસામણી, પિત્તપાપડો, વાવડીંગ, ધમાસો, એનો કાઢો, ટાઢો થયા પછી પાવાથી **રક્તસ્રાવ** અને અતિસાર પણ મટશે.

(૯૬) કબુતરની હગાર, નાગરવેલના રસમાં અથવા ચોખાના ધોવણમાં લેવાથી રક્ત વહેતું અટકશે.

(૯૭) લ કમળ, રક્ત કમળ, શ્વેત કમળ, કલ્હાર, મહુડાંના ફુલ, એ બધાંનો કાઢો કરી પાવાથી સગર્ભાના રક્તસ્રાવ, દાહ, રક્તપિત્ત, તૃષા, હૃદ્રોગ, મૂર્છા, ઉલટી, અરૂચીનો નાશ થશે.

(૯૮) વાળો, રતાંજળી, કમળ, વડ, પીંપળો, પીંપળી, ઉંબરો, જાંબુઓ, એ પચે ક્ષીરવૃક્ષોની છાલ, એ બધાં પાણીમાં કુટી ઘી નાખી, તેમાં ફટકડી પલાળી તે ગુહ્યસ્થાનમાં રાખવી અને ડુંટી ઉપર લેપ કરવો. એથી વહેતું લોહી બંધ થશે.

(૯૯) આંબળાંના બીજ, ચોખાના ધોવણમાં વાટી, તે ધોવણ પાશેર જેટલું પાવાથી સગર્ભાનો ઋતુસ્રાવ બંધ થશે.

(૧૦૦) અંગુઠા જેવો જાડો ધોલીનો વેલો લઈ, ગર્ભને જે મહિનો ચાલતો હોય, તેટલી ગાંઠ તે વેલાની લાવી ઠંડા પાણીમાં ખાંડવી, તેનો

પાશેર રસ કહાડી, તેમાં બે માસા જીરાની ભુકી તથા બે તોલા સાકર નાખી, ઋતુ આવવાના દિવસથી રોજ બે વાર એમ ચાર દીવસ તે રસ પાવો. પરંતુ ગર્ભને ત્રણ માસ થયા પછી રજોદર્શન થયું હોય તો એ ઔષધ આપવું, તે પહેલાં ન આપવું.

(૧૦૧) નાગરમોથ, વાળો, મોચરસ, અતિવિષની કળી, ઇંદ્રજવ, એનો કાઢો કરી પાવાથી સગર્ભાના **પ્રદર, શૂળ** અને **ગર્ભચલન**ની બાધા મટે.

(૧૦૨) જેઠીમધ, દુધ તથા પાણીમાં ઉકાળી, તેમાં સાકર નાખી, તે પાવાથી ગર્ભવતીનો **પ્રદર** મટે.

(૧૦૩) કુંભારના ઘરની માટી, મોગરીના પાન, લજામણી, ધાવડીનાં ફુલ, ગેરૂ, રસાંજન અને રાળ, એમાંથી જે મળે તેનું ચુરણ બનાવી તે મધમાં ચાટવાથી ધુપણી જાય.

(૧૦૪) શતાવરીની ચાહ અથવા તેનું ચુરણ, દુધમાં આપવાથી પ્રદર દુર થાય.

(૧૦૫) ઉપરસાલનાં મૂળ બરાબર ધોઈ, કેળના પાનમાં વીંટાળી ભુંભરેટમાં બાફવાં. પછી તેમાંથી નસો કહાડી, જીરૂં, ખડી સાકર અને બાફેલ ધોળો કાંદો, એ બધાં સાથે કરી બારીક વાટવાં, અને બધાં ઔષધોના વજન જેટલું તેમાં ઘી નાખી સાત દીવસ, રોજ બે વાર આપવું. એથી ધુપણી **મટશે.** તેમજ એ ઔષધ ૪૨ દીવસ લેવાથી શરીરમાં જામેલ ગરમી નીકળી જતાં શરીરપર લાલ ચાઠાં સારાં થઇ ધાતુસ્થાન અને શોણિત વિગેરેની શુદ્ધિ થાય. રકતદોષ એનાથી મટે છે.

(૧૦૬) ગોખરૂનું ચુરણ માસા ૭, અને ખડી સાકર ઘીમાં લેવાથી **પ્રદર** નાશ પામે.

(૧૦૭) ફટકડી તો. ૦ાા, અરધા શેર નવશેકા પાણીમાં પલાળી, તે પાણીના પોતાં ગુહ્યસ્થાને મુકવાથી **પ્રદર** ટળે.

(૧૦૮) ખીજડાના કોમળ તોરા તો. ૧ માં જીરૂં માસા ત્રણ મેળવી બારીક વાટી, તેમાં તાજું ગાયનું દુધ પાશેર નાખી, ઉકાળીને ગાળી લેવું. પછી તેમાં ધોળી જાસુંદીના ફુલ તો. ૦॥ વાટી, સાકરની ભુકી તો. ૨ નાખી, રોજ સવારે પીવું. એમ સાત કે ચૌદ દીવસ કરવાથી ગર્ભવતીનો **પ્રદર** જાય.

(૧૦૯) ગહુંલા. કમળકંદ, કુમળાં ઉંબરાં, એ દુધમાં બાફી તે દુધ પાવું. પછી સાકર સાથે રાતી ડાંગરનો ભાત ખવરાવવો. એથી ધૂપણી નષ્ટ થશે.

(૧૧૦) તલ, જવ અને સાકરનું ચુરણ, મધમાં આપવાથી ગર્ભવતીનો પ્રદર દૂર થાય.

(૧૧૧) સોવાર અથવા હજારવાર પાણીમાં ધોયેલ ગાયનું ઘી શરીરે ચોળવાથી સગર્ભાનો **રકતસ્રાવ** મટશે, તેમજ તાવથી થતી બળતરા પણ શાંત થશે. ઘી જુનું હોય તેટલું સારૂં.

(૧૧૨) દુધ, ભાત જેવો હલકો ખોરાક અથવા મોળી છાશ લેવાથી ગર્ભવતીનો કમળો ટળે.

(૧૧૩) ચણાની દાળ કે દાળીયા, ત્રિફલાનું ચુરણ અથવા લીમડાની ગળોનો રસ તો. ૦॥ આપવાથી કમળો જશે.

મ્હોં પાકે, હાથે પગે દાહ, તજાગરમી અને છાતીની ચાંદીના ઉપાયો—

(૧૧૪) જેઠીમધનું મુળ, પાણી અને દુધમાં ઉકાળતાં પાણી બળી જાય ત્યારે દુધમાં સાકર નાખી પાવાથી મોઢું આવ્યું હોય. છાતીમાં બળતરા થતી હોય, તે મટી જઇ આરામ થશે.

(૧૧૫) ગોખરૂ, સાકર, ખેરસાર, કાયફળ, કેસર, હરડેદળ, એલચી, આંબળાં, ભીમસેની બરાસ, કાકડાશીંગી, જાયફળ, મોચરસ, સુંઠ, પીપરીમૂળ, **શેમળાની અંતરછાલ,** બેહેડાંની છાલ, પીપર, લવીંગ, મરી, એ દરેક તો. ૦॥, કેવળીયો કાથો તો. ૧, એ બધાંને બાવળની છાલના

કાઢાનો પટ દઈ, ઝીણા બોર પ્રમાણ ગોળી વાળવી. તે દીવસમાં ચાર વાર કે તે કરતાં વધારે એક એક ગોળી મોઢામાં ફેરવી, ઓગાળીને ઉતારવી. એથી મ્હોં પાકયું હશે, તો આરામ થશે.

(૧૧૬) ભાંગ વાલ ૧, વરીયાળી તો. ૦॥, ખસખસ તો. ૦॥, સાકર તો. ૨॥. એ બધાં ખરલ કરી, સરબત બનાવી પીવાથી મોઢું દુખતું મટશે અને છાતીની ચાંદી પણ રૂઝાશે.

(૧૧૭) **સિતોપલાદિ** ચુરણ ચાર આની ભાર મધમાં ચાટવું અથવા મેંદીના પાન ટાઢા પાણીમાં વાટી, તેનો લેપ કરવાથી હાથે પગે થતી બળતરા મટી આરામ થશે.

(૧૧૮) કોકમનું તેલ ઉનું કરી ચોપડવાથી અથવા મૂળાના પાનનો રસ કહાડી, તે મસળવાથી તજાગરમીને લીધે હાથ પગ ફાટયા હશે તો સારા થઇ જશે.

(૧૧૯) અઢી પાલી ઘઉં પલાળી, તેનું સત્ત્વ કહાડી, તેમાં સુગંધી વાળો નવટાંક, કાળી દરાખ શે. ૦॥, ટોપરાની વાટકી એક, બદામના મીંજ શે. ૦।, પીપરીમૂળ તો. ૨॥ નાખી, તેનો પાક તૈયાર કરવો. પછી તેમાં પ્રવાલ ભસ્મ તો. ૧ નાખી, તેના એકસરખા ચૌદ ભાગ કરી ચૌદ દીવસમાં ખાવો. એથી છાતીની ચાંદી મટશે, મ્હોં આવેલ હશે, ધાત જતી હશે, ઉનવા કે તજાગરમી એ દરેક રોગમાં ફાયદો થશે.

અમ્લપિત્ત, નિદ્રાનાશ, ચેળ (ખરજ) અને સ્તનપરના ક્ષત કે દાહના ઉપાયો—

(૧૨૦) સીંધાલુણ છ આનીભાર, કાળી દરાખ તો. ૩, સાકર તો. ૦॥, એ ખરલ કરીને તેની ત્રણ ગોળી વાળી, રોજ ત્રણ ટંક ખાવાથી ખાટા ઓડકાર કે છાતીની બળતરા મટી જશે.

(૧૨૧) હલકો ખોરાક લેવો, ભૂખ વેઠીને બની શકે તો પાણીપર રહેવું અથવા સોહાતું ગરમ પાણી પીવાય તેટલું પીવું. એથી વમન

થશે અથવા અજીર્ણ અન્ન, પાણીથી વીંખાઇને દસ્તદ્વારાએ ખાલી થઇ જશે, જેથી ખાટા ઓડકાર કે પિત્તનું જોર ઓછું થશે.

(૧૨૨) કળી ચુનો તો. ૦ાા, પાશેર પાણીમાં પલાળી, તેનું નીતરેલું પાણી લઈ, તેમાં લીંબુનો રસ તો. ૦ાા, સાજીખાર તો. ૦।, બરાબર મેળવીને દીવસમાં ત્રણ ભાગે પી જવું. એથી અમ્લપિત્ત મટી આરામ થશે.

(૧૨૩) શેકેલી ભાંગનું ચુરણ રાતે મધમાં ચાટવાથી ઉંઘ આવશે.

(૧૨૪) પીપરીમૂળનું બારીક ચુરણ બે વાલ, ગોળમાં મેળવી બે વાર ખાવાથી નિદ્રા આવી જશે.

(૧૨૫) અફીણ પાણીમાં ઘસીને ગાલપર ચોપડવાથી ઉંઘ આવશે.

(૧૨૬) અફીણ વા. ૧૨, તુખમે કાહુ વા. ૩૦, કાળા મરી વા. ૩૦, પીપર વા. ૩૦, સુંઠ વા. ૩૦, એ બધાં બારીક કરી બાવળના ગુંદરમાં એક એક વાલની ગોળી કરવી. તે રાતે સુતી વખતે એક ગોળી ખાવાથી નિદ્રા આવતાં આરામ થશે.

(૧૨૭) ચંદન ઘસી, તેનો શરીરે લેપ કરવાથી ચળ આવતી બંધ થશે.

(૧૨૮) સ્વચ્છતા રાખવા ઉપરાંત બહુ ગરમ ખોરાક ન લેવો અને ટાઢા પાણીમાં લીમડાના પાન પલાળી, એક કલાક પછી તે પાણીએ ન્હાવું. એથી ખરજ મટશે.

(૧૨૯) ટાઢા પાણીમાં ટંકણખાર નાખી, તે પાણી વતી ચળ આવતી હોય, તે અંગ, દીવસમાં ૭ સાત વાર ધોવાથી ખરજ બંધ થશે.

(૧૩૦) ફટકડીના પાણીવતી સ્તનની ડીંટીઓ ધોવી અને કરોળીયાનું પડ ઘસી લેપ કરવાથી સ્તનદાહ શાંત થશે.

(૧૩૧) કુંવારનાં મૂળ, હળદર, માયફળ અને ફટકડી, પાણીમાં વાટી ગરમ કરી, તેનો લેપ કરવાથી સ્તનમાં થતી બળતરા તથા ક્ષત મટી આરામ થશે.

(૧૩૨) હળદર, અને લોદર પાણીમાં વાટી, તેનો સ્તનપર લેપ કરવો અથવા હળદર અને કુંવારના રસનો* લેપ કરવાથી ગર્ભવતીની છાતી પાકી સોજો આવ્યો હશે, તે પણ મટી જશે.

(૧૩૩) ઇંદ્રાયણનાં મૂળ, પાણીમાં ઘસી, દુખતા સ્તનપર લેપ કરવાથી, તે દુખતાં મટી આરામ થશે.

પ્રકરણ ૯ મું.

સગર્ભા અને ગર્ભને પૂર્ણ પુષ્ટિ આપનારા ઉપાયો—

(૧) જેઠીમધ, સાલવૃક્ષનાં બીજ, ખીરકાકોલી, દેવદાર, કાળા તલ, લુણકચો, જવાસો, રામપીપળી, શતાવરી, કમળમૂળ, રાસ્ના, ગૌરીસર, ઉભી રીંગણી, બેઠી ભોંયરીંગણી, સિંઘાડા કીસોર્યા દરાખ, મિશ્રી—એ બધાંનો કાઢો કરી, દર મહિને સાત દીવસ, એમ સાત માસ પીવાથી ગર્ભ પડતો બચે તેમજ ગર્ભને કે ગર્ભવતીને કોઇ રોગનો ઉપદ્રવ ન થાય.

(૨) કોઠીની જડ, ભોંયરીંગણીનાં મૂળ, બીલીના મૂળ, પટોળનું મૂળ, સાઠીનું મૂળ, એ બધાં દુધમાં પકાવી પીવાથી આઠમે મહિને ગર્ભ પુષ્ટ રહે.

(૩) જવાસો, જેઠીમધ, ખીરકાકોલી, ગૌરીસર, એ દરેક તો. ૦ા, લઇ દુધમાં ઉકાળી પીતાં નવમે મહીને ગર્ભ પુષ્ટ રહે.

(૪) સુંઠ અને ખીરકાકોલી, દુધમાં ઉકાળી પીવાથી દશમા માસનો ગર્ભ પુષ્ટિ પામે.

(૫) દેવદાર, ચંદન, ધોળા તલ, ગુજર, એ બધાં સમભાગે બારીક વાટી પાણીમાં ઉકાળી, તે પાણીવતી સગર્ભા સ્ત્રીને ન્હવરાવવાથી ગર્ભ વૃદ્ધિ પામે.

(૬) દેવદાર, જેઠીમધ, ખીરકાકોલી, સૂંઠ, કમળકાકડી, મજીઠ, પાણીમાં ઉકાળી, તે પાણી દુધમાં નાખી ઉકાળતાં માત્ર દુધ રહે, ત્યારે તે ગાળીને પાવાથી દશમા માસનો ગર્ભ પુષ્ટ અને નીરોગી રહે, તેમજ ગર્ભવતીને કોઇ પણ પ્રકારના રોગાદિના ઉપદ્રવ નડે નહિ.

(૭) આસંધના મૂળનો કાઢો કરી, તેમાં ઘી તો. ૦। નાખી પાવાથી ગર્ભ સુદૃઢ થઇ જન્મશે અને છોડ હશે, તો તે પણ પાલવશે. આ સાદો ઉપચાર અતિ ગુણકારી છે

(૮) સુંઠ, મરી, પીંપર, તજ, તમાલપત્ર, એલચી દાણા, ધાણા, શાહજીરૂં, ચવક, દરાખ, દેવદાર, સીસાની ભસ્મ,, બંગભસ્મ, એ દરેક તો. ૧, શુદ્ધ હીંગળો તો. ૦॥, લોહભસ્મ તો. ૦॥, એ બધાં પ્રથમ બારીક વાટી, પછી ધોળી ગરણીના રસમાં સાત દીવસ ઘુંટી સુકાવીને શીશીમાં ભરી રાખવું. તે નીચેના અનુપાનથી લેવાય છે—

દરાખ તો. ૫, સાકર તો. ૧૦, પાણી તો. ૪૦, એને ઉકાળતાં પાણી તો. ૨૦ રહે ત્યારે ગાળી લેવું. પછી ફરી તે પાણી ઉકાળતાં મધ જેવો પાક થાય ત્યારે બાટલીમાં ભરી લેવો. તેમાંથી તો. ૧ સાથે ઉપર બતાવેલ **ગર્ભપાળરસ** રતી ૧ થી ૨ લેવાથી ગર્ભવતીના તાવ, દમ, ખાંસી, સંગ્રહણી, અમ્લપિત્ત, ધાતુસ્રાવ, રકતસ્રાવ, વિગેરે દર્દો નાબુદ થાય, પહેલાં માસથી નવ માસમાં અકાળે પડતો ગર્ભ અટકે, ગર્ભને પુષ્ટિ મળે, સુલભ વિના કષ્ટે પ્રસવ થાય, પૂરા માસે નીરોગી બાળક અવતરે. પહેલા મહિનાથી નવ માસ સુધી આ ગર્ભપાળરસ અપાય છે. અથવા તો કાળી દ્રાક્ષના પાણી સાથે પણ લેવાય છે.

(૯) સુવર્ણ માક્ષિક ભસ્મ તો. ૧, શુધ્ધ હીંગળો તો. ૧, સુંઠ, મરી, જાવંત્રી, લવીંગ, એ દરેક તો. ૦॥, લઇ આદુના રસમાં ખરલ કરી બબ્બે રતીની ગોળીઓ કરવી. તે રોજ ત્રણ ટંકે ત્રણ ગોળી દુધમાં લેવી દવાના સમય દરમ્યાન તેલ, ખટાઇ કે મરચું ન ખાવું. એથી ગર્ભને પોષણ

મળશે અને ગર્ભવતીના સોજા, જલંદર, નેત્રરોગ, મુત્રરોગ, પાંડુ, પ્રદર, હરસ, ઈત્યાદિ રોગ નાબુદ થાય. જો જુનો પ્રદર હોય તો દવા પછી લેવાના દૂધમાં શતાવરીનું ચુરણ તો. ૦ાા નાખી ગરમ કરીને પીવું. **ગર્ભવિનોદ રસ.**

(૧૦) શુદ્ધ પારો, શુદ્ધ ગંધક, શુદ્ધ મોરથુથુ, એ ત્રણે સમાન ભાગે લઇ, ત્રણ દીવસ લીંબુના રસમાં ખરલ કરવાં. તેમજ કાળીજીરી, જીરૂં, પીપર, મરી, સુંઠ, એ પણ ઉપરની દરેક દવાના વજન પ્રમાણે લઇ, તેનું બારીક વસ્ત્રગાળ ચુરણ બનાવી, ઉપરની દવામાં મેળવી એક એક વાલની ગોળી કરવી. તે દીવસમાં ત્રણ વાર ત્રણ ગોળી મધમાં લેવી. તેલ મરચું ન લેવું અને દુધ ઘીનો વધારે ખોરાક રાખવો. આ **ગર્ભવિલાસ રસથી** ગર્ભ અને ગર્ભવતીને સારૂં પોષણ મળે છે. તે ઉપરાંત સુવાવડી સ્ત્રીને પણ એથી બહુ ફાયદો થાય છે, તેથી એ **તિકાવિનોદ રસ** પણ કહેવાય છે.

(૧૧) ગોખરૂ, જેઠીમધ, એદી ભોંયરીંગણી અને રામબાણનાં ફુલ, એ બધાં ગાયના દુધમાં ઉકાળી, ગાળીને તે પાવાથી સગર્ભાના શરીરની તમામ પીડા મટે છે. ગર્ભસ્ત્રાવ થતો અટકે અને ગર્ભને પોષણ મળે છે.

(૧૨) આસંધ, જેઠીમધ, ભાંગરો, સુંઠ, શતાવરી, એ બધાં સમભાગે બકરીના દુધમાં વાટીને પીવાથી ગર્ભ વૃદ્ધિ પામે.

(૧૩) આમળાં, પીપર, સુંઠ, કડાછાલ, કુમળાં બીલાં એ બધાં દહીંમાં વાટી, તેમાં સાકર નાખીને પાવાથી ગર્ભને ગુણ કરે છે અને કરીયાતાને સાકર અથવા મધમાં વાટી, ચટણી બનાવી ખવરાવવાથી સગર્ભાની ઉલટી તથા છાતીની પીડા મટી જઈ આરામ થાય છે.

(૧૪) વડના કોમળ કુંપળ, વીરણવાળો, પીપર અને મોથ, એમાં સાકર નાંખી, વાટી ગોળી કરી, તે મોઢામાં રાખવાથી સગર્ભાના મુખનો શોષ મટી શાંતિ થશે.

(૧૫) શુદ્ધ કલખાપરીઓ ભાગ ૨, ધોળાં મરી એક ભાગ, એ એકત્ર કરી, તેમાં દુધ ઉપરની તર ચોથો ભાગ નાખી ખરલ કરવું. પછી તેમાં ઘીની ચીકાશ ન રહે, ત્યાંસુધી લીંબુના રસમાં ઘુંટવું. એટલે આ **લઘુ માલિની વસંત રસ** સિદ્ધ થાય. તે નાની ખપાટના ફુલોમાં એકથી બે વાલ પ્રમાણ સગર્ભાને આપવાથી તેના બધા તાવ નાશ પામે અને ગર્ભને ઉત્તમ પ્રકારે પોષણ મળે. પથ્ય દુધ ભાત.

(૧૬) પલાસના એક બે પાન, એકવરણી ગાયના દુધમાં વાટીને ગર્ભવતીને પાવાથી મહાપરાક્રમી પુત્ર થાય.

(૧૭) જાસુંદીના ફુલ વાલ ૪, ઠંડા પાણીમાં વાટીને ખાવાથી ગર્ભ વૃદ્ધિ પામે.

સગર્ભા સ્ત્રીએ પાળવાના નિયમો.

પોતાની તંદુરસ્તી જાળવવા અને ગર્ભના રક્ષણ માટે સગર્ભા સ્ત્રીએ નીચે બતાવેલા નિયમો ખાસ લક્ષ્ય રાખીને પાળવાનો પ્રયત્ન કરવો—

(૧) જઠર બગડે તેવો ભારે ખોરાક ન લેવો, પણ રૂચિકર અને સાદું ભોજન લેવું.

(૨) ઝાડાં પેશાબની હાજતને કદિ રોકી રાખવી નહિ.

(૩) તપસ્યા ન કરવી, તેમજ ક્ષુધા કે તૃષા ન વેઠવી.

(૪) થાક લાગે તેવું મહેનતનું કામ કદિ કરવું નહિ.

(૫) જેમાં ભારે પરિશ્રમ કરવો પડે, તેવું ખાંડવાનું કામ કોઈ વાર પણ ન કરવું.

(૬) મહેનત પડે તેવી રીતે ઘાંટા પાડીને બોલવું નહિ.

(૭) વાંકા વળીને અધિક બોજો (ભાર) ઉપાડવો નહિ.

(૮) અતિ ચિંતા, ગુસ્સો, ઈર્ષ્યા, શોક કે ભય લાવવો નહિ.

(૯) અંગે તેલનું મર્દન કરાવવું નહિ.

(૧૦) પુરૂષ સમાગમનો સર્વથા ત્યાગ કરવો.

(૧૧) વિકટ માર્ગે વાહનપર બેસી જવું નહિ. આગગાડી કે સુખાસનની સગવડ હોય તો જઇ શકાય.

(૧૨) હંમેશાં પોતાના શરીર વસ્ત્રાદિક ચોખ્ખાં રાખવાં તેમજ ઘરમાં પણ સફાઇ અને સુઘડતા રાખવી.

(૧૩) ચેપી રોગવાળાનો સંસર્ગ ન કરવો, તેની પાસે ન બેસવું.

(૧૪) સતી સ્ત્રીઓનાં ચરિત્રો વાંચવાં. તેમજ સત્કર્મો આચરવાં.

(૧૫) પોતાના સારા સંસ્કાર ગર્ભસ્થ પુત્ર કે પુત્રીમાં દાખલ થાય, ગર્ભવતીએ એવી સદા પાવન ભાવના ધારણ કરવી.

પ્રકરણ ૧૦ મું.

સ્તનવૃદ્ધિ.

કઠણ બાંધાની કેટલીક સ્ત્રીઓને આધાન રહેતાં પણ સ્તન વૃદ્ધિ પામતા નથી, આથી બાળકનું બરાબર પોષણ કરવામાં હરકત પહોંચે છે. માટે સ્તન વિકાસની અવશ્ય જરૂર છે, તેને માટે નીચે બતાવેલા ઉપાયો કરવાથી સ્તન વૃદ્ધિ પામશે અને પીન થશે—

(૧) કમલાક્ષ વાટી, તે દુધ તથા સાકર સાથે ખાવાથી સ્તન કઠિન થાય.

(૨) બળદાણા, ગંગેટીના બીજ, કઠ, તજ, સમભાગે વાટી, તે ભેંસના માખણમાં કાલવી લેપ કરવાથી સ્તન પીન થાય.

(૩) નાગબલાના મૂળ પાણીમાં વાટી સ્તને ચોળવાથી કઠિન અને પુષ્ટ થશે.

(૪) આસંધ, ગજપીપર. સાબરશીંગ, હીરાકસી, એ બધાં વાટી, તેલમાં પકાવી, તે તેલ સ્તન, કાન, અંગ કે પુરૂષની ગુહ્યદ્રિયને માલીસ કરવાથી તે વૃધ્ધિ પામે. **સ્તનવર્ધક તેલ.**

(૫) કેરીની ગોટલી તો. ૧, ખુરાસાણી વજ તો. ૧, એ બંને બારીક ખાંડી, પાણી સાથે એકરૂપ કરી. સ્તનપર તેનો સાત દીવસ લેપ કરવાથી તે કઠિન અને પીન થાય.

(૬) ભુરા કોહોળાનો રસ, તલનું તેલ, બકરીનું દુધ, સમભાગે મેળવી, સ્તનપર તેનો લેપ કરવાથી તે અતિકઠિન થાય.

(૭) ગજ પીંપર તો. ૧, સીંધાલુણ તો. ૧, બંને વાટી, તેમાં પાણી મેળવીને ચાર દિવસ સ્તનપર લેનો લેપ કરવાથી તે કઠિન **થશે.**

(૮) શીવણના પાન અને મૂળ વાટી, તેમાં પાણી તથા તેલ મેળવી ઉકાળતાં તેલ માત્ર રહે, ત્યારે તે તેલમાં રૂ બોળી સ્તન પર બાંધવાથી અથવા તે ચોળવાથી સ્તન વૃધ્ધિ પામે અને પીન થાય.

(૯) માયફળ માસા બે, પાણીમાં વાટી લેપ કરવાથી સ્તન પીન થાય.

(૧૦) ખીજડાની છાલનો રસ ખુબ ઉકાળવો, અને સ્તનની બરોબર બે સીસાની વાડકી લેવી. પછી તે રસ વાડકીની અંદર તથા સ્તનપર ઠંડો થતાં ચોપડવો, અને વાડકી સ્તનપર પાંચ પહોર કપડાવતી બાંધી રાખવી. એથી સ્તન પીન અને કઠિન થશે.

(૧૧) નાગરવેલના પાન ૧૧, બીલીનો ગર . માસા બે, ઉપલેટ માસા બે, વજ માસા બે, એ બધાં વાટી ઘીમાં મેળવી સ્તનેં લેપ કરવાથી તે મોટા અને કઠિન થાય.

(૧૨) સ્ત્રીના શરીરમાં તાકાત આવી પુષ્ટ થાય તેવા ઉપાયો ચાલુ કરવા કે જેથી બીજાં અંગોની સાથે સ્તન પણ વૃધ્ધિ પામે.

(૧૩) બીજોરાની જડને બારીક ખાંડી તેનો રસ કહાડી, તે રસ સીસાની વાડકીઓની અંદર ચોપડીને તે બંને વાડકી સ્તનપર ઢાંકી ઉપર કપડાનો પાટો ત્રણ દીવસ બાંધી રાખવાથી સ્તન કઠણ થાય.

(૧૪) સીંધાલુણ, તગર, પીપર, મરી, ઉભી ભોયરીંગણીનાં ડોડવાં, અધેડાના બી, કાળા તલ, જવ, કઠ, સરસવ, અડદ, આસંધ, એ બધાં સમાન ભાગે લઇ, બારીક ચુરણ બનાવી, તે મધમાં કાલવી, સ્તને લેપ કરવાથી તે મોટા અને પીન થાય. તેમજ પુરૂષની ગુહ્યેંદ્રિયને ચોપડી ચોળવાથી તે દીર્ઘ (લાંબી) થાય તથા કાને ચોળવાથી કાન પણ લાંબા અને મોટા થાય.

(૧૫) કુકડવેલના બી, આસંધ, કઠ, વજ, ગજપીપર, સફેત સરસવ, ભોંયરીંગણીના બીજ, એ બધાં સમભાગે લઇ, બારીક વાટી, ગાયના ઘીમાં મેળવી, લેપ કરવાથી સ્તન મોટા અને કઠિન થાય. તથા પુરૂષના લિંગે લેપ કરવાથી તે કઠિન અને દીર્ઘ થાય.

(૧૬) જીરૂં, શેરણી વરીયાળી, બોર, અજમો, રાઈ, બાવળ, કાસુંદરો, પીપર, અજમોદ, પીપરીમૂળ, સુવા, ચિત્રકમૂળ, કસેરૂ, તગર, કઠ, એ દરેક તો. ૪. અને ધાણા તો. ૧૬, એ બધાંનું બારીક ચુરણ બનાવવું. પછી ગોળ તો. ૪૦૦, ઘી તો ૬૪, દુધ તો. ૧૨૮ લઈ, તેમાં ઉપરનું ચુરણ નાખી, ધીમી આંચે પાક તૈયાર કરવો. એ **પંચજીરક પાક**ના સેવનથી સ્ત્રીઓના સ્તન પુષ્ટ અને પીન થાય છે, તેમનું સૌભાગ્ય અધિક ખીલી નીકળે છે. એનાથી વીશ પ્રકારના યોનિરોગ નષ્ટ થઇ ગર્ભાધાન થાય છે, વળી સુવાવડી સ્ત્રીઓને માટે એ પાક બહુ ગુણકારી બતાવેલ છે.

પ્રકરણ ૧૧ મું.

સુવાવડ.

પ્રસવની ત્રણ અવસ્થા બતાવેલ છે. પ્રથમ અવસ્થામાં વેણુની શરૂઆત થતાં કમળમુખ સંપૂર્ણ વિસ્તાર પામે છે અને તેમ થતાં લગભગ છથી બાર કલાક અથવા તે કરતાં પણ વધારે

વખત લાગે છે. બીજી અવસ્થામાં છોકરૂં જન્મે છે, ત્યાંસુધીનો કાળ એ અવસ્થામાં ગણાય છે અને પ્રસવ થયા પછી ઓરનો નિકાલ થતાં સુધી ત્રીજી અવસ્થા કહેવાય છે.

પ્રસવની પહેલી અવસ્થા—

પહેલી અવસ્થામાં કમળમુખ સંપૂર્ણ વિસ્તૃત થયા પછી પ્રસવ થવા માટે વધારે વખત લાગતો નથી. આ વખતે મોળ આવે છે અને વખતસર વમન પણ થાય છે, પરંતુ તેથી ગભરાવાનું કારણ નથી. તેમ થવાથી જરાયુનું મુખ વિસ્તૃત થાય છે અને ગર્ભસ્થાનથકી ગર્ભને બહાર આવવામાં એક પ્રકારની સગવડ મળે છે. જરાયુ કે કમળનું મ્હોં ખુલ્યા પછી તેમાંથી ચીકણું પાણી વહી જતું નથી. જો તેમ થાય તો ગર્ભનો પ્રસવવેગ અટકી પડે અને તેથી બહાર આવવું મુશ્કેલ થઈ પડે.

ગર્ભજળની થેલી ફુટતાં પાણી વહેવા માંડે, એટલે પહેલી અવસ્થા પૂર્ણ થઇ સમજવી. આ વખતે સગર્ભા સ્ત્રીએ ઉભા રહીને કે સ્હેજ હરતાં ફરતાં વેણો સહન કરી લેવી કે જેથી તરત પ્રસવ પણ થાય અને બહુ કષ્ટ સ્હેવાનો પણ વખત ન આવે. આ અવસ્થામાં ગર્ભવતીને થોડા થોડા વખતને આંતરે ગરમ દુધ પાવું જેથી બીજા ખોરાક કે ઔષધની જરૂર પડતી નથી. ગરમ દુધથી જરાયુનું મ્હોં સત્વર ખુલતું થાય છે.

પ્રથમાવસ્થા શરૂ થતાં કેટલીક અનાડી સુયાણીઓ સગર્ભાને બરાબર ખાવા પીવામાં પ્રતિબંધ કરે છે, એ ગેરવાજબી છે. કદાચ પ્રસવવેદના જો એક કે બે દિવસ લંબાય, તો ખોરાક વિના

સગર્ભા સ્ત્રી બહુજ કાયર બની જાય છે. માટે દુધ કે સાબુ ચોખાની કાંજી જેવો હલકો ખોરાક તેને આપવાથી તે સ્ફુર્તિ કે જાગ્રતીમાં રહી શકે. તેમાં ખાસ સમજવાનું એ છે કે તેને ખોરાક ગરમજ આપવો.

પ્રથમ પ્રસૂતિ વખતે કમળનો ભાગ વિશેષ દૃઢ હોય છે, તેથી તે જલદી વિસ્તૃત થતો નથી, જેથી ગર્ભવતીને વધારે વખત કષ્ટ ભોગવવું પડે છે. પહેલી સુવાવડ થયા પછી કમળ થોડું શિથિલ થઈ જાય છે, એટલે બીજી સુવાવડ વખતે સ્ત્રીને લાંબો વખત પ્રસવવેદના ભોગવવી પડતી નથી.

પ્રસવની બીજી અવસ્થા.

કમળમુખ બરાબર ખુલ્યા પછી ગર્ભને બહાર આવવાનું બાકી રહે છે. ગર્ભાશયમાંથી ગર્ભને બહાર આવતાં જે કાળ લાગે, તે પ્રસવની બીજી અવસ્થા કહી શકાય. આ અવસ્થામાં બહુજ સાવચેતી રાખવાની જરૂર છે. કારણ કે કમળમુખ બરાબર ખુલ્યા પછી અને પાણી વહી જતાં પણ જો બાળક બહાર ન આવે એટલે આવતાં વિલંબ થાય, તો બાળક અને પ્રસૂતા કષ્ટમાં આવી પડે. પહેલી અને બીજી અવસ્થાને આંતરે પ્રસવ થતાં વિલંબ થાય, તો પ્રસૂતાને વારંવાર ખાલી ઓકારી આવ્યા કરે, તેવા ઇલાજ લેવા, જેથી કમળનું મ્હોં ખુલ્લું થઇ જશે, અને પ્રસવ થવામાં લાંબો સમય ન લાગે.

આ અવસ્થામાં પ્રસૂતાને જરૂર જણાય તો ટાઢું દુધ કે પાણી આપવામાં હરકત નથી. જો આ વખતે ગરમ ખોરાક આપવામાં આવે, તો બાળક જન્મ્યા પછી વધારે રક્તસ્રાવ

થવાની બીક રહે. વળી ઠંડી વસ્તુ લીધાથી વેણ તરત આવવા લાગે અને તેથી ઓરનો પણ જલદી નિકાલ થશે. આ વખતે પ્રસૂતાને તરસ બહુ લાગે છે, તેથી તેને ટાઢું પાણી અથવા દુધ આપવામાં હરકત નથી. તેમજ ત્રીજી અવસ્થામાં પણ ટાઢું પાણી પાવું ગુણકારી ગણાય.

પ્રસવ થવાના વખતે પ્રસુતા સ્રીને ડાબે પડખે સુવરાવવી. આ વખતે જો તેને ચતી સુવરાવવામાં આવે, તો બાળકનું માથું બહાર નીકળતાં તેના પ્રસવદ્વારના અધોભાગ પર બાળકના માથાનો બધો ભાર આવી પડવાથી લાંબો ચીરો પડી જાય છે. માટે બચ્ચાનું માથું બહાર નીકળતી વખતે પ્રસુતાને ડાબે પડખે સુવરાવી, તેના બંને ઢીંચણો પોતાના પેટની તરફ તાણી રાખવાની ભલામણ કરવી. તેમજ ઢીંચણોની વચ્ચે એક પહોળો તકીયો ભરાવીને બે સાથળો છુટા રહે તેમ કરવું. આથી બાળકનું માથું બહાર આવતાં અગવડ ન પડે. સાથળો છુટા રહેવાથી બાળકના માથાને દબાણ ન લાગશે અને પ્રસુતાને પણ તેથી ઓછું કષ્ટ થશે. બાળકનું માથું બહાર આવતી વખતે દબાણ થવાને લીધે કેટલીક પ્રસુતાઓને ઝાડો પીશાબ નીકળી જાય છે, પણ તેથી ગભરાવું નહિ. બાળકનું માથું બહાર નીકળતાં પ્રસવદ્વારનો નીચલો ભાગ તેની સાથે જરા જરા ધકેલાય છે. આ વખતે સુયાણીએ પોતાના હાથવતી તે ભાગ જરા દબાવીને બેસવું, પણ વધારે દબાવવું નહિ. ત્યાં હાથવતી સ્હેજ દબાણ રાખવાથી બાળક જન્મતી વખતે પ્રસવદ્વારથી ગુદાદ્વાર સુધીની ચામડી ચીરાઈ જવાની બીક ન રહે. પ્રથમ પ્રસુતિ વખતેજ આવી સાવચેતી રાખવાની ખાસ જરૂર છે. અગર પહેલી સુવાવડને નવ દશ વરસ થઇ ગયા પછી બીજી સુવાવડ થવાની હોય, તો તે વખતે પણ

પ્રથમ પ્રસુતિના જેટલીજ સાવચેતી કે સંભાળ રાખવી કે જેથી પ્રસુતાને કાંઇ હરકત ન પહોંચે.

ગરદન સુધી બાળકનું માથું બહાર આવી જતાં સુયાણીએ સવદ્વારપરથી પોતાનો હાથ ઉઠાવી લેવો અને બાળકના ગળામાં નાળ વીંટાયેલ છે કે કેમ ? તેની ખુરાબર તપાસ કરવી. જો ગળે નાળ વીંટાયેલ હોય, તો હલકા હાથે બહુજ સાવચેતી રાખીને નાળના આંટામાંથી બાળકનું માથું આસ્તેથી સેરવીને અલગ કરવું, પણ નાળ તુટી ન જાય, એ ખાસ સંભાળવાનું છે. પ્રસવ વખતે કોઈ બાળકના ગળે નાળના બે. ચાર કે તેથી પણ વધારે આંટા આવેલા હોય છે. આવે વખતે એક એક આંટો કહાડીને બાળકનું માથું તેમાંથી સત્વર સ્હુટું કરવું, વિલંબ કરવાથી બચ્ચાના પ્રાણ જવા સંભવ છે. આ આંટા કહાડી નાખવા જતાં વિલંબ લાગવાંના ભયથી કોઈ ચાલાક સુયાણી કાતરવતી તે નાળના પેચને કાપી નાખે છે. પણ તેમ કરવા જતાં પહેલાં બાળકના નાળ તરફ એક બંધ અને પ્રસૂતા તરફના નાળપર બીજો બંધ બરાબર બાંધવાથી કાંઈ હરકત પહોંચતી નથી. પરંતુ કોઈ અનાડી કે અર્ધદગ્ધ સુયાણી તેમ કરવામાં ગફલત કરી નાખે, માટે ગળાની આંટીઓ સાવચેતીથી કહાડી શકાય, તો વધારે સારૂં.

પ્રસવની ત્રીજી અવસ્થા—

બાળક જન્મ્યા પછી ઓર બહાર આવતાં સુધીની પ્રસવની ત્રીજી અવસ્થા ગણાય છે. પ્રસવ પછી વધુમાં વધુ એક કલાકની અંદર તો પોતાની મેળેજ ઓર બહાર પડે છે. પ્રસવ પછી પણ વેણ આવ્યા કરે છે, એ વેણ ઓરને બહાર ધકેલી કહાડે છે. આવે વખતે સ્હેજ વખત લંબાય તો કેટલીક

અનાડી સુયાણીઓ હાથ ઘાલીને ઓરને તાણી કહાડવાની ઉતાવળ કરે છે, તે બહુજ અનિષ્ટ છે. કારણ કે ઓરનો કંઈક ભાગ જરાયુ સાથે વળગેલો હોય છે, તે અલગ થયા વિનાં જો ખેંચાય, તો પ્રસુતાના પ્રાણનો ભય રહે છે. પ્રસવને માટે જેમ વધારે વેણોની જરૂર છે. તેમ ઓરને બહાર પાડવા માટે પણ વેણોની જરૂર છે; પણ તે પોતાની મેળે અથવા કોઈ દવાની અસરથી આવે તો સારૂં. વેણને માટે **ઇપીકાકચુઆના** નામની અંગ્રેજી દવા સારી ગણાય છે. જરૂર જણાય તો એક ઘઉંભાર એટલે ત્રણ ગ્રેન તેની ભુકી આપવાથી જરાયુનું મ્હોં નરમ પડે છે અને વેણો આવતાં ઓર જલદી બહાર આવી પડે છે. લગભગ એક કલાક સુધીમાં જો ઓર બહાર ન આવે, તો નીચે બતાવેલા ઉપાયોમાંથી ગમે તે ઉપાય કરવો કે જેથી ઓરનો તરત નિકાલ થશે અને પ્રસુતા (સુવાવડી)ને કંઈ પણ કષ્ટ થશે નહિ.

ઓરનો નિકાલ કરવાના ઉપાયો—

(૧) સુવા, ઉપલેટ, મીંઢળ, હીંગ, એ ઔષધ નાખીને પકાવેલ તેલમાં રૂનું પોતું બોળીને પ્રસુતાના ગુહ્યસ્થાનમાં મુકવાથી ઓરનો તરત નિકાલ થશે.

(૨) નાની એલચી, દેવદાર, ઉપલેટ, સુંઠ, વાવડીંગ, બીડલવણ, ચવક, પીપર, ચિત્રક અને કાળીજીરી, એનો કાઢો પ્રસૂતાને પાવો.

(૩) એક ચણોઠીનો ભુકો પાણીમાં વાટી પાવાથી ઓર બહાર આવી જશે.

(૪) સમુદ્રફળનું ચુરણ વાલ ૨, પાણીમાં આપવું.

(૫) સાપની કાંચળી, કડવી દુધી, નાગરમોથ, શરસડાનું ચુરણ, રાઈના તેલમાં ભીંજવી, યોનિને તેની ધુણી આપવાથી ઓરનો નિકાલ થશે.

(૬) કલગારીના કંદની ચટણી કરી, તે હાથે પગે ઘસવી અને ગુહ્ય સ્થાને તેનો લેપ કરવાથી ઓર પડશે.

(૭) લાંગલીનું ચુરણ વાલ ૨, પાણીમાં આપવું.

(૮) પ્રેથીના મૂળનું ચુરણ, કાળા તલના તેલમાં મેળવી, તેનો યોનિમાં લેપ કરવો.

(૯) કલગારીના મૂળ પાણીમાં ઘસી, હાથે પગે તેનો લેપ કરવો.

(૧૦) મીંઢળ ઘસીને, યોનિના પેઢાપર તેનો લેપ કરવો.

(૧૧) પીપર અને વજનું ચુરણ, એરંડીયામાં મેળવી, ડુંટીપર અને તેની આસપાસ લેપ કરવો.

(૧૨) બાજરાનો કોરો લોટ લઇ, પ્રસૂતાના મોઢામાં ફાકડા ભરાવવા, એમ ત્રણ વખત ફાકડા ભરાવી પછી બોંખારા ખવરાવવા. એથી ઓરનો નિકાલ થશે.

(૧૩) આંગળીએ કેશ વીંટાળી, તેના વતી પ્રસૂતાનો કંઠ ઘસવાથી ઓર બહાર આવશે.

(૧૪) અઘેડાના રસની યોનિમાં પીચકારી મારવાથી પણ ઓરનો તરત નિકાલ થશે.

(૧૫) આ શિવાય શીઘ્ર પ્રસૂતિના ઉપાયોમાંના ઘણાખરા ઉપાયોથી ઓરનો તરત નિકાલ થઇ શકશે.

પ્રકરણ ૧૨ મું.

સૂતિકા—સુવારોગ અને તેના ઉપાયો.

સુવાવડના સંકટમાંથી સલામત ઉઠવું, એ સ્ત્રીને માટે નવો અવતાર ગણી શકાય. પ્રસવ અને ઓરનો નિકાલ થયા પછી પણ પ્રસૂતાને માટે બહુજ સંભાળ રાખવાની હોય છે. જો તેમાં

ગફલત કે બેદરકારી રાખવામાં આવે, તો નબળાઇને લીધે સુવાવડીને અનેક રોગ લાગુ પડે છે. તેમાં ખાસ કરીને શરીરશુદ્ધિ ન સચવાય, બરાબર શેક ન થાય, અધિક રક્તસ્રાવ થતાં ઉપાય ન લેવાય, દસ્તનો ખુલાસો ન થાય, ખાનપાનમાં પૂરતી સાવચેતી ન રખાય અને પુરતો વખત નિદ્રા ન લેવાય, એ વિગેરે કારણોને લીધે સુવાવડીના નબળા શરીરને ભિન્ન ભિન્ન દર્દો લાગુ પડતાં વખત લાગતો નથી. તેનું શરીર ભાંગવા માંડે છે, સોજો ચડે છે, તાવ, ખાંસી કે શરદી તરત થાય છે, કબજીયાત અને અરૂચિ થવા લાગે છે, પછી ઝાડો, શૂળ, અપચો, મોળ થવા પામે છે, પેટ ચડી આવે છે, આફરો અને માથામાં દર્દ થાય છે, હાથે પગે અને પેશાબમાં દાહ (બળતરા), પેટમાં દાહ, મ્હોં આવી જવું, ઉનવા, અતિપસીનો, વારંવાર તરસ અને ઘેન, ઇત્યાદિ દર્દોમાંના કંઇને કંઈ લાગુ પડે છે. એમાંના કેટલાંક દર્દો વાતપ્રધાન અને કેટલાંક પિત્તપ્રધાન પણ છે. આ શિવાય ઋતુદોષ, પ્રદર અને ગર્ભાશયને લગતા દોષ પણ દેખાય છે.

સુવાવડની જેમ કસુવાવડમાં પણ સ્ત્રીઓને એવાજ પ્રકારનાં દર્દો લાગુ પડે છે. માટે એ લાગુ પડતાં તેનું જળમૂળથી ઉચ્છેદન કરવામાં ન આવે, તો ઘણીવાર તે સ્ત્રીઓને મરણ પથારી સુધી પહોંચાડી જીવલેણ થઈ પડે છે. આ બંને પ્રસંગના દર્દોથી કેટલીક તરૂણ તરૂણીઓ બુઢ્ઢી જેવી બળહીન બની જાય છે અને પુનઃ ગર્ભ ધારણ કરવા માટે તેઓ નાલાયક બની બેસે છે. આવાં જીવલેણ દર્દોની એક ઘડી પણ ઉપેક્ષા કરવી, તે મોતને માગી લેવા જેવું છે. તો સુવાવડીના દર્દ, બળાબળ અને પ્રકૃતિ બરાબર તપાસી, તેની અનુકુળતા પ્રમાણે નીચે બતાવેલ કેટલાંક જુદાં જુદાં અને સામુદાયિક દર્દોના ભિન્ન ભિન્ન અને સામુદાયિક ઉપાયો

ચાલુ કરવા. એમાંનો કોઈ પણ, દર્દને લાગુ પડે તેવો યોગ્ય ઉપાય કરવાથી સુવાવડીનાં દર્દ નાબુદ થતાં તે પોતાની અસલની તંદુરસ્ત સ્થિતિમાં અવશ્ય આવી જશે.

સુવારોગના સામુદાયિક ઉપાયો—

(૧) દેવદાર, વજ, મોથ, કઠ, ગોખરૂ, ધમાસો, કરીયાતું, કાયફળ, કાળીજીરી, કડુ, અતિવિષની કળી, ભોંયરીંગણી, પીપર, ગજપીપર સુંઠ, ધાણા, હરડે, કાકડાશીંગી, ગળો, બીલી, ઉભી રીંગણી, લીમડાની ગળો, શાહજીરૂં, એ બધાં સમભાગે લઈ, બારીક કરી ચાર ચાર તોલાનું એકેક પડીકું બાંધવું. તેમાંથી રોજ એક પડીકું ચાર શેર પાણીમાં નાખી ઉકાળતાં અરધો શેર પાણી રહે, ત્યારે નીચે ઉતારી ઠરવા દઇ, તેમાં હીંગ અને સીંધાલુણ નાખી, તે કાઢો સવાર સાંજે બે ભાગે સુવાવડીને પાવો. એનાથી તાવ, ખાંસી, શૂળ, શ્વાસ, મૂર્છા, ધ્રુજારો, કળતર, તરસ, અતિસાર, બળતરા, ઘેન, ઉલટી, માથાનો દુખાવો, બકવાદ, તથા ત્રિદોષજન્ય રોગ, વાયુ કે કફથી થનારા રોગ મટી જશે. આ **દેવદાર્વાદિ કવાથ**ના સેવનથી ઝાડા વાટે બિગાડ નીકળે છે. માટે બે દસ્ત વધારે થાય, તો ગભરાવું નહિ.

(૨) સુંઠ તો. ૩૨ નું બારીક ચુરણ કરી, તેને ગાયના ઘીનો ફ્રાબો દઇ, આઠ શેર ગાયના દુધમાં નાખી તેનો માવો કરવો. પછી તેમાં ઘી શે. ૨ નાખતાં હલાવતાં જવું, એથી તેનો દાણો છુટો થશે. પછી સાકર શેર ૮ ની ચાસણી કરી તેમાં તે માવો, તથા શતાવરી, જીરૂં, સુંઠ, મરી, પીપર, તજ, એલચી, અજમો, તમાલપત્ર, વરીયાળી, સુવા, ચવક, ચિત્રક, નાગરમોથ, એ દરેકનું ચાર ચાર તોલા ચુરણ નાખી પાક તૈયાર કરવો, અને તે ઘીના રીઢા વાસણમાં ભરી રાખવો. તે સુવાવડીના બળ, અગ્નિ પ્રમાણે તેને ખવરાવવો. આ **સૌભાગ્યસુંઠી પાક**ના સેવનથી સુવાવડીના શ્વાસ, ખાંસી, તૃષા, વમન, તાવ, બળતરા, શોષ, બરલ, કૃમિરોગ, વિગેરે નષ્ટ થાય છે અને જઠરાગ્નિ બહુ જાગ્રત થાય છે, એનાથી

બળ, કાંતિ વધે અને જુવાની પાછી આવે. આ પાક ગરમ જણાય તો ઘી, દુધનું સેવન કરવું.

(૩) સાલવણ, પીઠવણ, બંને જાતની રીંગણી, ગોખરૂ, બીલી, અરણી, અરડુસો, શીવણ, પાડળ, એ દશેના મૂળ, દરેક તો. ૦, લઈ પાણી તો. ૩૨ માં ઉકાળતાં આઠ તોલા પાણી રહે, ત્યારે ઉતારી લેવું. આ **દશમુળ કવાથ** સુવાવડીને રોજ સવારે પાવાથી તેના તાવ, શૂળ, શ્વાસ, ખાંસી, કફ, સોજા, આંચકી, હેડકી, ઉલટી, ધનુર્વાત, વાયુપ્રકોપ, અતિપસીનો, શરદી, શોષ, તંદ્રા, માથાનો દુખાવ, સંનિપાત જવર, વાતકફજ્વર, ઇત્યાદિ બધા રોગ તેમજ સુવાવડના વિકારો નાશ પામે. કબજીયાત હોય તો નવશેકા ઉકાળામાં ઘી નાખી પાવો. પીપરના ચુરણ સાથે એ લેવાથી અધિક ગુણકારી થશે

(૪) દેવબાવળ (હાલાઈબાવળ)ના પાન તો. ૨ માં મરીના ત્રણ ત્રણ દાણા વાટી સવાર સાંજે એક એક તોલો લેવાથી પ્રસૂતાના તમામ રોગ નષ્ટ થશે. ખોરાકમાં ગાયના દુધ સાથે બાજરાનો રોટલો લેવો.

(૫) આકડાના મૂળ, ધમાસો, રાસ્ના, દેવદાર, નગોડના પાન, વજ, કરીયાતું, નાની અરણીના પાન, સરગવાની છાલ, સુંઠ, મરી, પીપર, પીપરીમુળ, ચિત્રકમુળ, અતિવિષની કળી, ભાંગરો, એ બધાં સમાન ભાગે લઈ તેનો કાઢો કરી, તે સવાર સાંજે પાવાથી સુવાવડીના સન્નિ-પાત, ધનુર્વાત, વાતરોગ, દાંતખીલી, શરદી, શ્વાસ, ખાંસી ઈત્યાદી સુવારોગ દૂર થાય.

(૬) પીપર, ગજપીંપર, પીપરીમુળ, મરી, સુંઠ, ચવક, ચિત્રક, નગોડના બી, એલચી, અજમો, ભારંગી, સરસવ, શેકેલ હીંગ, કાળીપાટ, ઇંદ્રજવ, જીરૂં, લીમડો, ગરણી, અતિવિષની કળી, કડુ, વાવડીંગ, એ બધાં સમભાગે વાટી, ચુરણ તો. ૧, ગરમ પાણી સાથે લેવાથી અથવા તેના કાઢામાં સીંધાલુણ નાખી પીવાથી સુવાવડીના ગોળો, શૂળ,

તાવ, કફ કે વાતજન્ય સુવારોગ મટે, અજીર્ણ ટળે અને ભુખ લાગે.

(૭) જીરૂં, શાહજીરૂં, વરીયાળી, સુવા, અજમો, અજમોદ, ધાણા, મેથી, સુંઠ, પીપર, પીપરીમૂળ, ચિત્રક, શેરણી, કોહોળાનું ચુરણ, ઉપલેટ અને અરલુ. એ દરેક તો. ૪, ગોળ તો. ૪૦૦, દુધ તો. ૧૨૮, ઘી તો. ૬૪, એ બધાં લઈ, ગોળ સાથે પાકના નિયમ પ્રમાણે પાક તૈયાર કરવો. આ **પંચજીરક પાક** ખાવાથી સુવાવડીના યોનિરોગ, સુવારોગ, તાવ, ક્ષય, પાંડુ, ખાંસી, શ્વાસ, નબળાઈ અને વાયુજન્ય બધા રોગ નષ્ટ થાય.

(૮) ગુંદર રતલ ૨, સુંઠ તો. ૨૦, ટોપરૂં તો. ૨૦, સુવા તો. ૧૦, અજમો તો. ૧૦, વરીયાળી તો. ૫, તજ તો. ૨॥, તમાલપત્ર તો. ૨॥, લવીંગ તો. ૨॥, જાયફળ તો. ૦॥, એલચીદાણા તો. ૦॥, બળદાણા તો. ૫, વેકરીઓ તો. ૪, ગોખરૂ તો ૪, ગુલાબના ફુલ તો. ૪, આસંધ તો. ૫, ચીમેડ તો. ૨॥, મેથી તો. ૨॥, એ બધાં બારીક વસ્ત્રગાળ કરવાં. પછી ઘઉંનો લોટ, ઘી અને ગોળનો પાક કરવો. તે પાકના વજન કરતાં ચોથે ભાગે ઉપરનું ચુરણ તથા પાંચ તોલા ખસખસ મેળવી, દશ દશ તોલાના લાડુ વાળવા. તે રોજ સવારે એક લાડુ ખાવાથી સુવાવડના રહી ગયેલા તમામ વિકાર મટે અને સુવાવડીને થોડા દીવસમાં આરામ થાય. **કાટલું.**

(૯) તવખીર તો. ૮૦, વરીયાળી, તો. ૧૦, ધાણા તો. ૧૦, ધોળો વજ તો. ૨॥, એલચી તો. ૨॥, ગુલાબના ફુલ તો. ૫, કપુરકાચલી તો. ૫, તમાલપત્ર તો. ૨॥, એ બધાં ખાંડીને વસ્ત્રગાળ ચુરણ કરવું. તે ચુરણના વજન જેટલી સાકર અને પીંડીયાં વળે તેટલું તાજું ઘી તેમજ બદામ પીસ્તાં પણ મેળવી લાડુડી વાળવી. તે ૫ થી ૧૦ તોલા રોજ સવારે ખાવાથી સુવાવડીનો દરેક જાતનો સુવારોગ નાશ પામે અને પ્રદર પણ જાય. **બત્રીશું.**

(૧૦) શાલમ, ધોળી અને કાળી મુશળી. એ દરેક તો ૪, કમળકાકડી તો. ૪, એખરો, ગોખરૂ, બળદાણા, કવચાં, શતાવરી વાંસકપુર,

સુંઠ, મરી, પીપર, આસંધ, અજમો, સુવા, તજ, એલચી, જાયફળ, જાવંત્રી વાવડીંગ, અક્કલકરો, અશેળીયો, પીપરીમૂળ, ખારેક, ખસખસ, ગુંદર, કેસર, નાગકેસર, મેથી, સફેત મરી, એ દરેક તો. ૧, શીંગોડાં, સાકર, એ દરેક તો. ૧૦, એ બધાંનું બારીક વસ્ત્રગાળ ચુરણ કરવું. તે તોલા એકથી બે ખાવાથી સુવાવડીના પ્રદર, નબળાઈ, તથા સુતિકાજન્ય દરેક રોગ નાશ પામે. તાકાત આવે. **બીજા પ્રકારનું બત્રીશું.**

(૧૧) તજ, તમાલપત્ર, એલચી, ધાણા, નાગકેસર, પીપર, સુંઠ, મરી, એ બધાં સમભાગે લઇ, બારીક વસ્ત્રગાળ ચુરણ બનાવી તે તો. ૧, જુના ગોળમાં લેવાથી સુવાવડમાં વાયુથી ઉત્પન્ન થયેલા દરેક સુવારોગ નાશ પામે.

(૧૨) ધાણા, હરડેદળ, પીપર, સુંઠ, મરી, તજ, તમાલપત્ર, ત્રિફળાં, હીંગળામાંથી કહાડેલ શુધ્ધ પારો, શોધેલ આમલસારો ગંધક, અજમોદ, વાવડીંગ, એલચી, હળદર, સુવા, લવીંગ, સંચળ, સીંધાલુણ, ટંકણખાર, બીડલવણ, મોચરસ બીલીનો ગર, કાંચકાં શેકીને કહાડેલાં મીંજ, જીરૂં, જવખાર, ચિત્રકમૂળ, શેકેલી હીંગ, એ દરેક તો. ૧, ભાંગ તો. ૪ લેવી, એમાંથી પારો અને ગંધક ખરલમાં નાખી ઘુંટતાં ગંધકમાં પારો અદ્રસ્ય થઈ મુદ્દલ ન દેખાય તેવી કજ્જલી કરવી. તથા ભાંગને એક વાસણમાં પલાળી, તે ધીમી આંચે બાફવી અને તેમાં પાણી બળી જતાં ભાંગ સુકાઈ જાય, ત્યારે બીજી તમામ ઔષધિઓ સાથે ખાંડીને બારીક ચુરણ બનાવી, તે પારા–ગંધકની કજ્જલી સાથે વાટીને એકરસ કરવું. આ **લોહીચુરણ** બે વાલથી ચાર કે પાંચ વાલ શકિત પ્રમાણે ગાયની છાશમાં દિવસમાં ત્રણ વાર પ્રસુતાને આપવાથી તેના ઉદરને લગતા તમામ સુવારોગ મટી જાય, નબળાઇ મટે અને તાકાત આવે. પથ્ય પાળવું.

(૧૩) ગળો, સુંઠ, ચાંદવેલ, કોરાંટા, ઉટકટારી, શાલવણ, પીઠવણ, બેઠી રીંગણી, ઉભી રીંગણી અને ગોખરૂ, એ પાંચેના મુળ તથા નાગરમોથ, એનો કાઢો કરી, ઠર્યા પછી તેમાં મધ નાખી પાવાથી સુવાવડીના રોગ જાય. **અમૃતાદિ ક્વાથ.**

(૧૪) લોહભસ્મ અથવા મંડુર ભસ્મનું, ત્રિકટુ (સુંઠ, મરી, પીપર,)ના ચુરણુ સાથે ઘી અને મધમાં સેવન કરવાથી સુવાવડ સંબંધી બિગાડ મટી આરામ થશે.

(૧૫) લોદર, સાદડ, કદંબ, દેવદાર, બીજોરૂં અને બોરડી, એ વૃક્ષોમાંથી જેની મળે તેની છાલો મેળવી, તેનો કાઢો કરીને, પ્રસૂતિ થયા પછી રકતશુધ્ધિ થવા માટે એ કવાથ સુવાવડીને પાવો. એથી બિગાડ નીકળી જશે.

(૧૬) બીલી, અરણી, અરડુસો, શીવણ, પાડલ, એ પાંચેના મૂળનો કાઢો કરી, લોખંડ તપાવી તેમાં છમકારી તે કાઢો પાવાથી સુવારોગ મટી આરામ થાય.

(૧૭) કોરાંટા, કળથી, પુષ્કરમૂળ, દેવદાર અને નેતરનો કાઢો, મીઠું નાખી પાવાથી સૂતિકાના શૂળ, તાવ વિગેરેનો નાશ થાય છે. અથવા તો અતિવિષની કળીનું ચુરણ, મધમાં ચટાડવાથી પણ ફાયદો થશે.

(૧૮) કોરાંટાના કાઢામાં પીપરનું ચુરણ નાખી તે પાવો. અથવા કોરાંટાના મૂળ ચાવી રસ ઉતારવાથી સુવારોગ મટે છે.

(૧૯) રાસ્ના, એરંડમુળ, ગળો, વજ, પીળો કોરાંટો, ચવક, કૌચાં, નાગરમોથ, ભારંગમુળ, અજમો, કિરમાણી અજમો, પહાડમૂળ, દેવદાર, વાવડીંગ, કાકડાશીંગી, સુંઠ, બળદાણાના મૂળ મોરવેલ, કડુ, મજીઠ, કાળું અને ધોળું અતિવિષ, કચોરાં, ત્રિફળાં, પીપર, જવખાર, રતાંજળી, ગરમાળો, માયફળ, સાટોડી, દશમુળ, એ બધાં સમભાગે લઇ કાઢો કરી સુવાવડીને પાવાથી તેના ૮૦ પ્રકારના વાયુ, શ્વાસ, ખાંસી, પસીનો, શરદી, ઘેન, શૂળ, કળતર, ગળાનો રોગ, કંપારી, સોજા, આમવાયુ, એ વિગેરે તમામ દર્દોનો નાશ થાય છે અને અલ્પ વખતમાં તેને આરામ થાય છે. **મહારાસ્નાદિ કવાથ.**

(૨૦) શુદ્ધ પારો ભાગ ૧, અભ્રક ભસ્મ ભાગ ૧, ગંધક ભાગ ૧, મરી ભા. ૩, લોહ ભસ્મ ભા. ૪, શંખ ભસ્મ ભા. ૮, અડાયાં છાણાંની

રાખ ભા. ૧૬ અને વછનાગ ભા. ૧, એ બધાં એકઠાં કરી ભાંગરાના રસની ભાવના દઇ, આદુના રસમાં ખરલ કરવાં. પછી બબ્બે રતિની ગોળીયો વાળવી. તે આદુના રસમાં આપવાથી સુવાવડીના વાયુ. વાતરોગ, સંનિપાત, દાંતખીલી, ઇત્યાદિ મટે છે. ગુગળ, ગળો અને ત્રિફળામાં આપવાથી વાતરોગ, કફરોગ અને હરસ ટળે છે. અતિસાર, સંગ્રહણી પણ યોગ્ય અનુપાન સાથે એ લેવાથી દૂર થાય છે. આ **પ્રતાપલંકેશ્વર રસ** સુવાવડીના રોગો મટાડવાને પ્રસિદ્ધ છે

(૨૧) શુદ્ધ પારો ભા. ૮, શોધેલ ઝેરકોચલાં ભા. ૮, શોધેલ ગંધક ભા. ૮, સુંઠ, મરી અને પીપર ભા. ૧૨, એ દરેકને બારીક વાટી આદુના રસની ભાવના આપવાથી આ **પંચવક્ર રસ** તૈયાર થાય છે. જેનો ઉપયોગ નીચે બતાવવામાં આવશે.

(૨૨) સુંઠ, પીપર, ચવક, પીપરીમૂળ, ચિત્રકમૂળ, શેકેલી હીંગ, અજમોદ, ધોળા સરસવ, જીરૂં, નગોડનાં બી, ઇંદ્રજવ, કાળીપાટ, વાવડીંગ, ગજપીપર, કડુ, અતિવિષની કળી, વજ, ભારંગમૂળ, મોરવેલ, એ દરેક તો. ॥ ત્રિફળાં તો. ૫, એ બધાંનું બારીક ચુરણ કરી, તે સઘળાંના વજન જેટલો ગુગળ લેવો. ગુગળને પ્રથમ પાણી કે ત્રિફળાના કવાથમાં પકાવી શોધી લેવો. અગર ઘીમાં તળી ગોળ જેવો નરમ કરી લેવો. પછી તેમાં ઉપરનું ચુરણ મેળવવાથી એ **લઘુયોગરાજ ગુગળ** થાય. અને તેમાં બંગ ભસ્મ, લોહ ભસ્મ, મંડુર ભસ્મ, અને રસસિંદુર, એ દરેક ચાર તોલા મેળવવાથી **મહાયોગરાજ ગુગળ** થાય. પરંતુ તેમાં ઉપર લખેલાં ઔષધો પ્રથમ કરતાં ચાર ગણાં લેવાં. આ યોગરાજ ગુગળ **મહારાસ્નાદિ** કવાથમાં લેવાથી દરેક જાતના વાયુનો નાશ કરે છે.

પ્રતાપલંકેશ્વર રસ વા. ૨, પંચવક્ર રસ વા. ૨, અને મહાયોગરાજ ગુગળ વા. ૨ થી ૩, એમ ત્રણ સાથે મેળવીને લેવાય છે. તેમાંથી ગમે તે બે પણ લઇ શકાય અગર ગમે તે એક લેવાથી પણ સુવારોગમાં ફાયદો કરે છે. ઉપર સામાન્ય માત્રા બતાવેલ છે, પરંતુ

દર્દીના બળાબળ જોઇ ઓછું કે અધિક આપી શકાય.

(૨૩) બકરીના દુધ શે. ૨।। નો માવો કરી, તેમાં સુંઠ શે ০।। એકલકળીયું લસણ શે. ০।।, ખાંડીને મેળવવું. તથા હાલાઇ ગોળ શે ০।। મેળવી પાક કરવો. આ પાક રોજ પોતાની શક્તિ પ્રમાણે ખાવાથી સ્ત્રીને લાગુ પડેલ સુવારોગ નાબુદ થાય. પથ્ય પાળવું.

(૨૪) નીપાણીના કાઢામાં હળદર નાખી પાવાથી સુવાવડીના પેટમાંનો રોગ નાબુદ થઇ તેનો કોઠા સાફ થાય છે.

(૨૫) અરડુસાની છાલના રસમાં તેટલોજ નાળીયેરનો અંગરસ અને થોડો ગોળ નાખી પાવો. પછી ત્રણ દીવસ પર્યંત અરડુસાની છાલ, પીપર, પીપરીમુળ, સુંઠ અને મરી, એનો કાઢો મધ નાખી પાવાથી પ્રસૂતાના વાતરોગ તથા સુવારોગ નિર્મૂળ થાય.

(૨૬) ષટ્કચુરો, પિત્તપાપડો, દેવદાર, સુંઠ, કરીયાતું, ધમાસો, કડુ, નાગરમોથ ઉભીરીંગણીના મૂળ, એના કાઢામાં પીપરનું ચુરણ અને મધ નાખી પાવાથી પ્રસૂતા સ્ત્રીના ત્રિદોષ, સુવારોગ, વિષમજ્વર અને જીર્ણજ્વર જાય.

(૨૭) સુવા, બદામ, આસંધ, અશેળીયો, જાયફળ, પીપર, જાવંત્રી, કમરકસ, કોપરાં, ગુંદર, ચારોળી, શતાવરી, એખરો, લવીંગ, એ બધાં બારીક વાટી પાકમાં નાખી અગર લાડવાની બનાવટમાં ખાવાથી સુવાવડી સ્ત્રીના શરીરે આરામ થાય.

(૨૮) કાંચકા શેકી તેનું ચુરણ ઘીમાં ખાવું. અથવા કાંચકાનું ચુરણ, લસણ, હીંગ અને સીંધાલુણ સાથે ખાવાથી સુવારોગ મટે, તથા ક્ષય અને પેટનું શૂળ પણ નષ્ટ થાય.

(૨૯) કાંટાશેળીયાના કાઢામાં પીપરનું ચુરણ નાખી તે પાવો. અથવા તેનાં મૂળ ચાવી રસ ઉતારવો. અગર તો મૂળનો કાઢો કરી રાતભર રાખી, તે સવારે પ્રસૂતાને પાવાથી સુવારોગની બાધા મટી આરામ થાય. પથ્ય બરાબર પાળવું.

(૩૦) કેરડીના બી, બકરીના મુત્રમાં સાત દીવસ આપવાથી સુવારોગ નાબુદ થાય.

(૩૧) ઇંટ કે માટીનો ગોળો તપાવી, તે ઉપર માંકડીના પાન ચીંટાળી, તેનાવતી અંગને શેક આપવો. અથવા તેના પાન પાણીમાં ઉકાળી, તે પાણીવતી ચાર દીવસ સ્નાન કરવું, પણ શરીરે પવન ન લાગે, તેની સંભાળ રાખવી. એથી સૂતિકારોગ મટશે અને સાંધવાયુ પણ જશે.

(૩૨) જુના લીમડાની અંતરછાલ લાવી, તેના બારીક કટકા કરવા, તે પાણીથી ભરેલ ત્રણ દેગડીમાં નાખી, ઉપર ઢાંકણું રાખી ચુલે ચડાવવી. તે પાણી આંધણ જેવું ગરમ થાય, ત્યારે એક દેગડી સુવાવડી સ્ત્રી કે જે ખાટલા ઉપર સુતેલ હોય તેના મસ્તક નીચે મુકી બાફ આપવો. તેમાં વરાળ કમી થતાં બીજી દેગડી મસ્તક નીચે મુકવી અને પ્રથમની કમ્મર નીચે મુકી દેવી. પછી ત્રીજી દેગડી મસ્તક નીચે અને આગાઉની કમ્મર નીચે મુકવી તથા કમ્મર નીચે રાખેલ દેગડી પગ નીચે રાખવી. એ પ્રમાણે ત્રણ દીવસ બાફ આપવાથી પ્રસૂતાના શરીરમાંથી પસીના દ્વારાએ સુવારોગ નીકળી જઇ આરામ થશે. પસીનાને લુંછી નાખવામાં સાવચેતી રાખવી.

(૩૩) હીરાબોળ, સફેત મુશળી, કાળી મુશળી, પીપરીમુળ, ગોખરૂ, ગુંદર, એલચી, મેથી, ખસખસ, સુંઠ, સાકર, એ બધાં બારીક ખાંડી લાડુ, પાક, અવલેહ કે ગમે તે રીતે ખાવાથી સુવાવડી સ્ત્રીનો સુવારોગ નાશ પામે.

(૩૪) બાવળની સારી છાલ શે. ૩, પાણી શે. ૧૫, લઈ ઉકાળતાં પાણી શે. ૫ રહે ત્યારે ગાળી લેવું. પછી તેમાં પડવાસ શે. ૦।, માયફળ શે. ૦।, હીરાકસી તો. ૧॥, કાથો તો. ૧॥, હીરાદખણ તો. ૧॥ નાખી ચાર પહોર સુધી ખરલ કરવું. ગોળી વળે ત્યારે તો. ૧ ની ગોળીયો વાળવી, અગર સોગટી બનાવવી. તે પહેરવાથી સુવાવડમાં પ્રસૂતાનું શરીર સાફ થાય અને શ્વેત પ્રદર તેમજ રકતસ્ત્રાવમાં પણ એ બહુ ગુણકારી છે.

(૩૫) સારી સુંઠ તો. ૨૦, ગાયનું દુધ શે. ૫, ગાયનું તાજું ઘી શે. ૨॥, સ્વદેશી ખાંડ શે. ૨॥, તજ, નાગકેસર, જીરૂં, ધાણા, અકલકરો, કમળકાકડીનાં મીંજ, કંકોલ, નાગરમોથ, લવીંગ, ધોળી મુશળી, પીપર, મરી, એ દરેક તો. ૧॥ લેવાં તથા તેજબળ, શાહજીરૂં જાવંત્રી. અજમોદ, પીપરીમુળ, ચિત્રકમુળ, રતાંજળી. કાળું ચંદન, એ દરેક તો. ૧ લેવાં. તેમજ નાની એલચી તો. ૨, વરીયાળી તો. ૧, વરધારો તો. ૧, ત્રિફળાં મળીને તો. ૨, મણુકાદ્રાક્ષ તો. ૩, ખસનો વાળો તો. ૨, આસંધ નાગોરી તો. ૨, જાયફળ તો. ૧, એમાંના ખાંડવા યોગ્યને ખાંડી બારીક વસ્ત્રગાળ કરવાં અને સુધારવા યોગ્યને સુધારી લેવાં. પછી દુધ ઉકાળતાં તે અરધું રહે, ત્યારે સુંઠનું ચુરણ ઘીમાં કરમોવી, તેમાં નાખી, માવો કરવો અને ઘી નાખતાં તેનો દાણો પાડવો, પછી ખાંડની ચાસણી બનાવી, તેમાં દવાઓ તથા કીટી નાખી એકરૂપ કરી તો. ૨ ની લાડુડીઓ કરવી. તે સવાર સાંજે એકેક લાડુડી ખાવી, ઉપર ગરમ કરેલ ગાયનું દુધ પીવું. આ ઉંચા પ્રકારના કાટલાથી પ્રસૂતાના તમામ વાતરોગ, તેમજ ખાંસી, તાવ, શરદી, કળતર, શ્વાસ, આંચકી, પેટપીડા, શૂળ, અજીર્ણ વિગેરે બધા રોગ નાબુદ થશે અને તાકાત આવશે.

(૩૬) કસ્તુરી રતિ ૧, પાનમાં પાંચ દીવસ ખવરાવવાથી સુવારોગ થશે નહિ.

(૩૭) ગુલાબી લાંબી દ્રાક્ષ પંદર લઇ ગરમ પાણીમાં પલાળવી. ચાખેલા બદામનાં મીંજ પંદર, ચીનાઇ સાકર તો. ૨, ગોળ તો. ૨, પ્રથમ દરાખને ધોઇ સાફ કરવી અને તેમાંના બીજ કહાડી નાખી ખરલમાં ઘુંટી, પછી બદામમીંજને ઘુંટી, તેમાં ગોળ અને સાકર તથા પાણી શે. ૦॥ મેળવીને ગાળી લેવું. પછી તાજું નવટાંક ઘી બરાબર ગરમ કરવું અને તેમાં ચાર લવીંગ અને ચાર એલચી નાખવી. જ્યારે લવીંગ અને એલચી ફુલી જાય, ત્યારે ગાળેલું પાણી તેમાં છમકારી દેવું અને એક ઉભરો આવતાં ઉતારી લેવું. આ રાબડી પ્રસુતાને

પાવાથી તેને ભુખ લાગે છે, ઝાડો બંધ થાય છે, નકામું લોહી પડતું બંધ થાય છે, બેચેની મટે છે, લોહી વધે છે અને તાકાત આવે છે.

(૩૮) પીપર, એલચી, તજ, આસંધ, શતાવરી, બંગભસ્મ, માક્ષિકભસ્મ, એ દરેક તો. ૧, લેવાં. ચણકબાબ, પીસ્તાં, મોગલાઇ બેદાણા, વંશલોચન, કાકડીના મીંજ, એ દરેક તો. ૨, લેવાં. કમળ બીજ તો. ૪, ભોંયકોહોળું તો. ૪, સાલમમિશ્રી તો. ૫, સફેતમુશળી તો. ૫, ગોખરૂ તો. ૫, બદામના મીંજ તો. ૫, સુંઠ તો. ૭, તમાલપત્ર તો. ૦ાા, જાવંત્રી તો. ૭, લવીંગ તો. ૦ાા, ઘી તો. ૧૦, માવો તો. ૧૫, અને સાકર તો. ૧૩૦, પાકના નિયમ પ્રમાણે બધાં ખાંડી, માવાની ઘીથી કીટી પાડી સાકરની ચાસણી બનાવી, તેમાં નાખીને પાક કરવો. એ પાક પોતાની શકિત પ્રમાણે નવટાંક કે પાશેર પ્રસૂતાને ખવરાવવાથી તેનો જઠરાગ્નિ જાગ્રત થશે, શરીરમાં સ્ફુર્તિ રહેશે, શકિત આવશે અને સુવારોગ મટશે. આ કાટલું પણ સુવાવડીને માટે બહુ ઉપયોગી છે.

(૩૯) અજમો, અતિવિષની કળી, રાસ્ના, હીંગ, એલચી, પીપર, પીપરીમૂળ, ચવક, ચિત્રક અને સુંઠ, એના કાઢામાં ઘી નાખી, તે પ્રસુતાને પાવો. અથવા એ ઔષધોની ચટણી બનાવી, ઘીમાં મેળવીને તે ચટાડવાથી સુવારોગની શાંતિ થશે. આ કવાથ કે ચટણી પ્રસૂતિના બીજા દીવસથીજ શરૂ કરવાં.

(૪૦) કડુ, અતિવિષની કળી, પાઠા, સાગની છાલ, હીંગ અને માલકાંકણીના બી, એના ચુરણથી સાધેલ ઘીનું પાંચ કે સાત રોજ સેવન કરવાથી સુવાવડના રહી ગયેલા દોષ દૂર થશે અને પ્રસુતાની વેદના મટી આરામ થશે.

(૪૧) બાવચી, રાસ્ના, ગોખરૂ, તાલવંતી, પીઠવણ, એરંડમૂળ, આસંધ, કૌચાં, ગળો, શતાવરી, કાંટાશેળીયો, સુંઠ, હરડેદળ, દેવદાર, દારૂહળદર, એ બધાં દરેક તો. ૦ાા લઇ અધકચરાં કરી ત્રણ પડીકાં કરવાં. પછી પાણી શે. ૨ માં એક પડીકું ધીમી આંચે ઉકાળતાં પાશેર પાણી રહે ત્યારે

ગાળી લેવું. આ કાઢો બે વખત બે ભાગે પ્રસૂતાને પાવાથી સુવારોગ નાબુદ થઇ આરામ થશે. પથ્ય પાળવું.

(૪૨) પ્રસૂતિ પછી સુવાવડીને વાંસના પાનનો કાઢો પાવાથી ગર્ભાશયના દોષ મટી તે અસલ સ્થિતિમાં આવશે.

(૪૩) સુરોખાર, સીંધાલુણ અને નવસાગર, એ ત્રણે દશ દશ તોલા લઇ બારીક ખાંડવાં. પછી એક લોટકામાં નાખી, કપડમાટીથી તેનું મોઢું ઢાંકી, અડાયાં છાંણાંની અગ્નિમાં મૂકી, પકાવીને ઠર્યા પછી તે બારીક વાટી નાખવું. આ સુલેમાની ક્ષાર સવાર સાંજે બબ્બે આની ભાર ઘી સાથે લેવું. ઉપર તરત ભોજન કરવું. એ ક્ષારના સેવનથી સુવારોગ, મંદાગ્નિ, કબજીયાત, આફરો, અજીર્ણ, સંગ્રહણી, કફ, કમળો, બરલ, દમ, હરસ, ક્ષય, ધાતુક્ષીણતા સોજો, શૂળ, તાવ, શીળસ, જળંદર, ચામડીનાં દર્દો, ગાંઠ, પ્રદર, થોથર, પ્રમેહ, વિગેરે અનેક દર્દો મટી આરામ થાય છે.

(૪૪) હીંગ શેકી, ઘીમાં મેળવી પ્રસૂતાને ખવરાવવાથી તેના શૂળ અને ચક્કર આવતા હશે તો મટી જશે.

સુવારોગના ભિન્ન ભિન્ન ઉપાયો—

(૧) જવખારનું ચુરણ તો. ૦ા, ગરમ પાણીમાં પાંચ ટીપાં મધ નાખી પાવાથી અથવા તે ચુરણ ઘી તો. ૧ માં કાલવી ચટાડવાથી મકકલ રોગ જાય, કે જે પ્રસવ થતાં તરતજ વાયુ યોનિમાં દાખલ થઇ રક્તસ્રાવને અટકાવે છે અને તેથી પ્રસૂતાને મસ્તક અને બસ્તીમાં શૂળ પેદા કરે છે.

(૨) નિર્ગુંડીના પાન છાંયે સુકાવી, તેનું બારીક ચુરણ કરો, તે બેઆનીથી ચાર આનીભાર પ્રકૃતિ પ્રમાણે ચાર આની ભાર ગોળ અથવા સાકરમાં મેળવી સવાર સાંજે પ્રસૂતાને ખવરાવવાથી તેના વાતરોગ જાય.

(૩) કાંટાશેળીયાના મૂળનું ચુરણ તો. ૦ાા, નો કાઢો કરીને પાવાથી સુવાવડીના વાતરોગ મટે.

(૪) લાહી ચુરણ બેથી ચાર વાલ, પ્રકૃતિ **અનુસાર** દીવસ**માં ત્રણ** વાર પાણીમાં આપવાથી પણ **વાતરોગ** નાબુદ થાય.

(૫) વાંસનાં કુણાં પાન તો. ૦ાા નો નવટાંક પાણીમાં કાઢો કરતાં એક તોલો પાણી રહે ત્યારે ઠર્યાં પછી તેમાં બેઆની ભાર જવખાર અને બેઆની ભાર દ્રાક્ષાસવ મેળવી પાવાથી પ્રસૂતાના **વાતરોગ** દુર થાય.

(૬) જવખારનું ચુરણ તો. ૦ા ની ઘીમાં ગોળી બનાવી, બે વખત આપવાથી અથવા **અગ્નિમુખ ચુરણ** બે વાલ દીવસમાં ત્રણ વાર મધમાં આપવાથી પ્રસૂતાના **વાતરોગ** ટળે.

(૭) કાંટાશેળીયાના ધોળા કાંટા તો. ૦ાા, નવટાંક પાણીમાં ઉકાળતાં પાણી તો. ૧ રહે, ત્યારે ઠર્યાં પછી તેમાં પીપરનું ચુરણ વાલ ચાર નાખી પીવરાવાથી વાતરોગ નષ્ટ થાય.

(૮) **દેવદાર્વાદિ** કવાથ પાવાથી **વાતરોગ** જશે. પણ ઝાડા થાય તો ગભરાવું નહિ. દરદ મટતાં ઝાડા બંધ થઇ જશે.

(૯) ઇંદ્રાવારૂણીના મુળની જડ, પાણી કે દુધમાં ઘસી તે ગરમ કરી પેડુપર તેનો લેપ કરવાથી પ્રસૂતાના ગર્ભાશયનું **કમળ** ઉંધું વળી ગયું હશે તો સીધું થઇ જશે.

(૧૦) સુવા, સીંધાલુણ, ધાવડીનાં ફુલ, લોદર, માયફળ, ગુગળ, એ બધાં સમભાગે લઇ, બારીક કરી, તેની મધમાં નાની સોપારી જેવડી ગોળીયો બનાવવી. આ ગોળી પ્રસૂતાને પહેરાવવાથી **કમળ** સીધું થશે. વળી પેટમાં દુખાવો થતો હશે, તો પણ એથી મટી જશે.

(૧૧) અનંતમૂળ અને ભારંગમૂળ ગરમ પાણીમાં ઘસી, પ્રસૂતાને કપાળે, આંખે અને ગળે ચોપડવાથી તેનું **મસ્તકશૂળ** મટે.

(૧૨) તલ, જવ અને સાકરનું ચુરણ, મધમાં આપવાથી સુવાવડીનો **રક્તસ્રાવ** બંધ થશે. આ ઉપાય સગર્ભાને માટે પણ ઉપયોગી છે.

(૧૩) તાંદળજાનાં મૂળ વાટી, તે ચોખાના ધોવણમાં પાવાથી પ્રસૂતાનો **રક્તસ્રાવ** મટશે. એથી ગર્ભવતીનો રક્તસ્રાવ પણ બંધ થાય છે.

(૧૪) ઇંદ્રજવ, કડાછાલ, ધાવડીના ફુલ, રસવંતી, અતિવિષની કળી અને સુંઠ, એ બધાં સમભાગે લઇ બારીક વસ્ત્રગાળ કરી. તે તો. ૦ થી ૦॥ આપવાથી પ્રસૂતાનો **રક્તસ્રાવ** અટકી આરામ થશે.

(૧૫) હળદર, માયફળ, સુવા, મેથી, વાપુંભા, વાવડીંગ, આવળનાં ડોડવાં અને અરણીનાં પાન અથવા તેની છાલ, એ સમાન ભાગે લઇ ખાંડીને બારીક કરવાં. પછી રૂના પોલમાં કે બારીક વસ્ત્રના કટકામાં જાંખુ પ્રમાણ પોટલી કરી, તે પ્રસૂતાના ગુહ્યસ્થાને મુકવાથી **રક્તસ્રાવ** બંધ થઇ જશે અને હવા પ્રવેશ થવા પણ નહિ પામે.

(૧૬) ત્રિફળાનું ચુરણ અથવા ચ્યવન પ્રાશાવલેહ આપવાથી પ્રસૂતાની **મળશુદ્ધિ થશે**. પ્રસૂતિ પછી ત્રણ દિવસ બંધ રહે તો ગભરાવું નહિ. તે પછી પણ જો કઠણ ઝાડો આવતાં શ્રમ કરવો પડતો હોય તો દસ્ત સાફના ઉપાય કરવા.

(૧૭) નાની હરડે, એરંડીયામાં સાંતરી, તેનું ચુરણ બનાવી, તે ચાર કે ૭ વાલ આપવાથી દસ્ત સાફ આવશે.

(૧૮) તાવ ન હોય તો એરંડીયું તો. ૧ લઇ, તેમાં થોડું સુવાનું પાણી નાખી પાવાથી મળશુદ્ધિ થશે.

(૧૯) કાળાં મરી તો. ૦॥, શેકેલ કડુ તો. ૧, બરાબર ખાંડી બારીક કરી, તે ચાર વાલ નવશેકા પાણીમાં લેવાથી કબજીયાત ટળશે.

(૨૦) કેસુડાંને પાણીમાં બાફી, તેનો પેડુ ઉપર ગરમ શેક કરવાથી મુત્રબંધ છુટ થશે. પ્રસવ પછી ૭ સાત કલાકમાં પેશાબ છુટ ન થાય તો આ ઉપાય કરવો.

(૨૧) કપુરની નાની ગોટીના લાંબા ત્રણ કટકા કરી, એક કટકો ગુહ્યસ્થાને રાખવાથી પેશાબ છુટ થશે.

(૨૨) ઉંદરની લીંડીઓ અને સુરોખાર, પાણીમાં ખદખદાવી પેડુ ઉપર બંધાણ કરવાથી પ્રસૂતાનો મુત્રબંધ છુટ થઈ જશે.

(૨૩) સુંઠનું ચુરણ, ગોળ સાથે લેવાથી વાયુના ભરાવાથી પ્રસૂતાન.

પેટનો ચડાવો ઉતરી જશે. પરંતુ એકવીસ દીવસ સુધીમાં પેટનો ચડાવો એસી ન જાય, તો આ ઉપાય કરવાથી આરામ થશે.

(૨૪) આદુનો રસ કહાડી, તેમાં જરા ગોળ નાખી યથાશક્તિ પાવાથી પેટનો ચડાવો ઉતરી જશે.

(૨૫) પીપરીમૂળનું ચુરણ તો. ૦। થી ૦॥, મધ કે ઘી સાકરમાં મેળવીને આપવાથી પેટનો ચડાવો એસી જઇ, તે પ્રથમ સ્થિતિમાં આવશે.

(૨૬) સુવાના કાઢો કરી, તેમાં ગોળ મેળવીને પાવાથી પેટમાંનો વાયુ નીકળી જતાં ચડાવો મટી જશે.

સુવા અને સુંઠ, એ પ્રસવ પ્રસંગે સુવાવડીને માટે અતિ ઉપયોગી છે. પ્રસૂતાના પાક, અવલેહ કે રાબડીમાં માફકસર તેનો વપરાશ કરવાથી વાતરોગની બાધા કદી થવા પામશે નહિ. માટે બીજો કોઇ પણ ઉપાય કરતાં પણ સુંઠ અને સુવાનો ઉપયોગ તો અવસ્ય રાખવોજ જોઇએ.

(૨૭) અફીણનું સ્હેજ ઘાટું પાણી, રાતે સુતી વખતે લમણે અને કપાળે ચોપડી દેવાથી પ્રસૂતાને નિદ્રા આવશે. એકાંત છતાં ઉંઘ ન આવતી હોય તો આ ઉપાય કરવો.

(૨૮) પીપરીમૂળનું બેથી ચાર આનીભાર ચુરણ, સાકર અને ઘીમાં એકરસ કરી સવારે નરાણે કોઠે ચટાડી દેવું. એથી ઉંઘ આવી જતાં આરામ થશે.

(૨૯) સાટોડી, હળદર, દારૂહળદર, બાલ હરડે, ગળો, સુંઠ, ભારંગમૂળ, ચિત્રક અને દેવદાર, એનો કાઢો કરી પાવાથી સુવાવડીના બધા અંગનો સોજો મટે. પથ્ય પાળવું.

(૩૦) અરડુસી, ગળો અને ભોંયરીંગણી, એના કાઢામાં મધ નાખી પાવાથી સુવારોગનો સોજો મટે.

(૩૧) પીપર અને સુંઠનું ચુરણ, ગોળમાં મેળવી ખાવાથી સોજો જાય. એથી શૂળ જશે અને બસ્તીનું શોધન થશે.

(૩૨) ધતુરાના રસમાં ગુગળ સીજવી, સોજા પર તેનો લેપ કરતાં સુવારોગનો સોજો નાબુદ થશે.

(૩૩) બીલીના પાનનો રસ, લગભગ ચાર તોલા પાવાથી ત્રિદોષજન્ય સોજો મટે.

(૩૪) નસોતર, ચિત્રક, દેવદાર, કડુ, દાંતીમૂળ, વાવડીંગ, હરડાં, બેહેડાં, આંબળાં, સુંઠ, મરી, પીપર, સાટોડીનાં મૂળ, એ દરેક તો. ૧, હીરાકસી તો. ૨, લઇ બારીક ચુરણ બનાવી, તે તો. ૦ાા થી ૧, ગરમ પાણી સાથે લેવાથી દરેક પ્રકારનો સોજો તથા પાંડુ, બરલ અને કમળો પણ જાય.

(૩૫) ધોળી સાટોડીનાં મૂળ, સુંઠ, દેવદાર, રાસ્ના અને સુકા મૂળા, એ દરેક તો. ૨, અરણીનો રસ શે. ૪, તલનું તેલ તો. ૨૦, એ બધાં મંદાગ્નિથી ઉકાળતાં રસ બળી જઇ, તેલ બાકી રહે ત્યારે નીચે ઉતારવું, એ તેલ સોજાપર ચોપડી ચોળવાથી મહાસોજો પણ નષ્ટ થાય. પથ્ય પાળવું.

(૩૬) સુંઠ, વછનાગ અને સાટોડીના મૂળને ગોમૂત્રમાં વાટી લેપ કરવાથી સોજો મટે.

(૩૭) કાળી નગોડ, સુંઠ, ચિત્રક, નાગરમોથ, જીરૂં, ભોંયરીંગણી, કાળીપાટ, હળદર, પીપર, ગજપીપર અને જટામાંસી, એનું બારીક ચુરણ, સ્હેજ ગરમ પાણીમાં મેળવી પાવાથી દરેક જાતનો સોજો ટળી જાય.

(૩૮) સરસડાની છાલ, જેઠીમધ, રતાંજળી, એલચી, હળદર, જટામાંસી, વાળો, કઠ, દારૂહળદર, તગર, એ બધાં પાણીમાં વાટી તે લીલું લીલું વારંવાર ચોપડતા રહેવું. સોજો મટે.

(૩૯) આસંધના મૂળ, પાણીમાં ઘસી સોજાવાળા ભાગપર તે લગાડવાથી આરામ થાય છે.

(૪૦) સાટોડીનાં મૂળ, લીમડાની અંતરછાલ, ગળો, સુંઠ, હરડે,

દારૂહળદર, કડુ, એ બધાંનો કવાથ કરી પાવાથી પ્રસૂતાના કોઈપણ ભાગનો સોજો મટશે.

(૪૧) કડવાં પરવળ, સુંઠ, ગળો, સાટોડીનાં મૂળ, લીમડાની અંતરછાલ, એ બધાં સમભાગે લઇ કાઢો કરી પાવાથી સુવાવડીના આખા શરીરે પ્રસરેલ સોજો નાબુદ થાય.

(૪૨) હળદર સાથે સાજીખાર વાટી, તે ગરમ કરી ચોપડવાથી સોજો જાય.

(૪૩) રગતરોહડાની છાલ ઘસીને ચોપડવાથી સોજો મટે.

(૪૪) સાહીની જડ, સુંઠ, એરંડમૂળ, પીપર, પીપરીમૂળ, ચવક, ચિત્રક, એના કાઢાથી વાતજન્ય સોજા નાબુદ થશે.

(૪૫) ત્રિફળાં, દારૂહળદર, પટોળ, લીમડાની અંતરછાલ, એના કાઢામાં ગુગળ નાખી પીવાથી પિત્તનો સોજો મટશે.

(૪૬) હળદર, ભારંગી, ગળો, ચિત્રક, હરડેછાલ, દારૂહળદર, સાઠીની જડ, સુંઠ, એનો કવાથ પાવાથી ઉદર, મુખ અને પગનો સોજો ટળે.

(૪૭) વિષખાપરીની જડ, દેવદાર, સુંઠના કાઢાથી અથવા સોનામુખી, વિષખાપરી, લીમડાની છાલ અને ગાયનું મુત્ર, એના કાઢાથી સોજો નાશ પામે.

(૪૮) નેપાળાનાં મૂળ, નસોતર, સુંઠ, કાળાં મરી, પીપર, ચિત્રક, એના કવાથમાં જરા ગોળ નાખી પાવાથી પ્રસુતાને થયેલ સુવારોગનો સોજો નાબુદ થાય.

(૪૯) દારૂહળદર, સુંઠ, સાહીના મૂળ, સહજણાના મૂળ, સરસવ, એ બધાં કાંજીમાં વાટી, ગરમ કરી, લેપ કરવાથી સોજા માત્ર નષ્ટ થાય. પથ્ય પાળવું.

(૫૦) ગોળ અને આદુ અથવા ગોળ અને સુંઠ, ગોળ અને હરડેની છાલ અથવા ગોળ અને પીપર, વાટી તો. ૧ થી વધારતાં માસ

એક ખાવાથી સોજો, શ્વાસ, અજીરણ, અરૂચિ, જીર્ણજ્વર, હરસ, સંગ્રહણી તથા વાત-કફના તમામ વિકાર નાશ પામે.

(૫૧) કાળીપાટ, ગળો, સુંઠ, ગોખરૂ, દારૂ હળદર, સાટોડીની જડ, એ બધાં પાણીમાં વાટી, તેમાં ગાયનું મુત્ર મેળવી પીવાથી સર્વાંગ સોજો જાય.

(૫૨) રાસ્ના, દારૂ હળદર, સુંઠ, સુકા મૂળા, સાટોડીની જડ, એનો ક્વાથ કરી, તેમાં તેલ સિદ્ધ કરવું. એ તેલના મર્દનથી શૂળ સહિતનો સોજો દૂર થાય.

(૫૩) સુંઠ અને પીપર વાટી, તેમાં સમાન ભાગે ગોળ મેળવી ખાવાથી સોજો, અજીર્ણ અને શુળ જાય.

(૫૪) સુંઠ, પીપર, ગોળ, એ દરેક તો. ૧ાા, મંડુર તો. ૦ાા, તલ તો. ૦ાા, એ બધાં વાટી, એકરસ કરી, રોજ તો. ૧ ખાવાથી બધી જાતના સોજા જાય.

(૫૫) બહેડાંનાં મીંજ, પાણીમાં વાટી લેપ કરવાથી દાહસહિતનો સોજો મટે.

(૫૬) અમરવેલને વાટી લેપ કરવાથી સોજો મટી જાય.

(૫૭) કાંસકી, આકડો અને એરંડાનાં પાન વાટી, ગરમ કરી સોજા પર લેપ કરવાથી પ્રસુતાને આરામ થાય.

(૫૮) રાઈ અને સંચળ, વાટી લેપ કરવાથી સોજો ટળે.

(૫૯) ત્રિફળાના કવાથમાં ભેંસનું ઘી નાખી પાવાથી સોજો અને પ્રમેહનો પણ નાશ થશે.

(૬૦) સાટોડી, ચિત્રક, નગોડ, ગુગળ, એરંડાનાં પાન, અને કાંટાશેળીયો, એ બધાં પાણીમાં નાખી ઉકાળી, તેની વરાળની બાફ આપવાથી સોજો નાબુદ થશે.

(૬૧) ઉંદરકનીનું ચુરણ અને જવનો લોટ, પાણીમાં મેળવીને તેનો લેપ કરવાથી સર્વાંગ સોજો નષ્ટ થાય.

(૬૨) તુલસીના રસમાં મરીની ભુકી અને ઘી નાખી, તે રસ પાવાથી વાયુજન્ય સોજો મટી આરામ થશે.

(૬૩) કીડામારી, સમુદ્રફળ, માલકાંકણી અને મરી, એ બધાં વાટીને તેનો લેપ કરવાથી સોજો ટળશે.

(૬૪) કાસુંદરાનો પાલો, બકરીના દુધમાં વાટી, તેનો લેપ કરવાથી સોજો જાય.

(૬૫) સાબરશીંગ ઘસીને સોજાપર લેપ કરવાથી તે નાબુદ થાય.

(૬૬) ભાંગરાના રસમાં મરીની ભુકી નાખી તે પાવો તથા શરીરે તે રસ ચોળવાથી સોજો મટે.

(૬૭) નવો વાંસ, સીંધાલુણ અને હળદર, એ બધાં પાણીમાં ઘસી, તે સોજાપર ચોપડવાથી આરામ થાય.

(૬૮) ઇંદ્રજવ, સુંઠ, પીપર, સાજીખાર, એરંડાની જડ, જવખાર, હળદર, દેવદાર, એ બધાં સમભાગે લેવાં, તથા એ બધાંના વજનથી ત્રીજો ભાગ મંડુર ભસ્મ અથવા લુવારની કોઢનો કાટોળો લઇ, બધાં બારીક વસ્ત્રગાળ કરી, તેમાંથી સવારે તો. ૦।। ની ફાકી લેવી. એથી દરેક જાતના સોજા, દમ, વિગેરે મટે. એક માસ લાગટ ફાકી લેવી. તેમાં ખટાઇ, બાદીની શરદી કરે એવી ચીજ, મીઠાઈ, મઠ તેમજ દરેક ગળી ચીજની પરેજી રાખવી.

(૬૯) રાતા અગથીઆનાં મૂળ અને કાળા ધંતુરાના મૂળ, એ બંને ગરમ પાણીમાં ઘસી, સોજાવાળા ભાગ પર લેપ કરવાથી બધી જાતનો સોજો એકદમ મટવા આવશે.

(૭૦) કુબો અને કડવો લીમડો એ બંનેના પાન ઉકાળી બાફ આપવાથી પસીનો આવી સોજો ઉતરશે.

(૭૧) ધોળી વસુના મૂળનો કાઢો કરી, તેમાં જરા ગોળ નાખી પાવો અને તેનાં મૂળ વાટી સોજા પર લેપ કરવો. અથવા વસુ અને સુંઠની ચટણી બનાવી ખાવાથી સોજો મટશે.

(૭૨) પહાડમૂળ, ગરમ પાણીમાં વાટી પાવાં અને સોજા પર તેનો લેપ કરવાથી સોજો નાબુદ થઈ આરામ થશે.

(૭૩) અરણીનો રસ આખા શરીરે ચોળવો અને થોડો પાવાથી પ્રસુતાનો ઝાડાસહિતનો સોજો જાય.

(૭૪) દેવદાર, કાળીપાટ, વાવડીંગ, નાગરમોથ, મરી, કડાછાલ, અતિવિષની કળી, એ દરેક તો. ૦ાા લઇ, તેનો ક્વાથ બનાવી પાવાથી પ્રસુતાને ઝાડાના વિકારથી થયેલ સોજો તથા ઝાડો, એ બંને રોગ મટશે.

(૭૫) અરડુસાનો રસ તો. ૧, મધમાં પીવરાવવાથી સુવાવડીનો ઝાડાસહિતનો સોજો નાબુદ થશે.

આ સોજાના દર્દમાં ખાસ ધ્યાન રાખવાનું એ છે કે જો પ્રથમ. મુખપર ચડી સોજો નીચે ઉતરતો જાય, અગર ગુહ્યસ્થાનપર પહેલાં સોજો થતાં પછી સર્વાંગે પ્રસરે, અથવા તો તાવ નબળાઈ કે દમના દર્દ સાથે સોજો હોય, તો તે અસાધ્ય અથવા દુઃસાધ્ય સમજવો.

પ્રકરણ ૧૩ મું.

હીસ્ટીરિયા, વાઇ-મૃગી અને ઉન્માદ.

આ બધાં દર્દો મગજનાં છે, તેમાં પ્રસૂતાને છેક નબળાઈ વધી જતાં, ભારે ચિંતામાં, પ્રદરના જોરમાં મગજની શક્તિ જ્યારે બિલકુલ ખાલી થઈ જાય છે, ત્યારે આ **હીસ્ટીરિયા** લાગુ પડે છે. એથી દર્દી પોતાનું ભાન ભૂલી બેભાન થાય છે. એ દર્દ. ઘણે ભાગે નબળા મગજની સ્ત્રીઓને નબળાઇમાં તરત લાગુ પડે છે. હીસ્ટિરિયા કે અપસ્માર શરૂ થતાં તુરતમાં એના ઉપાયો કરવા જોઈએ. પછી લાંબો વખત થતાં એ દર્દ દુઃસાધ્ય કે અસાધ્ય થઈ પડે છે. વાઈ કે મૃગીમાં મોઢે ફીણ આવે છે અને

અપસ્મારમાં માત્ર બેભાન હાલત રહે છે, મોઢે ફીણ આવતી નથી. એ બંને દર્દોમાં માત્ર એટલોજ તફાવત છે. ઉન્માદમાં ગાંડાઈ જેવું જણાય છે, દર્દી જેમ તેમ બોલ્યા કરે છે અને કોઇ-વાર વિના કારણે મારપછાડ કરી મુકે છે. એ બધાં દર્દોના ઉપાયો લગભગ મળતા છે, એટલુંજ નહિ પરંતુ પ્રસૂતા તેમજ એ દર્દોવાળા કોઈ પણ દર્દીને એ ઉપાયો કામ આવી શકે. તે ઉપાયો નીચે પ્રમાણે છે—

(૧) શંખાવલી, ગળો, અઘેડો, વાવડીંગ, કઠ, વજ, હરડે, એ બધાંનું સમભાગે ચુરણ કરી, તે તો. ૦। લેવાથી અપસ્માર, વાઇ, ઉન્માદ મટે અને મગજ ઠેકાણે આવે.

(૨) બ્રાહ્મી, વજ, માલકાંકણી, તે કરતાં ચોગણી સાકર લઈ, મધમાં ગોળી તો. ૦॥ ની વાળવી. તે દીવસમાં બે વખત ખાવાથી અપસ્માર જાય. એક માસ દવા કરવી અને ઉપર સારૂં ભોજન લેવું. પંથ્ય પાળવું.

(૩) કઠ, આસંધ, સીંધાલુણ, બોડી અજમોદ, શાહજીરૂં, જીરૂં, સુંઠ, મરી, પીપર, કાળીપાટ, શંખાવલી, એ બધાં સમભાગે લેવાં. તથા એ સઘળાંની બરોબર વજ લઇ, બારીક વસ્ત્રગાળ ચુરણ બનાવી, તેને બ્રાહ્મીના રસની ત્રણ ભાવના આપવી. એ ચુરણ શકિત પ્રમાણે મધ કે ઘી સાથે સેવવાથી અપસ્માર, ઉન્માદ અને મગજના તમામ રોગ મટે.

(૪) વડની કોમળ વડવાઈ તો. ૨, જાવંત્રી તો. ૧, બે આનીભાર કસ્તુરી, પ્રથમ વડવાઇના કટકા કરી છુંદવી, પછી તેમાં જાવંત્રી નાખી ખુબ ખરલ કરવી. છેવટે કસ્તુરી મેળવી મગ જેવડી ગોળીઓ વાળવી. તે રોજ ત્રણ ગોળી ત્રણ વાર ઠંડા પાણી સાથે ખાવી. અરધા કલાક પછી થોડું દુધ પીવું અથવા દુધવાળી કાંજી લેવી. દર્દ જતાં સુધી દવા ચાલુ રાખવી. હીસ્ટીરિયા—અપસ્માર અવશ્ય જાય.

(૫) દુધવાળી લીંબોળી અધકચરી કરી એક માટીના હાંડલામાં

ભરી, તે પાણીવાળા ખાડા પાસે કચરાવાળી જગામાં મોઢું બરાબર કપડમાટીથી બંધ કરી ૭ મહિના દાટી રાખવું તથા કાંટાળા થોરના ભુંભામાં ડગળી કાઢી અંદર મરી તો. ૧૦, ભરી, તે ડગળી પાછી બંધ કરી છાણાથી છાંદી લેવી, અને તેનાપર પાટો બાંધી ૭ મહિના જવા દેવા. આ પ્રયોગ ફાગણ મહિને કરી આસો માસની લગભગ તે લીંબોળી તથા મરી કહાડી લાવવાં. પછી તે સુકવી, બારીક વસ્ત્રગાળ ચુરણ કરવું. એ ચુરણ, હીસ્ટીરિયા કે વાઈવાળા દર્દીને માત્ર એકજ વખત સુંઘાડવાથી અપસ્માર, મૃગી કે ઉન્માદ મટે છે.

(૬) તાડનો રસ તો. ૨. મધ નાખી પાવાથી સાધારણ ઉન્માદ જાય.

(૭) ઉંદરકનીના પાલાનું શાક કરી ખાવાથી અપસ્માર, મૃગી વિગેરે નાબુદ થાય.

(૮) હરડાં તો. ૨, બેહેડાં તો. ૨, આંબળાં તો. ૨, વજ તો. ૧, એનું બારીક ચુરણ તો. ૦।, મધ. ઘી કે સાકર સાથે ખાવાથી અપસ્માર અને વાઈ જાય.

(૯) સીંધાલુણ તો. ૧, ત્રિફળાં તો. ૩, એનું બારીક ચુરણ તો. ૦॥, ઘીમાં કાલવી બે વખત લેવું. ઉપર ગરમ પાણી પીવું. અથવા મધ કે ઘી સાકર સાથે ચાટીને ઉપર દુધ પીવું. આ પ્રયોગ એક વરસ ચાલુ રાખવાથી એ દર્દ મટે.

(૧૦) માલકાંકણીના બી સાફ કરી, તેને ઘીનો હાથ લગાડી, શેકી બારીક ચુરણ બનાવી, તેમાંથી બે રતીભાર, સાકર મેળવી ત્રણ દીવસ ખાવાથી અપસ્માર, વાઈ દૂર થાય.

(૧૧) કમળકાકડીનાં બીજ તો. ૦।, પાણી સાથે લેવાથી અપસ્માર, મૃગી વિગેરે નાબુદ થાય.

(૧૨) વજનું ચુરણ, મધમાં ચાટી, ઉપર દુધ ભાતનું ભોજન લેતાં લાંબા વખતના અપસ્મારનો પણ નાશ થાય.

(૧૩) કોહોળાના બીજનું ચુરણ તો. ૦ાા, કઠનું ચુરણ વાલ ૪, એ બંને મધમાં ચાટવાથી ઉન્માદ મટે.

(૧૪) શંખાવલીનો સ્વરસ તો. ૪, કઠનું ચુરણ વાલ ૪, એ બંનેમાં મધ તો. ૦ાા મેળવી ખાવાથી ઉન્માદ ટળે.

(૧૫) સમુદ્રફળ તો. ૧, આકડાના બીજ તો. ૧, ગધેડાના મુત્રમાં એક દીવસ ખરલ કરી, તેનું નસ્ય આપવાથી વાઇ દૂર થાય.

(૧૬) માલકાંકણીના બીજ વાટી, મરીના ચુરણ અને ઘી સાથે ચાટવાથી વાઇ અને ઉન્માદ દુર થાય.

(૧૭) શંખાવલીનું ચુરણ, ઘી સાથે સેવવાથી અપસ્માર, ઉન્માદ, વિગેરે મગજના દરદ જાય. પથ્ય પાળવું.

(૧૮) પીપર અને મરીની ભુકી સુંઘવાથી બેશુદ્ધિ દુર થાય.

(૧૯) સરગવાના રસમાં મરી વાટી, વાઇવાળા દરદીની આંખપર તે લગાડવાથી આરામ થાય છે.

(૨૦) બ્રાહ્મીનો રસ, વજ, ઉપલેટ, શંખાવલીનો રસ, એમાં ગાયનું જુનું ઘી પકાવી, તે ઘી ખાવાથી મૃગી, ભુતોન્માદનો નાશ થાય.

(૨૧) સરસવ, સુંઠ, મરી, પીપર, હળદર, વજ, મજીઠ, હીંગ, ધોળીરીંગણી, હરડાં, બેહેડાં, આંબળાં, કાકચાં, નસોતર, માલકાંકણી, સરસડીઓ, દેવદાર, એની ચટણી બનાવી ગોમૂત્ર અને ગાયના ઘીમાં પકાવી, તે બકરીના મુત્ર સાથે ખાવાથી વાઈ, ઉન્માદ અવશ્ય જાય.

(૨૨) માલકાંકણીનું તેલ રતી ૧ થી તો. ૧ સુધી વધારતાં પીવાથી મૃગી, ઉન્માદ, બકવાદ જાય, પણ તે સુર્યોદય કે સૂર્યગ્રહણ વખતે વાપરીને નદી કે તળાવના પાણીમાં ઉભા રહેવું.

(૨૩) બ્રાહ્મીના પાનનો રસ તો. ૩૨, ઘી તો. ૧૬, તથા સુંઠ મરી, પીપર, હળદર, નસોતર, દાંતીમૂળ, શંખાવલી, ગરમાળો, વાવડીંગ, દરેક તો. ૦ા, એ બધાંની ચટણી કરી, બ્રાહ્મીના રસ તથા ઘીમાં નાખી ઉકાળતાં ઘી માત્ર બાકી રહેતાં ઉતારી ગાળી લેવું. એ ઘૃત તો.

૨ થી ૪, રોજ ખાવાથી અપસ્માર, વાઇ, ઉન્માદ મટે.

(૨૪) લસણની કળી તો. ૦।, ટંકણખાર તો. ૦॥, ગળી તો. ૦॥, ગોરૂચંદન તો. ૦।, વરીયાળી તો. ૦॥, એ બધાં વાટીને ગોમુત્રમાં ખરલ કરી, સુકવીને રોજ બે ત્રણ વખત સુંઘવાથી મગજનો કીડો મરી જતાં વાઇ ટળશે.

(૨૫) નાગરમોથની ભુકી વાલ ૫, ગાયના દુધ તો. ૧૦ માં નાખી રોજ ત્રણ વખત પાવાથી એક માસે વાઈ મટે.

(૨૬) બાવળના ફુલ તો. ૫, ગાયના ઘીમાં તળી, તેની રાખ બનાવી, તે તો. ૦। ની મધ કે ગોળમાં ગોળી બનાવી, રોજ એક ગોળી ખાવાથી સાત દીવસે વાઇ ટળી ફાયદો થશે.

(૨૭) બ્રાહ્મીના પાનનો રસ તો. ૫, ઘી શે. ૩, રસ બળતાં સુધી ઘી ઉકાળી, તે લીલા રંગનું ઘી રોજ ખોરાકમાં ખાવાથી ઉન્માદ—મૃગી મટી મગજ ઠેકાણે આવશે.

(૨૮) મેથી તો. ૧, મરી તો. ૧, ચોખ્ખી હીંગ વાલ ૫, એની ભુકી નગોડના રસ તો. ૨ માં ખુબ ખરલ કરવી. અંજન જેવું થાય ત્યારે શીશી કે ડબીમાં ભરી લેવું. તે આંગળી વતી આંખે આંજવાથી ઉન્માદ કે ગાંડાઈ ટળશે. મગજ ઠેકાણે આવી જશે. દર્દીને એકાંતમાં રાખવો.

(૨૯) અજમો તો. ૪, લવીંગ તો. ૦॥, ખડબ્રાહ્મી તો. ૪, સુંઠ તો. ૧, અકલકરો તો. ૧, ખોરાસાની વજ તો. ૧, તજ તો. ૧, જાવંત્રી તો. ૦॥।, પીપરીમૂળ તો. ૧, એ બધાં બારીક વાટી, મધમાં ચણા જેવડી ગોળીયો કરવી. તે રોજ બે વાર આદુના રસમાં મેળવી એકેક ગોળી આપવાથી ઉન્માદ મટી આરામ થશે.

(૩૦) લસણની કળી ૪, હીંગ બે આનીભાર ખોખરી કરી, તેની પોટલી બાંધી અવારનવાર દર્દીને સુંઘાડયા કરવી. શરદી જેવું જણાય તો ચણા જેટલી હીંગ પાણીમાં મેળવી પાવાથી તે સાવધાન થશે. પાંપણ ન ઉઘડતાં હોય તો સુંઠ ઘસી ચોપડવી. હિસ્ટીરિયા ટળી જશે.

(૩૧) પીપર, કાળાં મરી, ગોરોચન, સીંધાલુણ, મધમાં વાટી. આંખે આંજવાથી બકવાદ કે ભૂતબાધા ટળશે.

(૩૨) અજમોદ, હળદર, દારૂહળદર, વજ, સીંધાલુણ, જેઠીમધ, કઠ, જીરૂં, પીપર, સમભાગે લઇ, ગોમુત્રમાં વાટી ઘી તો. ૧, સાથે ખાવાથી ઉન્માદ જાય.

(૩૩) કરંજના મુળ, દારૂહળદર, ધોળા સરસવ, કડ, હીંગ, વજ, મજીઠ, ત્રિફળાં, સુંઠ, કાળાં મરી, પીપરીમુળ, પ્રિયંગુ, એ બધાં સમભાગે લઇ, બકરીના મુત્રમાં વાટી સુંઘાડવાથી કે આંજવાથી બકવાદ કે ભુતબાધા મટે.

(૩૪) શંખાવલીનું મુળ, ચોખાના ધોવણમાં કે ઘીમાં વાટી, સુંઘાડવાથી ઉન્માદ કે ભુતદોષ જાય.

(૩૫) કંઇ અદ્ભુત વસ્તુ બતાવવાથી કે ઇષ્ટિનું નામ સંભળાવવાથી પણ ઉન્માદ દુર થાય.

(૩૬) કૌંચાની ફળી અડાડવાથી કે ભય બતાવવાથી પણ ઉન્માદ જાય.

(૩૭) શેકેલી હીંગ, સંચળ, સુંઠ, મરી, પીપર, એ દરેક તો. ૧, ગાયનું ઘી શે. ૪, ઘીથી ચારગણું ગોમુત્ર લઇ, ધીમી આંચે પકાવતાં ઘી સિદ્ધ થાય, ત્યારે ગાળી લેવું. તે તો. ૨ થી ૨॥ ભોજન સાથે લેવાથી ઉન્માદ કે ગાંડપણ દૂર થાય.

(૩૮) કાંટાશેળીયાનો રસ શે. ૪, કુંવારના પાઠાનો રસ શે. ૪, ચિરચિરાનો રસ શે. ૪, લીમડાની છાલનો રસ શે. ૪, ગોમુત્ર શે. ૪, એમાં તેલ શે. ૧ પકાવી, તે સિદ્ધ થતાં શરીરે મર્દન કરવાથી વાઈ કે ઉન્માદ અગર અપસ્માર ટળે.

(૩૯) રાઇ, સરસવ ધોળાં, ગોમુત્રમાં વાટી, અંગે ચોળવાથી કે લેપ કરવાથી મૃગી મટે.

(૪૦) મણસીલ અને કબુતરની હઘાર, બંને બારીક વાટી આંખે આંજવાથી વાઈ નાબુદ થાય.

(૪૧) ત્રિફળાં, પિત્તપાપડો, દેવદાર, સાલવણ, જવાસો, તગર, હળદર, દારૂહળદર, ઇંદ્રાયણના મૂળ, ગોશીષ ચંદન, પદ્માક્ષ, કઠ, પદ્મકાષ્ઠ, એલચી, તમાલપત્ર, વાવડીંગ, નસોતર, મજીઠ, રૂદંતી, જેઠીમધ, નાગકેસર, પીઠવણ, ચંબેલીનાં ફુલ, એ દરેક તો ૦।। લઈ, પાણી શે. ૪ માં વાટી, ગાયના ઘી શે. ૧ માં નાખી ધીમી આંચે પકાવતાં ઘી સિદ્ધ થાય ત્યારે ઉતારી લેવું. એ ઘી રોજ તો. ૨ થી ૨।।, ભોજન સાથે લેવાથી મૃગી, ઉન્માદ, પાંડુ જાય. પથ્ય પાળવું. **કલ્યાણઘૃત.**

(૪૨) સુંઠ, કાળાં મરી, પીપર, શેકેલી હીંગ, સમભાગે વાટી, તે ચુરણ રોજ તો. ૧, ઘી સાથે ચાટવાથી ૧૫ દીવસમાં વાઇ મટી આરામ થાય.

(૪૩) જેઠીમધનું ચુરણ, કોહોળાના રસમાં સાત દીવસ ખાવાથી મૃગી નાબુદ થાય.

(૪૪) વજ, કરંજબી, હીંગ, સીંધાલુણ, પીપર, કડુ, મરી, ધોળાં સરસવ, સુંઠ, શિરીષના બી, એ દરેક તો. ૨, બારીક વાટી, ગાયના મુત્રમાં ખુબ ખરલ કરી, તેની ગોળી વાળી હવામાં સુકવવી, તે ગોળી પાણીમાં ઘસી આંખે આંજવાથી ઉન્માદ મટી મગજ ઠેકાણે આવશે. ગોળી અવારનવાર આંજવી.

(૪૫) કોહોળાનો રસ શે. ૮, ગાયનું ઘી શે. ૧, જેઠીમધનો કાઢો શે. ૨, સાથે મેળવી પકાવતાં ઘી સિધ્ધ થાય, ત્યારે ગાળી લેવું. એ ઘી ખાવાથી વાઈ ટળે. પથ્ય પાળવું.

(૪૬) ધોળી તથા કાળી કપુરીમધુરી, રણુકબીજ, દારૂહળદર, દેવદાર, સુંગધી સમેરવો, મજીઠ, આંબળાં, બેહેડાં, નાગકેસર, તગર, હરડાં, નાગરમોથ, ઇંદ્રાયણનું મૂળ, દાંતીમૂળ, દાડિમની છાલ, કાળું કમળ, એલચી, કઠ, વાવડીંગ, પદ્મક, જાઇનાં ફુલ, તાલીસપત્ર, સુખડ, ઉભી રીંગણી, એ બધાં એક એક તોલો લઈ, તેની ચટણી કરવી, તથા ઘી તો. ૬૪, પાણી તો. ૨૫૬, એ બંનેમાં ચટણી મેળવી ધીમી આંચે

ઉકાળતાં ઘી સિદ્ધ કરી ગાળી લેવું. આ ઘૃતના સેવનથી અપસ્માર, ઉન્માદ, વાઈ, પાંડુ તથા ભૂતાદિકની બાધા મટી આરામ થાય.

(૪૭) શેકેલી હીંગ તો. ૧, વજનું ચુરણ તો. ૨, કઠનું ચુરણ તો. ૨, સંચળ તો. ૮, વાવડીંગ તો. ૧૬, એ બધાંનું વસ્ત્રગાળ ચુરણ વાલ ૧ થી તો. ૧ સુધી ગરમ પાણીમાં લેવું. એથી હીસ્ટિરિયા, ઉન્માદ કોલેરા અને આફ્રો પણ મટી જશે.

(૪૮) આકડાનાં તાજાં રવૈડાં (ફુલ) તથા મરી, સમભાગે વાટી એકેક વાલની ગોળીયો વાળવી. તે પ્રથમ દીવસે ત્રણ, બીજે દીવસે ચાર, એમ સાત રોજ એકેક ગોળી વધારતાં ખાવી. અને સાત દીવસ એકેક ગોળી ઘટાડતાં ખાવી. દરદ મટતાં સુધી દર મહીને પંદર દીવસ ઘીમાં ખાવી. એથી વાઈ, ઉન્માદ જશે. પથ્ય બરાબર પાળવું. પેટ કે ગળામાં ગરમી જણાય તો મધ કે ઘી ચાટવું. દર્દ નરમ પડતાં અર્ક ફુલનું પ્રમાણ ઓછું કરતા જવું.

(૪૯) કણેરનો ઘનસાર અને અફીણ, આકડાના દુધમાં વાટી ઘઉંભારની ગોળીયો વાળવી. તે રોજ બેવાર બે ગોળી ખાવી. એથી અપસ્માર, આંચકી, ઉન્માદ, વાઇ, ભુતબાધા વિગેરે મટે.

(૫૦) કાંટાશેળીયાની છાલ, કઠ, વાળો, જીરૂં, લસણ, સુંઠ, કાળાં મરી, પીપર, હીંગ, એ દરેક તો. ૦॥, તેલ શે. ૦॥, બકરીનું મુત્ર શે. ૨, એ બધાં ધીમી આંચે પકાવી તેલ સિદ્ધ કરવું. એ તેલ સુંઘાડવાથી વાઇ, ઉન્માદ જાય.

(૫૧) વજનું ચુરણ તો. ૧, મધ કે ઘીમાં ચટાડવાથી મૃગી મટે. આ ઉપાય એક માસ ઉપરાંત બરાબર કરવો.

(૫૨) છાલસહિત પીળા કણેરનું લીલું લાકડું કચરી, તે બશેર કુચામાં ચાર પાંચ હરડાંની છાલ નાખી, દશ શેર પાણીમાં ઉકાળતાં બશેર પાણી રહે ત્યારે ગાળીને શીશામાં તે ભરી લેવું. તે રોજ સવારે ચાર આનીભાર પીવરાવવાથી અપસ્માર, દમ, ક્ષય, ઉન્માદ, વાઈ, આંચકી,

ભૂતબાધા, શૂળ, ધનુર્વા, પ્રદર, વિગેરે નાબુદ થાય.

(૫૩) ઘોડાના મુત્રમાં રૂનું પુંબડું બોળીને સુંઘાડવાથી હીસ્ટીરિયાની બેભાન હાલતમાંથી દર્દી તરત સાવધાન થશે.

(૫૪) ત્રિફળાં, ચિત્રક, ચવક, પીપર, સુંઠ, વાવડીંગ, પીપરીમૂળ, સીંધાલુણ, અજવાયણ, ધાણા, જીરૂં, એ બધાં બારીક વાટી, ચુરણ તો. ૧, ગરમ પાણી સાથે લેવાથી મૃગી, ઉન્માદ કે હરસ મટે.

(૫૫) સુંઠ, કરીયાતું, ધમાસો, પીપર, સુવા, બ્રામ્હી, મરી, બારીક વાટી તો: ૧ ની ગોળમાં ગોળી વાળવી. તે બે વખત ખવરાવવાથી ઉન્માદ, બકવાદ, ચિત્તફેર ટળે.

(૫૬) નાગકેસર, બેહેડાં, હરડે, જાયફળ, એલચીદાણા, લવીંગ, કસ્તુરી, શુદ્ધ પારો, શુદ્ધ ગંધક, એ બધાં સમાન ભાગે લઇ, પાણીમાં ખરલ કરી બબ્બે રતીની ગોળીયો વાળવી. એ ગોળી હીંગ સાથે લેવાથી અપસ્માર મટે અને આદુના રસમાં લેવાથી મૂર્છારોગ જાય. પથ્ય પાળવું.

(૫૭) મજીઠ, હીંગ, વજ, સરસવ, દેવદાર, કરંજ, હરડાં, બેહેડાં આંબળાં, કડુ, માલકાંકણી, તજ, સુંઠ, પીપર, મરી, કાંગ, શિરીષના મૂળ, હળદર, દારૂહળદર, એ બધાં સમ ભાગે વાટી, બકરીના મૂત્રમાં ખુબ ઘુંટી, બોર પ્રમાણ ગોળીયો વાળવી. તે પાણીમાં ઘસી આંખે આંજવાથી વાઇ, ઉન્માદ, બકવાદ, ભૂતબાધા ટળી જશે.

(૫૮) મણસીલ, હરતાળ, અબરખ, પારો, ગંધક, એ પાંચે શોધેલાં લેવાં અને ગોમુત્રમાં બે દીવસ ખરલ કરવાં. એના લોંદા કરતાં બમણો ગંધક લેવો. તેમાંથી અર્ધો ગંધક, માટીના વાસણને તળીયે પાથરવો અને તેના પર લોંદો મુકવો. પછી તેનાપર બાકી રહેલ ગંધક મુકવો. એક પહોર તેને અગ્નિપર રાખી ઉતારી લેવો. તે રોજ એક રતી, મધ કે ઘીમાં સાત દીવસ ખાવાથી હીસ્ટિરિયા, વાઇ, ઉન્માદ મટે. પથ્ય બરાબર પાળવું.

(૫૯) ભાદરવામાં ઝીલના છોડવા પર સવારમાં થુંકના જેવું જામે

છે, તે ખડવેલો કહેવાય છે, તેમાં મરી, શે. ૦ાા, એક માસ પલાળી રાખી, પછી છાંયે સુકાવી, સોળ પહોર ખરલ કરી, વસ્ત્રગાળ બનાવી, તેમાંથી રોજ બે વાલ અથવા દર્દ થવાના અવસરે ફુકાવવાથી વાઈ કે દમ અથવા ઉન્માદ જાય.

(૬૦) જવાન થોર કોચીને તેમાં કોથળીમાં નાખેલાં મરી અથવા લવીંગ તો. ૫ નાખી, તેનાજ કટકાથી બંધ કરી, ૭ મહીના રાખી મુકવાં. પછી તે કહાડી, સુકવી રોજ દર્દીને એકેક સુંઘાડવાથી અને એકેક ખવરાવવાથી મૃગી કે ઉન્માદ મટી આરામ થાય.

(૬૧) વાંઝ કંકોડીનાં મૂળ, ઘીમાં ઘસી, તેમાં સાકર નાખી નસ્ય આપવાથી વાઇ નષ્ટ થાય.

(૬૨) માલકાંકણી, ખુરાસાની અજમો, અકલકરો, જાયફળ, લવીંગ, એલચીડોડા, અજમો, વાવડીંગ, નાગકેસર, એ બધાં સમભાગે લઇ, બારીક વાટી, ભાંગરાના રસમાં બોર જેવડી ગોળીયો વાળવી. તે રોજ એક ગોળી પાણી સાથે લેવાથી અપસ્માર, ઉન્માદ, ચિત્તફેર દૂર થાય.

(૬૩) નગોડના રસમાં અખોડ ઘસી, તેનું નસ્ય આપવાથી વાઇ કે ચિત્તભ્રમ ટળે.

(૬૪) ધોળી ડુંગળીનો રસ, નાકે સુંઘવાથી મૃગી મટે.

(૬૫) હાથીનું મુત્ર, નાકના બંને નસકોરામાં બે ચાર ટીપાં નાખવાથી માથાના કીડા ગરી પડતાં દર્દીને આરામ થાય.

(૬૬) ખડબ્રાહ્મીનો રસ તો. ૧, લઇ તેમાં કુલીંજણ કે અકલકરાનું ચુરણ ત્રણ માસા અને તેટલુંજ મધ નાખી, રોજ બે વખત ચટાડવાથી અપસ્માર, ઉન્માદ, ચિત્તભ્રમ જાય. એ રોગ માટે ઉપરની વનૌષધિ અકસીર ગણાય છે.

(૬૭) રાયણના ઝાડપરની ગાંઠો અંગારામાં શેકી, તેનો રસ કહાડી, તેમાં મધ અને પીપરનું ચુરણ નાખી પાવાથી અપસ્માર દૂર થાય.

(૬૮) શતાવરી તો. ૧, દુધમાં ઘસીને પાવાથી અપસ્માર મટે.

(૬૯) બીજોરૂં, લીંબુનો રસ અને નગોડનો રસ, એકત્ર કરી ત્રણ દીવસ નસ્ય આપવાથી અપસ્માર કે મૃગી ટળે.

(૭૦) મહુડાંની અંતરછાલ, પીપર, વજ, મરી, સીંધાલુણ, એ કોકરવરણા પાણીમાં વાટી નસ્ય આપવાથી અપસ્માર, ઉન્માદ, સન્નિપાત, વાઇ, વિગેરે નાબુદ થાય.

(૭૧) રાસ્ના, કરીયાતું, ચવક, માલકાંકણી, પીપર, અજમો, સુંઠ, પીપરીમૂળ, એ દરેક તો. ૧, બ્રાહ્મી તો. ૫, એ બધાં ખાંડીને સાત પડીકાં કરવાં. રોજ એક પડીકું પાણી શે. ૧ માં ઉકાળતાં નવટાંક પાણી રહે ત્યારે ગાળીને પાઇ દેવું. એથી ઉન્માદ, બકવાદ કે ગાંડાઇ મટી જશે.

(૭૨) બ્રાહ્મીનો રસ શે. ૫, ગાયનું ઘી શે. ૫, એ બંને એકઠાં કરી બંટી કે બાવટાના ધાનની કોઠીમાં સાત દીવસ દાટી મુકવાં. પછી અગ્નિપર મુકી, રસ બળી જતાં માત્ર ઘી રહે. ત્યારે ઉતારી લેવું. તેમાં દેવદાર, કાયફળ, ભારંગ, લવીંગ, કાકડાશીંગી, ચવક, કાળીપાટ, ખુરાસાની વજ, નાગરમોથ, હરડાં, બેહેડાં, આંબળાં, પીપરીમૂળ, શતાવરી, અકલકરો, કંકોલ, સુંઠ, પીપર, મરી, ચિત્રાછાલ, વરધારો, એ દરેક તો. ૧ લઇ, બહુ બારીક વાટી, તેની ચટણી બનાવીને તે ઘીમાં નાખી દેવી. એ ઘી રોજ તો. ૨ થી ૪ સેવવાથી ઉન્માદ વાઈ, અપસ્માર, ચિત્તભ્રમ અવશ્ય ટળી જાય.

(૭૩) આ શિવાય **સન્નિપાત**માં બતાવેલ ઉપાયોમાંના ઘણાખરા ઉપાયો અપસ્માર, વાઈ, ઉન્માદ અને ચિત્તભ્રમ મટાડવા માટે ઉપયોગી છે.

વાત, પિત્ત અને કફની ન્યૂનાધિકતા ઉપર વાઇ-મૃગીનો કે અપસ્માર-હીસ્ટીરિયાનો આધાર છે. વાતમૃગી ૧૨ દીવસે, પિત્તમૃગી ૧૫ દીવસે અને કફમૃગી એક માસે અને ત્રિદોષજન્ય સંનિપાતની વાઈ વારંવાર કે અનિયમિત આવે છે. વાતમૃગીમાં શરીરે કંપ થાય, દાંત કકડાવે, મોઢે

ફીણ આવે અને શ્વાસ જણાય. પિત્તમૃગીમાં પીળાં ફીણ આવે, મોઢું અને આંખો પીળાં પડી જાય, તૃષા લાગે અને શરીર ગરમ રહે. કફમૃગીમાં સફેત ફીણ આવે, શરીર, મુખ અને આંખ ધોળાં થઇ જાય. અને ઠંડી લાગે. સન્નિપાતમૃગીમાં ઉપર બતાવેલ ત્રણે દોષના ચિન્હ જણાય છે. વાત. પિત્ત કે કફની ન્યૂનતામાં ઉપર બતાવેલ કાળમર્યાદા કરતાં લાંબે દીવસે પણ મૃગી આવે છે. આ તો એક સામાન્ય કાળમર્યાદા બતાવી છે.

(૭૪) સરસવ, હીંગ, વજ, કવચનાં બી, દેવદાર, મજીઠ, ત્રિફળાં, ફટકડી. માલકાંકણી, તજ, સુંઠ, મરી, પીપર, ધઉંલો, સરસડીયો, હળદર. દારૂહળદર, એ બધાં સમભાગે લઈ, બકરાના મુત્રમાં બારીક વાટીને ખાવાથી, આંજવાથી, સુંઘવાથી, લેપ કરવાથી, એના પાણીવતી ન્હાવાથી અને શરીરે ચોળવાથી અપસ્માર, ઉન્માદ, પ્રેતાદિકની બાધા ટળે છે. આ ઔષધો સાથે પકાવેલ ઘી, ગોમૂત્રમાં વાપરવાથી પણ ઉપલાં દર્દો મટે છે.

(૭૫) કોહોળાના રસમાં આઠમે ભાગે ઘી નાખવું, તથા જેઠીમધ, દ્રાક્ષ, શંખાવલી, શતાવરી, મજીઠ, રાસ્ના, હરડે, તજ, તમાલપત્ર, એલચી, લઘુ શતાવરી, પુષ્કરમૂળ, ઉપલેટ, એ ઔષધોની ચટણી બનાવી ઘી સિદ્ધ કરવું. એ ઘી ખાવાથી ઉન્માદ, અપસ્માર તથા રક્તપિત્ત ટળે.

હીસ્ટીરિયા (અપસ્માર), વાઈ (મૃગી), ઉન્માદ (ગાંડાઈ), એ દરેકની દવા લેતાં પથ્ય અવસ્ય પાળવું જોઇએ. તેલ, મરચું, ખટાઇ કે વાયડી ચીજ ન ખાવી. બ્રહ્મચર્ય પાળવું.

(૭૬) પંજાબી શાલમ, કાળી મુશળી, ધોળી મુશળી, બળબીજ, એખરો, નિર્ગુડી, એલચીદાણા, એ દરેક તો. ૩, શતાવરી, પીપર, મોગલાઇ બેદાણા, ઇંદ્રજવ, ધોળાં મરી, કાંચકાં, કાશી, એ દરેક તો. ૨, ગોખરૂ, તમાલપત્ર, ચોપચીની, સુંઠ, તજ, વંશલોચન, ઈસસ, એ દરેક તો. ૧, કેસર તો. ૦ાા, સાકર શે. ૩, ગાયનું દુધ શે. ૪, પ્રથમ ઉપરની બધી

ચીજોનું બારીક ચુરણ કરવું. પછી દુધ ઉકાળી તેમાં ચુરણ તો. ૧ નાખી પાવું. પણ તે પહેલાં શોધેલ ઝેરકોચલાનું ચુરણ વાલ ૧, સાકરમાં લેવું, પછી દુધ પીવું. એથી પ્રસૂતાનો સન્નિપાત જશે, મગજના તમામ રોગ, બકવાદ, ગાંડાઇ વિગેરે એનાથી મટી જાય છે.

(૭૭) પીપર, સુંઠ, વજ, કઠ, જીરૂં, હળદર, અજમોદ, જેઠીમધનાં મૂળ, સીંધાલુણ, એ બધાંનું બારીક વસ્ત્રગાળ ચુરણ બનાવી, તે માખણ તો. ૧ માં મેળવી ૨૧ દીવસ ખાવાથી સુવાવડીનો સન્નિપાત જાય. ગાંડાઇ ઉન્માદ વિગેરે મગજના બધા રોગ પણ નાબુદ થાય.

(૭૮) કઠ, પીપર, સુંઠ, કાયફળ, ધોળો વજ, દેવદાર, ધાણા, કડુ, હીમજ, નાગરમોથ, કરીયાતું, ગજપીંપર, ધમાસો, એ બધાં સમભાગે લઈ, ચુરણ બનાવી, પાણી તો. ૪૮ માં ચુરણ તો. ૪ નાખી ઉકાળતાં પાણી તો. ૧૨ રહે, ત્યારે ઉતારી, તેમાં જરા સીંધાલુણ અને શેકેલી હીંગનું ચુરણ નાખી, રોજ બે વખત પાવાથી પ્રસૂતાનો સન્નિપાત ટળશે. પથ્ય પાળવું.

(૭૯) દેવદાર, દ્રાક્ષ, મોથ, આંબળાં, ગળો, હરડે, ગરમાળાનો ગોળ, કરીયાતું, પિત્તપાપડો, કડવાં પંડોળાં, એનો કાઢો કરી પાવાથી સન્નિપાત મટે.

(૮૦) હરડે, વાળો, કડવાં પંડોળાં, દ્રાક્ષ, બ્રાહ્મી, શંખાવલી, પિત્તપાપડો, ગરમાળાનો ગોળ, કડુ, એનો કાઢો પાવાથી સન્નિપાત જાય.

(૮૧) અગથીઆના પાનના રસમાં ગોળ, સુંઠ અને પીપરનું ચુરણ નાખી પાવાથી પ્રસુતાનો સન્નિપાત ટળે.

(૮૨) દશમૂળ, વાળો, નાગરમોથ, સુંઠ, પિત્તપાપડો, રતાંજળી, ધાવડીની છાલ, અરડુસી, એના કાઢામાં જરા ગોળ નાખી પાવાથી સન્નિપાતનો બકવાદ મટે.

(૮૩) આસંધ, શંખાવલી, કુંભાની છાલ, તગર, દેવદાર, બ્રાહ્મી, જટામાંસી, નાગરમોથ. ગરમાળો, હરડે, દ્રાક્ષ, એનો કાઢો પાવાથી પ્રલા—

પક સન્નિપાત નાબુદ થાય.

(૮૪) બ્રાહ્મી, ઘોડાવજ, શંખાવલી, કોહોળું, એનો અંગરસ, જુદો જુદો કહાડી, તેમાં મધ અને કઠનું ચુરણ મેળવી પાવાથી સૂતિકાસન્નિપાત નાશ પામે. પથ્ય પાળવું.

(૮૫) ધમાસાનો અથવા હીમજનો કાઢો, ઘી નાખી પાવાથી અથવા દશમુળના કવાથમાં ઘી નાખી પાવાથી સંન્નિપાત દૂર થાય.

(૮૬) ઘોડાવજનું ચુરણ તો. ૧, મધમાં ચટાડવાથી સન્નિપાત મટે.

(૮૭) રાઈ, ગોમુત્રમાં વાટી, આખા શરીરે ચોળવાથી અગર લેપ કરવાથી સન્નિપાત જાય.

(૮૮) વગડાઉ છાણાંની રાખ, આકડાના દુધમાં ભીંજવી, તે સુકાયા પછી તપખીરની જેમ સુંઘવાથી ચિત્તભ્રમ મટે.

(૮૯) અરીઠાં, લીંબુના રસમાં ઘસી, તેનું નસ્ય આપવાથી મગજ ઠેકાણે આવે.

(૯૦) ગળો, સુંઠ, પીપર, મરી, ઘોડાવજ, મહુડાનો ગુંદર, રૂદ્રાક્ષ, સીંધાલુણ, રીંગણીનાં ફળ, લસણ, એ બધાં સાથે વાટી, તે નાકે સુંઘવાથી સન્નિપાત, બકવાદ, મસ્તકશૂળ વિગેરેનો નાશ થાય.

(૯૧) વજ અને કઠનું ચુરણ તો. ૧, બ્રાહ્મી કે શંખાવલીના રસમાં અથવા જુના ગોળ સાથે દીવસ ૧૫ લેવાથી ચિત્તભ્રમ કે સન્નિપાત મટે.

(૯૨) ઘી પાવાથી વાતસન્નિપાત, જુલાબ આપવાથી પિત્તસન્નિપાત અને ઉલટી કરાવવાથી કફસન્નિપાત નાબુદ થાય. પણ પ્રસુતાની પ્રકૃતિ જોઇ આ ઉપાય કરવો.

(૯૩) તલની સાથે લસણ ખાવાથી વાતોન્માદ, દુધ સાથે શતાવરી ખાવાથી પિત્તોન્માદ અને મધ સાથે બ્રાહ્મીનો રસ પીવાથી કફોન્માદ નાબુદ થાય.

(૯૪) અકલકરો તો. ૫, એનું ચુરણ વાલ ૧૦, મધમાં મેળવી રોજ ત્રણ વખત ચટાડવાથી ૨૧ દીવસમાં આરામ થશે. ચિતભ્રમ કે બકવાદ ટળશે.

પ્રકરણ ૧૪ મું.

સ્તનરોગ.

સ્તનને બરાબર ધોઇ સાફ ન રાખવાથી ઘણીવાર સ્ત્રીઓના સ્તન પર સોજા કે ગુમડાં થઇ આવે છે, તેમજ બાળક મરી જવાથી કે તે બીમાર પડતાં ધાવણ ન ધાવવાથી સ્તનમાં દુધ ભરાઈ રહેતાં તે જામી જાય છે અને તેથી ગડ બંધાઈ જતાં તેની ભારે વેદના, દાહ અને સોજો થઈ આવે છે. જેથી કરીને સ્ત્રીને વખતસર તાવ પણ આવી જાય છે અને સ્તન પર ઢોકળાં ઉપસી આવતાં ખરજ અને બળતરા વધી પડે છે. આવા સમયે ધાવણનો તરત નિકાલ થાય તેમ કરવાની ખાસ જરૂર છે. માટે દર્દ જોઇ દર્દીની અનુકુળતા પ્રમાણે નીચે બતાવેલા ઉપાયોમાંનો કોઈ પણ ઉપાય કરી લેવો.

સ્તનરોગના ઉપાયો—

(૧) વાંઝ કંકોડીના મૂળ, ગરમ પાણીમાં ઘસી, સ્તનપર તેનો લેપ કરવો.

(૨) સમુદ્રશોષના પાન ગરમ કરીને બાંધવાં.

(૩) ધતુરાનાં પાન અને હળદરના કલ્કનો લેપ કરવો.

(૪) એરંડાનાં પાન બાફીને સ્તનપર બાંધવાં.

(૫) કડવી ઇંદ્રાયણના મૂળ, પાણીમાં ઘસી, તેનો લેપ કરવો.

(૬) હળદર અને લોદર પાણીમાં વાટી, તેનો લેપ કરવો.

(૭) નરમાના મૂળ તથા દુધી, એ બંને કાંજીમાં વાટી સ્તનપર તેનો લેપ કરવો.

(૮) સરગવાના મૂળનો રસ સ્તનપર ચોપડવો, તેમજ પોતાની શક્તિ પ્રમાણે તે એકથી બે તોલા પી જવો.

(૯) કડવી ઇંદ્રવારણીના મૂળ, કુંવારના મૂળ, હળદર, એ ત્રણે

પાણીમાં ઘસી, ગરમ કરી, સ્તનપર તેનો લેપ કરવો.

(૧૦) પીંપળાની છાલ શેકી પાણીમાં નાખી, તે પાણીમાં લોખંડનો કટકો વારંવાર તપાવી છમકારવો. પછી તે પાણી ગાળી સવાર સાંજે પીવું.

(૧૧) જળો લગાડી, બગડેલ લોહી ચુસાવવાથી પીડા મટી આરામ થશે.

(૧૨) બંને રીંગણી, ગોખરૂ, પાષાણભેદ, એરંડ, બીજોરી અને બીલી, એ સાતે ઔષધોના કાઢામાં એરંડીયું, શેકેલી હીંગ, સીંધાલુણ અને જવખારનું ચુરણ નાખી, તે પીવાથી સ્તનરોગ તથા વાયુથી થતી પીડા મટશે.

(૧૩) તાવડીમાં શેકેલ એરંડી, વિલાયતી કોલસો, ખારેક, સાબુ, એ બધાંને બારીક વાટી-ઘુંટી પચીશ પાણીથી ધોયેલા ઘીમાં ખરલથી એકરૂપ કરી મલમ બનાવવો. એથી સ્તન પાક્યું હશે તો રૂઝ આવી આરામ થશે.

(૧૪) ઈંગોરીયાના મૂળ પાણીમાં ઘસી, ગરમ કરીને સ્તનપર લેપ કરવો અને ઉપર ધતુરાનાં પાન શેકીને ત્રણ દીવસ બાંધવાં.

(૧૫) કપાસનાં મૂળ અને દુધી, એ બંનેને ઘઉંની કાંજીમાં વાટી સ્તનપર તેનો લેપ કરવો.

(૧૬) કાળીવેલનાં મૂળ, ટાઢા પાણીમાં ઘસી, તેનો લેપ કરવો.

(૧૭) ચિત્રાનાં મૂળ, પાણીમાં ઘસી, તેનો લેપ કરવાથી સ્તનના સોજા કે ગાંઠ મટે.

(૧૮) મીંઢળને ટાઢા પાણીમાં ઘસી, તેનો લેપ કરવો.

(૧૯) મીંઢીઆવળનાં મૂળ, પાણીમાં ઘસી, સ્તનપર ચોપડવાથી ગુમડાં મટી આરામ થાય.

(૨૦) નાની મોથ અને કડવી વૃંદાવની, એ બંને મૂળસહિત લાવી, ચોખાના ઓસામણમાં વાટી, લેપ કરવાથી સ્તન સંબંધી બધા રોગ નાશ પામે.

(૨૧) વાંકેરીનું ભોથું, પાણીમાં ઘસી, સ્તનપર તેનો લેપ કરવો.

(૨૨) ધાવણુ વધવાથી સ્તન ભરાઈ આવ્યાં હોય, તો ઉપર ગરમ પાણી રેડવું. પછી નસો નરમ થતાં પોતાને સોહાય તેમ દાબીને દુધ કહાડી નાખવું અથવા તો બીજા કોઇના બાળકને ધવરાવી એકઠા થયેલ ધાવણુનો નિકાલ કરવો.

(૨૩) લીલાં કે સુકાં અંજીરની પોટીસ બાંધવાથી સ્તનની ડીંટડી પાકી હશે, તો રૂઝાઇને આરામ થશે.

(૨૪) નવસારના પાણીના પોતાં મુકવાથી સ્તનમાં દુધની બંધાયેલ ગાંઠ છુટી પડી જશે.

(૨૫) લાખ, મરડાશીંગ, એ બંને પાણીમાં વાટી, સ્તનપર તેનો લેપ કરવાથી, સ્તનમાં દુધ વારંવાર ઉભરાઇ જતું હશે, તો તે ઓછું થઇ જશે.

(૨૬) સફેત જીરૂં સ્ત્રીને વધારે ખવરાવવાથી અને તે સરકામાં મેળવી, સ્તનપર તેનો લેપ કરવાથી વધી જતું દુધ કમી થશે.

(૨૭) મસુરની દાળ પાણીમાં પકાવી, તેમાં સરકો નાખી સ્ત્રીને ખવાડવાથી અને તેજ દાળનો સ્તનપર લેપ કરવાથી દુધ કમી થઇ જશે,

(૨૮) ઇસબગુલનો માવો, સ્તનપર બાંધવાથી અથવા સદાબનાં પાન ખોરાકમાં ખવરાવવાં અને તે સ્તનપર બાંધવાં. એથી દુધની આવક ઓછી થશે.

(૨૯) વાલની દાળના આટામાં જરા ઘી નાખી, સરકા સાથે લેપડી બનાવી, તે ગરમ ગરમ સ્તનપર મુકવાથી દુધ કમી થશે.

(૩૦) શરદી જણાતી હોય તો અજમાની પોટીસ બનાવી સ્તનપર બાંધવી. એથી પણ વધી જતું દુધ કમી થઇ જશે.

પ્રકરણ ૧૫ મું.

અશુદ્ધ અને શુદ્ધ ધાવણની ઓળખાણ.

અશુધ્ધ અને વાસી કે બગડી ગયેલા ખોરાકથી માતાનું ધાવણ બગડી જાય છે અને તેથી બાળકને અનેક પ્રકારના રોગ ઉત્પન્ન થાય છે. આવું ધાવણ બાળકોને માફક આવતું નથી. જે ધાવણનું દુધ તુરૂં અને પાણીમાં નાખતાં ઉપર તરી આવે, તે વાયુથી દૂષિત થયેલ સમજવું. જે તીખું, ખાટું અને ખારૂં હોય તથા જેનાપર પીળી રેખાઓ માલુમ પડે, તે દુધ પિત્તથી બગડેલું સમજવું. જે દુધ ઘટ્ટ અને પરપોટાવાળું હોય અને પાણીમાં નાખતાં જે તળીયે બેસી જાય, તે કફથી અશુધ્ધ થયેલ જાણવું. જેમાં બે દોષ કે ત્રણ દોષના લક્ષણો જણાય, તે બંને દોષવાળું અગર ત્રિદોષવાળું સમજવું. વળી જે દુધ પાણીમાં નાખતાં એકરૂપ થઈ જાય, તથા જે ધોળું અને મધુર હોય, પણ બેરંગી ન થાય, તે શુધ્ધ દુધ સમજવું. એવા શુદ્ધ ધાવણથી બાળકને પોષણ મળતાં તે તંદુરસ્ત રહે છે, એટલુંજ નહિ, પરંતુ તે સારી રીતે રૂષ્ટ પુષ્ટ અને મજબુત બાંધાવાળું બને છે.

ધાવણની શુદ્ધિ અને વૃધ્ધિના ઉપાયો—

(૧) દેવદાર, કરીયાતું, મોરવેલ, સુંઠ, ઈંદ્રજવ. પહાડમૂળ, તગર, ઉપલસરી, લીમડાની ગળો, નાગરમોથ, સારસા પરેલાના મૂળીયાં, એ બધાં એક શેર પાણીમાં ઉકાળતાં તો. ૧૦ એટલે ચોથો ભાગ પાણી રહે, ત્યારે ગાળી લેવું. તે દીવસમાં ત્રણ વખત પાવાથી બગડેલ ધાવણ શુધ્ધ થાય અને સ્તનમાં દુધ પણ વધે.

(૨) સીંધાલુણ અને જેઠીમધ નાખી ઘી ચટાડવું અને આસોપાલવના

ફુલ વાટી સ્તનપર લેપ કરવાથી કફદૂષિત ધાવણ શુધ્ધ થાય.

(૩) વિદ્દારિકંદનો રસ કે ચુર્ણ, સાકર સહિતના દુધમાં નાખી પીવાથી ધાવણનું દુધ વધે.

(૪) આસંધ, ફુગવેલાનો કંદ તથા જેઠીમધના કાઢામાં ગાયનું દુધ કે ઘી નાખી પીવાથી સ્તનમાં દુધ વધે.

(૫) શતાવરીના અને ભોંયકોહોળાનાં મૂળ, દુધમાં વાટી પીવાથી ધાવણની વૃદ્ધિ થાય.

(૬) મેથીની કે અળવીની ભાજીનું શાક ખાવાથી ધાવણ વધે.

(૭) દુધમાં અસાળીયાની ખીર રાંધી, તેમાં ઘી અને સાકર નાખી ચૌદ અથવા એકવીશ દીવસ રોજ સવારે તે ખીર ખાવી.

(૮) સ્હેજ ગરમ દુધમાં પીપરનું ચુરણ નાખી, તે દુધ પીવાથી સ્તનમાં દુધનો વધારો થાય.

(૯) ગળોના મૂળનો કાઢો, દુધ નાખી ત્રણ દીવસ પીવો.

(૧૦) સવારે અને સુતી વખતે પાનમાં સુવા અર્ધી મુઠી ખાવાથી ધાવણમાંના વિકાર દૂર થશે.

(૧૧) પ્રભાતે નરણે કોઠે ચારોળી ખુબ ચાવીને ખાવાથી ધાવણ વધે.

(૧૨) પ્રસૂતિને એક માસ થયા પછી જો કંઇ દર્દની અસર ન હોય, તો ધાટી અને મોળી છાશ પીવાથી સ્તનમાં દુધ વધે.

(૧૩) આસંધ, ધાણા, સુવા, સુંઠ, એ દરેક તો. ૨॥ વાટી, ઘી ગોળમાં તેની રાબ કરી ખાવી અને ઉપર બાજરાનો રોટલો અથવા ખીચડી ખાવાથી ધાવણ ન હોય, તો પણ દૂધ આવી વૃદ્ધિ પામે.

(૧૪) શીવણના મૂળના કાઢામાં સાકર અને જેઠીમધનું ચુરણ નાખી તે પીવાથી સ્તનમાં દુધનો વધારો થાય.

(૧૫) વીરણવાળો, સાઠી ચોખા, શાળના ચોખા, તાલીમખાના, દરભના મૂળ, નાગરમોથ, ધરો, જાડી તજ, એનો કાઢો પીવો.

(૧૬) અખરોડના પાન અને ઘઉંનો રવો, સમાન ભાગે લઈ,

તેની પુરીઓ બનાવી, તે સાત દીવસ ગાયના દુધ સાથે ખાવાથી સ્તનમાં દુધ બહુજ વધે.

(૧૭) કપાસના અને શેલડીનાં મૂળ, એકી સાથે કાંજીમાં વાટી પીવાથી સ્તનમાં દુધ આવે.

(૧૮) મેથીનો લોટ તો. ૩, દુધ શે. ાામાં રાતે પલાળી મૂકવો. પછી સવારે એક વાસણમાં નવટાંક ઘી નાખી, તે બરાબર ગરમ થતાં તેમાં ભીંજાવેલ મેથીનો લોટ નાખી સેકી કહાડવો. પછી તેમાં રાતી શેલડીનો રસ તો. ૨ નાખવો. એ પ્રમાણે તે ૨૧ દીવસ પીવાથી ધાવણ વૃદ્ધિ પામે.

(૧૯) ઇંદ્રાયણના મૂળ, ચોખાના ધોવણમાં ઘસીને તેનો સ્તનપર લેપ કરવાથી ધાવણ આવે અને વધે.

(૨૦) કમોદના ચોખા શે. ાા, ગાયના દુધમાં વાટી, તેમાં કોહળાંનો રસ તો. ૧ મેળવીને પીવાથી ધાવણ વધે.

(૨૧) અડદનો લોટ તો. ૧૦ લઇ, તે બે તોલા ઘીમાં શેકી, તેમાં મધ મેળવી રોજ તો. ૨, એકવીશ દીવસ ખાવાથી સ્તનમાં દુધ વધે. તેમાં કૌંવચનાં મીંજ નાખી ખાવાથી વધારે ગુણ જણાય.

(૨૨) કાથાબોળ કે જે હીરાબોળ અને કાથાની બનાવટ છે, તે મધ. કે દુધમાં ખાવાથી ધાવણ વધે.

(૨૩) કપાસીયાના મીંજનો ભુકો, દુધમાં ઉકાળી પીવાથી સ્તનમાં દુધનો વધારો થાય.

(૨૪) જીરૂં શેકી, બારીક બનાવી, તેની ફાકી ભરવાથી દુધ વધે.

(૨૫) પીપર, પીપરીમૂળ, સુંઠ, વાળો, મોથ, ધાણા, મજીઠ, એ દરેક બે આનીભાર લઈ તેની ચટણી બનાવી, દુધમાં મેળવી પીવાથી સ્તનમાં દુધ વધે.

(૨૬) સુંઠ, હરડે, પીપર, સમભાગે ચુર્ણ બનાવી, તે રોજ તો. ાા, પાણી સાથે લેવાથી ધાવણમાં વધારો થાય.

(૨૭) ખસખસ અને બદામના મીંજ, ખોરાક સાથે ખાવાથી દુધ વધે.

(૨૮) સુવા ભાગ ૩, કોપરૂં ભા. ૧. એ બંનેને ઘીનો પટ દઈ શેકીને તે રોજ બે વખત ૧ થી ૨ તોલા ખાવાથી થાનમાં દુધ વધે.

(૨૯) ગાયનું દુધ તો. ૨૦ લઇ, તેમાં ચણાની દાળ તો. ૧ રાતે પલાળી, સવારે ગાળી તેમાં સાકર નાખી પીવું.

(૩૦) જંગલી તુલસીનો રસ તો. ૩, તેમાં કડવી વાલનો લોટ તો. ૪ મેળવી સ્તનપર તેનો લેપ કરવાથી ધાવણ વધે.

(૩૧) ગાયના દુધમાં ચોખા વાટીને ખાવાથી દુધમાં વધારો થાય.

(૩૨) ગાજર, કાંદા, મૂળા, સરગવા-એ ચારેના બી, સુવા, વરીયાળી, એ બધાં સમાન વજને લેવાં. એ સર્વના વજન જેટલાં ભુંજેલાં ચણા (દાળીયા) લેવાં. રોજ સવારે તેમાંથી તો. ૧॥ લઇ, ઉપર માફકસર દુધ પીવાથી સ્તનમાં દુધ વધે.

(૩૩) રતનજોતના પાન, સ્તનપર બાંધવાથી દુધ વધે.

(૩૪) શતાવરીનું ચુરણ તો. ૦।, દુધ શે. ૦॥ માં ઉકાળી, તે દુધ પીવું.

પ્રકરણ ૧૬ મું.

બાળરોગ—ચિકિત્સા.

ઘણીવાર બાળકોને અચાનક રોગ થઈ આવે છે, પરંતુ તેનું કારણ તો કંઇને કંઈ હોયજ છે. માતાનું બગડી ગયેલ ધાવણ ધાવવાથી કે કબજીયાત રહેવાથી, બાળકને ન્હવરાવવા, ધોવરાવવાની બેદરકારીથી કે તેના કપડાં ગંદાં રાખવાથી, તેને જરૂર પુરતી હવામાં ન મુકવાથી કે રાતે અધિક હવામાં સુવારવાથી, એ વિગેરે અનેક કારણોને લઇને બચ્ચાંઓ રોગી બને છે. ન્હાવાની સફાઈ ન રાખવાથી તેને ચામડીના ચેપી રોગ લાગુ પડે છે.

કબજીયાત છતાં તેનો ઈલાજ ન લેવાથી તેને અતિસાર અને છેવટે સંગ્રહણી થાય છે. માતા ભારે ખોરાક કે વાયડા પદાર્થો ખાય, તો બાળકને સસણી અને પેટમાં વાયુનો ભરાવો થવા પામે છે. નિયમિત કાજળ કે તેલ ન નાખવાથી બાળકની આંખો આવે છે અને તેમાં ચીપડા પડે છે. અફીણના બંધાણુથી બચ્ચાને કબજીયાત થાય છે, જેથી તેને વારંવાર જુલાબ આપવાની જરૂર પડે છે. મતલબ કે ઘણે ભાગે માતાની બેદરકારીથીજ બાળકને રોગ થવા પામે છે. માટે સમય જોઇને માતાએ સાવચેતીથી વર્તવું કે જેથી બાળકને સંકટ સહન કરવાનો વખત ન આવે. તેમ છતાં બાળકને કંઈ રોગ થાય અથવા તે ઘસાતું જાય, તો તેને માટે આ પ્રકરણમાં ઘણા ઉપાયો બતાવેલા છે. બાળકનું દર્દ અને બળ જોઈ, તેમાંનો ગમે તે ઉપાય પોતાના હાથે કરી લેવામાં હરકત નથી.

જન્મ પછી શરૂઆતમાં બાળકને પાવાની ગળથુથી—

(૧) દેશી અથવા જુના ગોળનું પાણી તો. ૫, સુવા વાટીને તેનું ગાળી લીધેલ પાણી તો. ૦ા, ગાયનું તાજું ઘી બે આનીભાર, એ બધાં ઉકાળતાં અરધું પાણી રહે, ત્યારે ઠારી મુકવું. તે રૂના પુંમડાવતી બાળકને અવારનવાર પાવાથી મળ નીકળી જશે અને તરતમાં તેને ધાવણની જરૂર નહિ રહે. આ ઉપાય ચાર છ દીવસ ચાલુ રાખવામાં હરકત નથી.

(૨) સાકરનું પાણી તો. ૬, સુવાનું પાણી તો. ૧, ગાયનું તાજું ઘી તો. ૦ા, એ બધાં ઉકાળતાં ત્રીજો ભાગ પાણી રહે, ત્યારે ઠરવા દેવું. આ ગળથુથી રૂના પુંમડાવતી બાળકને અવારનવાર પાવાથી તેને ધાવણ જેટલો સંતોષ થશે અને મળ તથા વાયુની બાધા ટળી જશે.

(૩) ગાયના દુધમાં તેટલુંજ પાણી ઉમેરી, તેમાં જરા પતાસું નાખી ગરમ કરીને તે દુધ ત્રણ ચાર રોજ (ધાવણ ચોખ્ખું થતાં સુધી) પાવું.

(૪) ઘી અને મધમાં સોનાનો કટકો ઘસીને, ગળથુથીને બદલે તે ઘસારો ચટાડવાથી બાળક ખુમારીમાં રહેશે.

બાળકને દવા આપવાનું પ્રમાણ—

જો વનસ્પતિની દવા આપવાની જરૂર પડે, તો એક મહીનાના બાળકને ટૂંકે એક રતી, બે મહીનાના બાળકને બે રતી, એમ દર મહીને એક રતી વધારતા જવું. એક વરસના બાળકને ચાર વાલ અને પછી દર વરસે છ છ રતી વધારીને દવા આપવી. તે પણ ખુબ બારીક વસ્ત્રગાળ ચુરણ, મધ, દુધ કે ધાવણમાં મેળવીને આપવું. આ કરતાં વધારે પ્રમાણ બતાવેલ હોય, તે ત્રણ માસ ઉપરાંતના બાળક માટે સમજવું. આ તો એક સામાન્ય પ્રમાણ બતાવેલ છે, છતાં બાળકનું બળાબળ જોઇને તે કરતાં ઓછું વધતું આપવાની જરૂર જણાય, તો તે પ્રમાણે આપવામાં હરકત નથી. પરંતુ જો ઘી, મધ કે અરંડીયાની આંગળી ચટાડવાથી પતી જતું હોય, તો બીજી દવાસુધી જવાની જરૂર નથી.

બાળકને માટે હંમેશાં ઉપયોગી અને સાદી દવાઓ—

ત્રિફળાં—હરડાં, બેહેડાં અને આંબળાં એ ત્રણે મળીને ત્રિફળાં કહેવાય છે. મોટાં બાળકોને એનું ચુરણ મધમાં ચટાડવાથી દસ્ત સાફ આવે છે, પણ નાનાં બચ્ચાંઓને તો માત્ર હરડેનો ઘસારો એક બે ચમચી પાવાથી પેટ છુટ થાય છે. વળી વૈદકશાસ્ત્રમાં એમ કહેલ છે કે “ **यस्य नास्ति गृहे माता, तस्य माता हरीतकी** ” એટલે જે બાળકની માતા ન હોય, તેની માતા હરડે સમજવી. અર્થાત્ બાળકને માટે હરડે અત્યંત હિતકારી છે. આજે એ ઘરગતુ દવા તરીકે પ્રસિદ્ધ છે.

અતિવિષ—એની કળીયો આવે છે. એનો ઘસારો પાવાથી બાળકને તાવ મટે છે, તેમજ તાવ પછીની અશક્તિ કે ઝાડા પણ એનાથી ટળે છે.

વજ—ઝાડા, ખાંસી કે શરદી થઇ હોય, ત્યારે દુધીયો વજ ઘસીને બાળકને પાવાથી આરામ થાય છે.

વાવડીંગ—બાળકના કરમીયાં ટાળવા માટે આ દવા કામની છે. એનું ચુરણ મધમાં ચટાડવું અથવા કાઢો કરીને બે ચાર રોજ પાવાથી કૃમિનો નિકાલ થાય છે

સુવા—પવનથી પેટ ચડયું હોય અગર દુખતું હોય તો આ ચીજ બહુ ઉપયોગી છે. એનું તૈયાર પાણી (ડીલ-વોટર) પણ આવે છે. એરંડીયા સાથે એ પાણીના ચાર ટીપાં મેળવી બાળકને પાવાથી તરત આરામ થાય છે. અથવા તૈયાર પાણીને બદલે સુવા તો. ૧, પાણી તો. ૧૦ માં ઉકાળી ગાળીને એક બાટલીમાં ભરી રાખવું. તે એક બે દીવસ સારૂં રહી શકશે. સ્હેજ વાયુના દર્દમાં એનો વારંવાર ઉપયોગ કરવામાં પણ કાંઈ હરકત નથી.

ગળો—નબળાઇ, તાવ પછીની નબળાઇ કે તાવમાં પણ આ ચીજ ઉપયોગી છે. એના રસમાં કડવાશ હોવાથી તે નાની ગોળીની બનાવટમાં નાખી બાળકને ખવરાવવાથી ભુખ ઉઘડે છે, પાચનશકિત વધે છે અને તાકાત આવે છે. એથી ખાંસી, શરદી, સળેખમ કે શ્વાસ પણ મટે છે.

અજમો—પેટનો દુખાવો, વાયુનો વધારો અથવા કોલેરા જેવા દર્દમાં આ ચીજ બહુ કામની છે. તેવે પ્રસંગે અજમાની ભુકી આપવી અથવા તો અજમાનું પાણી અને ફુલ પણ તૈયાર આવે છે, તેનો ઉપયોગ કરવો પણ સલાહકારક છે.

બીલાં—જુના ઝાડામાં કે મરડામાં એ ફળનો ગર, ધાવણ કે પાણીમાં ઓગાળી બાળકને પાવાથી આરામ થાય છે.

એરંડીયું—અચાનક જરૂર પડયે આ તેલ બહુ ઉપયોગી થઈ પડે છે. બાળકને અપચો થાય, પેટ દુખે, દસ્ત સાફ ન આવે, આવે વખતે એરંડીયું એક બે કે ત્રણ ચમચી પાઇ દેવાથી તેનું પેટ સાફ થઇ જાય છે અને પછીથી કોઇ પ્રકારની બાળકને હરકત થતી નથી.

બાળકોના કેટલાંક સામુદાયિક દર્દોના ઉપાયો—

(૧) પીપર, અતિવિષની કળી, નાગરમોથ, કાકડાશીંગી—એ સમભાગે

બારીક વાટી, રતી ૧–૩ મધમાં ત્રણ વખત ચટાડવાથી બાળકના તાવ, દમ, ખાંસી, ઉલટી તથા ઝાડો નાબુદ થાય.

(૨) જેઠીમધ, ઉભી રીંગણી, ઇંદ્રજવ, હળદર, દારૂહળદર, એનો કાઢો કરી યોગ્ય માત્રાએ બાળકને પાવાથી તાવ, શ્વાસ, ખાંસી અને અતિસાર જાય.

(૩) ધાવડીનાં ફુલ, લોદર, ઇંદ્રજવ, ધાણાનાં બીજ, વાળો, એ બધાં સમભાગે વાટી, મધમાં ચટાડવાથી બાળકના અતિસાર, તાવ અને ઉલટી મટે.

(૪) અતિવિષની કળી અને કાકડાશીંગી, એ બંને બારીક વાટી, મધમાં ચટાડવાથી બાળકના તાવ, શ્વાસ અને ઉધરસ ટળી આરામ થાય.

(૫) રાસ્ના, આસંધ, ગળી, વિશ્વા, ત્રિફળાં, હળદર, દારૂહળદર, ગજપીંપર, જીરૂં, શાહજીરૂ, કડુ, હરડે, ચવક, અરડુસો, વજ, લીમડો, એ જાતના દેવદાર, ધાણા, ઇંદ્રવારૂણી, સંચળ, મોથ, પિત્તપાપડો, વાવડીંગ, વાળો, રતાંજળી, વરધારો, રીંગણી, ખેરછાલ, ગધેડાની લીદ, ઇંદ્રજવ, પુષ્કરમૂળ, એ બધાં ખોખરાં કરી, તેનો કાઢો બનાવી પાવાથી બાળકના વાયુ, સળેખમ, તાવ, ખાંસી, શ્વાસ, ઉછાળો, અજીર્ણ, વિગેરે બધા રોગ નાશ પામે.

(૬) પીપર, હરડાં, બેહેડાં, આંબળાં, એ બધાં સમભાગે લઇ, બારીક વાટી, વયના પ્રમાણમાં મધ તથા ઘી સાથે ચટાડવાથી બાળક રોતું બંધ થશે. તેમજ તેના તાવ, ઝાડો, ઉલટી, પેટનો દુખાવ તથા કૃમિ મટી આરામ થશે.

(૭) અરડુસી, જેઠીમધ, સુંઠ, રક્તચંદન, નાગરમોથ અને ગળો, એનો કાઢો કરી પાવાથી બાળકના પિત્ત, દાહ, તૃષા અને તાવ જાય.

(૮) વાળો, કડવો લીમડો, અરડુસી, પીત્તપાપડો અને કરીયાતાનો કાઢો કરી પાવાથી બાળકના શ્વાસ, ખાંસી, પિત્ત, ઉલટી અને જ્વર નાશ પામે.

(૯) પીપરનું ચુરણ મધમાં ચટાડવાથી બાળકના શ્વાસ, કમળો, ખાંસી, તાવ, અગ્નિમંદતા મટે.

(૧૦) વાળો, સાકર અને મધ, ચોખાના ધોવણમાં મેળવી પાવાથી બાળકના રક્તાતિસાર, દમ, ખાંસી અને ઉલટી ટળે.

(૧૧) પિત્તપાપડો, નાગરમોથ, વાળો, કાળો વાળો અને પદ્મકાષ્ઠનો કાઢો ટાઢો થયા પછી પાવાથી બાળકની ઉલટી, દાહ, તથા તાવ નાશ પામે.

(૧૨) દશમૂળના કાઢામાં જરા પીપરનું ચુરણ મેળવી પાવાથી બાળકના ઉન્માદ, ઘેન તથા સન્નિપાતજવરનો નાશ થશે.

(૧૩) પીપર, મજીઠ, મોથ અને કાકડાશીંગીનું ચુરણ, બાળકને મધમાં ચટાડવાથી ખાંસી, ઉલટી, તાવ અને અતિસાર (ઝાડો) મટે.

(૧૪) ધાણી, સૈંધવ અને આંબાની ગોટલીનું સમભાગે કરેલ ચુરણ મધમાં આપવાથી બાળકના ઉલટી અને અતિસાર જાય.

તાવના ઉપાયો—

(૧) હરડે, જેઠીમધ, કડવાં પરવળ, લીમડાનાં કુણાં પાન અને મોથ, એ બધાં સમભાગે લઈ, તેનો કાઢો બનાવી, તે જરા નવશેકો પાવાથી બાળકના બધી જાતના તાવ સાથે બીજાં દર્દો પણ મટી જશે.

(૨) અતિવિષની કળીનું બારીક ચુરણ મધમાં ચટાડવું અથવા મધમાં મેળવી પાણી સાથે પાઈ દેવાથી બાળકનો તાવ જાય.

(૩) કડુને શેકી, બારીક ખાંડી, તેનું ચુરણ પાણીમાં આપવાથી બાળકનો તાવ નરમ પડશે અને પેટ પણ સાફ થઈ જશે.

(૪) એરોદસ (મીઠો અજમો) તો. ૦ાા, વરીયાળી તો. ૦ાા, એની ભુકી કુંવારમાં નાખી ગરમ કરી, તેની ચટણી બનાવી, તે મધમાં ચટાડવાથી બાળકના તાવ અને ખાંસી જાય.

(૫) બે બારીક માયફળ રાતે ઠંડા પાણીમાં પલાળી મુકવા. પછી બીજે દીવસે સવારે તે તો. ૩ ગાયના દુધમાં ઘસીને સાત દીવસ પાવાથી બાળકનો જીર્ણજવર નાશ પામે.

(૬) ધાણી, જેઠીમધ, વંશલોચન, રસાંજન—એનો અવલેહ બાળકને ચટાડવાથી બધી જાતના તાવ દૂર થાય.

(૭) કડવો લીમડો, હરડે, ભદ્રમોથ, કડવાં પંડોળાં અને જેઠીમધ, એનો સ્હેજ ગરમ કાઢો બાળકને પાવાથી તમામ તાવનો નાશ થાય.

(૮) ધાણા, ગળો, કડવો લીમડો, પદ્મકાષ્ઠ, રકતચંદન, એનો કાઢો બાળકને તથા તેની માતાને પાવાથી બાળકના બધા પ્રકારના તાવ મટે.

ખાંસી અને દમના ઉપાયો—

(૧) રીંગણીના ફુલોના તાંતણાં વાટી મધમાં એકરૂપ કરી, તે બાળકને ચટાડવાથી જુની ઉધરસ પણ મટી જાય.

(૨) વંશલોચનનું ચુરણ મધમાં આપવાથી બાળકની ખાંસી જાય.

(૩) ધમાસો, દ્રાક્ષ, પીપર, હરડેનું ચુરણ મધમાં ચટાડવાથી બાળકના ખાંસી અને દમ ટળે.

(૪) ધાણા અને ખડી સાકર, ચોખાના ધોવણમાં વાટી, ગાળીને પાણી આપવાથી બાળકની ઉધરસ જાય.

(૫) દરાખ, ધમાસો, પીપર, કાકડાશીંગી અને કુંવાડીઆ, એનું ચુરણ મધ તથા ઘી સાથે મેળવી ચટાડવાથી બાળકના શ્વાસ, ખાંસી અને તાવ મટે.

(૬) સુંઠ, રીંગણી, ગળો અને અરડુસીના કાઢામાં મધ મેળવી પાવાથી બાળકની ખાંસી જાય.

(૭) વાવડીંગનું ચુરણ મધમાં ચટાડવાથી બાળકના દમ અને ખાંસી જાય.

(૮) અતિવિષની કળી, કાકડશીંગી, પીપર, અરડુસાના પાન, મોથ, એ બધાં સમાન ભાગે પાણીમાં વાટી, તેનો રસ ગાળી, તેમાં મધ મેળવી પાવાથી બધી જાતની ખાંસી નાબુદ થાય.

(૯) કડુનું ચુરણું મધમાં મેળવી ચટાડવાથી બાળકને ખાંસી સાથે હેડકી હોય તો પણ નાશ પામે.

(૧૦) કાંટાશેળીયાના પાનનો રસ કહાડી, તેમાં મધ નાખી પાવાથી બાળકના સળેખમ અને ખાંસી નાબુદ થાય.

(૧૧) વાંસની ગાંઠ પાણીમાં ઘસીને પાવાથી બાળકના શ્વાસ અને ખાંસી જાય.

(૧૨) ટંકણખારનો એક કટકો લઇ, તેને ચોખાના લોટનો થર ચડાવી, છાણાના અગ્નિમાં નાખી ફુલાવવો. એટલે તે વજનમાં ચોથો ભાગ રહેશે. તે ફુલેલ ટંકણ વાલ ૧, મધ સાથે સવારે ચટાડવાથી બાળકની કુકડીયા ખાંસી એટલે મોટી ઉધરસ નાશ પામશે.

(૧૩) સાકર તો. ૧૬, વાંસકપુર તો. ૮, પીપર તો. ૪, એલચી તો. ૨, તજ તો. ૧, એનું બારીક ચુરણ ધાવણમાં કે દુધમાં બાળકને આપવાથી શ્વાસ અને ખાંસી મટી આરામ થશે.

(૧૪) હરડેનો અવલેહ ત્રણ ચાર વાર દિવસમાં ચટાડવાથી જુની ખાંસી મટશે. દવા લાંબો વખત ચાલુ રાખવી.

(૧૫) જવખાર, પીપર, અતિવિષની કળી, કાકડાશીંગી, પોખરમૂળ, એનું ચુરણ રતી ૧ થી એક વાલ, મધ સાથે ચટાડવાથી બાળકોની તમામ જાતની ખાંસી જાય.

(૧૬) ભોંયરીંગણીના કાઢામાં મધ નાખી પાવાથી બાળકની મોટી ઉધરસ મટે.

(૧૭) દક્ષિણી થુરીઆનું જીંડવું દેવતામાં બાફી, તેની છાલ કહાડી નાખી, છુંદીને કપડામાં ઘાલી તેનો રસ નીચોવી, તેમાં સાકર નાખી પાવાથી બાળકની ખાંસી જાય.

(૧૮) ધમાસાનું પંચાંગ ચુરણ તો. ૦॥, પીપરનું ચુરણ તો. ૦।, અતિવિષની કળી તો. ૦।, હરડાંની છાલ તો. ૧, દરાખ તો. ૦॥, એ બધાંનું ચુરણ લઇ મધમાં મગના દાણા જેવડી ગોળીયો કરવી. તે રોજ ત્રણ વખત એકેક ગોળી ખવરાવવાથી બાળકની મોટી ખાંસી જાય. એથી ચાર વરસના બાળકને બબ્બે આપવી.

(૧૯) દાડમડીની છાલનું ચુરણ, દાડમના રસ સાથે ચટાડવાથી બાળકની ખાંસી નાબુદ થાય.

(૨૦) કાળી તમાકુની સુકી નસો તો. ૫ ના કટકા કરવા, તથા સીંધાલુણ તો. ૫ ને બારીક વાટી નાખવું. પછી એક માટીના વાસણમાં પ્રથમ તમાકુના કટકાનો થર કરી, તેનાપર સીંધાલુણની ભુકીનો થર કરી, તે વાસણ ચુલે મુકવું, નીચે તાપ બરાબર કરવો. જ્યારે તમાકુની નસો બળીને કોલસા જેવી થાય, ત્યારે નીચે ઉતારી તેનું બારીક ચુરણ કરવું. તે ઉમ્મરના પ્રમાણમાં વાલ ાા થી એક, મધમાં ચટાડવાથી બાલકની મોટી ઉધરસ નાશ પામે.

(૨૧) જો ખાંસીનું જોર બહુ વધી ગયું હોય તો એક નાગરવેલના પાકા પાનનો રસ તથા બે શેકેલ એલચીના દાણા બારીક વાટી, રસ તથા ઉપર બતાવેલ નસોની ભુકી એકરૂપ કરી ચટાડવાથી વધી ગયેલ ખાંસીનું જોર ઓછું થશે. કફ છુટી જશે. વખતસર એકાદ ઉલટી થાય તો બીવું નહિ. એથી કફનો તરત નીકાલ થશે.

(૨૨) જવ તો. ૨૫૬, દશમુળ તો. ૮૦, હરડે નં. ૧૦૦, ચિત્રકમુળ, અઘેડો, પીપરીમુળ, કચોરો, કવચબીજ, શંખાવલી, ભારંગમૂળ, ગજપીંપર, ચીકણામૂળ, પુષ્કરમૂળ, એ દરેક તો. ૮, એ બધા કરતાં આઠગણું પાણી લઇ ઉકાળવાં. પાણી ચોથો ભાગ રહે ત્યારે ગાળી લેવું. પછી બફાયેલ હરડેને કપડાથી છણી—નીચોવી તેનો માવો કહાડવો. ત્યારબાદ તે ઉકાળેલા પાણીને ફરી ચુલે ચડાવી, તેમાં ગોળ શે. ૧૦, ઘી તો. ૩૨, તેલ તો. ૩૨, અને હરડેનો માવો નાખી, ઘાટો ચાટવા જેવો પાક થાય, ત્યારે નીચે ઉતારી ટાઢો થયા પછી તેમાં મધ તો. ૧૬ અને પીપરનું ચુરણ તો. ૧૬ નાખવું. આ **હરીતકી અવલેહ**માં જરા દુધ મેળવી બાળકને ચટાડવાથી તેના ખાંસી અને શ્વાસ નષ્ટ થાય. માત્રા ઉમ્મરના પ્રમાણમાં લેવી.

(૨૩) બેઠી ભોંયરીંગણીનું સુકું પંચાંગ શે. ૧૦, અધકચરૂં કરી

પાણી શે. ૨૬ માં ઉકાળતાં ચોથો ભાગ પાણી રહે ત્યારે ગાળીને તેમાં સાકર શે. ૨, ઘી તો. ૩૨, તેલ તો. ૩૨, ગળો, ચવક, ચિત્રક, મોથ, કાકડાશીંગી, સુંઠ, મરી, પીપર, ધમાસો, ભારંગમુળ, રાસ્ના, કચુરો, એ દરેક તો. ૪ નું ચુરણ નાખવું અને ફરી ઉકાળવું. પછી ચાટણ જેવો પાક થતાં તે નીચે ઉતારી ઠંડો થતાં તેમાં મધ તો. ૩૨, વાંસ-કપુર તો. ૧૬, પીપરનું ચુરણ તો. ૧૬ મેળવી માટીના રીઢા વાસણમાં ભરી દેવો. આ **કંટકારિ અવલેહ** બાળકને તેની વય પ્રમાણે ચટાડતાં દમ અને ખાંસી નાબુદ થાય.

ઉલટી તથા હેડકીના ઉપાયો—

(૧) જાયફળને મધમાં ઘસી, તે ઘસારો ચટાડવાથી ઉલટી મટે.

(૨) કડુ, મધમાં વાટીને ચટાડવાથી બાળકની ઉલટી તથા હેડકી બંધ થાય.

(૩) કૃમિનો ઉછાળો જણાય તો વાવડીંગ અને ઇંદ્રજવનું ચુરણ વાલ એકથી બે, ધાવણમાં આપવાથી ઉલટી મટશે.

(૪) ધાવણ કે દુધ પેટમાં ટકતાં ન હોય તો કળીચુનાનું આછ-રેલું પાણી, દુધમાં મેળવીને પાવાથી ઉલટી ટળશે. અથવા તે પાણીમાં મધ મેળવીને પાવું. ખોરાકમાં દુધજ આપવું.

(૫) છાંતી અને પેટની વચ્ચેના ખાડાપર બે ચાર મિનીટ રાઇની પટી રાખવી. એથી ઉલટી બંધ થશે.

(૬) ચવક, ચિત્રકમૂળ, સુંઠ, પીપરીમૂળ, પીપર, એ બધાં સમ ભાગે લઇ, તેનું ચુરણ બનાવી રતી એકથી બે, વયના પ્રમાણમાં ઘી તથા મધમાં એકરૂપ કરીને ચટાડવાથી બાળકની ઉલટી જાય.

(૭) હરડેનું ચુરણ, મધમાં ચટાડવાથી ઉલટી મટે.

(૮) પીંપળાની છાલની રાખ, પાણીમાં પાવાથી ઉલટી જાય.

(૯) બીજોરાનું મૂળ, દુધમાં ઘસી પાવાથી બાળકની ઉલટી ટળે.

(૧૦) ધાણી, આંબાની ગોટલી અને સીંધાલુણ, એનું ચુરણ મધમાં

ચટાડવાથી ઉલટી બંધ થાય.

(૧૧) કરોળીયાના સફેત પડ ચાર પાંચ લઈ, તેને ચોળી ગોળી બનાવી, અગ્નિમાં સારી રીતે તપાવેલ ઠીંકરીપર તે ગોળી મુકવાથી રાખ થશે. તે રાખની આંગળી આંખમાં આંજવાથી ઉલટી બંધ થાય. મોટા માણસોને પણ આ ઉપાય ઉપયોગી છે.

(૧૨) પીપર અને રેણુકબીજના કાઢામાં હીંગ તથા મધ નાખી પાવાથી બાળકની હેડકી મટે.

(૧૩) સોનાગેરૂનું ચુરણ, મધમાં મેળવી ચટાડવાથી હેડકી ટળે.

(૧૪) પીપરના બારીક ચુરણમાં મોરપીંછાના ચાંલ્લાની રાખ મેળવી, તે બાળકને મધમાં ચટાડવાથી ધાવણની ઉલટી મટે.

વરાધ, સસણી કે ભરણીના ઉપાયો—

(૧) સીતાપના પાનના રસમાં મધ નાખી આપવાથી વરાધ મટે.

(૨) બાળાગોળીને ધાવણમાં ઘોળી, તેમાં મગની દાળ જેટલો પાપડખાર અથવા સાજીખાર. નાખી પાવાથી ઉલટી થતાં સસણી નરમ પડશે.

(૩) ડીકામારી, એળીયો અને રેવંચીનો શીરો પાણીમાં વાટી, પેટપર તેનો લેપ કરવો. નાભિનો ભાગ મુકી દેવો.

(૪) બેહેડાં, જેઠીમધ, હરડે, એ ત્રણે સમ ભાગે ઉના પાણીમાં વાટી, તેમાં જરા સીંધાલુણ અને મધ મેળવીને બે ત્રણ વખતમાં ૨–૩ વાલ ચટાડવાથી પેટનો ભાર કમી થશે.

(૫) શેકીને ફોતરી કહાડેલ ગરણીના બીજનું બારીક ચુરણ સ્હેજ ગરમ પાણીમાં બે વખત પાવાથી વરાધનું જોર ઓછું થશે.

(૬) નાગરવેલના પાકેલ પાનને એરંડીયું ચોપડી, પેટપર બાંધી શેક કરવો.

(૭) ચણાની દાળ જેટલા પાપડખારને ગોળ તથા ગરમ દુધમાં એકરૂપ કરી પાવાથી ઉલટી થતાં કફ ટળશે, પણ આ ઉપાય મોટી

વયના બાળકને માટે વધારે અનુકૂળ છે.

(૮) શેકેલ સંચળનું બારીક ચુરણ એક કે બે વાલ, ત્રણ વખત ધાવણ કે સ્હેજ ઉના પાણીમાં આપવાથી સસણી મટી જશે.

(૯) હળદર અને ગોરોચન, પાનના રસમાં ઘસીને, તે ઘસારો પાવાથી બાળકના પેટનો ભરાવો ટળશે.

(૧૦) અરડુસીનાં પાન વાટી, ગરમ કરી નીચોવીને કહાડેલ રસમાં મધનાં ચાર ટીપાં મેળવીને તે પાવો.

(૧૧) તાલીસપત્ર તો. ૧, મરી તો. ૨, સુંઠ તો. ૩, પીપર તો. ૨, એલચીદાણા તો. ૦॥, તજ તો ૦॥, સાકર તો. ૩૨, એ બધાંનું બારીક ચુરણ, ત્રણ વખત ૨ થી ૪ વાલ, ધાવણ કે મધમાં ચટાડવાથી ભરણીનો ભાર ઓછો થશે. **તાલીસાદિ ચુરણ.**

(૧૨) સંચળ, હરડે, ધોળો વજ, એ ત્રણેનું સમાન ભાગે ચુરણ બનાવી, ત્રણ વખત ૧–૨ વાલ, સ્હેજ ઉના પાણીમાં આપવું.

(૧૩) કાયકુટીનું તેલ, તરપીટન અને સરસીયું તેલ, એ ત્રણે સમ ભાગે મેળવી, ખુબ હલાવીને, છાતી તથા પેટપર બરાબર ચોળવાથી કફનું જોર નરમ પડી જતાં વરાધ ટળશે.

(૧૪) શેકેલ કડુ, સંચળ, સુંઠ, નસોતર, જવખાર. એ બધાં સમાન ભાગે લઇ, બારીક ચુરણ બનાવી, તે અવસ્થા પ્રમણે એ રતીથી બે વાલ, મધ કે સ્હેજ ઉના પાણીમાં પાવાથી સસણી મટશે.

(૧૫) કાળીજીરી અને હળદર, નાગરવેલના પાનમાં વાટી, તેનો રસ કહાડીને તે ૪–૫ ટીપાં પાવાથી વરાધ નરમ પડશે.

(૧૬) સોનવેલનો રસ, મધ નાખી પાવાથી ભરણી મટે.

(૧૭) કારેલીના પાનના રસમાં જરા હળદર નાખી, તે પાવાથી વરાધ જશે.

(૧૮) કેસરને દુધમાં ઘોળી, તે હાથ પગના વીશે નખોપર ચોપડવાથી સસણી ઓછી થશે.

(૧૯) શોધેલ ગંધક તો. ાા, શોધેલ પારો તો. ાા, એ બન્નેની કજ્જલી કરવી. તે રતી ૧ થી એક વાલ, વયના પ્રમાણમાં બાળકને ચટાડવાથી વરાધ નરમ પડશે.

(૨૦) પીપર, અતિવિષની કળી, નાગરમોથ અને કાંકડાશીંગી, એ સમભાગે લઈ બારીક ચુરણ બનાવી, તે ૧–૩ રતીમાં સુવર્ણ માક્ષિક ભસ્મ અરધી અરધી રતી મેળવીને મધમાં ચટાડવાથી બાળકની ભરણી કમી થશે.

(૨૧) હીંગ, ત્રુસડાંનું ચુરણ, જાયફળ, એળીયો, એ ચારે સમભાગે બારીક કરી, મધમાં ચણા જેવડી ગોળીયો કરવી, તે એક વરસની અંદરના બાળકને એક અને તેથી મોટા બાળકને બે ગોળી ઉના પાંણી સાથે આપવાથી વરાધ મટશે.

પેટપીડ, ભાર અને પારગલાના ઉપાયો—

(૧) સુંઠના પાણીમાં જરા એરંડીયું નાખી પાવાથી દસ્ત સાફ આવતાં પેટપીડ મટશે.

(૨) સુંઠ, એલચી, સીંધાલુણ, શેકેલ હીંગ, એનું બારીક ચુરણ, ઘી કે પાણીમાં આપવાથી પેટનો દુખાવ ટળશે.

(૩) લીંબુની એક ફાડપર ડીકામારીનું બારીક ચુરણ ભરી, તેનાપર લીંબુનો જરા રસ નીચોવી, તે અગ્નિપર ખદખદાવીને ચુસાડવાથી પેટની પીડા બંધ થાય, જઠરાગ્નિ જાગ્રત થાય અને કોઠો શુધ્ધ થાય.

(૪) ડીકામારી ઘસીને પાવાથી પેટનો ભાર ઓછો થશે.

(૫) ગોમુત્રમાં સાકર અને મીઠું નાખી પાવાથી ભાર મટશે.

(૬) બંને રીંગણીના કાઢામાં પાપડખાર તો. ૧, ખુબ વાટીને બે આંગળી ચટાડવાથી ભાર કમી થશે.

(૭) પારેવાની હગાર, મધમાં ચટાડવાથી પેટનો ભાર ટળશે.

(૮) સુર્યવિકાસી કમળનો રસ ૮ થી ૧૦ ટીપાં, મધમાં આપ-

વાથી ભાર જશે.

(૯) કડુને શેકી, તેનું ચુરણ બનાવી, તે વાલ ૧ થી ૪, ગરમ પાણીમાં ગોળ મેળવીને આપવાથી ભાર કમી પડશે.

(૧૦) એોદાર કે રેવંચીના શીરાનો જુલાબ આપવાથી પેટનો ભાર ટળી જશે.

(૧૧) દીપનપાચન દવા સાથે દસ્ત લાવવાની દવા પાવાથી ભાર મટશે.

(૧૨) એક વેંગણુમાં પાપડખાર તો. ૧ નાખી, તેને કલઈવાળા વાસણમાં બાફી, ગોમુત્રમાં વાટી, તે બે વાલ, ગોળના પાણીમાં પાવાથી ભાર ટળશે.

(૧૩) કડવા વૃંદાવનને ભેંસના મુત્રમાં બાફી, તેજ મુત્રમાં વાટી તે વાલ ૧, રતીભાર સંચળ કે પાપડખાર સાથે મધમાં ચટાડવાથી ભાર ઓછો થશે.

(૧૪) મોટી હરડે તથા તજનો ઘસારો પાવાથી [૧]પારગલો મટે.

(૧૫) પીપરનું ચુરણ વાલ ાા થી ૧, મધમાં ચટાડવાથી પારગલો ટળે.

(૧૬) વાવડીંગ, મરીના કાઢામાં સાકર નાખી, તે ત્રણ વખત એક એક ચમચી પાવાથી વિકાર જશે.

(૧૭) જીરૂં, શાહજીરૂં, સુંઠ અને અજમોદ, એનું સમભાગે કરેલ ચુરણ વાલ ાા થી ૧, મધમાં ચટાડવાથી પારગલો નાબુદ થશે.

(૧૮) મીઠું નાખી ગરમ કરેલા પાણીવતી બાળકને ન્હવરાવવાથી પણ ફાયદો થશે.

(૧૯) ભોંયકોહોળું, જવ અને ઘઉં, એ ત્રણેનું સત્વ ઘીમાં શેકી,

---

૧ ગર્ભવતી સ્ત્રીને ધાવવાથી બાળકને દરદ થાય છે, તેમાં હાથ પગ દોરડી જેવા, પેટ ગાગર જેવું, ઉલટી, ખાંસી, મંદાગ્નિ, અરૂચિ, ભ્રમ, ઝાંખ, અંધારી, ઇત્યાદી વિકાર થવા પામે છે.

તેમાં મધ અને સાકર મેળવી બાળકને ચટાડવાથી પારગલો મટશે. ઉપર દુધ પાવું.

(૨૦) મરીની ચાહમાં જરા સાકર નાખી, તે પાવાથી વિકાર મટે.

(૨૧) આસંધ તો. ૧૦, શતાવરી તો. ૨, મરી તો. ૧ ખાંડી, તેની ચટણી બનાવી, ગાયના દુધ શે. ૨॥, અને ઘી તો. ૧૦ માં ઉકાળતાં ઘી સિધ્ધ થાય ત્યારે તે ગાળી લેવું. એ ઘી તો. ૦। થી ૦॥, વયના પ્રમાણે બે વખત ચટાડવાથી પારગલાને લીધે બાળક ઘસાતું હશે તો તંદુરસ્ત થશે, નબળાઇ મટી જશે.

(૨૨) પ્રવાલ ભસ્મ રતી ૧, ગુલકંદમાં કે મધ અને ઘીમાં ચટાડવાથી પારગલો ટળે.

મળશુદ્ધિ, માટીવિકાર અને મૂર્છાના ઉપાયો—

(૧) રેવંચીનો શીરો, એક રતીભાર, ગોળ કે મધમાં અથવા ધાવણમાં આપવાથી દસ્ત સાફ આવી મળશુધ્ધિ થશે.

(૨) મોટી હરડે, ઉના પાણીમાં ઘસી, એક ચમચી પાવાથી ઝાડો સાફ ઉતરતાં મળશોધન થશે.

(૩) હીમજ, ગુલાબકળી અને સોનામુખીના કાઢામાં જરા સંચળ નાખી પાવાથી દસ્ત સાફ ઉતરશે.

(૪) સોનામુખીના કાઢામાં જરા ગોળ નાખી, તે એકથી બે ચમચી પાવાથી ઝાડાનો ખુલાસો થશે.

(૫) એરંડીયું તેલ, એક ચમચી પાવાથી ઝાડો સાફ આવશે.

(૬) ઉંદરની લીંડીઓ અને એરંડીનાં મીંજ વાટી, લીંબુના રસમાં તે ખરલ કરી, નાભિ અને ગુદા પર તેનો લેપ કરવાથી ઝાડાનો ખુલાસો થતાં મળશુદ્ધિ થશે.

(૭) સોનાગેરૂ ખવરાવવાથી રેચ લાગશે અને માટીનો વિકાર નીકળી જશે.

(૮) મંડુર ભસ્મ રતી ૧, મધ કે ધાવણમાં આપવાથી માટીનો

વિકાર મટશે, અને પેટ વધ્યું હશે, તો નમી જશે.

(૯) કડુને શેકી, બારીક વાટીને, તેનું ચુરણ વાલ ૧-૨, ગરમ પાણીમાં આપવાથી માટીનો વિકાર મટી જશે.

(૧૦) ખોદારનું ચુરણ વાલ ૦।। થી ૧, ધાવણમાં આપવાથી ઝાડો સાફ આવતાં માટીનો વિકાર ટળશે.

(૧૧) આંબળાં અને દરાખ બાફી, તે વાટીને, મધમાં ચટાડવાથી ત્રિદોષજન્ય મુર્છા તથા તાવ સાથે આવનાર મુર્છા મટી જશે.

(૧૨) વાળો, બીલાંનો ગર, પદ્મકાષ્ઠ, ચંદન અને નાગકેસરનું બારીક ચુરણ વાલ ૧-૨, મધમાં ચટાડવાથી મૂર્ચ્છા ટળી આરામ થશે.

(૧૩) ધમાસાના કાઢામાં જરા ઘી નાખી એક બે ચમચી પાવાથી મુર્છા મટે.

અતિસાર, મરડો અને સંગ્રહણીના ઉપાયો—

(૧) ઈંદ્રિજવ જરા શેકીને બે ત્રણ દાણા વાટી, તે ધાવણ કે પાણીમાં પાવાથી બાળકનો ઝાડો મટે.

(૨) રીસામણીના મૂળ, ધાવડીના ફુલ, ઉપલસરી અને લોદર, એનો કાઢો મધ નાખીને પાવાથી બાળકનો સખ્ત ઝાડો પણ બંધ થાય.

(૩) હરડેનો ઘસારો ધાવણમાં પાવાથી ગંધાતો ઝાડો મટી આરામ થશે.

(૪) એરંડીયામાં જરા મધ મેળવીને તે ચટાડવાથી ઝાડો મટશે.

(૫) વાવડીંગ અને ઇંદ્રજવ, સમભાગે લઇ શેકી, તેનું ચુરણ બેથી ત્રણ રતીભાર, દિવસમાં બે ત્રણ વાર પાણીમાં આપવું. એથી બાળકના અતિસાર, મરડો, પેટની પીડા અને ઉલટી પણ મટે.

(૬) લોદર, વાળો, ધાવડીના ફુલ, બીલીનો ગર્ભ, ગજપીંપર, એનો કાઢો, એકેક ચમચી ત્રણવાર પાવાથી રક્તાતિસાર જાય.

(૭) હરડેના ઘસારામાં જરા મધ, સંચળ અને સાજીખાર મેળવી પાવાથી ઝાડાં, પેશાબનો બિગાડ નીકળી જતાં આરામ થશે.

(૮) સુંઠ તો. ૦। ના બારીક કટકા કરી, તે પાણી તો. ૪ માં ઉકાળતાં બે તોલા પાણી રહે ત્યારે નીચે ઉતારી તેમાં મધ અને જરા એરંડીયું નાખી પાવાથી બાળકનો મરડો જાય.

(૯) વાળો, સુંઠ, નાગરમોથ, અતિવિષની કળી, ઇંદ્રજવ, એનો કાઢો પાવાથી બાળકનો મરડો મટે.

(૧૦) બીલીનો ગર, ધાવણમાં જરા જરા ચોળીને પાવાથી મરડો મટશે.

(૧૧) મોથ, સુંઠ, બીલીનો ગર, ઇંદ્રજવ, અતિવિષની કળી, એ સમભાગે લઈ, તેનો કાઢો તો. ૦।। થી એક. ઉમ્મર પ્રમાણે બે વખત પાવાથી ઝાડો ટળે.

(૧૨) ફુલાવેલ મોરથુથુ રતી એક. બાવળનો ગુંદર રતી ૨૪, સાથે મેળવી, તેના ચોવીશ ભાગ કરવા. રોજ ત્રણવાર એકેક ભાગ ધાવણ કે ટાઢા પાણીમાં પાવાથી જુનો મરડો પણ નાબુદ થશે.

(૧૩) અજમોદ, વાવડીંગ, પીપર, એનું ચુરણ, ગરમ પાણી સાથે જરા પાવાથી બાળકનો મરડો જાય.

(૧૪) અરડુસાના મૂળની છાલ, નાગરમોથ, સુંઠ, લોદર, વાળો, બીલાં, ધાવડીના ફુલ, મોચરસ, કડાછાલ, ઇંદ્રજવ, કાળીપાટ આંબાની ગોટલી, અતિવિષની કળી, લજામણી, એનું ચુરણ, એકથી બે વાલ, વયના પ્રમાણમાં કાચા ચોખાના ધોવણ સાથે આપવાથી બાળકનો ઝાડો અને મરડો મટે. **વૃદ્ધ ગંગાધર ચુરણ.**

(૧૫) જાયફળ, અફીણ, સુંઠ, ખારેક (ઠળીયા વિનાની), એ બધાં સમભાગે અને સઘળાંની બરોબર અડાયાંની રાખ લેવી, એનું ચુરણ એકથી બે આની ભાર, ચોખાના ધોવણ તો. ૦।। માં મેળવી પાવાથી રકતાતિસાર, મરડો, અતિસાર, પરૂ સાથેનો ઝાડો, એ બધાં મટી જાય.

જાતિફલાદિ ચુરણ.

(૧૬) અફીણ, જાયફળ, કેસર, સમભાગે લઈ, ખુબ બારીક કરી, મધમાં તેની મઠના દાણા જેવડી ગોળી કરવી. તે વય પ્રમાણે એક બે

ગોળી, રોજ બે વખત આપવાથી રકતાતિસાર દૂર થાય.

(૧૭) પીપર, રસાંજન અને આંબાની ગોટલીનું ચુરણ, મધમાં ચટાડવાથી અતિસાર અને ઉલટી નાબુદ થાય.

(૧૮) કડાના મૂળની છાલ, છાશમાં વાટી, તેમાં હીંગ નાખી પાવાથી બાળકનો ઝાડો મટે.

(૧૯) વાળો, સાકર, અને મધ, ચોખાના ધોવણમાં આપવાથી બાળકના રકતાતિસાર, ખાંસી, દમ, ઉલટી નષ્ટ થાય.

(૨૦) ધામારીના પાનનો રસ કહાડી, તેમાં ગાયનું ઘી મેળવી પાવાથી રકતાતિસાર મટે. આ ઉપાય મોટા માણસને માટે પણ ઉપયોગી છે.

(૨૧) રાળનું ચુરણ, સાકર, એ માખણમાં મેળવી આપવાથી અતિસાર અને રકતાતિસાર પણ નાશ પામે.

(૨૨) કાળી કે ધોળી તુલસીના બી વાટી, તે ગાયના દુધમાં પાવાથી અતિસાર અને ઉલટી પણ મટે.

(૨૩) માયફળ અને સુંઠ, ઘી કે દુધમાં ઘસીને ચટાડવાથી બાળકના અતિસાર અને સંગ્રહણી જાય.

(૨૪) માયફળ, ગાયના દુધમાં ઘસીને, તે ઘસારો પાવાથી રકતસંગ્રહણી નષ્ટ થાય.

(૨૫) જાયફળ અને સુંઠ, ગાયના ઘીમાં ઘસીને ચટાડવાથી બાળકનો શરદીનો ઝાડો નાબુદ થાય.

(૨૬) આંબળાં, હીમજ, પીપર, સંચળ, ચિત્રો, એનું ચુરણ, બે વખત શકિત પ્રમાણે ગરમ પાણીમાં આપવાથી અતિસાર જાય. હીમજને પ્રથમ એરંડીયામાં જરા સોંતરીને વાપરવી.

(૨૭) ખાખરાના પાનપર જરા એરંડીયું ચોપડી, તે ગરમ કરી, પેટે બાંધવાથી પેટનો ખુલાસો થશે, અને અતિસાર મટશે.

(૨૮) ગંગેટીની જડ, ખારેકનો ઠળીયો, અતિવિષની કળી અથવા સુંઠ, સમભાગે પાણીમાં ઘસીને પાવાથી બાળકનો ઝાડો મટે.

(૨૯) તજ તો. ૪, કેસર તો. ૩, લવીંગ તો. ૧।।, જાવંત્રી તો. ૪, જાયફળ તો. ૩, એલચીના દાણા તો. ૧, ચીનાઇ સાકર તો. ૨૫, એ બધાંનું બારીક ચુરણ કરવું. તથા ચાક, અથવા ચીરોડીની ભસ્મ તો. ૧૨ નું ચુરણ ઉપલા ચુરણ સાથે મેળવી રાખવું. તે એકથી બે રતી ટાઢા પાણીમાં આપવાથી ઝાડો બંધાઈને આવે.

(૩૦) કમળના તંતુ, મોથ, જાંમણીનાં મૂળ, ચોખાની કણકી, એ દરેક તો. ૧। લઇ, બારીક કરી, પાણી તો. ૧૨ માં તેના ઘેંસ બનાવી, તેમાં રતી ૦। થી ૦।।, કેસર નાખી પાવાથી રકતાતિસાર જાય.

(૩૧) ખસખસના ખાલી જીંડવાનો ભુકી, મોચરસ, ધાવડીનાં ફુલ, સુંઠ, ઇંદ્રજવ, એ દરેક તો. ૧ લઈ બારીક ખાંડી, બાળકને વાસી પાણીમાં ઘોળીને વય પ્રમાણે આપવાથી અતિસાર મટે.

(૩૨) મજીઠ, લોદર, ધાવડીનાં ફુલ, ગોરીસર, એ બધાં સમભાગે લઇ તેના કાઢામાં મધ નાખીને પાવાથી બાળકનો ભયંકર અતિસાર પણ નાશ પામે.

(૩૩) લોદર, ધાવડીનાં ફુલ, નેત્રવાળો, પીપર અને સુકાં બીલાંનો ગર—એ સમ ભાગે વાટી, તેમાં મધ મેળવીને ચટાડવાથી બાળકનો અતિસાર જાય.

(૩૪) એક કાચું દાડેમ કોરી તેમાંથી બીં કહાડી નાખીને તેમાં એક જાયફળ નાખવું. પછી તેને કપડમાટી કરી ભરસાડમાં બાફવું. તે બફાઈ રહે ત્યારે છાલસહિત બારીક વાટી, તેમાં ખુરસાણી વજ તો. ૦।।, તથા ખુરસાણી અજમો તો. ૦।।, અને જરૂર પુરતો ગોળ નાખી, નાના બોર જેવડી તેની ગોળીયો વાળવી. તે નાના બાળકને તેની ઉમ્મરના પ્રમાણમાં ગોળી ૦। કે ૦।। ખવરાવવી. એથી અતિસાર મટશે.

(૩૫) મોચરસ, રાળ અને બીલીનો ગર, એનું સમભાગે ચુરણ બનાવી, વયના પ્રમાણમાં વાલ ૧ થી ૩, મોળા દહીંમાં મેળવીને દીવ-

સમાં બે વખત આપવાથી બાળકની સંગ્રહણી જાય.

(૩૬) દેવદાર, દારૂહળદર, હળદર, ગજપીંપર, સમેરવો, સુવાદાણા, ઉભી ભોંયરીંગણી, એ બધાંનું સમભાગે કરેલ ચુરણ, બાળકને મધ કે ઘીમાં ચટાડવાથી સંગ્રહણી, વાયુ, પાંડુ કમળો પણ મટે.

(૩૭) ફુલાવેલ ટંકણખાર ભા. ૧, અફીણ ભાગ ૦, જાયફળ ભાગ ૧, બધાં પાણીમાં વાટી, મગના જેવડી તેની ગોળીયો કરવી. તે ઉમ્મર પ્રમાણે રોજ બે ત્રણ વખત એકથી બે ગોળી આપવાથી બાળકનો રક્તાતિસાર નષ્ટ થાય.

(૩૮) કાકડાશીંગી, અતિવિષની કળી, પીપર, એનું બારીક ચુરણ, મધમાં મેળવી રતી ૧ થી બે વાલ, બાળકને ચટાડવાથી તાવ સાથેનો ઝાડો, તેમજ ખાંસી અને ઉલટી મટે. શૃંગ્યાદિ ચુરણ.

(૩૯) હીમજ, એરંડીયામાં સોંતરી, તેનું બારીક ચુરણ બનાવી, તે વાલ ૧ થી ત્રણ, તેટલીજ સાકર સાથે મેળવી રોજ બે વખત આપવાથી ઝાડો કે સંગ્રહણી જાય.

(૪૦) ચોખાની ધાણી, સાકર, જેઠીમધ અને મધ, સમભાગે બારીક વાટી, તે ચોખાના ધોવણ સાથે પાવાથી બાળકનો ઝાડો અને મરડો મટશે.

(૪૧) મેથી, સંચળ, જાવંત્રી, સુવા, બીલીનો ગર, રાળ, એ બધાં સમભાગે લેવાં. તેમાં પ્રથમની ચાર ચીજ ઘીનો હાથ દઇને શેકવી. પછી બધાંનું બારીક ચુરણ બનાવી, વાલ ૧ થી ૨, મોળા દહીંમાં મેળવીને ચટાડવાથી બાળકની સંગ્રહણી અને ઝાડો પણ મટે.

(૪૨) દેવદાર, ચવક, ભોંયરીંગણી, પીપર, હળદર, પીઠવણ, વરીયાળી, એ બધાંનું બારીક ચુરણ બનાવી, તે મધ અને ઘીમાં બાળકને ચટાડવાથી સંગ્રહણી જાય.

(૪૩) સફેત ઝીપટીના મૂળીયાં પાણીમાં ઘસીને તે ઘસારો પાવાથી બાળકનો ઝાડો મટે.

(૪૪) વીરણવાળો તો. ૦ા, કરીયાતું તો. ૦ા, મોથ તો. ૦ા, સુકાં બીલાંનો ગર તો. ૦ા, અતિવિષની કળી તો. ૦। , ધાણા તો. ૦ા, કડાછાલ તો. ૦ા, શેકેલા ઈંદ્રજવ તો. ૦।, અજમોદ તો. ૦।, ખસખસના જીંડવાં તો. ૦ા, એ બધાંનો કાઢો કરી, ત્રણ દીવસ તે પાવાથી બાળકનો ઝાડો બંધ થાય અને રૂચિ જાગે.

ગળું (તાળવું) પડે, તેના ઉપાયો—

(૧) સાબરશીંગ, દુધમાં ઘસીને પાવું અને તાળવે તેનો લેપ કરવો.

(૨) વજ અને જાયફળ, દુધ કે ઘીમાં ઘસી, તાળવા પર તેનો લેપ કરવો.

(૩) કઠ, હરડે, વજ, એ ત્રણે સમભાગે વાટી, દુધમાં ઉકાળી, તેમાં મધ મેળવી, તે બે વખત એક એક ચમચી પાવાથી આરામ થશે.

(૪) તેલ કે ઘી ચોપડીને તાળવાને હંમેશાં સ્નિગ્ધ રાખવું.

(૫) કડવાં કારેલાં અને આંબાહળદરનું ચુરણ, માખણમાં મેળવી તેની પીંડી તાળવે લગાડવી અને તેનાપર ત્રણ દીવસ એરંડાનાં પાન બાંધવાં.

(૬) ડુંગળીનો રસ કહાડી, તેમાં જીરાની ભુકી અને ખડી સાકર નાખી, તે પાવાથી આરામ થશે.

(૭) સુરવારી હરડે અને કલખાપરીયાને સમભાગે પાણીમાં ઘસી, બાળકને બે વાર તે ઘસારો પાવાથી ગળાનો શોષ મટશે.

(૮) ઝીણી એલચી તો. ૦।, પીપર તો. ૦।, કલખાપરીયું તો. ૧, મોટી હરડે તો. ૦ા, એ બધાંનું બારીક ચુરણ બનાવી, તે બાળકની અવસ્થા પ્રમાણે ૧ થી ૩ રતી, બે વાર મધમાં ચટાડવાથી આરામ થાય.

(૯) ડુંગળી શેકી, વાટીને તાળવે તેનો લેપ કરવો.

(૧૦) મધ અને જવખાંર, એ બંને આંગળી પર લઈને તે તાળવા પર ચોળવાં.

(૧૧) આસંધ તો. ૮ ખાંડી, પાણીમાં વાટી, તેમાં દુધ શેર ૨

અને ઘી તો. ૮ નાખી, ધીમી આંચે ઉકાળતાં દુધ બળી જાય ત્યારે ઘી બાટલીમાં લઇ લેવું. તે બે વખત એક એક ચમચી પાવાથી બાળકનું ગળતું શરીર સારૂં થશે, અને ગળાનો શોષ પણ મટી જશે.

કૃમિ, આંચકી અને અપસ્માર (વાઇ)ના ઉપાયો—

(૧) શેકેલા ઇંદ્રજવ, વાવડીંગ, કાંકચ્યાં, અતિવિષની કળી, એ બધાંનું બારીક ચુરણ સ્હેજ ઉના પાણી સાથે આપવાથી કૃમિનું જોર નરમ પડશે.

(૨) કિરમાણી અજમોદનું બારીક ચુરણ બનાવી, તે ઉમ્મર પ્રમાણે એકથી બે વાલ, એક વખત સવારે ધાવણમાં આપવાથી કરમીયાં થશે નહિ.

(૩) સંચળ, ફુલાવેલ લવીંગ, શેકેલી હીંગ, એલચી, એ દરેક તો. ૧ લઇ ખુબ બારીક વાટી ચુરણ બનાવી, તે વય પ્રમાણે બાળકને ધાવણ કે મધમાં આપવાથી કૃમિવિકાર મટી જશે.

(૪) શેકેલ વાવડીંગના મીંજનું બારીક ચુરણ, ઉમ્મર પ્રમાણે એકથી બે વાલ, ધાવણ કે મધ અગર દુધમાં સવારે આપવાથી બાળકના કરમીયાં, ચુંક, જીર્ણજ્વર કે અજીર્ણ મટશે. અથવા વાવડીંગના કાઢામાં મધ નાખી પાવાથી પણ ગુણ થશે.

(૫) વાંવડીંગનાં મીંજ, પીતપાપડો, કપીલો, કિરમાણી અજમોદ, નસોતર, એનું ચુરણ બનાવી, તે ઉમ્મર જોઇ ગોળ સાથે બાળકને સ્હેજ ઉના પાણીમાં બે વખત આપવાથી કૃમિ મટશે.

(૬) હરડાં, બેહેડાં આંબળાં, સુંઠ, મરી, પીપર, વજ, નસોતર, કડુ, પીતપાપડો, ખેરસાર, એ દરેક તો. ૦ાા લઇ વસ્ત્રગાળ ચુરણ બનાવી, ગોમુત્રમાં વટાણા જેવડી તેની ગોળીઓ કરવી. તે રોજ એક ગોળી અવરાત્રવી અથવા તો પાણીમાં ઘસીને પાવાથી કરમીયાંનું જોર નરમ પડશે.

(૭) સણના બીજ, ગોમુત્રમાં વાટી પાવાથી કૃમિનો નાશ થશે.

(૮) કાળીજીરી, વાવડીંગ, ખેરસાર, શેકેલા ઇંદ્રજવ, સુંઠ, મરી,

પીપર, ખુરસાણી વજ, લીમડાની છાલ, હરડાં, બેહેડાં, આંબળાં, કિરમાણી અજમોદ, અજમો, એ બધાં દરેક તો. ૧ લઇ ખાંડીને તેના સાત ભાગ કરવા. તે રોજ એક ભાગ પાણીમાં ઉકાળતાં તેમાં જરા ગોમુત્ર નાખી પાવું. એમ સાત દીવસ પાવાથી કૃમિ ટળશે, ફરી થશે નહિ.

(૯) પીતપાપડો, કિરમાણી અજમોદ, એ બંનેનું બારીક ચુરણ એકથી બે વાલ, મધ કે ધાવણમાં આપવાથી કૃમિ મટશે.

(૧૦) સફેત ડુંગળી જરા ચીરી, નાક આગળ ધરી સુંઘાડવાથી આંચકીનું જોર ઓછું થશે.

(૧૧) કપાળ, મસ્તક અને આંખો પર ગુલાબજળ છાંટીને સ્હેજ ઘસવાથી આંચકી નરમ પડશે.

(૧૨) કબજીયાત ટાળવા એક બે સાદા જુલાબ આપવાથી આંચકી મટશે.

(૧૩) બાળકના માથાપર એક હાથ ઉંચેથી ટાઢા પાણીની ધાર કરવાથી આંચકી ઓછી થશે.

(૧૪) હરડે, આંબળાં અને ખડી સાકર, પાણીમાં ઘસી, તેનું આંખે અંજન કરવાથી આંચકી જશે.

(૧૫) શોધેલ ટંકણખાર, વયના પ્રમાણે એક રતીથી એક વાલ, મધમાં ચટાડવાથી આંચકી નરમ પડશે.

(૧૬) વજના ચુરણની વાલ ૦॥ થી ૧ ની મધમાં ગોળી બનાવી, તે ખવરાવવાથી વાઇ નાબુદ થશે.

(૧૭) જેઠીમધનું ચુરણ વાલ ૧ થી ૨, ભુરા કોહોળાના રસમાં મેળવી પાવાથી અપસ્માર મટશે.

(૧૮) આસંધ, કઠ, સીંધાલુણ, જીરૂં, શાહજીરૂં, બોડી અજમોદ, સુંઠ, મરી, પીપર, શંખાવલી, કાળીપાટ, એ બધાં સમભાગે અને એ બધાંની બરોબર વજ લઇ, બારીક ચુરણ બનાવી. તેને બ્રાહ્મીના

પાનના રસની ત્રણ ભાવના આપવી. આ ચુરણ બાળકને મધ અને ઘીમાં જરા જરા ચટાડવાથી વાઇનો નાશ થશે. **સરસ્વતી ચૂરણ.**

(૧૯) ગાયના ઘી, દુધ, દહીં અને છાણનો રસ કહાડી, તેમાં પકાવી સિદ્ધ કરેલ ઘી, જરા જરા બાળકને ચટાડવાથી અપસ્માર નરમ પડશે.

(૨૦) ગળો, ગોખરૂ અને આંબળાં, એ સમભાગે લઇ બારીક ચુરણ બનાવી, તે વાલ ૧ થી ૨ મધ, ઘી, કે ઘી સાકરમાં ચટાડવાથી બાળકની વાઈ ટળશે. **રસાયન ચૂરણ.**

અશકિત, તૃષા (તરસ) અને રતવાના ઉપાયો—

(૧) મંડુર ભસ્મ, મધમાં ચટાડવાથી અથવા મંડુરવટી ગોળીયો, દુધમાં એકરૂપ કરીને પાવાથી બાળકની અશકિત મટશે. રકતશુધ્ધિ થશે.

(૨) તલ, ખજુર અને આસંધની લાડુડી અથવા તો એનાં વડાં ઘીમાં તળીને ખવરાવવાથી અશકિત જશે. આ ઉપાય મોટા બાળકને માટે કરવો.

(૩) આસંધ ભાગ. ૧, દુધ ભા. ૮. તેમાં ઘી તથા સાકર નાખી પકાવીને અવલેહ ચટાડવો.

(૪) જવ, ભોંયકોહોળું, ઘઉં, એનું સમ ભાગે ચુરણ બનાવી, તે ઘીમાં ચટાડવું અને ઉપર મધ અને સાકર નાખેલું થોડું ગરમ કરેલ દુધ પાવું. શકિત આવશે.

(૫) સાકર તો. ૧૬, વંશલોચન તો. ૮, પીપર તો. ૪, એલચીદાણા તો. ૨, તજ તો. ૧, એ બધાંનું બારીક ચુરણ બનાવી, ઉમ્મરના પ્રમાણમાં વાલ ૧ થી ૩, ઘી તથા મધ સાથે ચટાડવાથી તાકાત વધશે.

(૬) ઉંબરાં, કાયફળ, ધોળી ધરો; એ ત્રણેનું ચુરણ, વાલ ૧-૨, મધ તથા ઘીમાં ચટાડવાથી શકિત વધે.

(૭) કાકોલી, શંખાવલી, ઉંબરાંનું ચુરણ, વાલ ૧ થી ૨, ઘી તથા મધમાં ચટાડવાથી અશકિત દુર થશે.

(૮) કઠ, વજ અને ઉંબરાંનું બારીક ચુરણ વાલ ૦॥ થી ૨, ઘી કે મધમાં ચટાડવાથી શકિત આવશે.

(૯) ઉંબરાં અને સુરજમુખીનું ચુરણ વાલ ૧—૩, મધ અને ઘીમાં ચટાડવાથી બાળકની અશક્તિ મટશે.

(૧૦) કાથો અને કળી ચુનો સમ ભાગે લઈ, તેને ઉંબરાના દુધમાં ખરલ કરી, તેની મગ જેવડી ગોળીયો વાળવી. તે બાળકની વય પ્રમાણે ૧—૩, ધાવણમાં ઘોળીને પાવાથી બાળકની રક્તશુદ્ધિ થશે. શક્તિ આવશે.

(૧૧) જેઠીમધ અને કાળી દરાખનો કાઢો કરી, તેમાં જરા ઘી નાખી પાવાથી બાળકને વારંવાર થતી **તરસ** મટશે.

(૧૨) જેઠીમધ, પીપર અને આંબાનાં કુણાં પાન, એ ત્રણેનું બારીક ચુરણ, મધ કે ઘીમાં ચટાડવાથી વારંવાર થતી **તરસ** દુર થશે.

(૧૩) ધોળી ચણોઠીનાં પાન વાટી લેપ કરવાથી [૧]**રતવા** જશે.

(૧૪) મંડુર ભસ્મ રતી ૧, બે વાર મધમાં ચટાડવાથી વિકાર ઓછો થશે.

(૧૫) ત્રિફળાનું બારીક ચુરણ, ત્રણ વખત એકેક વાલ, મધમાં ચટાડવાથી **રતવા** કમી થશે.

(૧૬) ગુલાબનું મુળ, પાણીમાં ઘસી, લેપ કરવાથી વિકાર ટળશે.

(૧૭) ગોપીચંદન, પાણીમાં ઘસી, ચોપડવાથી **રતવા** મટશે.

(૧૮) રતવેલીયો અને રતાંજળી, એનું ચુરણ વાલ ૧, સાકર સાથે ખવરાવવાથી રતવાનો વિકાર મટી જશે.

(૧૯) પીપર અને ત્રિફળાનું બારીક ચુરણ વાલ ૧—૨, મધ કે ઘીમાં ચટાડવાથી રતવાના ચાંદાં પણ મટશે.

---

૧ ગરમી કે લોહીવિકાર થતાં શરીરે ચાઠાં થઇ આવે અને તે શરીરમાં ફરતાં જણાય છે. વખતસર સાથે તાવ પણ હોય છે. માતાનો વિકાર બાળકમાં ઉતરે છે.

(૨૦) સાગના પાન અને કાંબળીના ટુકડાની રાખ, તેલમાં ખુબ વાટીને, તે ચોપડવાથી રતવાને વિકાર નાબુદ થશે.

(૨૧) સોનાગેરૂને બારીક વાટી, તે પાણીમાં મેળવી, ચોપડવાથી **રતવા મટશે.**

(૨૨) હીરાકસીનું બારીક ચુરણ, ગરમ પાણીમાં મેળવી, તે પાણીવતી બાળકને ન્હવરાવવાથી **રતવા**નાં ચાઠાં નરમ પડશે.

(૨૩) રાતી કણેરના ફુલ અને સીંધી ચોખા, એ બંને સમ ભાગે અને તે બંનેના વજન પ્રમાણે વજ લઇ, ટાઢા પાણીમાં ભીંજવી, રાતે તે વાસણ ઝાકળમાં ઉઘાળું રાખવું. પછી સવારે તે વાટીને લેપ કરવાથી રતવાને વિકાર ટળશે.

(૨૪) જુની સોપારીની રાખ, માણસના હાડકાંની રાખ, ઘોડાના નખની રાખ, લોબાનનાં ફુલ, ફુલાવેલ મોરથુથાની રાખ, એ બધાં સમાન ભાગે ધ્રુપેલ તેલમાં ઘુંટી, તેને લેપ કરવાથી **રતવા**ના ગમે તેવાં ચાંદાં રૂઝાઇ જશે.

(૨૫) ગાયનું માખણ ગરમ કરી, તેમાં જેઠીમધના શીરાનું અને કેવડીયા કાથાનું ચુરણ સમાન ભાગે મેળવી, ખુબ ખરલ કરીને ચોપડવાથી રતવાનાં ચાંદાં મટશે.

મુત્રબિગાડ, મુત્રકૃચ્છ્ર અને સોજાના ઉપાયો—

(૧) ત્રિફળાંને પલાળી, તે પાણી ગાળીને બે ત્રણ વખત પાવાથી પેશાબને બિગાડ મટી જશે.

(૨) બાવળની છાલ એક દીવસ પાણીમાં પલાળી રાખી, પછી તે પાણી ગાળી, તેમાં જરા સાકર નાખી, રોજ બે ત્રણ વખત પાવાથી પેશાબને બિગાડ મટશે.

(૩) આસંધ, તલ અને ખજુરના વડાં ગાયના ઘીમાં તળીને ખવરાવવાથી બહુમુત્રની બાધા બંધ થશે.

(૪) સુંઠ, મરી, પીપર, એલચી, સીંધાલુણનું બારીક ચુરણ કરી

સાકરની ચાસણીમાં મેળવી, તેનો અવલેહ ચટાડવાથી બહુમુત્રની આદત કમી થશે.

(૫) ખાખરાનાં ફુલ, પાણીમાં બાફીને, તે પેડુપર બાંધવાથી પેશાબ બંધ થયો હશે. તો છુટ થશે.

(૬) તાંદળજાની ભાજીને પાણીમાં બાફીને, તે પેડુપર બાંધવાથી પેશાબ છુટ થશે.

(૭) ઉંદરની લીંડીઓ વાટી, ગરમ કરી, તે પેડુપર બાંધવાથી મુત્રબંધ છુટ થશે.

(૮) મુળાના પાનનો રસ કહાડી, તેમાં જરા સુરોખાર નાખી પાવાથી મુત્રબંધ છુટ થશે.

(૯) કળથીને ઉકાળી, તે પાણીમાં જરા મધ નાખીને બાળકને પાવાથી બંધ થયેલ પેશાબ છુટ થશે.

(૧૦) સુંઠ, એલચી, સુરોખાર, સમાન ભાગે બારીક ચુરણ બનાવી, તે રતી ૨ થી ૪, મધમાં ચટાડવાથી મુત્રબંધ મટશે.

(૧૧) એલચી, સુંઠ, મરી, પીપર, સાકર, સમભાગે અને તે કરતાં બમણુ સધવ લઈ બારીક વાટી, તે વય પ્રમાણે રતી ૧ થી વાલ ૧, મધ કે ઘીમાં ચટાડવાથી બંધ થયેલ પેશાબ છુટ થશે.

(૧૨) સાટોડીનાં મૂળ, પાણીમાં વાટી, તેનો લેપ કરવાથી સોજો મટે.

(૧૩) કોહોળાના બીજ અને નાગરમોથ, એ બંને ઇંદ્રજવ અને દેવદારના કાઢામાં વાટી, તેનો લેપ કરવાથી બાળકનો સોજો મટી જાય.

(૧૪) દેવદારનું તેલ મસળવાથી સોજો નરમ પડે.

(૧૫) આંબાહળદર, ઝેરકોચલું અને એરંડાની જડ, ગોમુત્રમાં ઘસીને સોજાપર ચોપડવાથી તે બેસી જાય.

(૧૬) લીમડાની અંતરછાલની બારીક ભુકી, સાટોડીના પાનના રસમાં મેળવી ચોપડવાથી, તેમજ સાદો જુલાબ આપવાથી સોજો કમી થશે.

આંખના દર્દના ઉપાયો—

(૧) અફીણ, ફુલાવેલ ફટકડી, પીપરીમૂળના મોટા ગંઠોડા બારીક વાટી, વસ્ત્રગાળ કરી, ગાયના તાજા ઘીમાં મેળવીને આંજવાથી મોતીયો મટે.

(૨) શોધેલ ખાપરીયું, તવખીર, ચીનાઈ સાકર, હીમજદળ, એ બધાં ચાર ચાર આનીભાર લઈ, ખાંડીને વસ્ત્રગાળ કરી, ચોવીશ પહોર સુધી લીંબુના રસમાં ખુબ ઘુંટી, છાંયડે સુકવવું. પછી તે રોજ આંખે આંજવાથી મોતીયો, પડલ વિગેરે આંખના તમામ રોગ મટે.

(૩) લોદર, હળદર, ફુલાવેલ ફટકડી, કપુર, ખાટા લીંબુના બીજ, હીરાબોળ અને અફીણ, એ બધી ચીજો લીંબુના રસમાં ખુબ ઘુંટીને આંખોપર તેનો લેપ કરવાથી દુખતી આંખે આરામ થાય.

(૪) આંબલીનો ચીચુડો અને ખારેકનો ઠળીયો, પાણીમાં ઘસીને, તે આંખે આંજવાથી તરતનું ફુલું કપાઇ જશે.

(૫) સીંધાલુણ વાલ ૨, ગળોનું સત્ત્વ વા. ૪, એ બંને બારીક વાટી, મધમાં મેળવીને આંખે આંજવાથી તાજું ફુલું ઓગળી જાય.

(૬) સોનાગેરૂ, સુરવારી હરડે, શિલાજીત અને સીંધાલુણ, એ બધાં ખુબ બારીક વાટી, તેમાં સ્હેજ પાણી નાખીને આંખની ચોતરફ ચોપડવાથી દુખતી આંખ મટશે.

(૭) માણસના નખની રાખ તથા અફીણ વાટી, દાડેમની કળીયોના રસમાં ઘુંટીને તેની ગોળી કરવી. તે પાણીમાં ઘસીને આંખે આંજવાથી તાજું ફુલું હશે તો થોડા દીવસમાં ઓગળી જશે.

(૮) લોદર, સુંઠ, ત્રિફલાં, સાટોડી, ભોંયરીંગણી, એ બધાં પાણીમાં વાટી, જરા ગરમ કરી, પાંપણોપર તેનો લેપ કરવાથી બાળકની ચુંચી આંખો મટી સારી થશે. આંખોમાં ખીલ થયા હોય, તો તેનો તરત ઇલાજ કરવો. કબજીયાત ટાળવાના ઉપાયો લેવા.

(૯) સુરવારી હરડેદળ, બેહેડાંનાં બીજ, આંબળાં, સીંધાલુણ, એ દરેક સમભાગે લઈ, વસ્ત્રગાળ કરી, મધમાં મેળવીને આંખે અવારનવાર

આંજવાથી આંખનું તેજ વધશે.

(૧૦) મરી, હળદર, કપુર, બરાસ, સુરોખાર, એ બધાં સમ ભાગે લઇ ખુબ બારીક વાટી, જાઇના પાનના રસમાં ચાર પહોર ઘુંટવાં. પછી તે આંખે આંજવાથી આંખો વારંવાર દુખવા આવતી હશે, તો આરામ થશે.

(૧૧) ભેંસનું તાજું છાણુ નીચોવી, તેમાં ગાયનું દુધ નાખી, તેનાં ટીપાં આંખમાં નાખવાથી આંજણું થઇ હશે તો મટી જશે.

(૧૨) ધાણાની પોટલી પાણીમાં પલાળી, તે અવારનવાર આંખો પર ફેરવવાથી બાળકની આવેલ આંખ મટી આરામ થશે.

અંજનની જુદી જુદી બનાવટો—

બનાવટ ૧ લી—શોધેલ સફેત સુરમો તો. ૧, ચીનાઈ સાકર બે આનીભાર, ભીમસેની કપુર એક આનીભાર, કિરમીજની કણી તો. ૦।, એ બધાં કપુર શિવાય ખુબ બારીક વસ્ત્રગાળ કરી, ગાયના ખપ-પુરતા તાજા થીજેલ ઘીમાં કપુર સાથે એક પહોર ખરલમાં ઘુંટવું. પછી ડબીમાં ભરી લેવું. આ અંજનથી બાળકની દુખતી આંખ મટે અને આંખની ગરમી ઓછી થાય. **ગુલાબી બાલાંજન** નં. ૧.

બનાવટ ૨ જી—દશ દીવસ પાણી ભરેલ ગોળામાં રાખી મુકેલ કાળો સુરમો તો. ૧।।, કિરમીજ રંગની કણી તો. ૦।।, ચીનાઇ સાકર તો. ૦।, ભીમસેની કપુર બે આનીભાર, જસતના ફુલ તો. ૦।।, એ બધાં બહુજ બારીક વસ્ત્રગાળ કરવાં. પછી ગાયના થીજેલ તાજા ઘીમાં એકરૂપ કરી, તેમાં બે ચાર ટીપાં મધ નાખી ડબી ભરી લેવી. આ અંજનથી પણ આંખની રતાશ, ગળતી આંખ તેમજ ગરમી મટી જશે. **ગુલાબી બાલાંજન** નં. ૨

બનાવટ ૩ જી—જસતના ફુલ તો. ૧।, કિરમીજની કણી તો. ૦।।, ચીનાઇ સાકર તો. ૦।।, ભીમસેની કપુર બે આનીભાર, એ બધાં બારીક વસ્ત્રગાળ કરી, ગાયના તાજા થીજેલ ઘીમાં સવા પહોર ઘુંટવું. તેમાં ઘુંટતી વખતે તો. ૦।, વેસેલીન નાખવું. પછી ડબીમાં ભરી લેવું.

આ અંજન બાળકને આંજવાથી આંખના તમામ દર્દો દુર થશે અને અવારનવાર **આંખ** દુખતી મટશે. **ગુલાબી બાલાંજન નં. ૩.**

બનાવટ ૪ થી—જસતનાં ફુલ તો. ૦ાા, સફેદ સુરમો શોધેલ તૈયાર **આવે** છે તે તો. ૦ા, ઉંચી કિરમીજની કણી તો. ૦ાા, **ચીનાઇ** સાકર તો. ૦।, ભીમસેની કપુર બે આનીભાર, કપુર સિવાય બધાં બારીક વસ્ત્રગાળ કરવાં. પછી કપુર સાથે ગાયના તાજા થીજેલ ઘીમાં જરા **મધ અને** વેસેલીન નાખી એક પહોર ઘુંટવું. તૈયાર થાય એટલે ડબીમાં ભરી લેવું. આ અંજન બાળકને અવારનવાર આંજવાથી આંખની ગરમી મટી તેજદાર **રહેશે.** દુખતી આંખ પણ મટશે. **ગુલાબી બાલાંજન નં. ૪.**

બનાવટ ૫ મી—કિરમીજની ઉંચી કણી તો. ૧, **જસતનાં** ફુલ તો. ૧, એ બંને બારીક વસ્ત્રગાળ બનાવી, તેમાં ભીમસેની કપુર તો. ૦।, ચાર ટીપાં મધ, **વેસેલીન** તો. ૦। અને ગાયનું તાજું થીજેલ ઘી ખપપુરતું નાખી, બે પહોર ખરલમાં ઘુંટવું. પછી ડબીમાં ભરી લેવું. આ અંજન બાળકને આંજવાથી તેની આંખ હંમેશાં નીરોગી અને તેજદાર રહેશે. ગરમી થવા પામશે નહિ. **ગુલાબી બાલાંજન** નં. ૫

બનાવટ ૬ ઠ્ઠી—એરંડીયા તેલને બાળી, તેની મેશ તો. ૧, ચીનાઈ સાકર બેઆનીભાર, બે ચાર ટીપાં મધ અને ખપપુરતું ગાયનું તાજું થીજેલ ઘી, એ બધાં બે ઘડી ઘુંટી અંજન કરી એક ડબીમાં ભરી લેવું. આ અંજન બાળકને રોજ બે વખત આંજવાથી તેની આંખ બહુજ ચળકતી રહેશે. **કાળું અંજન.** (કાજળ) નં. ૧.

બનાવટ ૭ મી—ગાયના તાજા ઘીના દીવાથી બનાવેલ કાજળ તો. ૧, જસતનાં ફુલ તો. ૦।, ચીનાઈ સાકર બે આનીભાર, **ભીમસેની** કપુર બે આનીભાર. બે ચાર ટીપાં તાજું મધ, એ બધું ગાયના તાજા થીજેલ ઘીમાં એક કલાક ઘુંટી, ડબીમાં ભરી લેવું. આ કાજળ બાળકને રોજ બે વખત આંજવાથી તેની આંખ તેજદાર અને નીરોગી રહેશે. **કૃષ્ણાંજન** નં. ૨.

બનાવટ ૮ મી—મીઠા તેલના દીવાથી પાડેલ કાજળ તો. ૧, તાજું અને ચોખ્ખું મધ ટીપાં ચાર, ચીનાઇ સાકર બે આનીભાર, ભીમસેની કપુર બે આનીભાર, એ બધું ગાયના તાજા થીજેલ ઘીમાં એક ઘડી ઘુંટવું. પછી તેમાં જસતનાં ફુલ બેથી ચાર આનીભાર મેળવી, ડબીમાં ભરી લેવું. આ અંજન બાળકને બે વખત રોજ આંજવાથી તેની આંખ સારી ચળકતી અને તેજસ્વી રહે. **કૃષ્ણાંજન** નં. ૩.

કાનના દર્દના ઉપાયો—

(૧) અફીણ રતી ૧, આઠ આનીભાર મીઠા તેલમાં મેળવી, ગરમ કરી, તેનું એક ટીપું કાનમાં નાખવું અને કાનની આસપાસ તેનો લેપ કરવો. એથી દુખતા કાન મટી આરામ થશે.

(૨) જુની સોપારીની રાખ, કેવડીયો કાથો અને સમુદ્રફીણ, એ ત્રણેને ખુબ બારીક વાટી, તેની ભુકી કાનમાં ભભરાવવાથી પરૂ વહેતું હશે, તો બંધ થઇ જશે.

(૩) ગંધીલો વજ અને અજમાને મીઠા તેલમાં કકડાવી, તે તેલનું ટીપું બાળકના કાનમાં નાખવાથી દુખતા કાન મટશે.

(૪) આકડાનું પાન મીઠા તેલમાં કકડાવી, તે બળી જાય, ત્યારે બારીક ઘુંટીને તેનું ટીપું કાનમાં નાખવાથી દુખતા કાન મટી જશે.

(૫) કડવું તેલ, મધ અને મૂળાના પાનનો રસ, સમભાગે લઇ ગરમ કરી, તેનું ટીપું કાનમાં નાખવાથી બ્હેરાશ ટળી જશે.

(૬) મરવાના પાનને મીઠા તેલમાં કકડાવી, તેનું ટીપું કાનમાં નાખવાથી દુખતા કાન મટી આરામ થશે.

(૭) આકડાના પાન ગરમ કરી, નીચોવીને તેના રસનાં ટીપાં કાનમાં નાખવાથી બ્હેરાશ નાબુદ થશે.

(૮) ધતુરાનાં તથા આકડાનાં પાન નીચોવી, તેનો રસ ક્હાડી, તે રસમાં ગંધીલા વજને ઘસી, તથા મીઠું તેલ તો. ૧, લસણની કળી ચાર, એ બધાંને વાટી ગરમ કરતાં રસ બળીને માત્ર તેલ રહે, ત્યારે

ઉકરવા દઈ, તે તેલના ટીપાં કાનમાં નાખવાથી ન્હેરાશ મટે.

(૯) ટંકણખારને ગરમ પાણીમાં પલાળી, તે પાણીની પીચકારી વતી કાન ધોવાથી દુખાવો કે ચસકા મટી જાય.

(૧૦) કરીયાતાને તથા ગંધીલા વજને મીઠા તેલમાં કકડાવી. તે તેલનાં ટીપાં કાનમાં નાખવાથી દુખતા કાન મટશે.

(૧૧) સીંધાલુણ, હીંગ, ઉપલેટ, મજીઠ, દેવદાર, એ દરેક ચાર આની-ભાર લઇ, બારીક વાટી, બકરીના મુત્રમાં ચોવીશ પહોર ઘુંટવાં. પછી તેની ચણા જેવડી ગોળીયો કરવી. તે બકરીનાં મુત્રમાં ઘસી, તેનાં ટીપાં કાનમાં નાખવાથી બાળકનું કાન પાકયું હશે કે પરૂ વહેતું હશે, તો મટી જશે.

(૧૨) અઘેડાનું પાન, મીઠા તેલમાં કકડાવી, તે તેલનું ટીપું બાળકના કાનમાં નાખવાથી દુખતું મટશે.

(૧૩) ટંકણખારની બારીક ભુકી કાનમાં ભભરાવી, ઉપર લીંબુના રસનાં બે ટીપાં નાખવાથી પરૂ વહેતું બંધ થાય.

(૧૪) ખડબુચનાં બીંજ, પાણીમાં વાટી, તેનાં એક બે ટીપાં કાનમાં નાખવાથી કાનખજુરો અંદર ગયો હોય, તો તે મરીને બહાર નીકળે.

(૧૫) ધાવણનાં બે ચાર ટીપાં નાખવાથી પણ દુખતા કાન મટે.

(૧૬) મરીના દાણા ૫-૬, મીઠા તેલમાં કકડાવી, તે તેલનાં એક બે ટીપાં કાનમાં નાખવાથી કાનની ન્હેરાશ ટળી જાય.

દાંત આવતી વખતના ઉપાયો—

(૧) પીપર અને ધાવડીનાં ફુલનું બારીક ચુરણ, મધમાં મેળવી, દાંતના પારાપર ઘસવાથી પીડા થશે નહિ.

(૨) ધાવડીનાં ફુલનું ચુરણ, મધમાં મેળવીને દાંતના પારાપર અવારનવાર ઘસવાથી દુખાવો મટી જશે.

(૩) પીપર અને ધાવડીના ફુલનું બારીક ચુરણ, આંબળાંનો રસ, એમાં જરા મધ મેળવી દાંતના પારાપર ચોળવાથી પીડા થતી હશે. તો ટળી જશે.

(૪) પારાપર માખણ ઘસવાથી પણ દુખાવ મટશે.

(૫) આંબળાં અને પીપરના બારીક ચુરણમાં મધ મેળવી એકરૂપ કરીને તે દાંતના પારાપર ઘસવાથી પીડા થતી ટળશે.

(૬) ચાક વાલ ૧, તથા ચીરોડીની ભસ્મ, ઝાડા પછી પાણી અગર ધાવણમાં બે ત્રણ વખત પીવરાવવાથી ઝાડો બંધાઇને કઠણ થશે.

(૭) દ્રાક્ષાસવનાં ચાર ટીપાં પાણીમાં મેળવી બે ચાર વખત પાવાથી ઝાડાથી અશકત થયેલ બાળકમાં તાકાત આવશે.

(૮) મધમાં જરા ચુનો મેળવી, તે દાંતના પારાપર ઘસવાથી દુખાવો મટી આરામ થશે.

ક્ષત, ફોલ્લા અને શીળસના ઉપાયો—

(૧) પીંપળાની છાલ, રકતચંદન અથવા રેવંચીનું લાકડું પાણીમાં ઘસીને, તેનો લેપ કરવાથી ફોલ્લા શાંત થાય.

(૨) ઉના પાણીથી ધોઇ સાફ કરી તેનાપર વેસીલાઇન અથવા તેનાથી બનાવેલ મલમ લગાડવાથી ક્ષત કે ફોડલી મટી જાય.

(૩) કડવાં પંડોળાનાં પાન, ત્રિફળાં, કડવા લીમડાની અંતરછાલ, આંબાહળદર, એ બધાં સમાનભાગે લઇ, તેનો કાઢો બનાવી, તે વયના પ્રમાણમાં તો. ૦। થી ૧ સુધી પાવાથી બાળકના ક્ષત, ફોલ્લા અને તાપ મટે.

(૪) ગરમ પાણીવતી શેક કરવાથી દુખાવાનું જોર ઓછું થશે.

(૫) અડાયાં છાણાંની ગરમ રાખ, શરીરે ચોળવાથી [૧]શીળસ મટી આરામ થશે.

(૬) ઇંદ્રવારૂણીના મુળ પાણીમાં ઘસીને એક નાની ચમચી પવાથી શીળસ મટે.

(૭) અજમો પાણીમાં વાટી, તેમાં ગોળ મેળવી. દીવે લગાડવું (ચોળવું).

---

૧ ઘચરકા કે પિત્તના વિકારથી ચળ આવે અને શરીરે જામઠાં થઇ આવે; તે શીળસ કહેવાય છે.

(૮) શરપંખાનું મૂળ, પાણીમાં ઘસી, તેમાં મરીનો દાણો વાટીને તે પાવાથી શીળસ મટશે.

(૯) કુકડવેલનું મુળીયું પાણીમાં ઘસીને તે પાણી શરીરે ચોળવાથી શીળસ જશે.

(૧૦) કાળીજીરી તો. ૦\|, પાણી તો. ૧ માં ઉકાળતાં પાણી તો. ૦।, રહે ત્યારે તે બાળકને પાવું અને તેની માતાને કાળીજીરીનું ચુરણ તો. ૦॥. ઉના પાણીમાં આપવું. એથી શીળસ ટળશે.

નાભિપાક અને ગુદાપાકના ઉપાયો—

(૧) બકરીની લીંડીઓ દુધમાં વાટી, જરા ગરમ કરીને લેપ કરવાથી નાભિપાક મટશે.

(૨) તજ તથા ચંદનનું બારીક ચુરણ નાભિપર દાબવું.

(૩) ગરમ તેલનું પોતું મુકવાથી પાકેલ નાભિનો ભાગ રૂઝાશે.

(૪) લોદર, હળદર, ગહુંલા, જેઠીમધના કાઢામાં તેલ સિદ્ધ કરી, નાભિપર ચોપડવું અને એ ચારે ચીજોનું બારીક ચુરણ તેનાપર ભભરાવવું.

(૫) ડુંટીપર સોજા હોય તો ઉના પાણીનો શેક કરવો.

(૬) પીંપળો, વડ કે પીંપળી, એમાંથી કોઈની પણ છાલ બાળીને, તેની રાખ પાકેલી નાભિપર છાંટવી અને એમાંના કોઇ પણ વૃક્ષની છાલના કાઢાથી નાભિને ધોવી.

(૭) બકરીની લીંડીઓ બાળીને, તેની રાખ પાકેલ નાભિપર ભભરાવવી.

(૮) ઉપલેટ, તેલ તથા પાણીમાં ઉકાળતાં તેલ સિદ્ધ કરી, તે તેલ નાભિપર ચોપડવું. અથવા તો ધુપેલ, એરંડીયું કે તલનું તેલ નાભિપર ચોપડવું.

(૯) દેવદાર, ઇંદ્રજવ, મોથ, એ ત્રણેને પાણીમાં વાટી, તેનો નાભિપર લેપ કરવો, એથી નાભિ બહુ સુજી હશે, તો સોજો મટી જશે.

(૧૦) બાલ હરડેને પાણીમાં ઘસીને, નાભિપર તેનો લેપ કરવાથી પાકેલ ભાગ રૂઝાઇ જશે.

(૧૧) પીંપળાની છાલ બાળીને, તેની રાખ દાબવાથી ગુદાપાક મટશે.

(૧૨) રસવંતી અથવા તેની રાખ ચોપડવાથી પાકેલ ગુદા રૂઝાશે.

(૧૩) જેઠીમધ, શંખ અને રસાંજન પાણીમાં બારીક વાટી, તે ગુદાપર ચોપડવાથી આરામ થશે.

(૧૪) કાથો, એલચી અને બોદાર, બારીક વાટી, તે ધોયેલ ઘીમાં મેળવીને ચોપડવાથી ગુદાપાક મટી જશે.

(૧૫) ત્રિફળાંની બારીક ભુકી, પાકેલ ગુદાપર ભભરાવવાથી આરામ થાય.

(૧૬) વડ, પીંપળ, પીંપળો, ઉંબરો, પારસપીંપળો, એ પાંચેની છાલને ઉકાળી, તે કાઢામાં વાટીને, ગુદાપર તેનો લેપ કરવો એટલે ચાંદા મટશે.

(૧૭) ક્ષીરવૃક્ષની છાલના કાઢાવતી ગુદા ધોઇ, પછી તેનાપર શંખ, સારિવા અને ચંદન પાણીમાં વાટીને, તેનો લેપ કરવો. અથવા તો જેઠીમધનું મુળીયું, પાણીમાં વાટીને, તેનો લેપ કરવાથી ગુદાપાક રૂઝાશે.

(૧૮) ઝાડાની કબજીયાત થાય તો તેને માટે તરત ઇલાજ કરવો.

મુખપાક અને બહુ રૂદનના ઉપાયો—

(૧) પીંપળાની છાલ અને તેના પાનનું બારીક ચુરણ, મધમાં કાલવી. મોઢામાં લગાડવાથી પાકેલ મ્હોં સારૂ થશે.

(૨) બકરીના દુધની શેડ, રોજ મ્હોંમાં નખાવવાથી આરામ થશે.

(૩) એલચી બાળી, તેની સાથે સોનાગેરૂ વાટી, તે બારીક ભુકી, મધમાં મેળવીને મોંઢામાં ચોપડવી.

(૪) જાઇનાં પાન, કાળીપાટ, દરાખ, દુધ અને ત્રિફળાં, એનો કાઢો કરી, તેનાથી કોગળા કરાવવા.

(૫) ગજોસત્વ, મોઢામાં ચોપડવાથી આરામ થશે.

(૬) ત્રિફળાંના બારીક ચુરણને મધમાં કાલવી, તે મ્હોંમાં ચોપડવું.

(૭) તવખીરની ભુકી મોઢામાં ચોપડવાથી આવેલ મ્હોં સારૂં થશે.

(૮) ગોપીચંદન દુધમાં વાટી પાવાથી આવેલ મોઢું મટી જશે

(૯) શેકેલ ટંકણખારની ભુકી, મધમાં એકરૂપ કરી, તે મ્હોમાં ચોપડવી.

(૧૦) વાંસકપુર, સાકર, કંકોલ, એલચી, ફુલાવેલ ફટકડી, એ બધાંની બારીક ભુકી, મોઢામાં લગાડી, લાળ બહાર કહાડવાથી મ્હોંનો પાક મટશે.

(૧૧) પેટ સાફ રાખવા માટે એરંડીયાની એક ચમચી અગર મોટી હરડેના ઘસારામાં સાકર મેળવી, તે પાવાથી દસ્ત સાફ આવી મુખપાક નરમ પડશે.

(૧૨) લોદર, કાળાતલ, જેઠીમધ, ઉપલસરી. એ સમ ભાગે લઇ, તેનો કાઢો બનાવી, તે ત્રણ વખત બેથી ચાર ટીપાં બાળકને તથા તો. ૧ થી બે, તેની માતાને પાવાથી બાળકનું આવેલ મ્હોં સારૂં થશે.

(૧૩) બાળકની માતાએ તેલ, મરચું વિગેરે ગરમ ચીજ ન ખાવી.

(૧૪) **ચ્યવન પ્રાસાવલેહની** આંગળી ભરી ચટાડવાથી પણ મુખપાક મટી જશે.

(૧૫) બાળકની માતાએ પોતાને કબજીયાત ન રહે. તેને માટે તરત ઉપાય લેવા.

(૧૬) પીપર અને ત્રિફળાં, એ ચાર ચીજોનું સમભાગે કરેલ ચુરણ વાલ ર, મધ અને ઘીમાં કાલવી, ચાર દીવસ ચટાડવાથી બાળક રોતું બંધ થશે.

માથાપરની ફોડલી, શરદી અને સળેખમના ઉપાયો—

(૧) રતાંજળી, ગુલેહરમની, સોનાગેરૂ, એ ત્રણેને ટાઢા પાણીમાં અથવા ગુલાબજળમાં ખુબ વાટી, તેનો લેપ કરવાથી માથાની ફોડલીઓ અને ખરજવું પણ મટે.

(૨) ગોપીચંદન, પાણીમાં ઘસી, તેનો લેપ કરવાથી આરામ થાય.

(૩) અગર, ચંદન, એ બંનેને ગુલાબજળમાં વાટી, માથાપર તેનો લેપ કરવાથી ફોલ્લીઓ શાંત થાય.

(૪) અફીણ ઘસી, નાના બાળકના માથાપર અને નાકપર ચોપડવાથી

શરદી અને સળેખમ મટે. પેટમાં કાંઇ વિકાર જણાય, તો પેટપર પણ લેપ કરવો.

(૫) અગથીઆના પાલાના બે ટીપાં રસમાં ૪–૬ ટીપાં મધ મેળવી, તે આંગળીવતી તાળવે ચોપડવાથી કફની શરદી મટશે. બાળક જન્મતી વખતે સુયાણીએ આ ઉપાય કરવાની સાવચેતી રાખવી.

(૬) ભાંગરાના બે ટીપાં રસમાં આઠ ટીપાં મધ મેળવી, આંગળી ભરીને તે બાળકના તાળવામાં પહોંચાડવી. એટલે કફની શરદી મટી, બાળક સાવધાન થશે. આ ઉપાય પણ સુવાવડ વખતે સુયાણીએ સાવચેતીથી કરવો.

(૭) કેળના પાનમાં સતાપાના પાંનનું પડીકું વાળી, તે દોરા વતી બાંધી, બાળકના ગળામાં બાંધવાથી શરદી મટશે.

(૮) સતાપાના પાનના રસમાં બાળાગોળી ખવરાવવાથી બાળકને શરદી થશે નહિ.

(૯) કાંટાશેળીયાના પાનના રસમાં મધ નાખી પાવાથી બાળકના સળેખમ અને ખાંસી મટી જશે.

(૧૦) સુરપીણના મૂળ, પાણીમાં ઘસી, તેમાં જરા મધ નાખી પાવાથી અથવા એના પાંદડાંના રસમાં મધ મેળવી પાવાથી બાળકના સળેખમ, ઉધરસ અને કરમીયાં પણ ટળશે.

(૧૧) કેસર અને અફીણ વાટી જરા ગરમ કરી, તે બાળકના કપાળે, નાકે અને ગાલે, તેમજ હાથપગના તળીયે ચોપડવાથી શરદી કે સળેખમ મટી આરામ થશે.

(૧૨) ઝાડો સાફ ન આવતો હોય, તો તેને માટે એક રતી રેવંચીનો શીરો, ધાવણમાં ઘોળી પાવો. એથી પણ શરદી અને સળેખમનું જોર નરમ પડશે.

(૧૩) ગાયના દુધમાં અફીણ ઓગાળી, તેમાં જાયફળ ઘસીને બાળકના કપાળપર અને નાકપર તે ચોપડવાથી અથવા જાયફળ દુધમાં

ઘસી, ગરમ કરી, તે કપાળે, નાકે અને હાથ પગના તળીયે લગાડવાથી સળેખમ મટશે. તેમાં જરા કેસર મેળવવાથી વધારે ગુણ કરશે.

(૧૪) સુંઠ અને જાયફળ, ગાયના ઘીમાં ઘસીને બાળકને ચટાડવાથી શરદીથી થયેલ ઝાડો મટી જશે.

અળાઈ, ખસ અને ખરજવાના ઉપાયો—

(૧) ધાણા, વાળો, આંબળાં, નાગરમોથ, પાણીમાં વાટી, તેનો લેપ કરવાથી અળાઇ મટે.

(૨) ચંદન, વાળો અને ધાણા, ગુલાબજળમાં વાટી, તેનો લેપ કરવાથી અળાઇ શાંત થશે.

(૩) ચણાનો લોટ, ટાઢા પાણીમાં મેળવી, શરીરે ચોપડવો અને તે સુકાઈ ગયા પછી ન્હાઇ નાખવું.

(૪) ધમાસાનો કાઢો કરી, તેનાવતી બાળકને ન્હવરાવવાથી ખસ કે ચળ મટે.

(૫) ગંધક અને કપુર, કોપરેલમાં ખુબ ખરલ કરી, ચોપડવાથી ખસ કે લુખસ શાંત થશે.

(૬) ધુમાસ, હળદર, કઠ, ઇંદ્રજવ, રાઈ, એ બધાં છાશમાં વાટી, લેપ કરવાથી ખસ, ખરજ કે કોઢનો પણ નાશ થાય.

(૭) સાદો રેચ આપવાથી ખસનું જોર નરમ પડે.

(૮) કડવા લીમડાના પાન બાફીને, તે ઉના પાણીવતી બાળકને ન્હવરાવવાથી ખસ, લુખસ કે ચળ આવતી મટશે.

(૯) સોંધી ચોખા, ધરોના રસમાં વાટી, લેપ કરવાથી ખરજવું મટી જશે.

(૧૦) ગોપીચંદન, ઘસીને ચોપડવાથી ખરજવું ટળશે.

(૧૧) ખીજડીનાં પાન, ગાયના દહીંમાં વાટી, લેપ કરવાથી ખરજવું મટશે.

(૧૨) સોનાગેરૂ, અગર, કપીલો, એ ત્રણેને દહીંમાં વાટી, લેપ

કરવાથી ખરજવું જાય.

(૧૩) ગાયનું માખણ જરા ગરમ કરતાં તે નરમ થાય, ત્યારે તેમાં જેઠીમધનો શીરો ઘસી, જરા સફેત કાથો મેળવીને ખરલ કરવું. તે બાળકના શરીરે ચાંદા હોય, ત્યાં ચોપડવાથી તે રૂઝાઇ જશે.

ઓરી અથવા શીતળાના ઉપાયો—

(૧) રતાંજળી, ગળો, મોથ, અરડુસી, દ્રાક્ષ, એનો કાઢો ટાઢો કરીને પાવાથી ઓરી નરમ પડશે.

(૨) દુધમાં ગોળ મેળવીને પાવાથી આરામ થશે.

(૩) બાળક અનાજ ન લેતું હોય, તો તેની માતાએ બાજરાનો રોટલો, ગોળ, રીંગણા જેવો ગરમ ખોરાક લેવો. એથી બચ્ચાંને ફાયદો થશે.

(૪) મોળા દહીંમાં જરા સાકર મેળવી બાળકને તે ચટાડવું. ત્રણ ચાર રોજ પછી ઓરી નમતી જણાય, ત્યારે આ ઉપાય કરવો.

(૫) તુલસીનાં પાન અથવા તેનો રસ પાવાથી પણ શીતળાનું જોર કમી થશે

(૬) ગધેડીનું દુધ પીવરાવવાથી આરામ જણાશે.

(૭) કડવા લીમડાની છાલનો [1]હીમ કરી પાવાથી **દાહજવર, જીર્ણજવર** અને શીતળાને લીધે જામેલ ગરમી દુર થઇ જશે.

(૮) દુધમાં ઘી નાખી, તે ગરમ કરી, શીતળા નમતી હોય ત્યારે પાવું.

(૯) દ્રાક્ષ, વરીયાળી, ધાણા, લીમડાનાં કુંપળ, કરીયાતું, એ બધાં રાતે માટીના કોરા વાસણમાં પલાળી, સવારે ગાળીને બાળકને નમતી ઓરીમાં પાવાથી ઝાડો હશે, તો પણ મટીને આરામ થશે.

(૧૦) પીતપાપડાને લીમડાના રસમાં ઘસી ચોપડવાથી ઓરી નરમ પડશે.

---

૧ અધકચરી ઔષધિ સાંજે છગણા પાણીમાં પલાળી, સવારે ગાળી લેવું તે હીમ કહેવાય.

કંઠમાળ, બામલાઇ અને દુગ્ધદોષના ઉપાયો—

(૧) વછનાગને ગોમુત્રમાં ઘસી, તેનો લેપ કરવાથી કંઠમાળ નાબુદ થાય.

(૨) સતાપાના પાનનો રસ, દુધમાં મેળવી પાવાથી બાળકની બામલાઇ મટે.

(૩) ત્રિધારી થોર બાફી, તેનો ત્રણ માસા રસ કહાડી, તેમાં અરધો માસો ધુંવાસ અને સ્હેજ કસ્તુરી નાખી, વાટીને પાવાથી દુગ્ધદોષ મટી જાય.

(૪) ચણકબાબ, સુંઠ, નાગરમોથ, કંકોડી, અતિવિષની કળી, એ બધાંનું બારીક ચુરણ, બાળકની માતાને દુધ કે પાણી સાથે આપવાથી દુગ્ધદોષ ટળશે.

(૫) પેટ પર શેક આપવાથી પણ ફુગેલ પેટ નરમ પડશે.

(૬) કાળીપાટ, નાગરમોથ, ત્રિફળાં, બંને રીંગણી, બીલીનાં મૂળ, એ બધાંનો કાઢો કરી, તેમાં ગોળ નાખી બાળકને પાવાથી દુગ્ધદોષ નાબુદ થશે.

વધરાવળ તથા આફરાના ઉપાયો—

(૧) દુધમાં અડધી ચમચી કે એક ચમચી એરંડીયું મેળવી પાવાથી વધરાવળનું જોર નરમ પડશે.

(૨) ઇંદ્રાયણના મૂળના કાઢામાં દુધ તથા એરંડીયું નાખી પાવાથી બધી જાતની વધરાવળ શાંત થાય.

(૩) સરસવ અને સરગવાની છાલ વાટી, તેનો લેપ કરવાથી આરામ થશે.

(૪) વજ અને સરસવ, પાણીમાં વાટી, તેનો લેપ કરવાથી વધરાવળ નરમ પડે.

(૫) સુંઠ, સરસવ, સાટોડીનાં મૂળ, દેવદાર, સરગવાના મૂળની છાલ, એ બધાં સમ ભાગે લઇ ચુરણ કરવું. તે ખાટી છાશમાં વાટી જાડો લેપ કરવાથી વધરાવળનો નાશ થશે. દોષઘ્ન લેપ.

(૬) સીંધાલુણ, એલચી, સુંઠ, ભારંગમૂળ, એનું સમભાગે કરેલ

ચુરણ, ઘીમાં ચટાડવાથી આફરો અને વાયુશૂળ મટી આરામ થશે.

બાળકની શકિત વધારવાના ઉપાયો—

(૧) આસંધનું ચુરણ, દુધમાં પાવાથી બાળકની શકિત વધે.

(૨) તવખીર પાણીમાં અથવા ગાયના દુધમાં બાફી, પાતળી રાબડી બનાવી, તેમાં સાકર નાખી પાવાથી તાકાત વધે.

(૩) ખસખસ, ગાયના દુધમાં વાટી, તેમાં થોડું બીજું દુધ તથા સાકર કે થોડો ગોળ નાખી રાબડી બનાવી, તેમાં જરી સાકર નાખી પાવાથી બાળકમાં તાકાત આવે. આ રાબડી બે માસ કરતાં વધારે વયના બાળકને આપી શકાય. વળી જે બાળકને ઝાડો થયો હોય, તેને તો એ બહુજ ગુણકારી છે.

(૪) સારી ખજુર એકથી બે તોલા, ધોઈ સાફ કરી, ઠળીયા કહાડી, તે દુધમાં પલાળી રાખવી, પછી મસળી ગાળીને તે રસ દીવસમાં ત્રણ વખત પાવો. એક મહિના ઉપરના બાળકને તેની શકિત પ્રમાણે આ રસ પાવો. દરેક વખતે તાજો રસ કહાડવો.

(૫) નાગલી રાતે પલાળી, સવારે બારીક વાટવી. તેનું દુધ જેવું પાણી નીચોવી, કલઈ કરેલા વાસણમાં બે ઘડી રાખી મુકવું. એટલે તેનું સત્ત્વ વાસણ તળે જામી જશે. પછી પાણી કહાડી નાખી, તે સત્ત્વ ચોવડા વસ્ત્રપર પાથરવું. તે બે કલાકમાં ચીકણું ઘટ્ટ થઈ જશે. તેની સોપારી જેવડી ગોળીયો બનાવી, તડકે સુકવી રાખવી. તે ગોળી પાણીમાં બાફી, તેમાં જરા ગોળ નાખી, ઠર્યા પછી બાળકને તેની શક્તિ પ્રમાણે પાવાથી તાકાત વધશે.

(૬) વાવડીંગનું ચુરણ, મધમાં ચટાડવું. એક માસના બાળકને એક વાવડીંગ, એમ દર મહીને એક વાવડીંગ વધારીને ચટાડવું. એથી બાળકને કદિ રોગ થવા પામશે નહિ.

(૭) ભોંયકોહોળું, જવનો લોટ અને ઘઉંનો લોટ, એ ત્રણે સમ ભાગે લઈ, તેમાં દુધ, ઘી અને સાકર મેળવી, ચાટણ કરી આપવું.

અનાજ લઈ શકે તેવા બાળકને માટે આ ચાટણુ તાકાત આપનાર છે.

(૮) હરડે, વજ, સીંધાલુણ, ત્રિગડુ, સરધવાના મૂળ, એ બધાં પાણીમાં વાટી, ગાયના માખણમાં પકાવી ઘી ગાળી લેવું. એ ઘી બાળકની વય અને શકિત પ્રમાણે ચટાડવાથી તે રાતો માતો થાય સદા નીરોગી રહે.

(૯) કઠ, વજ, હરડે, બ્રાહ્મી, કતકફળ, એનું બહુજ બારીક ચુરણ બનાવી, તે પ્રભાતે મધ તથા ઘીમાં ચટાડવાથી બાળક બહુજ પુષ્ટ બને.

(૧૦) પીપર, મોથ, અતિવિષની કળી, કાકડાશીંગી, એ દરેક સમ ભાગે લઇ ખુબ બારીક ચુરણ બનાવી, તે વય અને શરીર જોઈ ૧–૨ વાલ, બાળકને મધમાં બે વખત ચટાડવાથી તેના ઘણાંખરાં દર્દો નાબુદ થાય, અને તે હંમેશાં તંદુરસ્ત રહે. **બાલચાતુર્ભદ્ર ચુરણ.**

(૧૧) વજ, એલચી, બ્રાહ્મી, શંખાવલી, એ દરેક સમ ભાગે બારીક વાટી, બાળકને બે વખત અરધીથી એક રતી ચુરણ, મધ તથા ઘીમાં ચટાડવાથી તે બહુ પુષ્ટ થાય.

(૧૨) હરડાં, બેહેડાં, આંબળાં, પીપર, પીપરીમૂળ, એ બધાં સમ ભાગે વાટી, વયના પ્રમાણમાં બાળકને મધ અને ઘીમાં ચટાડવાથી તે રડશે નહિ. તેમજ તાવ, ઉલટી, ઝાડા, કરમીયાં, પેટનો દુખાવો પણ મટી તે રમતું રહેશે.

(૧૩) વજ તથા કઠ, બંને બબ્બે આની ભાર લેવાં. તેમાં સોનાના વરગનું પાનું એક મેળવી, સમાન ભાગે તેનાં દશ પડીકાં કરવાં. રોજ સવારે એક પડીકું બાળકને મધ તથા ઘીમાં મેળવી ચટાડવાથી તેનામાં ભારે તાકાત આવે. આ દવા લાંબો વખત ચાલુ રાખવાથી બહુજ ફાયદો જણાશે.

(૧૪) મધ અને ઘીમાં સુવર્ણ ઘસીને ચટાડવાથી બાળકના બળ અને આયુષ્ય વધે.

(૧૫) થોરના લાલ પાકેલ ફીંડવાં, કડબમાં પાથરીને તે કડબ

સળગાવી દેવી. એટલે તે બફાઈ જતાં તેનો રસ કહાડી લેવો. પછી તે ફીંડવાંના રસના પ્રમાણમાં તેની અંદર વાંસકપુર, તજ, એલચી, તમાલપત્ર, સાકર, એ બધાં ખુબ બારીક વાટીને નાખવાં. આ **બાલામૃત** બાળકને ઉમ્મર પ્રમાણે પાવાથી તેના ખાંસી, તાવ, દમ, અજીર્ણ, સસણી, નબળાઇ નાબુદ થાય છે અને સાધારણ રીતે પણ એ પાવાથી અતિ પૌષ્ટિક છે. **બાલામૃત.**

બાળકની વાચા સ્પષ્ટ થવાના ઉપાયો—

(૧) પીંપળાના પાકાં ફળ ખવરાવવાથી બોબડી વાચા સ્પષ્ટ થાય.

(૨) ત્રિફળા, ત્રિકટુ, ધાણા, અજમો, શતાવરી, વજ, ભારંગ, વિદ્યાબ્રાહ્મી, એ બધાં સમભાગે બારીક વાટી. તે ચુરણ વાલ બે, મધમાં મેળવી ચટાડવાથી તોતડાઇ અને જીભની મંદતા મટે.

(૩) લઘુ બ્રાહ્મીનાં તાજાં પાન ખવરાવવાથી જીભની જડતા મટી શબ્દોચ્ચાર સ્પષ્ટ થશે.

(૪) સહજણાના મૂળ, વજ, લોદર, ધાવડીનાં ફુલ, સીંધાલુણ, એ દરેક તો. ૧, બારીક વાટી, તે ગાયનું ઘી શે. ૧ તથા બકરીનું દુધ શે. ૪, લઈ, બધાં મેળવીને ધીમી આંચે પકાવતાં દુધ બળી જતાં માત્ર ઘી રહે, ત્યારે ગાળી લેવું. તે રોજ સવારે બાળકની શકિત પ્રમાણે તો. ૦॥ કે ૧, ચટાડવાથી તોતડાઈ મટશે. એથી મુંગા બાળક પણ બોલતા થાય.

બાળકની બુદ્ધિ વધે તેવા ઉપાયો—

(૧) વાવડીંગ, ગળો, અઘેડો, શંખાવલી, બ્રાહ્મી, સુંઠ, શતાવરી, વજ, એ બધાં સમ ભાગે બારીક વાટી, તે ચુરણ ગાયના ઘીમાં બાળકની વય પ્રમાણે તો. ૦। કે ૦॥, ચટાડવાથી બુદ્ધિ બહુજ વધે.

(૨) પીપર, ગોરખમુંડી, વિદ્યાબ્રાહ્મી, કઠ, ધોળો વજ, એ બધાં સમ ભાગે લઈ બારીક વાટી, તે બાળકની શકિત પ્રમાણે તો. ૦। કે ૦॥, ગાયના તાજા ઘીમાં કાલવીને ચટાડવાથી બાળકની બુદ્ધિ બૃહસ્પતિ જેવી થાય.

(૩) આસંધ, કઠ, સીંધાલુણ, જીરૂં, શાહજીરૂં, બોડી અજમો, સુંઠ, મરી, પીપર. કાળીપાટ, શંખાવલીના ફુલ, એ બધાં સમ ભાગે લઇ, બારીક વાટી, તેને બ્રાહ્મીના રસની ભાવના દેવી. તે ચુરણ તો. ૦। થી ૦॥, મધ તથા ગાયના તાજા ઘીમાં કાલવી ૪૯ દીવસ ચટાડવાથી બાળકની અગાધ બુદ્ધિ થાય, તેમજ જીભની જડતા અને મંદતા મટી વાચા ચોખ્ખી બને.

(૪) ધોળો વજ, શંખાવલી, બ્રાહ્મી અને સોનાનો વરખ, એમાંની કોઇ પણ ચીજ, બાળકની ઉમ્મર પ્રમાણે ઘી અને મધમાં રોજ સવારે ચટાડવાથી તેના બુધ્ધિ-બળમાં વધારો થવા પામશે. આ ઉપાય નિરંતર ચાલુ રાખવામાં હરકત નથી.

બાળાગોળી.

બનાવટ ૧ લી—ઇંદ્રજવનો દાણો ૧, વાવડીંગના દાણા ૩, સુરવારી હરડે બે આનીભાર, બેહેડાં ચાર આનીભાર, અતિવિષની કળી એક આનીભાર, નાગરમોથ તો. ૦।, અકલકરો બે આનીભાર, જેઠીમધ તો. ૦।, વરીયાળી તો. ૧,. સુવાદાણા તો. ૧, એમાં જરા સીંધાલુણ નાખી, બારીક વાટી,. મધમાં મગ જેવડી ગોળીયો વાળવી. આ ગોળી એક માસ પછીના બાળકને આપવી. એથી બાળકની દરેક રીતે તંદુરસ્તી સારી રહેશે.

બનાવટ ૨ જી—વાવડીંગ, કલંબો, જાયફળ, બીલીનો ગર, પીપર, કાંસકી, વંશલોચન, વાપુંભા, જાવંત્રી, કડુ, દાડેમની છાલ, નાગકેસર, અકલકરો, ઇંદ્રજવ, મોચરસ, એલચી, અફીણ, અતિવિષની કળી, શતાવરી, ઇસસ, કાળીજીરી, હીમજ, મરડાશીંગી, પીપરીમૂળ, લવીંગ, ધોળી મુશળી, પીતપાપડો, કલોંજી જીરૂં, એ દરેક તો. ૧, કેસર તો. ૦॥, કસ્તુરી માસો ૧, સોનાનો વરખ માસો ૧॥, પ્રથમ ઉપરની ચીજો બધી બહુજ બારીક વાટવી. પછી તેમાં કેસર વિગેરે મેળવી મધમાં એક રતીની અથવા મગ જેવડી ગોળીયો વાળવી. એ ઉમ્મરના પ્રમાણમાં ૦॥

કે એક ગોળી બાળકને ધાવણમાં ઘોળીને આપવી. એથી તાકાત આવશે અને બાળકના તમામ દર્દો નષ્ટ થશે.

બનાવટ ૩ જી—એલચી, હરડેદળ, ઇંદ્રજવ. કાળીજીરી, વાવડીંગ, જાયફળ, જાવંત્રી, ઈસસ, વાપુંભા, જવાનના બી, લવીંગ, ખસખસ, બીલીનો ગર, એ દરેક તો. ૧, કાથો તો. ૦ાા, અફીણ તો. ૦ાા, એ બધાં ખુબ બારીક વાટવાં. પછી તેમાં મધ અને અફીણ નાખી એક પહોર ખરલ કરી, મગ જેવડી ગોળીયો કરવી. એ ગોળી વયના પ્રમાણમાં રોજ ૧ થી ૨, બાળકને આપવાથી તાવ, ઝાડા ખાંસી વિગેરે મટશે અને તાકાત આવશે.

બનાવટ ૪ થી—સફેત કાથો તો. ૦ા, કેસર વાલ ૨, એળીયો બે આનીભાર, એલચી તો. ૦ા, જાયફળ તો. ૦ા, જાવંત્રી તો. ૦ા, નાગરવેલના પાન નંગ ૬, પ્રથમ ઉપરની ચીજો અતિ બારીક વાટી, પછી પાન નાખીને ખુબ ખરલ કરવું. તેમાં જરા મધ નાખી બાજરીના દાણા જેવડી ગોળીયો બનાવવી. તે વયના પ્રમાણમાં એક કે બે ગોળી રોજ આપવાથી બાળક હસતું રમતું રહેશે અને તેની તબીયત પણ સુધરશે.

બનાવટ ૫ મી—જાયફળ, લવીંગ, એલચી, અજમોદ, વાપુંભા, કિરમાણી અજમો, કાંસકી, અજમો, મરડાશીંગ, ઇંદ્રજવ, અતિવિષની કળી, બીલીનો ગર, વાવડીંગ, સુવાદાણા, સાકર, ઘીમાં સોંતરેલી ભાંગ, કેસર, આંબાની ગોટલી, કાથો, સંચળ, ધાવડીનાં ફુલ, સુંઠ, પીપર, જાંબુનાં બીંજ, પીતપાપડો, શોધેલ હીંગળો, રાઇ, હરડેદળ, શોધેલ ખાપરીયું, ખુરસાણી અજમો, શોધેલ શેષગુંદર, કડાછાલ, કચુરો, શુધ્ધ બોદાર કાંકરી, વાળો, મોથ, એ બધાં સમાન ભાગે લઇ બારીક ખાંડી, દાડેમના રસમાં ખુબ ઘુંટીને મગના દાણા જેવડી ગોળીયો વાળવી. તે છાંયડે સુકવવી. વયના પ્રમાણે એક કે બે ગોળી રોજ બાળકને ધાવણમાં ઘોળીને આપવાથી તે બહુજ તંદુરસ્ત રહેશે. અફીણ વગરની આ ગોળી બાળકને અતિગુણકારી સમજવી.

બનાવટ ૬ ઠ્ઠી—અજમોદ, હરડે, ખારેક, કેસર, એ દરેક ભા. ૧, જાયફળ, અફીણ, મોચરસ, એ દરેક ભા. ૦।।, જાવંત્રી, લવીંગ, મધ, એ દરેક ભા. ૨, પ્રથમ ખુબ બારીક કરી, મધમાં ઘુંટી, બાજરીના કણ જેવડી ગોળીયો બનાવવી. બાળકની ઉમ્મર પ્રમાણે ૧-૨ ગોળી આપવાથી ઉલટી, અનિદ્રા, કબજીયાત કે ઝાડો. ઝબકી ઉઠવું, ખાંસી વિગેરે દરેક દર્દમાં ગુણકારી છે.

બનાવટ ૭ મી—અતિવિષની કળી તો. ૨, હરડે તો. ૨, મોથ, કડુ, પાનની જડ, કલુંભો, કાંસકીનાં બી, વાવડીંગ, અજમો, કાળીજીરી, સીતાબના પાન, કાકડાશીંગી, તજ, સંચળ, શેકેલ હીંગ, એ દરેક તો. ૧ લઈ બારીક વાટી પાનના રસમાં જુવારના દાણા જેવડી ગોળીયો કરવી. વય પ્રમાણે બાળકને ૧-૨ ખવરાવતાં બાળક તંદુરસ્ત રહે અને ખાંસી, ઝાડો, તાવ, ઉલટી વિગેરે મટે.

બનાવટ ૮ મી—સેકેલા ઈંદ્રજવ, પીપર, સુંઠ, જાયફળ, બેહેડાં, હરડે, વાવડીંગ, અતિવિષની કળી, અજમોદ, મોથ, કાકડાશીંગી, જેઠીમધ, સીંધાલુણ, તજ, વાંસકપુર. સેકેલી હીંગ. એલચી, નસ કાઢેલ ધોળું નસોતર બહુજ અલ્પ, આસંધ, મરી, કેસર, ગુલાબની કળી, ખારેક, મોચરસ, લવીંગ, જાવંત્રી, મીઠો અજમો, ધાણા, મધ, શેકેલ ભાંગ, તુલસીનાં બી, દાડમની છાલ, એ બધાંમાંથી ગુણ જોઈ, જોઇતી ચીજ લેવી. બાજરીના દાણા જેવડી મધમાં ગોળી વાળવી. એ બાળકને નિયમિત આપવાથી ગુણકારી છે.

પ્રકરણ ૧૭ મું.

આધાન—અવરોધ.

જે તરૂણ તરૂણીઓ ઉપરાઉપરી થતી સુવાવડના સંકટથી કંટાળી પોતાની તરૂણાવસ્થાની લાલી ગુમાવી બેઠી હોય, અથવા જેઓ એકજ વખતની સુવાવડની મુશીબતથી નબળી બની ગઈ

હોય, અગર કેટલીક એવી યુવતિઓ હોય છે કે જેઓ પોતાની યુવાની લાંબા વખત સુધી ટકાવી રાખવાને તલસાતી હોય, અથવા જેમના માલીક અધિક બાળ–બચ્ચાંનુ ગુજરાન ચલાવવાના વિશેષ ખર્ચને પહોંચી વળવાને અસમર્થ હોય, એટલે કે તેમની નિર્ધનાવસ્થા (ગરીબાઈ) ઘર કરી બેઠી હોય, અથવા તો કેટલીક એવી સ્ત્રીઓ હોય છે કે જેઓ સંતતિના સંરક્ષણથી કંટાળી ગઈ હોય કે પ્રથમથીજ જેમનું ગુહ્યસ્થાન અતિ સંકીર્ણ હોય. જેથી પ્રસૂતિ એ સાક્ષાત્ મોતની નિશાની ભાસતી હોય, એવી સ્ત્રીઓને માટે નીચે બતાવેલા ઉપાયો ઉપયોગી થઈ પડશે.

ઓધાન ન રહે તેવા ઉપાયો—

(૧) જુનો ગોળ અને અડદ ખાવાથી સંતાન અટકે.

(૨) કારેલીનો રસ પીવાથી અથવા હીંગ સાથે ખારૂં તેલ ઉકાળી ૫ દીવસ પીવાથી ઓધાન રહેતાં અટકે.

(૩) ઇંદ્રજવ, અતિવિષની કળી, ત્રિગડુ, બીલી, મોથ. ધાવડીના ફુલ, એ બધાંનું ચુરણ ખાવાથી સંતાન ન રહે.

(૪) સીંબલના ફુલ અને પિત્તપાપડો, દરેક તો. ।। લઇ, તેનો કાઢો બનાવી, તેમાં તેલ નાખી ઋતુસ્નાન પછી ત્રણ દીવસ પીવાથી ઓધાન બંધ થાય.

(૫) ગાજરનાં બી, કાળા તલ, કલોંજી જીરૂં. એ બધાંનું ચુરણ ગોળમાં મેળવી ખાવાથી સંતાન થતાં અટકે.

(૬) ઇંદ્રાણીના ફળ, ગુહ્યસ્થાનમાં રાખવાથી ઓધાન ન રહે.

(૭) ગુગળ તો. ૪, તેલમાં ઉકાળી પીવાથી સંતાન ન થાય.

(૮) પિત્તપાપડાનાં બીજ બારીક વાટી, તેમાં મધ અને ઘી મેળવી બોર જેવડી ગોળી બનાવી, તે ઋતુકાળે યોનિમાં રાખવાથી ગર્ભાધાન ન થાય.

(૯) આમલસારો ગંધક શુધ્ધ કરી, ઋતુકાળે ચાર દીવસ છાશમાં પીવાથી ઓધાન ન રહે.

(૧૦) પિત્તપાપડાનાં બીજ પાણીમાં વાટી ઋતુકાળે ત્રણ દીવસ અથવા કાકડીના બી વાટી ૮ દીવસ પીવાથી ગર્ભ ન રહે.

(૧૧) પીપર, વાવડીંગ અને ટંકણખાર, સમભાગે લઈ, ચુરણ કરી, તે ઋતુકાળે મધ, દુધ કે પાણી સાથે ૫ દીવસ લેવાથી સંતાન અટકે.

(૧૨) એરંડાના પાનની ડાંડલી ૮ આંગળ લાંબી, ગુહ્યસ્થાનની અંદર મુકવાથી ઓધાન ન રહે.

(૧૩) કૃષ્ણ પક્ષની ચૌદશે લાવેલ ધતુરાના મૂળનું ચુરણ, યોનિમાં રાખવાથી ગર્ભાધાન ન થાય.

(૧૪) દાડિમડીના મૂળ અને લીમડાના મૂળ, સમાન ભાગે પાણીમાં વાટી ખુબ ખરલ કરવાં. પછી તેની બોર જેવડી ગોળીયો બનાવી સુકવી રાખવી. તે સંજોગ પહેલાં થોડીવાર ગુહ્યેંદ્રિયમાં પહેરી રાખવી. એમ ત્રણ વખત કરવાથી ઓધાન નહિ રહે.

(૧૫) કેસુડાંનાં ફુલ તો. ૫. લઇ ખાંડી, તેની ગોળમાં સરખા પ્રમાણની દશ ગોળીયો વાળવી. તે ઋતુકાળે ખાવાથી સંતાન ન રહે.

(૧૬) જાયફળ, નાગકેસર, મજીઠ, દાડિમની છાલ, પડવાસ, માયફળ, એ બધાં સમ ભાગે ખાંડી ચુરણ કરવું. તે રોજ તો. ૧, એમ સાત દીવસ ખાવું. એથી કમળ શિથિલ થઇ જતાં ગર્ભ રહેશે નહિ.

(૧૭) ચંબેલીની જડ તો. ૨ાા, ઘોડાના નખની રાખોડી તો. ૨ાા, એના ત્રણ ભાગ કરવા. તે ઋતુ વખતે ત્રણ દીવસ પાણીમાં લેવાથી સંતાન નહિ રહે.

(૧૮) ગોળ તો. ૨ાા માં તેલ તો. ૧, તથા ચિત્રકની છાલનું ચુરણ તો. ૦। મેળવીને ત્રણ દીવસ ખાવાથી ગર્ભ ન રહે.

(૧૯) લીંબોળીના તેલનું પોતું ઋતુકાળે પાંચ દીવસ ગુહ્યસ્થાનમાં રાખવાથી કદિ ગર્ભ ન રહે.

(૨૦) પલાસસુંદર, મજીઠ, ગેરૂ, લાખ, એનું બારીક ચુરણ, માયન
ઘીમાં એકરૂપ કરી, ઋતુસ્નાન બાદ સાત દીવસ તે ખાવાથી ઓધાન
રહેતું અટકે.

(૨૧) લોદર, ગેરૂ, પડસુદી, એ બધાં સાથે મેળવી, તેનાં વડાં
કરી ઘીમાં તળી, તેના ત્રણ વાટાં બનાવી ત્રણ દીવસ ખાવાથી ગર્ભ
ધારણ ન થાય.

(૨૨) જાસુંદીનાં સુકાં ફુલ, સાકર સાથે ઋતુ પછી ૪ દીવસ
ખાવાથી સંતાન ન રહે.

(૨૩) આમલસારો ગંધક તો. ૦ાા લઇ, ઋતુકાળે તેની ત્રણ દીવસ
યાનિમાં ધુણી લેવાથી ઓધાન અટકે.

(૨૪) સંચળ તો. ૬, મરી તો. ૦ાા, એ બંને વાટીને ચૌદ પડીકાં
કરવાં. તે ઋતુસ્નાન પછી સ્વમુત્ર સાથે રોજ એક, એમ ચૌદ દીવસ
ખાવાથી ગર્ભાધાન થતું ટળે.

(૨૫) જાસુંદીના ફુલ વાટી ત્રણ દીવસ પીતાં ઉપર જુનો ગોળ
તો. ૪, લઇ, તે પાણીમાં ઓગાળી પીવાથી સંતાન ન થાય.

(૨૬) ગાજરના બી ગોળ સાથે, દેવડાંગરના ફળ, ચિત્રાના મૂળ,
હિંગ, પીત્તપાપડાની રાખ, અને કાળા તલ ગોળ સાથે, એમાંની કોઇપણ
રોજ ખાવાથી ઓધાન ન રહે.

(૨૭) તાંદળજાના મૂળ, ચોખાના ધોવણમાં વાટી, ઋતુકાળે તે ત્રણ
દીવસ પીવાથી ગર્ભ રહેતો અટકે.

(૨૮) ખાખરાના બીજની રાખ, ઠંડા પાણી સાથે લેવાથી ગર્ભ
ધારણ ન થાય.

(૨૯) જાસુંદીનાં ફુલ, કાંજી કે જે ઔષધોનું ખાટું મિશ્રણ થાય છે,
તેમાં વાટી, ઋતુકાળે પીવાથી અને તે ઉપર જુનો ગોળ તો. ૪, લેવાથી
ઓધાન ન રહે.

(૩૦) સીંધાલુણનો કટકો તેલમાં બોળી, યોનીમાં ધારણ કરી, પછી

પુરૂષસંગ કરવાથી સંતાન ન થાય.

(૩૧) ઋતુના ચાર દીવસ ઉપરાંતના સોળ દીવસ પુરૂષ સમાગમ ન કરવાથી ગર્ભાધાન અટકે.

(૩૨) હીંગ વાલ ૫, તેલમાં ઉકાળી, તે તેલ પાંચ દીવસ પીવાથી ઓધાન ન રહે.

(૩૩) ધતુરાના મૂળ, પુષ્ય નક્ષત્રમાં લાવી, કુંવારી કન્યાના હાથે કાંતેલ સુતરવતી બાંધી, તે સ્ત્રી પોતાની કમ્મરે બાંધે તો ગર્ભાધાન ન થાય.

(૩૪) પિત્તપાપડાની રાખ, ઋતુકાળે ગાયના દુધ તથા હીંગ સાથે ખાવાથી સંતાન ન થાય.

(૩૫) ભેંસના છાણના રસમાં મધ તથા ગુગળ નાખી ઉકાળી તે ઘટ્ટ થતાં તેની વાટ બનાવી, ઋતુકાળે તે વાટ યોનિમાં ધારણ કરવાથી ઓધાન ન રહે.

(૩૬) લાખ તો. ૯ વાટી બારીક કરી, તેના ત્રણ ભાગ કરવા. રોજ એક ભાગ પાણીમાં ઘોળી પીવાથી ઋતુ આવે, પણ સંતાન ન રહે. કમળના મુખપર દવા જતાં તે બીડાઈ જાય.

(૩૭) સારો કળીચુનો, શિકોતરી એળીયો, એ ગાયની છાશમાં વાટી, વડના ટેટા જેવડી ગોળી બનાવી, ઋતુસ્નાન પછી ત્રણ દીવસ રોજ નવી ગોળી યોનિમાં રાખવાથી ગર્ભાધાન અટકે.

(૩૮) પીંપળો, પલાસ, ઓરડી—એ ત્રણેની રાખ, કડવા તેલમાં ઉકાળી, ઋતુસ્નાન બાદ તે તેલ પીવાથી સંતાન ન રહે.

(૩૯) નવા ચુનાની ફીણ, જુના ગોળ સાથે ઋતુસ્નાન પછી સાત દીવસ પીવાથી ગર્ભ ન રહે.

(૪૦) જુનો ગોળ પાણીમાં પલાળી ઋતુકાળે ૧૭ દીવસ પીવાથી ઓધાન રહેતું અટકે.

(૪૧) કેસુડાં તો. ૧૦, પાણી તો. ૨૦ માં બે કલાક પલાળી, તે પાણી ગાળી ઋતુકાળે ચાર વખત પીવાથી સંતાન ન થાય.

આ ઉપાયોમાંથી કોઇપણ ઉપાય અજમાવતાં માસિક ઋતુ (અટકાવ) બંધ ન થઇ જાય એ ખાસ લક્ષ્યમાં રાખવાનું છે. તેમ થવાથી તંદુરસ્તીને હરકત પહોંચવાનો સંભવ છે. માટે તેવું કંઇ જણાય તો ઋતુશુધ્ધિના ઉપાયોમાંથી પોતાની અનુકુળતા પ્રમાણે ગમે તે ઉપાય કરી લેવો.

——:o:——

પ્રકરણ ૧૮ મું.

પુરૂષોને થતા ગરમીનાં દર્દો.

રજસ્વલા કે પ્રદરના રોગવાળી સ્ત્રીનો સંગ કરવાથી, વેશ્યાઓમાં ભટકવાથી, સ્વચ્છતા ન રાખવાથી, અતિ વિષયના સેવનથી, વિરૂધ્ધ ખાનપાનથી, ઘણા ખાટા કે મીઠા પદાર્થો ખાવાથી, દારૂ, માંસ વાપરવાથી, રાત દિવસ વિષયના વિકારો લાવવાથી, ગુહ્યેંદ્રીયને બરાબર સાફ ન રાખવાથી, તેવા ગરમીવાળા દર્દીનો રાતદિવસ સંગ કરવાથી, શરીરને મહેનત ન આપવાથી, કબજીયાત રહેવાથી, એ વિગેરે અનેક કારણોને લઇને પુરૂષોને **પ્રમેહ, ઉપદંશ, વિસ્ફોટક, પથરી, પેશાબનો રોગ, ધાતુસ્રાવ**, વિગેરે ગરમીનાં દર્દો પેદા થાય છે. તેમાં જો સાવચેતી રાખીને તેના તરત ઉપાયો કરવામાં ન આવે, તો તે વધીને રગેરગમાં પ્રસરે છે અને પરિણામે તેનાથી પાંડુ, ક્ષય, તાવ, નબળાઈ, અજીર્ણ શ્વાસ, ખાંસી, અરૂચિ, અનિદ્રા, ઉલટી, સંગ્રહણી, સળેખમ, અતિતૃષા, ભગંદર, બરોળ, કંઠમાળ, સોજો, અદ, ફિરંગવાયુ, ઈંદ્રિયસોજા, વધરાવળ, નામર્દાઈ, ઈત્યાદિ એક પછી એક રોગ ઉત્પન્ન થઈ પુરૂષને મરણપથારી સુધી પહોંચાડી દે છે. માટે તેની એક દિવસ પણ ઉપેક્ષા કરવી, તે પોતાની આયુષ્ય–દોરીને પોતાના હાથે કાપવા જેવું છે. આ પ્રકરણમાં એજ દર્દોના અલગ

અલગ ઉપાયો વિસ્તારથી બતાવવામાં આવેલ છે. માટે પોતાની અનુકૂળતા પ્રમાણે ગમે તે ઉપાય પોતાના હાથે કરી લેવામાં પણ હરકત નથી.

ગરમીનાં સામુદાયિક દર્દોના ઉપચારો—

(૧) ગોખરૂનાં લીલા છોડવાને પલાળી, તેનો લુવાબ કહાડી મધ કે સાકર નાખી પીવાથી મુત્રદાહ, પથરી, પ્રમેહ, મુત્રબંધ, મુત્રકૃચ્છ્ર, રકતમુત્ર, વિગેરે દર્દો નાબુદ થાય છે. અથવા ચુરણ તો. ૦ા માં મધ મેળવી ચાટવું કે તેનો અવલેહ તો. ૨ લેવાથી પણ તેટલોજ ફાયદો થાય.

(૨) ઉપલસરીના મૂળનું ચુરણ કે તેનો કાઢો લેવાથી ઉપદંશ, ત્વચારોગ કે મુત્રરોગ નષ્ટ થાય છે.

(૩) કેસર, ચંદન, ચીનાઈ સાકર, લવીંગ, જાવંત્રી, રસકપુર, સમભાગે પાણીમાં વાટી, તેની મગ જેવડી ગોળીઓ વાળવી તે ૧–૪ લેવાથી ચાંદી, વિસ્ફોટક, તથા ગરમીના તમામ દર્દ મટે. બે ત્રણ દીવસે હીમજની ફાકી લેવી.

(૪) સુંઠ, કઠ, અરણી, ગોખરૂ, પાષાણભેદ, એરંડાની છાલ ગરમાળાનો ગોળ, એ બધાં સમભાગે વાટી, તો. ૨–૩ નો કાઢો કરી તેમાં શેકેલી હીંગ, જવખાર અને સીંધાલુણ નાખી પીવાથી પથરી, મુત્રકૃચ્છ્ર, હરસ, કોઠાનો વાયુ, અને ઉપદંશ નાબુદ થાય.

(૫) પીપર, એલચી, પાષાણભેદ, જેઠીમધ, પીતપાપડો, ગોખરૂ, અરડુસો, એરંડમૂલ, સમભાગે વાટી, કાઢો કરી, તેમાં શિલાજીત મેળવી પીવાથી પથરી અને મુત્રરોગ જાય.

(૬) ધાણા, ગોખરૂના કાઢામાં ઘી પકાવી, તે ઘી રોજ ખાવાથી મુત્રાઘાત, મુત્રકૃચ્છ્ર અને વીર્યદોષ ટળે.

(૭) લીંબુનો રસ તથા મીઠું તેલ, દરેક તો. ૧, મેળવીને સાત દીવસ પીતાં શીત અને તણખીયો પ્રમેહ જાય.

(૮) કાંસકીના ફુલ તથા આંબલીના પાનનો રસ, એ બંનેમાં

સાકર તો. ૧ નાખી પીવાથી તણુખીયો તથા ઠંડો પરમો મટે. પથ્ય પાળવુ.

(૯) સુંઠ તો. ૨ વાટી, ગોળ તથા ઘીમાં મેળવી ખાવાથી શીત અને તણુખીઓ પરમીયો ટળે.

(૧૦) કાંસકીના પાનનો રસ તો. ૨ લઇ, તેમાં સાકર તો. ૧ નાખી પીવાથી બંને પ્રમેહ મટે.

(૧૧) શતાવરી, ગોખરૂ, હરડેદળ, ધોળી મુસળી, આંબળાં, પીપર, બાવળનો ગુંદર, નગોડનાં બી, ભાંગ, એ બધાં સમ ભાગે લઇ, બારીક વસ્ત્રગાળ કરી, તે તો. ાા, મધ તો. ાા, ઘી તો. ાા માં એકરૂપ કરી ચાટવાથી બંને પ્રમેહ નાબુદ થશે. પથ્ય પાળવું.

(૧૨) અજમો, જીરૂં, ધોળાં મરી, હળદર, એ દરેક તો. ૧, સોનાગેરૂ તો. ૨, એ બધાં બારીક ખાંડી કુલડીમાં નાખી, તેનું મોઢું કપડમીટ કરી, તેને છાણાની અગ્નિમાં નાખવી. પકાયા પછી તે ખુબ વાટીને, તેમાંથી તો. ાા સાત દીવસ ખાવાથી બંને પ્રમેહ જશે. પ્રમેહનું જોર વધી ગયું હોય, તો પાકા કેળાના પતીકાં કરી, તેમાં સાકર તથા ઉપરની ફાકી મેળવીને ખાવાં.

(૧૩) ગુંદી, મેંદી અને દાડમડી, એ ત્રણેના પાનનો રસ કહાડી, માટીના વાસણમાં નાખી, તેમાં પાણી શે. ૧ નાખવું. રસ સમાન ભાગે શે. ાાા લેવો. રોજ નવટાંક પાણીમાં સાકર તો. ૨ નાખી ત્રણ દીવસ પીવું. શીત અને તણખીયો પ્રમેહ નાબુદ થશે. પથ્ય પાળવું.

(૧૪) એખરો તો. ૨, ગોખરૂ તો. ૩, નગોડનાં બી તો. ાા, કાળી અને ધોળી મુસળી, સુંઠ, શતાવરી, જાવંત્રી, શોધેલ હીંગળો, નાગકેશર, તજ, એ દરેક તો. ૧ા, બારીક વાટી, તેમાં સાકર શે. ાા નાખી, મધમાં મોટાં બોર જેવડી ગોળીયો કરવી. તે રોજ સવારે ૧ ગોળી લેવાથી ધાતુસ્ત્રાવ અને પરમીયો મટે. પથ્ય પાળવું.

(૧૫) ત્રિફળાં, મોથ, હળદર, દેવદાર, પીલુડી, ઇંદ્રાયણ, લોદર, એનો કાઢો કરી પીવાથી, પ્રમેહ અને મુત્ર સંબંધી બધા રોગ જાય.

(૧૬) મોટી હરડે, પીપરીમૂળ, સુંઠ, મરી, તજ, પીપર, તમાલપત્ર, વાવડીંગ, મોથ, આંબળાં, દરેક તો ૪, દાંતીમૂળ તો. ૧૨, ચીનાઇ સાકર તો. ૨૦, નસોતર તો. ૨, એ બધાં બારીક વાટી, મધમાં મરી જેવડી ગોળીઓ કરવી. તે ૧–૨ લેતાં જુલાબ લાગશે. ટાઢું પાણી પીવાથી જુલાબ બંધ થશે. એ ગોળીથી પાંડુરોગ, હરસ, પરમીયો, પથરી, સોજો, ભગંદર, પેટના તમામ રોગ તથા માથાનું દરદ પણ નષ્ટ થશે. પથ્ય પાળવું.

(૧૭) ચોપચીની તો. ૧૬, સાકર તો. ૪, પીપર, પીપરીમૂળ, સુંઠ, મરી, લવીંગ, અકલકરો, ખુરસાણી અજમો, વાવડીંગ, તજ, એ દરેક તો. ૧, એ બધાંનું બારીક ચુરણ માસા ૭, ગરમ પાણી સાથે લેવાથી પ્રમેહ, ઉપદંશ, વ્રણ, નબળાઇ, ફિરંગ ઇત્યાદિ ગરમીના તમામ દરદ નાબુદ થાય.

(૧૮) સોનામુખીના પાન વાટી, તેમાં બકરીના દુધની સેડ નાખી હલાવી, એક આનીભાર સુરોખાર મેળવીને પીવાથી પ્રમેહ તથા ટાંકી મટી આરામ થાય.

(૧૯) ધોળી જાસુંદીનાં મૂળ, ગાયના તાજા દુધમાં ઘસી, તેમાં જરા સાકર નાખી બે વખત દરદ મટતાં સુધી પીવાં. ધાતુવિકાર, ઉપદંશ, પ્રમેહ, તથા પ્રદર પણ મટે.

પ્રમેહ–પરમિયાના ઉપાયો—

(૧) કવચાંનું બારીક ચુરણ, મધમાં ચાટવાથી પ્રમેહ તથા પ્રદર પણ મટે.

(૨) ઉટીંગણના બીજની ભુકી તો. ০।, સાકર સાથે લેવાથી પ્રમેહ ટળે.

(૩) અફીણ તો. ০।, કપુર તો. ૧।।, એલાડોના બે આનીભાર, એ બધાં એકરૂપ કરી, બબ્બે રતીની ગોળીયો વાળવી. તે બે વખત બે ગોળી લેવાથી બળતરા સાથેનો પરમીયો જશે.

(૪) આંબળાં અને ગળોનો રસ પીવાથી પ્રમેહ નાબુદ થાય.

(૫) ત્રિફળાના કાઢામાં શિલાજીત અથવા સુરોખાર મેળવી પીવો.

(૬) ગોખરૂ, જેઠીમધ, હળદર, સુંઠ, વાવડીંગ, એના કાઢામાં મધ ાખી પીવો.

(૭) ગળો અને આંબળાં, એના કાઢામાં મધ અને હળદરનું ચુરણ ેળવી, તે પીવાથી પ્રમેહ મટે.

(૮) દારૂહળદર, ગળો, ચિત્રક, ત્રિફળાં, ઇંદ્રજવ, એના કાઢામાં ધ નાખી પીવો.

(૯) ધઉં તો. ૫, રાતે પલાળી, સવારે વાટી ગાળી લઇને, તેમાં મડી સાકર તો. ૧ નાખી પીવું. એમ સાત દીવસ પીવું.

(૧૦) ચણકબાબ તો. ૧ ના કાઢામાં ચંદનના તેલના ચાર ટીપાં ાખી પીવો.

(૧૧) નિરમળીનાં બીયાં તો. ૧, છાશમાં વાટી તેમાં મધ નાખીને ીવાથી પ્રમેહ મટે.

(૧૨) કેસુડાંના કાઢામાં સાકર નાખી પીવાથી પ્રમેહ જાય.

(૧૩) શોધેલ ગંધકની ભુકી, ગોળમાં મેળવી ખાવી. ઉપર દુધ પીવું.

(૧૪) સાકર, એલચી, આંબળાં, જાયફળ, કપુર, ગોખરૂ, સાલમ, ંગભસ્મ, એ બધાં સમભાગે ખાંડી, તેને શેમળાના રસનો પટ દઈ, ં વાલ ૧, મધમાં મેળવીને ચાટવાથી પરમો જાય.

(૧૫) ગોખરૂ, શેષગુંદર, સોડા, એ દરેક તો. ાા લઈ, પાણી ો. ૧ માં પલાળી, તે પાણી ગાળીને રોજ ત્રણ વખત પીવું.

(૧૬) સુખડનું તેલ ટીપાં ૫-૬, પતાસા કે સાકરમાં નાખી બે ખત લેવાથી પ્રમેહ ટળે.

(૧૭) ગળજીભીના રસ તો. ૧ માં સાકર નાખી પીવાથી પ્રમેહ ાથે ગરમી પણ મટી જશે.

(૧૮) બહુફળીના લુવાબમાં સોડા નાખી ત્રણ વખત તે પીવાથી ્રમેહ મટે.

(૧૯) ત્રિફળાં, દારૂહળદર, ઇંદ્રાયણના કાઢામાં હળદરની ભુકી નાખી પીવાથી બધી જાતના પરમીયા નાબુદ થાય.

(૨૦) લવીંગ, કંકોલ, પીપર, સુંઠ, સુખડ, એલચી, મોથ, વંશલોચન, બરાસ, વીરણવાળો, કાળો અગર, નાગકેસર, જાયફળ, જટામાંસી, શતાવરી, ગોખરૂ, આસંધ, ગળોસત્વ, એ દરેક તો. ૪, એ બધાંની બરોબર સાકર લઈ, બારીક ચુરણ, શકિત પ્રમાણે મધમાં ચાટવાથી વીશ જાતના પ્રમેહનો નાશ થાય.

(૨૧) કાગદી એલચી, ચણકબાબ, નાગકેસર, રેવંચીની લાકડી, એ બધાં સમભાગે લેવાં અને તે બધાં કરતાં ચોથે ભાગે ફુલાવેલ ફટકડી નાખી બારીક વસ્ત્રગાળ ચુરણ કરવું. તે તો. ૦ાા, સાકર તો. ૧ માં મેળવી ખાવું અને તેની ઉપર નીચે બતાવેલ કાઢો પીવો—

દારૂહળદર, ત્રિફળાં, દેવદાર, એ ત્રણે સમભાગે લઇ, તેમાંથી તો. ૨ાા, પાણી શે. ૨ માં ઉકાળતાં પાણી ચોથો ભાગ રહે ત્યારે ગાળી લેવું. તે બે ભાગે બે વખત પીવાથી પ્રમેહ અવશ્ય જાય.

(૨૨) એખરાનાં બી, દુધમાં ઉકાળી પીવાથી પ્રમેહ મટે.

(૨૩) વંશલોચન તો. ૦ા, સાકરના બુરામાં લેવાથી પ્રમેહ ટળે.

(૨૪) ઇંદ્રજવ તો. ૧, સાકર તો. ૨, બારીક બનાવી ૧૪ દીવસ ખાવાથી પ્રમેહ મટશે. ઉપર દુધ પીવું.

(૨૫) અંકોલની સુકી કળીયો, આંબળાં, હળદર, એનું ચુરણ મધમાં ચાટવાથી બધી જાતના પ્રમેહ નાબુદ થાય.

(૨૬) વડના કુંપળનો કાઢો, મધ નાખી પીવો.

(૨૭) તજ, એલચી, તમાલપત્ર, ચણકબાબ, ભોંયઆંબલી, મરી દાણા ૨૦, બધાં બારીક વાટી ફાકી ભરવી. એથી અસાધ્ય પ્રમેહ પણ મટી જશે.

(૨૮) ધતુરાનાં બી, મરી, સમભાગે વાટી, પાણીમાં તેની વટાણા જેવડી ગોળી બનાવી, તે સવારે વરીયાળીના રસમાં લેવાથી પ્રમેહ જાય.

(૨૯) શીંગોડાં શે. ૦ા, સફેત ગુંદર શે. ૦ા, સાકરનો ભુરો શે. ૦ાા, મેંદો શે. ૦ાા, એ બધાં કાચની બરણીમાં ભરી, તેમાં ઘી શે. ૦ા અને તેટલુંજ દુધ નાખવું. તે રોજ સવારે તો. ૨ થી ૨ાા, ખાવાથી દરેક જાતના પ્રમેહ મટે. મર્દાઈ આવે.

(૩૦) એખરો, અભબીજ, તવખીર, પાષાણભેદ, એ દરેક તો. ૦ાા, સાકર તો. ૨, બારીક વાટી, બકરીના દુધમાં ફાકી ભરવી.

(૩૧) કાંસકીનાં પાન, ચણકબાબ, પાણીમાં વાટીને પીવાં.

(૩૨) સુરોખાર, પીપર, એલચી, પાષાણભેદ, એ દરેક તો. ૦ાા, ગોળ તો. ૨ માં ગોળી વાળી, તે ચોખાના ધોવણમાં લેવી.

(૩૩) શંખાવલી, ધાણા કે વરીયાળી, સાકર, એ ત્રણે વાટી, રાતે ખુલ્લી હવામાં રાખવાં. સવારે ઘુંટીને તે પીવાથી પ્રમેહ જાય.

(૩૪) આવળા કે ખીજડીનાં કોમળ પાન અને થોડું જીરૂં, બારીક વાટી, ગાયના દુધમાં મેળવી, તેમાં સાકર તો. ૧ નાખી, બે વખત પીવું.

(૩૫) એલચીદાણા, ચણકબાબ, વંશલોચન, ધોળો કાથો, માયફળ, એ દરેક તો. ૧. લેવાં. એનું બારીક ચુરણ બનાવી, તે પલળે તેટલું તેમાં સુખડનું તેલ નાખી, બોર જેવડી ગોળીયો વાળવી. તે તો. ૪ ટાઢા પાણીમાં મેળવી, તેમાં ખડી સાકર તો. ૦ાા નાખી, તે પાણી પીવાથી પ્રમેહ ટળે. આ ઉપાય પ્રદરને માટે પણ ઉપયોગી છે.

(૩૬) બકામ લીમડાની લીંબોળીઓ, ચોખાના ધોવણમાં વાટી, તેમાં ઘી નાખી ખાવાથી પ્રમેહ મટે.

(૩૭) શિલાજીત, એલચી, જેઠીમધ, પાષાણભેદ, ખસખસ, એ દરેક તો. ૧, તવખીર તો. ૧, સાકર તો. ૫, એ બધાં વસ્ત્રગાળ કરી, રોજ તો. ૦ા થી ૦ાા, મધ સાથે મેળવી ચાટવાથી પ્રમેહ જાય.

(૩૮) બાવળીઆ ગુંદર તો. ૦ાા, દુધ અને સાકર સાથે ખાવાથી દરેક જાતના પરમીયા નાબુદ થાય.

(૩૯) પીપર, સાકર અને રાસ્ના, એ સમ ભાગે વાટી ફાકી ભરવી.

(૪૦) એલચીના દાણા તો. ૧, સાકર તો. ૨, ફુલાવેલ ફટકડી તો. ૧, એ ત્રણે બારીક કરી, તેના ત્રણ ભાગ કરવા. રોજ એક ભાગ દુધમાં મેળવી પીધા પછી ઉપર દુધ તો. ૮–૧૦ પીવું. એથી પ્રમેહની બળતરા નરમ પડશે.

(૪૧) લજામણીના મૂળ તો. ૫, પાણી તો. ૪૦ માં ઉકાળતાં, પાંચ તોલા પાણી રહે, ત્યારે તેમાં ઘી તો. ૧, મીઠું તેલ તો. ૧, અને ગધેડીનું દુધ તો. ૪, નાખી, સવારે પીવાથી અસાધ્ય પ્રમેહ પણ મટે.

(૪૨) દેવદાર, હળદર, ત્રિફળાં, મોથ, મોરવેલ, ઈંદ્રાયણ, લોદર, એ બધાં સમભાગે ખોખરાં કરી, તેનાથી છગણા પાણીમાં રાતે પલાળી સવારે ગાળીને તેમાં જરા મધ નાખી પીવાથી બધી જાતના પ્રમેહ નાશ પામે.

તણખીઆ પ્રમેહના ઉપાયો—

(૧) ગાયના દુધ તો. ૧૦ માં અડધા લીંબુનો રસ નાખી પીવાથી તણખીઓ પ્રમેહ મટે.

(૨) ગાયના દુધમાં ભીલામો ઘસી પીવાથી તણખીઓ પરમો ટળે.

(૩) ગરણીના મૂળ, ટાઢા પાણીમાં ઘસી પીવાથી ફાયદો થાય.

(૪) મરચાંના પાનનો રસ કહાડી, તે તો. ૦॥–૧ પીવાથી તણખીયો પરમીયો જાય.

(૫) કેસુડાં, ગોખરૂ, આંબળાં કાસનીના બી, બહુફળીનાં બીજ, કાકડીના બીયાં, મેંદીના બી, એ દરેક તો. ૫ લઈ, બારીક વાટી, તે ચુરણ તો. ૫, એક શેર પાણીમાં રાતે માટીના વાસણમાં પલાળી, સવારે ગાળીને તે બે ત્રણ વખત પીવું. એમ સાત દીવસ કરવું.

(૬) લીલાં મરચાંના ભજીયાં કરી ખાવાથી પણ ફાયદો થશે.

(૭) એલચીદાણા તો. ૧, વંશલોચન તો. ૧, બંને બારીક વાટી, તે પલળી, શકે, તેટલું તેમાં ચંદનનું તેલ મેળવી, મોટા બોર જેવડી ગોળીયો વાળવી. તે સવાર સાંજે એકેક ગોળી, ચાર તોલા ટાઢા પાણીમાં

ઓગાળી, તેમાં સાકર તો. ૦॥ નાખી પીવાથી એક દીવસમાં બળતરા ઓછી થશે. આ ઉપાય સાત દીવસ કરવો. એથી પ્રદર પણ મટે. પથ્ય પાળવું.

(૮) ઉંબરાનો રસ તો. ૨ લઇ, તેમાં જીરાનું જરા ચુરણ અને ખડી સાકર તો. ૧ નાખી, બે વખત પીવાથી તણખીઓ પ્રમેહ મટે.

(૯) આંબળાના ઝાડની છાલનો રસ તો. ૨, તેમાં જરા હળદરનું ચુરણ અને મધ નાખી પીવાથી આરામ થાય.

(૧૦) જંગલી તલની ભાજી સુકવી, ચુરણ બનાવી, તે રોજ રાતે તો. ૦॥, કાચના વાસણમાં પલાળી, સવારે તેજ પાણીમાં તે મસળી, ગાળી લઇને પાણી તો. ૨ માં જરા જીરાની ભુકી તથા સાકર નાખી પીવું. એમ સાત દિવસ પીવાથી તણખીઓ પ્રમેહ નાબુદ થાય.

(૧૧) ચિત્રકનું ચુરણ, મીઠા તેલમાં મેળવી ચાટવાથી ફાયદો થશે.

(૧૨) ખેર, બાવળ અને ખીજડો, એ ત્રણેના કોમળ કુંપળ, સમ ભાગે તો. ૧ લઈ, ગાયના તાજા દુધમાં વાટી, આશરે પાંચ તોલા રસ કહાડી, તેમાં એક વાલ જીરાની ભુકી અને સાકર તો. ૦॥ નાખી રોજ બે વખત, એમ સાત દીવસ પીવાથી તણખીયો પ્રમેહ જાય.

(૧૩) તલનાં ૫૦ તાજાં ફુલ, પાણી શે. ૦॥ માં પલાળી રાખવાં. સવારે સળીવતી હલાવવાથી પાણીનો જાડો બોળ થશે. પછી ફુલો કહાડી, ગાળી લઇ, તે બોળ લગભગ તો. ૪ માં સાકર તો. ૧ નાખી પીવો. એમ બે વખત તાજો બોળ કરી સાત દીવસ પીવાથી તણખીઓ પ્રમેહ જાય.

(૧૪) ધોળા કમળના કંદનો આટો કરી, તે તો. ૦॥, ગાયનું તાજું ઘી તો. ૧, જીરાની ભુકી વાલ ૧, ખડી સાકર માસા ૭, એ બધાં મેળવીને બે વખત લેવાથી તણખીઓ તથા શીતપ્રમેહ નાબુદ થશે.

(૧૫) દુદુરલીના મુળીયાંનું ચુરણ અથવા મૂળ, ગાયના તાજા દુધમાં વાટી, તે તો. ૪–૫, રોજ બે વાર પીવાથી તણખીઓ તથા મધુ-

પ્રમેહ પણ મટે. ૧૪ દીવસ આ દવા કરવાથી ફાયદો થશે.

(૧૬) મરી તો. ૨, તાજો ભાંગરો તો. ૫, એ બંને ચાર પહોર ખરલ કરવાં. પછી નાના બોર જેવડી ગોળીયો વાળવી, તે બે વખત એકેક ખાવાથી ઉપદંશ, ફિરંગવાયુ, તથા શરીરમાંની ગરમી નષ્ટ થાય.

(૧૭) ભેંસનું તાજું છાણ નીચોવી, તેનો રસ કહાડી, તેમાં મધ નાખી પીવાથી શરીરની બધી ગરમી મટી જશે.

(૧૮) દાડેમના બીનો રસ કહાડી, તેમાં સાકર તો. ૧ મેળવી પીવાથી રક્તપ્રમેહ તથા તણખીઓ પરમો મટે.

(૧૯) હીમજ તો. ૧I, પાષાણભેદ તો. ૧I, એલચી તો. ૧I, તજ તો. ૧I, રેવંચીનો શીરો તો. ૧, સુરોખાર તો. oIII, સાકર તો. ૩, એ બધાંનું બારીક ચુરણ કરી રોજ તો. ૧–૧II ખાવાથી આરામ થાય.

(૨૦) ગોખરૂ, તો. ૨II, ખસખસ તો. ૨II, ઉટકંટાની છાલ તો. ૧I, કવચબીજ તો. ૧I, ખુરસાણી અજમો તો. oIII, ધોળી તથા કાળી મુસળી તો. ૫, ખાંડનું બુરૂં શે. oI, એ બધાંનું બારીક ચુરણ, રોજ તો. oII ખાવાથી તણખીઓ પ્રમેહ નાબુદ થાય.

આ દર્દમાં પેશાબ વખતે અથવા તે વિના પણ બળતરા બહુ થયા કરે છે. એ તણખીયા પ્રમેહનું મુખ્ય લક્ષણ છે.

શીત (ઠંડા) પરમીયાના ઉપચારો.—

(૧) સફેત હીરાબોળ તો. oI, જુનો ગોળ તો. oII, એકરૂપ મેળવી ત્રણ ગોળીયો કરવી. તે એક સવારે, એક બપોરે ભોજન લીધા પછી અને એક રાતે સુતી વખતે, એમ ૧૪ કે ૨૧ દીવસ લેવાથી **શીતપ્રમેહ** મટે.

(૨) પાટલાનાં મૂળ અને ગોખરૂ, એનો કાઢો કરી પીવાથી ફાયદો થશે.

(૩) વાંસના પાન સુકવી, તે તો. oII, ઉપલસરીનાં મૂળ તો. ૧,

એ બંને અધકચરાં કરી, પાણી તો. ૩૦ માં ઉકાળતાં તે તો. ૪ રહે, ત્યારે તેમાં સાકર તો. ૧ નાખી, ગાળીને પીવાથી શીતપ્રમેહ જાય.

(૪) આંબળાંનો કાઢો કરી, તેમાં બે માસા હળદર નાખીને તે પીવો.

(૫) હળદર, હરડેદળ, વરીયાળી, એ બધાં સમ ભાગે લઈ બારીક વાટી, તેમાં સરખે ભાગે સાકર મેળવીને મધમાં તો. ૨, ચાટવાથી શીતપ્રમેહ ટળે.

(૬) જુનામાં જુની ઇંટની બારીક ભુકી તો. ૦ાા, સવારે ટાઢા પાણીમાં લેવાથી શીત પરમીયો નાબુદ થાય.

(૭) કેવડાના મૂળનો રસ તો. ૫ લઈ, તેમાં સાકર તો. ૨ નાખી પીવાથી આરામ થાય.

(૮) કાળીપાટ અને ગોખરૂ, એ બંનેનો કાઢો કરી પીવો.

(૯) ધોળી જાસુંદીના મૂળ અને ગોમેટીનાં મૂળ, સમાન વજને ગાયના તાજા ઘીમાં ઘસીને પીવાથી શીતપરમો મટી જાય.

(૧૦) શીમળાનો કંદ સુકવી, તેનો આટો કરી, તે તો. ૦ાા, ગાયનું તાજું ઘી તો. ૧, અને જાયફળની ભુકી માસા ૭, મેળવી, બે વખત એ ચાટણ લેવું. કંદ ન મળે તો તેની છાલનું ચુરણ પણ લેવાય. શીત પરમો ટળે.

(૧૧) ગળોનો રસ તો. ૧ લઈ, તેમાં મધ નાખીને પીવો.

(૧૨) બાવળનો સફેત ગુંદર શે. ૦ા, શીંગોડાં શે. ૦ા, ઘઉંનો મેંદો શે. ૦ાા, સાકરનું બુરૂં શે. ૦ાા, ખપપુરતું ગાયનું તાજું ઘી, એનો પાક કરી, રોજ તો. ૨–૩ ખાવાથી શીતપ્રમેહ જાય.

(૧૩) હળદર, ત્રિફળાં, ઇંદ્રજવ, લોદર, દેવદાર, આંબામોર, નાગરમોથ, એ બધાં સમ ભાગે લઇ, તેનો કાઢો કરી પીવાથી આરામ થાય.

(૧૪) આંબલીના ઉપરના છોડાંની રાખ માસા ૭, નાળીયેરના નવટાંક અંગરસમાં મેળવી, રોજ બે વખત; એમ પાંચ દીવસ પીવાથી ફાયદો

થશે. પથ્ય-મોળું ભોજન લેવું.

(૧૫) કુતરીયા ઘાસના બે ચાર છોડ મૂળસહિત ઉખેડી લાવી, તે છાંયડે સુકવી, બારીક ભુકી કરવી. પછી તેમાં સમભાગે સાકર મેળવી, રોજ બે વખત તો. ાા લેવાથી બધી જાતના પ્રમેહ નાબુદ થાય.

શીતપ્રમેહમાં વારંવાર ટાઢું અને મીઠું મુત્ર ઉતરે.

મધુપ્રમેહના ઉપાયો—

(૧) જાંબુડીની છાલ અગર જાંબુ સુકવી, તેની ભુકી તો. ૨. રોજ ખાવી. અથવા પાકાં જાંબુ પંદર દીવસ ખાવાથી મધુપ્રમેહ જાય.

(૨) બળઈની છાલનો કાઢો કરી, રાતે સુતી વખતે પીવાથી સાકરીઓ પ્રમેહ નાબુદ થાય.

(૩) કડાના મૂળની છાલ, ત્રિફળાં, નાગરમોથ અને અસાણાની છાલ, એનો કાઢો કરી પીવાથી મધુપ્રમેહ નષ્ટ થાય.

(૪) ધંગોરીયાનો ગર પાણીમાં પલાળી, મસળી, ઉકાળીને તેનો માવો બનાવવો. તેની અડધા વાલની ગોળીયો વાળવી. એ ગોળી દર છ કલાકે એક, એમ રોજ ચાર ગોળી ખાવાથી મધુપ્રમેહ એક અઠવાડીયામાં ટળશે.

(૫) વાવડીંગ, કળીપાટ, અરણીના મુળનો કાઢો પીવો.

(૬) ઈંદ્રજવ, ત્રિફળાં, ભીલામા, તથા વડ, જાંબુડી, આંબો, ઉંબરો, પીંપળો, મહુડો, કોઠ, લોદર, કરંજ, ધાવડો, એ ઝાડોમાંની મળી શકે તેટલાના મૂળની છાલ લઇ, બારીક ચુરણ બનાવીને, તે મધમાં ચાટવાથી ફાયદો થશે.

(૭) પાણી થોડું પીવું. બરફ અને સોડા વોટર પીવાથી આરામ થાય.

(૮) દુધમાં કળી ચુનાનું પાણી મેળવી પીવું. એથી તરસ ઓછી લાગશે, અને આરામ જણાશે.

(૯) બંગ ભસ્મ, શિલાજીત, લોહભસ્મ, કવીનાઇન, અફીણ, ભાંગ કે શોધેલ સોમલનો ઉપયોગ કરવાથી પણ મધુપ્રમેહ મટશે.

મધુપ્રમેહમાં પેશાબ ઘણો થાય અને તેમાં સાકર જાય છે. બહુ મીઠા પદાર્થ ખાવાથી આ પ્રમેહ થવા પામે છે. મધુપ્રમેહવાળાના પેશાબપર જંતુઓ તરત એકઠાં થઈ જાય છે. એ આ દરદની સામાન્ય પરીક્ષા છે.

ઇંદ્રિય-સોજાવાળા (સોજાક) પ્રમેહના ઉપાયો—

(૧) શેષગુંદર, ગોખરૂ, સોડા, દરેક તો. ૦॥, પાણી શેર ૧ માં પલાળી. તે ત્રણ વખત પીવાથી સુજાક પ્રમેહ જાય.

(૨) ત્રિફળાં, દારૂ હળદર, નાગરમોથ, દેવદાર, ઇંદ્રાયણનાં મૂળ, એના કાઢામાં હળદરની ભુકી તથા મધ નાખી પીવાથી સુજાક પરમીયો મટે.

(૩) બહુફળીના લુવાબમાં સોડા નાખી, તે પીવો. અથવા ગોખરૂનો લુવાબ, સાકર મેળવી પીવાથી આરામ થાય.

(૪) વજ, કચોરો, ગળો, મોથ, કરીયાતું, દેવદાર, અતિવિષની કળી, દારૂહળદર, હળદર, ધાણા, પીપરીમૂળ, ત્રિફળાં, ચિત્રકમૂળ, ચવક, વાવડીંગ, ગજપીંપર, સુંઠ, મરી, પીપર, જવખાર, સાજીખાર, સીંધાલુણ, સંચળ, બીડલવણ, સુવર્ણમાક્ષિક, એ દરેક તો. ૦।, દાંતીમૂળ, નસોતર, તજ, તમાલપત્ર, એલચી, વાંસકપુર, એ દરેક તો. ૧, લોહભસ્મ તો. ૨, સાકર તો. ૪, શિલાજીત તો. ૮, શોધેલ ગુગળ તો. ૮, બધાંનું બારીક ચુર્ણ બનાવી પાણીમાં ગોળીયો કરવી. તે તો. ૦।, ટાઢા પાણીમાં લેવાથી બધી જાતના પરમીયા, ધાતુદોષ, પથરી, મુત્રરોગ, વધરાવળ, ગરમીની ફોડલીઓ, બળતરા તથા સ્ત્રીઓના ઋતુદોષ નાબુદ થાય. પથ્ય પાળવું.

(૫) ધાણા, ધમાસો, ગોખરૂ, પાષાણભેદ, ગરમાળો, એ દરેક તો. ૦॥, રાતે પાણી શેર એકમાં પલાળી, સવારે ગાળીને તે પાણી બે ત્રણ વખતમાં પી જવું. એથી ફાયદો થશે.

(૬) ત્રિફળાં, ખાખરાનાં ફુલ, કાળી દરાખ, એ દરેક તો. ૧, ચોખાના ધોવણમાં ત્રણ કલાક પલાળી, પછી ચોળી, તે પાણી ગાળીને બે ત્રણ વખત પીવાથી એનું જોર નરમ પડશે.

(૭) ત્રિફળાના કાઢામાં મધ નાખી પીવાથી ફાયદો જણાશે.

(૮) ગળો અને આંબળાં પલાળી, ગાળીને તેમાં મધ તથા હળદર નાખી પીવાથી આરામ થઇ જશે.

(૯) જવનું ઉકાળેલ પાણી અથવા દુધમાં પાણી મેળવીને પીવું.

(૧૦) તકમરીયાં, મુગલાઈ એદાણા, ગોખરૂ કે બહુફળીનો લુવાબ બનાવીને પીવાથી પેશાબ છુટ ઉતરતાં ગરમી ઓછી થશે.

(૧૧) દસ્તની કબજીયાત હોય, તો તે તોડવા માટે એકાંતરે જુલાબ લેવો.

(૧૨) અલસીની ચાહ કરીને પીવાથી પણ આરામ થશે.

પેશાબદ્વારના આગલા ભાગમાં સોજો હોય, ત્યારે પરૂ થોડું વહે છે, અને ઇંદ્રિયના અંદરના ભાગમાં સોજો વધવાથી પેશાબ કરતાં વધારે પરૂ આવે છે, પેશાબ વારંવાર થાય છે, પેશાબની ધાર ઝીણી થવા સાથે બળાતરા બહુ થાય છે. ઇંદ્રિયને દાબતાં અંદરથી પરૂ નીકળે છે તથા તે ભરેલી અને દોરડા જેવી કઠણ થઇ જાય છે. એ વિગેરે આ સોજાક પરમીયાના મુખ્ય લક્ષણો છે.

રક્તપ્રમેહ અને ધાતુપ્રમેહના ઉપાયો—

(૧) રાતા હીરાબોળનું બારીક ચુરણ માસો ૧, ચોખાના ધોવણમાં મધ નાખી પીવાથી રગતીઓ પ્રમેહ મટે.

(૨) ગળો, ટીંબરૂના ઠળીયા, શીવણનાં ફળ અને ખજુર, એ બધાં સમભાગે લઇ, તેનો કાઢો કરી પીવાથી રક્તપ્રમેહ જાય.

(૩) ડમરાનો રસ તો. ૧ા, સાકર તો. ૦ા, મેળવીને પીવાથી રક્તપ્રમેહ ટળે.

(૪) કેસર, જાયફળ, વંશલોચન, એલચીદાણા, નાગકેસર, શંખજીરૂં, એ બધાં સમ ભાગે લઈ, બારીક વાટી, તે ચુરણ માસા બે, મધ માસા બે, ગાયનું તાજું ઘી માસા ૭, સાકર માસા ત્રણ, મેળવીને રોજ બે વખત, એમ ૧૪ દીવસ લેવું. રાતે સુતી વખતે સાકર

નાખેલ ગરમ દુધ શક્તિ પ્રમાણે પીવું. રક્તપ્રમેહ નાબુદ થાય. ગરમ ચીજ ન ખાવી

(૫) તાંદળજાની ભાજી મૂળસહિત છુંદી, તેનો રસ તો. ૫ કહાડી, તેમાં સાકર નાખી પીવાથી એ પરમીયો મટે.

(૬) ઉત્તરાણનાં મૂળ તો. ૦।, ચોખાના ધોવણમાં ઘસીને, તે પીવાથી રક્તપ્રમેહ જાય.

(૭) ધરો, વાળો, કરંજ, શેવાળ, કસેરૂ, એના કાઢામાં મધ નાખી પીવાથી ધાતુપ્રમેહ મટે.

(૮) રતાંજળી અને આસોંદરાના કાઢામાં મધ નાખી પીવાથી ધાતુપ્રમેહ ટળે.

(૯) કાયફળના ઝાડની છાલનો અને નાળીયેરનો રસ, એકરૂપ કરી, તો. ૨, સાત દીવસ પીવાથી ધાતુપ્રમેહ નાબુદ થાય.

(૧૦) ચણોઠીનાં મૂળ તો. ૨, મુસળી તો. ૨, એ બંને બારીક વાટી, તે ચુરણ તો. ૦॥–૧ લઇ, ઉપર દુધ પીવું. ધાતુપ્રમેહ નષ્ટ થાય.

(૧૧) હરડેદળ, બેહેડાં, આંબળાં, એ દરેક તો. ૧, બારીક વાટી, તેને શેલડીના રસની ૭ ભાવના આપી, તડકે સુકવી, તે ચુરણ તો. ૧, સાકર તો. ૧, તથા જરા મધ મેળવી ચાટવાથી ધાતુપ્રમેહ મટી વીર્ય વધે. ઉપર ગરમ કરેલ દુધ શક્તિ પ્રમાણે પીવું. પથ્ય પાળવું.

રક્તપ્રમેહમાં લોહી જેવો લાલ પેશાબ ઉતરે, અને તે ગરમ, તથા કાચા પદાર્થના જેવી તેમાં ગંધ હોય. ધાતુપ્રમેહમાં વીર્ય જેવું અથવા વીર્ય સાથે મિશ્રિત મુત્ર ઉતરે.

તંતુપ્રમેહ તથા વસાપ્રમેહના ઉપાયો—

(૧) દ્રાક્ષ, ગરમાળો, હરડાં, બેહેડાં અને આંબળાંના કાઢામાં મધ નાખી પીવાથી તંતુપ્રમેહ મટે.

(૨) સફેત ચણોઠીની ભાજી તથા મેંદીની ભાજી, સમભાગે લઇ, તેનો રસ કહાડી, તે રસમાં દુદુરલીના મૂળ ઘસી, તેમાં જીરૂં અને

સાકરની ભુકી નાખી, રોજ બે વખત, એમ સાત દીવસ પીવાથી **લાલાપ્રમેહ** જાય.

(૩) વગડાઉ તુરીયાના મૂળ, ટાઢા પાણીમાં તો. ૦ાા ઘસી, તેમાં સાકર નાખી, તે ઘસારો પીવાથી તંતુપ્રમેહ ટળે.

(૪) ધોળી જાસુંદીનાં મૂળ, ઉપલસરીના મૂળ, વગડાઉ તુરીયાના મૂળ, સમભાગે બધાં લગભગ તો. ૧ાા, ગાયના દુધમાં ઘસી, તેમાં સાકર અને જીરાની ભુકી નાખી રોજ બે વખત, એમ ૧૪ દીવસ પીવું. પથ્ય પાળવું. ૧૫ મે દીવસે ગાયના દુધમાં અરધું લીંબુ નીચોવી તે દુધ તરત પીવું. પછી પથ્ય તજવું. તંતુપ્રમેહ નષ્ટ થશે.

(૫) મેંદીના પાન, ટાઢા પાણીમાં વાટી, તે લગભગ પાશેર પાણી ગાળી, તેમાં સાકર તો. ૨ નાખી, રોજ બે વખત, એમ સાત દીવસ પીવાથી લાલાપ્રમેહ મટશે.

(૬) ગાયના દુધમાં મેંદીનો રસ નાખી પીવાથી પણ એ પરમો મટે.

(૭) ગોખરૂને ઘીમાં તળી, તેનું બારીક ચુરણ કરવું. તે તો. ૦ાા, રોજ બે વખત, તો. ૧ ગાયના તાજા ઘીમાં મેળવી, તેમાં સાકરની ભુકી તો. ૦ાા નાખી ચાટવાથી તંતુપ્રમેહ જાય. ૨૧ દીવસ દવા લેવી.

(૮) દુદુરલીનાં મૂળ અને ધોળી શેમળના કંદને બારીક વાટી, તે ભુકી ગાયના પાશેર દુધમાં મેળવી, તેમાં સાકર નાખી, રોજ બે વખત, એમ સાત દીવસ પીવાથી **લાલાપ્રમેહ** નાબુદ થાય.

(૯) અરણીના મૂળનો કાઢો પીવાથી વસામેહ નષ્ટ થાય.

(૧૦) કુંવાડીઆના મૂળનો અથવા કાળા સીસમની છાલનો કાઢો કરી પીવાથી વસાપ્રમેહ મટે.

તંતુપ્રમેહમાં પેશાબની શરૂઆતમાં તંતુ કે ગોળી પડે છે, જેને ઉંચકવા જતાં હાથ બે હાથ લાંબો તાર થાય છે. એ તારપ્રમેહ અથવા લાલાપ્રમેહ પણ કહેવાય છે. વસાપ્રમેહમાં ચરબીના જેવા રંગવાળું અને ચરબીથી મળેલ પેશાબ ઉતરે.

મુત્રકૃચ્છૂ અને મુત્રાવરોધના ઉપાયો—

મુત્રકૃચ્છૂમાં વારંવાર પેશાબની હાજત થાય છે, પેશાબ પછી ટીપાં પડે છે, પેશાબ કરતાં કષ્ટ થાય છે. પેશાબની ધાર વાંકી અને પાતળી થાય છે તથા મુત્રાવરોધમાં પેશાબ બંધ થઇ જાય છે.

(૧) ખપાટના મૂળનો કાઢો પીવાથી મુત્રકષ્ટ મટે.

(૨) આંબળાંના કાઢામાં ગોળ નાખી પીવાથી આરામ થાય.

(૩) દુધમાં સાકર અને શિલાજીત નાખી પીવું.

(૪) બાવળના સુકા પાનને ઘીનો હાથ દઈ, શેકીને બારીક વાટી, રોજ તો. ૦।।, સાકરમાં ખાવાથી વારંવાર થતી પેશાબની હાજત ટી જશે.

(૫) કાળા તલ, દુધમાં વાટી પીવાથી પેશાબની હાજત નિયમિત થશે.

(૬) ગોળમાં કાળા તલ કુટી, તેનો પીંડો કરી ખાવાથી અધિક શાબ અટકે.

(૭) ગોખરૂ, પાષણભેદ, હરડે, ગરમાળો, ધમાસો, એનો કાઢો મધ ખીને પીવો.

(૮) દ્રાક્ષ અને સાકરની ચટણી, દહીંમાં મેળવીને ખાવી.

(૯) કાકડીનાં બી, દારૂહળદર, જેઠીમધ, એનું ચુરણ, ચોખાના વણમાં લેવાથી મુત્રકૃચ્છૂ મટે.

(૧૦) મધ કે કેળના રસમાં એલચીનું ચુરણ મેળવી ખાવું.

(૧૧) કળથીનો કાઢો સીંધાલુણ નાખી પીવો.

(૧૨) કબજીયાત હોય તો તે ટાળવાનો ઇલાજ કરવો.

(૧૩) ભોંયરીંગણીના રસમાં મધ નાખી પીવાથી મુત્રકષ્ટ ટળી જાય.

(૧૪) ત્રિફળાં, સુંઠ, મરી, પીપર, એ બધાં સમભાગે લેવાં અને બધાંની બરોબર શુદ્ધ ગુગળ લઈ, બારીક કરી, ગોખરૂના કાઢામાં તેની ળી વાળવી. એ ગોળી ખાવાથી મુત્રદોષ, પ્રમેહ, પ્રદર અને મુત્રાઘાત ણ જાય.

(૧૫) ઉપલેટ, આંબળાં, તમાલપત્ર, ધોળી મુસળી, બંને જાતનો વાળો, નાગકેસર, કેસર, રેણુકબીજ, દ્રાક્ષ, એલચી. કમળના કેસરાં, ચંદન, રક્તચંદન, શતાવરી. આસંધ, કપુર, પીપરીમૂળ, ત્રિકટુ (સુંઠ, મરી, પીપર,), ગોખરૂ, કાકડાશીંગી, કંકોળ, જાઇ, ડાંગરની ધાણી, એ બધાં સમભાગે લઇ બારીક ચુરણ કરવું. તે તો. ૦ા, અને ઘી તથા સાકર તો ૧, મેળવીને ખાવાથી મુત્રદોષ, મુત્રાઘાત, રક્તસ્રાવ, પ્રમેહ, બધા વાયુ અને ક્ષયનો નાશ થાય. ખાવામાં ઘીને બદલે મધ પણ લેવાય.

(૧૬) કેસર, રાતે પાણીમાં ભીંજવી સવારે તેમાં મધ નાખી, હલાવીને પીવાથી મુત્રાઘાત તથા મુત્રદોષ મટે.

(૧૭) ગરમ કર્યા પછી ટાઢું થયેલ દુધ, ચંદન, જટામાંસી, સાકર, ચોખાનું ધોવણ, એ બધાં એકરૂપ કરી પીવાથી મુત્રાઘાત તથા મુત્રદોષ જાય.

(૧૮) સાકર, શિલાજીત અને કપુર, એકત્ર કરી ખાવાથી મુત્રદોષ મટે.

(૧૯) દશમૂળનો કાઢો, સાકર અને શિલાજીત મેળવીને પીવો.

(૨૦) શોધેલ ગુગળ અને શિલાજીત નાખેલ ગોખરૂનો કાઢો પીવો.

(૨૧) ધાણા તો. ૨, કાકડીના બીયાંનો મગજ તો. ૨, રાતે પાણીમાં પલાળી, સવારે તેજ પાણીમાં વાટી, ગાળીને તેમાં સીંધાલુણ તો. ૦ા નાખો પીવાથી મુત્રાઘાત મટે.

(૨૨) દુધ કે મધમાં શિલાજીતનું સેવન કરવાથી મુત્રાઘાત જાય.

(૨૩) કમળમૂળ, ગોમુત્રમાં વાટી પીવાથી મુત્રાઘાત ટળે.

(૨૪) ચંબેલીનું મૂળ, બકરીના મુત્રમાં વાટી પીવાથી પેશાબની ગરમી જાય.

(૨૫) જીરાની ભુકીની ગોળમાં ગોળી બનાવી ખાવાથી મુત્રદોષ મટે.

(૨૬) બોરડીના પાન તો. ૦ા વાટી, તેમાં સાકર તો. ૧, અને દહીંની તર તો. ૨, મેળવીને ખાવાથી વારંવાર થતી પેશાબની હાજત મટશે.

(૨૭) મૂળાના પાનનો રસ તો. ૪ માં સુરોખાર તો. ૦૧ નાખી

પીવાથી મુત્રાઘાત જાય.

(૨૮) મેંદો શે. ૧, બાવળનો ગુંદર શે. ૦ાા, રાતી ખાંડ શે. ૧ાા, સુવા શે. ૧, ઘી શે. ૦ાાા, એમાંના ગુંદર અને સુવા બારીક ખાંડી, બધાં મેળવીને લાડુ કરવા. તે રોજ બે વખત બે લાડુ ખાવાથી વધારે પેશાબ થતો અટકશે.

(૨૯) ઇંદ્રાયણનાં મૂળ તો. ૦ાા, પાણીમાં વાટી પીવાથી પેશાબ તથા ઝાડાનો પણ ખુલાસો થશે.

(૩૦) રેવંચીની લાકડી, પાષાણભેદ, ધાણા, શિલાજીત, એ સમભાગે પાણીમાં વાટી પીવાથી મુત્રાવરોધ મટી આરામ થાય.

(૩૧) ગાયના દહીં શે. ૦ાા માં સુરાખારની ભુકી વાલ ૩, મેળવીને પીવાથી મુત્રાઘાત ટળે.

(૩૨) કાળો ભાંગરો, કાળા તલ, પીપર, સમ ભાગે લઇ ખાંડી સાત ભાગ કરવા. તે રોજ એક ભાગ, પાણી સાથે લેવાથી બહુમુત્રની હાજત મટે.

(૩૩) નદીની શેવાળ, પેઢુપર બાંધવાથી મુત્રાઘાત ટળે.

(૩૪) જીરૂ. શંખજીરૂં, સુરોખાર, દુધમાં નાખી, તેમાં પાણી મેળવીને પીવાથી મુત્રાઘાતની બાધા ટળશે.

(૩૫) બકરીની લીંડીઓ, બાળકના પેસાબમાં પલાળી, ગરમ કરી, તે પેઢુ ઉપર બાંધવાથી મુત્રાવરોધ નાબુદ થાય.

(૩૬) એખરો તો. ૦ાા, કવચબીજ તો. ૨ાા, પીપર તો. ૦ાા, સાકર તો. ૫, દ્રાક્ષ તો. ૫, એ બધાં વાટી, ગરમ દુધમાં મેળવી, તેમાં મધ તથા ઘી એકરસ કરીને પીવાથી મુત્રાઘાત અને મુત્રકૃચ્છ્ર મટે.

(૩૭) પાષાણભેદ, એલચી, પીપર, શુદ્ધ શિલાજીત, એનું ચુરણ, ચોખાના ધોવણમાં અથવા ગોળ સાથે લેવાથી બધી જાતના મુત્રરોગ નાબુદ થાય.

(૩૮) ગળજીભીનો રસ તો. ૨–૩ પીવાથી મુત્રશુદ્ધિ થશે.

(૩૯) ડાભનાં મૂળ, પાણીમાં ઉકાળી પાવાથી મુત્રનું શોધન થાય.

(૪૦) અળશીનો કાઢો પીવાથી પેશાબમાં કે ઇંદ્રિય વાટે પડતું લોહી બંધ થાય.

(૪૧) સાકર તો. ૨॥, કાસની તો. ૨॥, કાળો હીરાટંકણ તો. ૨॥, એ બધાં બારીક વાટી, સરખા પાંચ ભાગ કરવા. રોજ એક ભાગ ટાઢા પાણીમાં લેવાથી પેશાબમાં પડતું લોહી બંધ થઇ આરામ થશે.

(૪૨) શતાવરીનાં મૂળીયાં, ટાઢા પાણીમાં વાટી, તેમાં જરા સાકર નાખી પીવાથી મુત્રકષ્ટ મટે.

(૪૩) ગોખરૂના ચુરણ તો. ૦॥ માં તેટલુંજ મધ અને ગાડરનું દુધ તો. ૮ મેળવીને પીવાથી મુત્રકૃચ્છ્ર જાય. સાત દીવસ પીવું.

(૪૪) કુત્રા નામના ઘાસનું ચુરણ તો. ૦॥, છાશ સાથે પીવાથી મુત્રકષ્ટ ટળે.

(૪૫) ગોખરૂ, પાષાણભેદ, શુધ્ધ શિલાજીત, એલચી, સીંધાલુણ, કેસર, એનું ચુરણ બનાવી તો. ૦। થી ૦॥, ચોખાના ધોવણમાં લેવાથી ભયંકર મુત્રકૃચ્છ્ર મટે. એનાથી પથરી પણ નાશ પામે. બીજા દર્દોમાં પેશાબ બંધ થઈ ગયેલ હોય, તો પણ આ ઉપાયથી છુટ થઇ આરામ થાય છે.

મુત્રાશ્મરી (પથરી)ના ઉપાયો—

(૧) કોહોળાના રસમાં જવખાર અને શેકેલ હીંગ નાખી પીવાથી પથરી મટે.

(૨) ગોંખરૂનું ચુરણ તો. ૨—૨॥ માં મધ મેળવી, ગાડરના દુધમાં પીવું.

(૩) સુંઠ, પાષણભેદ, વાયવરણાની છાલ, ગોખરૂના કાઢામાં જવખાર મેળવી તે પીવો.

(૪) હળદરનું ચુરણ માસો ૧, કાંજી તો. ૫, ગોળ તો. ૨॥, મેળવીને પીવાથી પથરી જાય.

(૫) કુલથી તો. ૧ ના કાઢામાં સીંધાલુણ માસા ૨, શરપંખાનો રસ માસા ૨, નાખી પીવાથી પથરી ટળે.

(૬) વાયવરણાના મૂળનો કાઢો ગોળ નાખી પીવો.

(૭) તલના કણુસલાંની રાખ, સંચળ, મધ, દુધ, એ બધાં પીવાના દારૂમાં મેળવી પીવાથી પથરી જાય.

(૮) તલના ફુલનો ખાર તો. ૧, મધ તો. ૨ાા, દુધ સાથે ૧૫ દીવસ પીવાથી પથરી અવશ્ય મટે.

(૯) પટોળનાં મૂળ તો. ૧, રાતે પલાળી, સવારે તેજ પાણીમાં વાટી, ૭ દીવસ પીવાથી પથરી નાશ પામે.

(૧૦) પત્થરચટી નામની વનસ્પતિનો રસ તો. ૨, ગાડરનું મુત્ર તો. ૨, સાથે મેળવીને ત્રણ દીવસ પીવાથી પથરી અવશ્ય નાબુદ થાય.

(૧૧) બીજોરાનું મૂળ વાટી, તેનું ચુરણ વાસી પાણીમાં લેવાથી પથરી જાય.

(૧૨) ટંકણખાર, બારીક વાટી, તે ટાઢા પાણી સાથે લેવાથી પથરી ઓગળી જાય. પથ્યમાં ગોળ, મીઠાઇ, દુધ, ઘી, જેવી ભારે ચીજ ન ખવાય.

(૧૩) તલ, સંચળ, તલસરાંની રાખ, તેલીઓ દેવદાર, એ બધાં મધ અને દુધમાં મેળવી, અવલેહ કરી ચાટવાથી પથરી નષ્ટ થાય.

(૧૪) તલસરાની રાખ તો. ૧, મધમાં ચાટવાથી પથરી મટે.

(૧૫) ધાણા, ધમાસો, પાષાણભેદ, હરડાં, બેહેડાં, ગોખરૂ, કાકડીનાં બીયાં, એ બધાં સમભાગે અધકચરાં કરી, એનો કાઢો રોજ સવારે પીવાથી પથરી અવશ્ય ખેરાઈ જાય. ઉપર મુળા ખાવાથી વધારે ગુણ થશે.

(૧૬) સરગવાના મૂળનો કાઢો, જરા ગરમ ગરમ પીવો.

(૧૭) કળથી, વાવડીંગ, જવખાર, સીંધાલુણ, સાકર, કોહોળાના બી, ગોખરૂ, પદ્મકાષ્ઠ, એમાંથી જે મળે, તેની વાયવરણાની છાલના કાઢામાં ચટણી બનાવી, તેમાં સિદ્ધ કરેલ ઘી ખાવાથી પથરી ગળી જાય.

(૧૮) સુંઠ, પાષાણભેદ, ગોખરૂ, વાયવરણાની છાલ, બ્રાહ્મી, એના કાઢામાં ગોળ તથા જવખાર મેળવી પીવાથી પથરી મટે.

(૧૯) ગાડરના દુધમાં મધ નાખી પીવાથી આરામ થાય.

(૨૦) જવખાર, હરડે, આદુ, કાળો સરગવો, દારૂહળદર એ બધાં

બકરીના દુધમાં વાટી પીવાથી પથરી ઓગળી જાય.

(૨૧) અઘેડો, કારેલી, તલ, જવની સળીઓ, ખાખરાનું લાકડું, એ બધાં સમાન લઈ, માટીના હાંડલામાં નાખી બાળી, તેની બારીક રાખ કરી, તે ચાર માસા લઈ, બકરીના મુત્રમાં તેની ગોળી કરી ખાવાથી પથરી મટે. સાત દીવસ દવા કરવી.

(૨૨) કડાછાલ, દહીંમાં ઘસી પીવાથી એ રોગ ટળે.

(૨૩) જવની કાંજીમાં હળદર અને ગોળ મેળવી પીવાથી પથરી મટે.

(૨૪) ચીભડાંના મૂળીયાં, ટાઢા પાણીમાં વાટી પીવાથી ત્રણ દીવસમાં પથરી નાશ પામે.

(૨૫) બંને રીંગણી, ગોખરૂ, સફેત એરંડો, કાળી શેલડી, એ પાંચેનાં મૂળ, દહીંમાં વાટી પીવાથી પથરી નષ્ટ થાય.

(૨૬) એલચીદાણા, હીંગ, દુધ અને ઘી, સાથે મેળવી પીવાથી મુત્રરોગ પથરી નાબુદ થાય.

(૨૭) મજીઠ, જીરૂં, વરીયાળી, કાકડીનાં મીંજ, આંબળાં, બોરના મીંજ, શોધેલ આમલસારો ગંધક, મણશીલ, એ બધાં વાટી, તેનું ચુરણ તો. ૦।।, મધ સાથે લેવાથી પથરી મટે.

(૨૮) શેકેલ હીંગ, જવખાર, સીંધાલુણ, સાજીખાર, સંચળ, બીડખાર, પીપર, પીપરીમૂળ, ચવક, ચિત્રક, મરી, ષટકચુરો, ધાણા, આસંધ, આંબલીની અંતરછાલ, અજમોદ, વજ, અમ્લવેતસ, સુંઠ, જીરૂં, પુષ્કરમૂળ, દાડિમનાં બી, હરડેદળ, પહાડમૂળ, છીણીનાં પાન, એ બધાં સમ ભાગે બારીક વાટી, તેમાંથી રોજ તો. ૧, લેતાં પથરીને લગતા તમામ રોગ જાય.

(૨૯) સાકર અને જવખાર, સમભાગે વાટી, ગાયની છાશમાં નાખી પીવાથી પથરી ટળે.

(૩૦) કાંટાશેરીયાનું પંચાંગ ચુરણ, પાણી સાથે લેવું.

(૩૧) કબુતરની હગાર તો. ૦।।, નાળીયેરના પાણીમાં ઘોળીને આઠ દીવસ પીવાથી પથરી નષ્ટ થાય.

(૩૨) બંગ ભસ્મ વાલ ૧, મધમાં મેળવી ૧૦ રોજ ચાટવી.

(૩૩) ગળોસત્વ વાલ ૪, પાષાણભેદ વાલ ૪, બંગ ભસ્મ વાલ ૧॥, સાકર તો. ૦॥ માં મેળવી ખાવાથી એકજ વખતમાં વધારે પેશાબ આવતાં તેમાં પથરી ઓગળીને નીકળી જશે. પેશાબ બંધ ન થાય તો નીચેની દવા લેવાથી બંધ થઇ જશે.

(૩૪) ટંકણખાર વાલ ૨, પાકેલ કેળું વા. ૨, કેળાના કટકામાં ટંકણ ભરી, ભરસાડમાં બાફી, તે ખાવાથી પેશાબ બંધ થાય.

(૩૫) નરમાના પાનનો રસ તો. ૨–૨॥, જીરૂં તો. ૦॥, બંને મેળવીને પીવાથી પથરી નાબુદ થાય.

(૩૬) ગળજીભીના પાનની ભાજી કરી, તેમાં જીરૂં નાખી ખાવાથી સાત દીવસમાં પથરી ઓગળીને પેશાબમાં નીકળી જાય.

(૩૭) શરપંખાના પાનનો રસ તો. ૩–૪, સાકર નાખી પીવાથી ધીમે ધીમે પથરી ગળી જાય.

(૩૮) હજરત હાઉ, ચોખાના ધોવણમાં ઘસીને પીવાં. અથવા હજરત યાકુડ માસા ૨, પાણીમાં ઘસી પીવાથી પથરી નાશ પામે.

(૩૯) ભાજીના બીયાંની ચાહ પીવાથી ગુણ થાય.

(૪૦) સવારે પાન સહિત કુમળા મૂળા ખાવાથી ફાયદો થશે.

(૪૧) આ શિવાય **મુત્રકૃચ્છ્** અને **મુત્રાવરોધના** ઘણા ખરા ઉપાયો, પથરીને નાબુદ કરવામાં પણ ઉપયોગી ગણાય છે.

પથરી–મુત્રાશ્મરીમાં પેશાબ કરતાં ભારે કષ્ટ થાય છે. પેશાબ આવતાં શરીરે કંપારી છુટે છે, બકરીના મુત્ર જેવું પેશાબ ઉતરે છે, તે વારંવાર અને ટીપે ટીપે આવે છે, મુત્રમાર્ગના અંદરના દ્વારમાં પથરી બંધાય છે, તેથી પેશાબમાં બહુ વેદના ઉપજાવે છે.

મુત્ર–રેચ (ઇંદ્રિયજુલાબ) ના ઉપાયો—

પ્રમેહ, મુત્રાવરોધ કે ગરમીના રોગવાળાને વારંવાર ઇંદ્રિયજુલાબ લેવાની જરૂર પડે છે. તેના ઉપાયો નીચે બતાવેલા છે—

(૧) દુધ શે. ૧, કલઈ કરેલા વાસણમાં ગરમ કરી, તેમાં ફટક-ડીનું ચુરણ માસા ૨ નાખવું. એટલે તે દુધ ફાટી જતાં ગાળીને, તેમાં એલચીદાણાની ભુકી તથા સાકર નાખી પીવાથી મુત્ર-જુલાબ થશે.

(૨) મુળાનાં પાન તથા સુરોખાર છુંદી, પેઢુપર બાંધવું.

(૩) મુળાના પાનનો રસ તો. ૭-૮ પીવાથી પેશાબ છુટ થાય.

(૪) અળશીની ચાહ, પેટ ભરી પીવાથી મુત્રરેચ લાગે.

(૫) કાકડીનાં બીંજ તો. ૧, પાણીમાં ઉકાળી, તે પાણી પીવું.

(૬) કેળનો રસ તો. ૫-૬ પીવાથી પેશાબ છુટ આવે.

(૭) છાશમાં જવખારની ભુકી નાખી પીવી.

(૮) જવના પાણીમાં બે વાલ સુરોખાર નાખી પીવું અગર તો જવનું પાણી પેટ ભરીને પીવાથી પેશાબ છુટે.

(૯) જીરૂં, શંખજીરૂં, સુરોખાર, એની ભુકી દુધમાં મેળવી, તેમાં પાણી નાખીને પીવાથી મુત્રજુલાબ લાગશે.

(૧૦) સુરોખાર તો. ૧, એલચી તો. ૦।, મજીઠ તો. ૦।, સોનાગેરૂ તો. ૦।, દુધ શે. ૨ અને પાણી શે. ૪, એકરૂપ કરીને પીવાથી પેશાબ અધિક થશે.

(૧૧) કેસુડાં સુકાં તો. ૧૦, વરાળ નીકળતાં સુધી ઢાંકીને બાફવાં. પછી નીચોવી પાણી તો. ૭-૮ માં સુરોખાર માસા ૨ નાખી પીવું અને બાકીના પાણીમાં તે બાફેલાં ફુલ વાટીને પેઢુપર બાંધવાં.

(૧૨) દુધ શે. ૧, પાણી શે. ૧, લઇ તેમાં બે માસા સુરોખાર અને સોનાગેરૂ માસા ૬, મેળવી, હલાવીને ઉભા ઉભા પેટ ભરીને પી જવું, અને ફર્યા કરવું. મુત્રજુલાબ લાગશે.

(૧૩) કાળી દરાખ તો. ૪, ટાઢા પાણીમાં રાતે પલાળી, સવારે મસળીને તે પાણી ગાળી, તેમાં થોડી જીરાની ભુકી નાખી, શકિત મુજબ શે. ০ાા-૧ સુધી પીવું. એથી પેશાબ વાટે ગરમી નીકળી જશે. વખતસર રેચ પણ લાગે.

(૧૪) સોનામુખી તો. ૨, રાતે પાણી શે. ૦। માં પલાળી, સવારે ગાળી, તેમાં સાકર તો. ૧ નાખી પીવું. એથી મુત્ર છુટ સાથે રેચ પણ લાગશે.

(૧૫) ચણકબાબ, એલચીદાણા, સુરોખાર, રેવંચીની લાકડી, એ બધાં સમ ભાગે લઇ, બારીક વાટી, તે માસા ૬, પાશેર દુધ અને પાશેર પાણી, મેળવીને પીવાથી ઇંદ્રિયજુલાબ થશે.

ચાંદી, ટાંકી કે ઉપદંશના ઉપચારો—

(૧) ચોપચીની તો ૪૮, પીપર, પીપરીમૂળ, સુંઠ, મરી, તજ, લવીંગ, અકલકરો, એ દરેક તો. ૧, બધાંનું બારીક વસ્ત્રગાળ ચુરણ કરી, સાકર શે. ૧॥ ની ચાસણીમાં નાખી પાક કરવો. તે રોજ તો. ૨॥ ખાવાથી ઉપદંશ, ફીરંગ, વ્રણ, પ્રમેહ વિગેરે મટે. પથ્ય પાળવું.

(૨) ગળોના કાઢામાં એરંડીયું નાખી પીવાથી ઉપદંશના વિકારો શાંત થાય છે.

(૩) કેસર, શોધેલ રસકપુર, સાકર, સુખડ, લવીંગ, જાવંત્રી, સમ ભાગે લઈ, બારીક ખાંડી, મગ જેવડી ગોળીયો કરવી. તે રોજ ૧–૨ ગોળી, સાકર અને ઘી સાથે ખાવાથી ઉપદંશ, ફિરંગ, વ્રણ, રક્તપિત્ત, વિગેરે મટી આરામ થાય છે. પથ્ય–અલુણું અન્ન ખાવું.

(૪) ચોપચીની તો. ૧૦, સાકર તો. ૪, પીપર, લવીંગ, મરી, સુંઠ, વાવડીંગ, પીપરીમૂળ, અકલકરો, ખુરસાણી અજમો, તજ, એ દરેક તો. ૧ લઈ, તેનું બારીક ચુરણ બનાવી, તે માસા ૩, ગરમ પાણી સાથે લેવાથી ઉપદંશ, ફિરંગ, પ્રમેહ, ક્ષીણતા મટે. પથ્ય પાળવું.

(૫) લીમડાના પંચાંગનું ચુરણ, વધારે વખત સેવવાથી એ દર્દમાં ફાયદો થાય છે.

(૬) તાજો ભાંગરો તો. ૫, મરી તો. ૨, એ બંને ચાર પહોર ખરલમાં ઘુંટી, તેની નાના બોર જેવડી ગોળીયો કરવી. તે રોજ બે વખત એ ગોળી ખાવાથી ઉપદંશ, ફિરંગવા, અને શરીરમાંની ગરમી શાંત થાય.

(૭) ઓદારશીંગ તો. ૧, દાડમની છાલ તો. ૧, બંને બારીક વાટી, ગોળ તો. ૨ માં તેની ૮ ગોળી કરવી. તે બે વખત સવાર સાંજે એકેક ગોળી લઇ ઉપર ગાયનું ઘી તાજું તો. ૫–૬ ખાવું. ૧૪ દીવસ એ દવા ચાલુ રાખવાથી ઉપદંશ મટી આરામ થાય.

(૮) શિવલિંગીના પાલાનો રસ તો. ૩–૪, ગાયના દુધમાં મેળવી, તેમાં સાકર અને જીરાની ભુકી નાખી પીવાથી ઉપદંશની ગરમી ટળે.

(૯) જાઇના કોમળ પાંદડાનો રસ તો. ૨, ગાયનું તાજું ઘી તો. ૨, એ બેમાં જરા રાળની ભુકી મેળવી પીવાથી બધી જાતના ઉપદંશ નાશ પામે. પથ્ય–ઘઉં અને ઘીનો ખોરાક.

(૧૦) **બૃહદ્‌મંજિષ્ઠાદિ ક્વાથમાં** શોધેલ ગુગળ કે ગુગળની ગમે તે બનાવટ મેળવી પીવાથી ઉપદંશનો વિકાર મટે તથા લોહી સુધરે.

(૧૧) **ત્રિફળાગુગળ**, કિશોરગુગળ કે **યોગરાજ ગુગળ**, એમાંની ગમે તે બનાવટ, ગળોના કાઢા સાથે અથવા મંજીષ્ઠાદિ ક્વાથ સાથે લેવાથી ગરમી શાંત થઇ લોહી સુધરે છે.

(૧૨) કડવાં પરવળ, હરડાં, આંબળાં, કડવો લીમડો અને કરીયાતાનો કાઢો કરી પીવાથી ઉપદંશની ગરમી નાશ પામે.

(૧૩) કાંસકીના પાનના રસમાં ઘી નાખી ૭ દીવસ પીવાથી ગરમી શાંત થાય.

(૧૪) નહીમજી હરડે તો. ૮, રસકપુર તો. ૪, દાડમનાં સુકાં ફુલ તો. ૧, ઓદારશીંગ, જાયફળ, ધાણા, લવીંગ, એલચો, મરી, એ દરેક તો. ૧, લઇ બારીક વાટી, ચોવીસ પહોર લીંબુના રસમાં ઘુંટી, નાની સોપારી જેવડી ગોળીઓ વાળવી. રસ સુકાય ત્યારે બીજો નાખીને ઘુંટતા રહેવું. એ ગોળી રોજ બે વખત એકેક ખાવાથી ઉપદંશની ગરમી જાય. પથ્ય અલુણું ભોજન કરવું.

(૧૫) ટંકણખાર રતી ૧, નાગરવેલના પાનમાં ત્રણ વખત ખાવું. ઉપર દુધ, ઘીનો પૌષ્ટિક ખોરાક લેવો.

(૧૬) રાતી ચણોઠીના પાનના રસમાં સાકર અને જીરૂાની ભુકી નાખી, સાત દીવસ પીવાથી આરામ થાય. પથ્ય—અલુણું ભોજન.

(૧૭) રાતી દ્રાક્ષ તો. ૨, દાળીયા તો. ૨, ફુલાવેલ, મોરથુથુ તો. ૧, એ બધાંને એકરૂપ કરી, તેની એકવીસ ગોળી વાળવી. તે રોજ ત્રણ વખત ત્રણ ગોળા પાણીમાં લેવી. એમ સાત દીવસ ખાવી. ગરમી મટી જાય.

(૧૮) દાલચીકણા તો. ૦I, સોમલ તો. ૦I, લવીંગ ભાગ ૧, કાથો ભા. ૨, મુલતાની માટી ભા. ૧II, એ બધાં દુધમાં ઘુંટી, તેની મગ જેવડી ગોળીયો વાળવી. તે બે વખત ૧—૨ ખાવી. એથી સંધિવા, કઠણ સાંઠવાળી ચાંદી વિગેરે નાબુદ થાય. પથ્ય પાળવું.

ચાંદી કે ટાંકીના મલમ વિગેરે ઉપચારો—

(૧) આવળનાં સુકાં ફુલ તો. ૦II, રૂમી મસ્તકી તો. ૨II, બારીક વાટીને ચાંદીપર ભભરાવવાથી આરામ થાય.

(૨) ત્રિફળાંની કાળી રાખ, મધમાં મેળવી ચોપડવાથી લાંબા વખતનાં ધારાં પણ રૂઝાઈ જાય છે.

(૩) માણસનું હાડકું, રાળ, કાથો, કોડીની રાખ, બારીક ભુકી ચાંદી પર ભભરાવવાથી રૂઝાશે.

(૪) ફુલાવેલ મોરથુથાની ભુકી તો. ૦I, તથા ગોપીચંદન તો. ૨, બારીક ભુકી, ચાંદી પર દાબવાથી કે ભભરાવવાથી રૂઝ આવશે.

(૫) કાથો, બોદાર, સોનાગેરૂ, એની બારીક ભુકી, પચાસ પાણીથી ધોયેલ ઘી કે માખણમાં મેળવી, મલમ બનાવી, તે ચાંદીપર ચોપડવાથી આરામ થશે.

(૬) કાથો અને ફુલાવેલ મોરથુથાની ભુકી ભભરાવવી.

(૭) શંખજીરાની અને કાથાની ભુકી દાબવાથી રૂઝાશે.

(૮) ત્રિફળાના કાઢાથી અથવા ભાંગરાના રસથી ચાંદી ધોવી.

(૯) સફેત કાથો, શંખજીરૂં, માયફળ, રસકપુર, જુની સોપારીની રાખ, અથવા ત્રિફળાંની રાખ, એ બધાં બારીક વાટી, ઘીમાં ખરલ કરી

તે મલમ ચાંદીપર લગાડવાથી રૂઝ આવશે.

(૧૦) દશાંગ લેપ, પાણીમાં કે ધોયેલ ઘીમાં એકરૂપ કરી ચાંદી પર તેનો લેપ કરવાથી આરામ થશે.

(૧૧) ફુલાવેલ મોરથુથુ, સીંધાલુણ, લોદર, સોનાગેરૂ, ફુલાવેલ ફટકડી, એલચી, રસવંતી, હરતાળ, મણશીલ, હીરાકસી, એ બધાંનું બારીક ચુરણ, મધમાં મેળવીને લેપ કરવાથી ચાંદી રૂઝાય.

(૧૨) મોરપીંછાના ચાંદલાની રાખમાં જરા મરીની ભુકી મેળવી ચાંદીપર ભભરાવવાથી રૂઝમાં આવશે.

(૧૩) સોપારીની રાખ, એલચી, ચણકબાબ, કાથો, એનું સમ ભાગે ચુરણ કરી, તે ચાંદીપર ભભરાવવું અથવા તો તેમાં કપુર મેળવી પચાશ પાણીથી ધોયેલ ઘીમાં મલમ બનાવી તે લગાડવાથી રૂઝાશે.

(૧૪) બોદાર, રાલ, દરેક તો. ૫, કપુર તો. ૨॥, ખપપુરતું ઘી તથા મીણ લઈ, મલમ બનાવી, ચોપડવાથી ગરમીની ચાંદી જાય.

(૧૫) કાથો, એલચી, હીરાદખણ, એ દરેક તો. ૧, કપુર તો. ૦।, બારીક વાટી, ઘીમાં મલમ બનાવી લગાડવાથી પરૂવાળાં ધારાં રૂઝાય.

(૧૬) બોદાર તો. ૨૦, રાલ તો. ૨૦, કપુર તો. ૧૦, મીણ તો. ૧૦, ઘી તો. ૧૦, પ્રથમ ઘી તથા મીણને ધીમી આંચે ગરમ કરી, ઉપરની ત્રણ ચીજનું બારીક ચુરણ નાખવું. આ મલમથી ગરમીનાં ધારાં તથા ચેપવાળાં ચાંદાં રૂઝાઇ આરામ થાય.

(૧૭) મોચરસ, ચીકણી સોપારીની રાખ, શંખજીરૂં, બોરડીની છાલનું ચુરણ, એ બધાં બારીક વાટી, ચાંદાપર ભભરાવવું અથવા ધોળો કાથો અને ચીકણી સોપારીની રાખ, ધારાંપર લગાડવાથી આરામ થશે.

(૧૮) મોરથુથુ, સોળ પહોર લીંબુના રસમાં ઘુંટી, તેમાં ચોથો ભાગ ટંકણખાર મેળવી, તેની ટીકડીઓ બનાવી, છાણાના અગ્નિમાં નાખી તેની રાખ કરવી. તે પચાસ ઉપરાંત પાણીથી ધોયેલા ઘીમાં મેળવી મલમ બનાવી, ચોપડવાથી ઇંદ્રિયપર ગરમીના મસા હશે, તે પણ

બેસી જશે.

(૧૯) હીંગળો, સોનાગેરૂ, મોરથુથુ, પારો, ગોપીચંદન, એ બધાં ગાયના માખણમાં ખુબ બારીક ઘુંટી મલમ બનાવી, તે ચાંદીપર ચોપડવાથી તરત રૂઝાઈ જાય.

(૨૦) ધોળી કણેરનાં મૂળ, પાણીમાં ઘસી, લેપ કરવાથી ગમે તેવાં ધારાં રૂઝમાં આવે છે,

(૨૧) અંકોલના મીંજના મોઢાં જરા ઘસી, તે મીંજ કાંસાની થાળીમાં પાથરી, તેનાપર ચણાના લોટનો અને તેના મોઢાપર ટંકણખારનો લેપ કરી, તે તાપમાં મુકવો, એથી તેમાંથી તેલ નીકળશે. એ તેલ ધારાંપર ચોપડવાથી તે રૂઝાય છે, તથા નાસુર અને ભગંદર પણ એથી મટે છે. કોઇ પણ બી એ તેલમાં બોળીને વાવીએ, તો તે તરત ઉગી નીકળે અને બે ઘડીવારમાં તેમાં ફુલ અને ફળ આવે છે. વળી હજામત પછી એ તેલ માથે લગાડતાં તરત વાળ ઉગી નીકળે છે.

(૨૨) રાળ તો. ૦ાા, મુડદાલશીંગ તો. ૦ાા, બંને બારીક બનાવી, ઘી તો. ૪ માં એકરૂપ કરી મલમ બનાવી, એ મલમ ચાંદી કે ટાંકીપર ચોપડવાથી એકદમ રૂઝાઇને આરામ થાય છે.

બદ અને વિસ્ફોટકના ઉપાયો—

(૧) ભીલામા અને સરગવાની છાલ, પાણીમાં વાટી, તેની થેપલી મુકવાથી બદ બેસી જાય.

(૨) ગુગળ, હીંગળો, મોરથુથુ, એ દરેક તો. ૧, રૂમી મસ્તકી તો. ૨, રાલ તો. ૪, મીઠું તેલ તો. ૮, પ્રથમ રાલ, ગરમ થતાં તેમાં તેલ નાખી એકરૂપ કરવું. પછી બીજી ચીજોનું બારીક ચુરણ મેળવી મલમ કરવો. એ મલમ લગાડતાં બદ તથા [1]વિસ્ફોટક બંને નાબુદ થાય.

(૩) ચુનો, પાષાણભેદ, ભીલામો, બાળી, તેની પટી લગાડવાથી બદ બેસી જશે.

---

[1] શરીરે ગરમી ફુટી નીકળે તે.

(૪) સાબુ, ચુનો અને ભીલામો, ઘસી લેપ કરવાથી બધી જાતની ગાંઠો બેસી જાય.

(૫) કાથો અને રેવંચીનો શીરો, આકડાના દુધમાં ઘસી, રોજ બે ત્રણ વખત, એમ ત્રણ દીવસ લેપ કરવાથી કઠણ ગાંઠ બેસી જશે.

(૬) ધુપગુગળ, હીરાબોળ, ચણોઠીની દાળ, વછનાગ, પાણીમાં વાટી જરા ગરમ કરી લેપ કરવો. અને ઉપર અસાળીયો ચોપડવાથી ગાંઠ વેરાઇ જશે, પણ એથી નસો ખેંચાશે.

(૭) ચિત્રાના મુળ, લીંબુના રસમાં ઘસીને ચોપડવાથી બદ બેસી જશે.

(૮) ગરમ પાણીનો શેક કરવાથી પણ ફાયદો થશે.

(૯) લગભગ પાકવા આવે ત્યારે ગરમ પોટીસથી પકાવી ફોડતાં તેના વ્રણને રૂઝવવાના ઈલાજ કરવા.

(૧૦) જળો લગાડવાથી પણ તેમાંનો બિગાડ નીકળી જાય છે.

(૧૧) કડવા લીમડાનાં પાન વાટી, તેમાં હળદર અને ઘી મેળવીને તેની થેપલી મુકવાથી બદ બેસે.

(૧૨) ત્રિધારી થોરના મૂળનો રસ ચોપડવો અને તેજ મૂળ પાસેની માટી લાવી ઉપર ભભરાવવી. એથી ત્રણ દીવસમાં ફાયદો થશે.

(૧૩) ભીલામો, લસણ અને શેકટાની છાલ વાટીને બાંધવાથી બદ બેસી જશે.

(૧૪) સુંઠ, ભેંસા ગુગળ, ઝેરકોચલું, પાણીમાં ઘસીને બદપર ચોપડી સુકાવા દેવું. એથી બદ વેરાઇ જશે.

(૧૫) શોધેલ પારો તો. ૧, ખુરસાણી અજમો તો. ૧, જાવંત્રી તો. ૧, ભીલામા તો. ૧, અકલકરો તો. ૧, એ બધાં બારીક વાટી જુના ગોળમાં એકસરખી ૧૪ ગોળી વાળવી. રોજ એક ગોળી ખાવી એથી વિસ્ફોટક મટશે. પથ્ય પાળવું.

(૧૬) જેઠીમધ, કઠ, વાળો, કાળા સરસવ, સમ ભાગે વાટી. ધીમ ખુબ ધુંટીને શરીરે તેનો લેપ કરવો. એથી વિસ્ફોટકનો વિકાર નાશ પામશે

(૧૭) જાયફળ, એલચી, ફુલાવેલ મોરથુથુ, એ સમ ભાગે વાટી, ગાયના ઘીમાં ઘુંટીને શરીરે ચોપડવાથી વિસ્ફોટકના ચાંદાં મટી આરામ થાય.

(૧૮) ત્રિફળાં, હરડે મોટી, ધમાસો, સુંઠ, પટોળ, ગળો, અરડુસો, પીતપાપડો, કરીયાતું, લીમડાની છાલ, એ બધાંને ખાખરાં કરી, એનો કાઢો બનાવી પીવાથી વિસ્ફોટકનો વિકાર ટળે.

(૧૯) ધોળાં મરી તો. ૦ાા, સોનામુખી તો. ૧, એ બંને પાણીમાં ખુબ બારીક વાટીને તે શરીરે ચોપડવાથી વિસ્ફોટક જાય.

(૨૦) દારૂડીના રસમાં સાકર નાખી પીવાથી વિસ્ફોટક મટે.

(૨૧) જાઇનાં પાન, તાંદળજાની ભાજી, ચંદન, નાગકેસર, એ બધાં પાણીમાં ખુબ બારીક વાટીને તે શરીરે ચોપડવાથી ધારાં રૂઝાય.

(૨૨) જીરૂં તો. ૦ાા, સાકર તો. ૧, સોનામુખી તો. ૧, મજીઠ તો. ૧, એ બધાં બારીક વાટી, તેના ૭ ભાગ કરવા. રોજ સવારે એક ભાગ, ગરમ પાણી સાથે લેવાથી વિસ્ફોટકની ગરમી નીકળી જાય.

(૨૩) શોધેલ હીંગળો, અકલકરો, અજમોદ, એ સમભાગે બારીક વાટી વસ્ત્રગાળ કરી, જુના ગોળમાં નાની સોપારી જેવડી તેની ગોળીયો વાળવી. તે રોજ બે વખત બે ગોળી, એમ સાત દીવસ ખાવી. ગોળી ખાતાં સાત રોજ અને તે પછીના સાત દિવસ માત્ર દુધ ભાત ખાવા.

(૨૪) ચંદન, સોનાગેરૂ, હીરાદખણ, માયફળ, ધોળો કાથો, રસકપુર, એ બધાં સમભાગે લઇ, બારીક વાટીને તેની પાણીમાં ગોળીયો કરી સુકવવી. તે પાણીમાં ઘસીને ચોપડવાથી વિસ્ફોટક ઉપરાંત ચાંદી કે ગમે તેવાં બીજાં ગરમીનાં ધારાં પણ રૂઝાઇ જશે. પથ્ય પાળવું.

વધરાવળ (અંતરગળ).

ગરમીના દર્દ શિવાય પણ બીજાં કેટલાંક કારણોને લઇને આ દર્દ ઉત્પન્ન થઈ વૃદ્ધિ પામે છે. વાયુજન્ય અન્ન-પાનથી, મળ-મૂત્રનો વેગ અટકાવવાથી, અતિ સ્ત્રીસમાગમ કરવાથી, વધારે ચઢ ઉત્તર કરવાથી, અધોભાગની નસ સરી જવાથી, બહુ ચાલવાથી કે ઘણો બોજો ઉપાડવાથી,

ખરાબ પાણીવાળા પ્રદેશમાં રહેવાથી, ઈત્યાદિ કારણોને લીધે વધરાવળ પેદા થાય છે. પુરૂષને માટે આ એક ભયંકર રોગ છે. આ રોગમાં સ્ત્રીસંગ કરવા જતાં બહુજ વિકૃતિ થવા પામે છે, તેથી પુરૂષ બીતાં બીતાં સ્ત્રીસમાગમ કરે છે. તે નિર્ભય રીતે સંસારસુખ ભોગવી શકતો નથી. વળી તેનું વીર્ય પણ બગડી ગયેલ હોવાથી સારી સંતતિ પ્રાપ્ત કરવામાં તે બેનશીબ રહે છે. ઘરે પોતાની સ્ત્રીનો યોગ હોવા છતાં તેને એક વાનપ્રસ્થના જેવી અવસ્થા વેઠવી પડે છે. વળી ખાન-પાનમાં પણ તે બહુ સાવચેતી ન રાખે તો વધરાવલનો વિકાર વધીને તેને ઘણીવાર પથારીવશ કરી મુકે છે. આવા જીવલેણ દરદની જો વેળાસર દવા કરવામાં ન આવે તો ભવિષ્યમાં તે અસાધ્ય થઇ પડે છે. એ દર્દને નાબુદ કરવાના અનેક ઉપાયો અહીં બતાવેલા છે. તેમાંથી પોતાની અનુકુળતા પ્રમાણે ખાવાના અને ચોપડવાના ઉપાયો પોતાના હાથે કરી લેવામાં હરકત નથી.

વધરાવળના ઉપાયો—

(૧) દારૂહળદરનું ચુરણ માસા ૨, ગોમુત્રમાં લેવું.

(૨) સીંધાલુણ, હીરાકસીની ભુકીને એરંડીયામાં મેળવી, લેપ કરી, ઉપર વસ્ત્ર બરાબર બાંધી રાખવું.

(૩) ચિત્રકમૂળનું ચુરણ, ગાયના દુધમાં લેવાથી વધરાવળ મટે.

(૪) હીમજનું ચુરણ, એરંડીયામાં લેવાથી આરામ થાય.

(૫) નારાયણ તેલ, માલીસ કરવાથી વધરાવળ જાય.

(૬) દુધમાં એરંડીયું મેળવી પીવું.

(૭) અસાળીયો, એરંડીયું વાટી, સવારે ગાયના ઘીમાં મેળવી ખાવાથી અંડવૃદ્ધિ નાશ પામે.

(૮) ખાંડ અને ફટકડી ખાવાથી અંતરગળ ટળે.

(૯) કંકોડી અને કડુ, ગોમુત્રમાં વાટીને, તેનો લેપ કરવો.

(૧૦) હરડે, સીંધાલુણ અને એરંડીયાનો અવલેહ ચાટવો.

(૧૧) ચીરોળીની રાખની જુના ગોળમાં નાના બોર જેવડી ગોળી કરી ખાવાથી વધરાવળ મટે.

(૧૨) બ્રાહ્મીનાં મૂળ, ચોખાના ધોવણમાં ઘસીને પીવાં.

(૧૩) સરઘવા અને એરંડાનો રસ કહાડી, તેમાં મધ અને સાકર મેળવી પીવાથી અંતરગળ જાય.

(૧૪) આંબાની ગાંઠ, ગાયના મુત્રમાં ઘસી, લેપ કરી, ઉપર શેક કરવો.

(૧૫) ગળો, રાસ્ના, જેઠીમધ, બળદાણા, ગોખરૂ, એરંડમુળ, એના કઢામાં એરંડીયું નાખી પીવાથી આરામ થાય.

(૧૬) ઝરેરનાં પાન, ઇસસ, કાંકચીયા, એ ત્રણે સાથે વાટી, તેનો રસ કહાડી પીવાથી વધરાવળ મટે.

(૧૭) શરપંખાના મુળનું ચુરણ માસો ૧, પાણીમાં લેવું.

(૧૮) તમાકુ, કસુંબાની લાદ, કેસુડાં, સુંઠ, શેષગુંદર, એળીયો, આંબાહળદર, રૂમીમસ્તકી, ઘોડા વજ, વછનાગ, ખસખસનાં ડોડાં, એ બધાં વાટી, પાણી કે પીલુડીના રસમાં તેની ગોળીયો વાળવી. તે પાણીમાં ઘસીને અંડની કોથળીપર તેનો લેપ કરવાથી વધરાવળ જાય. ઉપર છાણનો શેક કરવો.

(૧૯) જીરૂં, પલાંસી, એરંડમુળ, કઠ, બોરડીની છાલ, સમભાગે કાંજીમાં વાટી, તેનો લેપ કરવાથી વધરાવળ ટળે.

(૨૦) ઇંદ્રાયણના મુળના કાઢામાં દુધ તથા એરંડીયું નાખી પીવાથી અડવૃધ્ધિ મટી આરામ થાય.

(૨૧) વજ તથા સરસવ વાટીને તેનો લેપ કરવો અથવા સરગવાની છાલ અને સરસવનો લેપ કરવો.

(૨૨) રાળના લેપની પટી મારી ઉપર મજબુત લંગોટી બાંધવી.

(૨૩) તમાકુના પાનપર શિલારસ ચોપડી, જરા ગરમ કરી તે કોથળીપર બાંધવું.

(૨૪) ઇંદ્રજવ વાલ ૩, કડુ તો, ૧ાા, કાંકચનાં બીંજ વાલ ૩,

દુધ તો. ૨૪ માં ઉકાળતાં ચાર તોલા દુધ રહે, ત્યારે ગાળીને પી જવું. એમ એકવીશ દીવસ કરવાથી અંડવૃધ્ધિ મટે.

(૨૫) લજામણીનાં પાન વાટી ગરમ કરીને, તે કોથળીપર બાંધવાં.

(૨૬) ગાયના ઘીમાં સીંધાલુણ મેળવી, વારંવાર વૃષણપર તેનો લેપ કરવો.

(૨૭) ભીલામો અને હળદર, ઘસીને તેનો લેપ કરવો. ઉપર છાણાના દેવતાએ શેક કરવો.

(૨૮) રીંગણીનાં મૂળ, પાણીમાં ઘસીને વૃષણપર તેનો લેપ કરવો.

(૨૯) ભીલામાના ઝાડના પાનમાં જરા હળદર નાખી, ગરમ કરી, સાત દિવસ તે કોથળી પર બાંધવાં.

(૩૦) કડવી નઈનો કંદ ઘસીને ચોપડવો.

(૩૧) એરંડીને વાટી, બકરીના દુધમાં ખદખદાવી, ખમાય તેવું ગરમ ચોપડવું. ૧૪ દીવસ કરવું.

(૩૨) અંજીરનાં પાન, સાત દીવસ બાંધવાથી વધરાવળ મટે.

(૩૩) કચુરો, એરંડીનાં મીંજ, કલૌંજી જીરૂં, એ ત્રણે સમ ભાગે વાટીને ખીર કરી, તે વધરાવળપર ચોપડી, તેનાપર એરંડાના પાન બાંધવાં. અંતરગળ મટી આરામ થશે.

પ્રકરણ ૧૯ મું.

ધાતુપાત અથવા વીર્યસ્રાવ.

રાત દીવસ વિષયની તાલાવેલીથી, વિષયની વાતો વાંચવાથી કે સાંભળવાથી, બહુ ગરમ ખાનપાનથી, હાથરસની કુટેવથી, વિષયાસકિતની વાતો કરવાથી, સ્ત્રીના સ્પર્શ કે ચિંતનથી, પાકી ઉમ્મર સુધી વીર્યના વેગને ગતિ ન મળવાથી, પેશાબમાં કે તેની પ્રથમ અથવા પછી ધાતુ પાતળી થઇ ચાલી જાય છે, સ્વપ્નમાં વીર્ય સ્ખલિત થાય છે, હસ્તદોષને લીધે નસો શિથિલ થઈ જવાથી ધાતુ ટપકયા કરે

છે, ઈત્યાદિ અનેક કારણોને લઈને ધાતુપાત થતાં હળવે હળવે શરીરની નબળાઈ વધતી જાય છે, મન બેચેન રહે છે, મગજ-શકિત નબળી પડે છે, અગ્નિ મંદ પડી જાય છે, તેથી ભુખ બરાબર લાગતી નથી, હાથે પગે કળતર થાય છે, માથામાં દુખાવો થયા કરે છે, ઉઠતાં બેસતાં ચક્કર આવે છે, શરીરમાં તાકાત ન રહેવાથી વાઈ, ઉન્માદ કે ક્ષય જેવા રોગ લાગુ પડે છે. એકંદર સતત ધાતુ-સ્રાવથી પુરૂષની જીવનદોરી બહુજ ટુંકી થતી જાય છે. તેની પાતળી પાણી જેવી ધાતમાં સંતાન પેદા કરવાની શકિત રહેતી નથી. અગર કદાચ ઓધાન રહે, તો પણ રોગી અને બળહીન પ્રજા પાકે છે. પોતાની સ્ત્રીને તે સંતોષ પમાડી શકતો નથી. તેના બળહીન બદનને જોઈને સ્ત્રીના મનમાં ભારે ચિંતા અને દુઃખ થયા કરે છે. આવા સંયોગોમાંથી પસાર થતા પુરૂષને માટે પણ પાછી જુવાની ખીલવવાના અનેક ઉપાયો છે. આ પ્રકરણમાં બતાવેલા ઉપાયોમાંનો ગમે તે ઉપાય, પોતાની અનુકુળતા પ્રમાણે પોતાના હાથે કરી લેવાથી પણ અવશ્ય ફાયદો થશે.

ધાતુસ્રાવને અટકાવવાના ઉપાયો—

(૧) બળદાણાનું છોડવું મૂળસહિત લાવી ધોઇ, પાણીમાં કચરી, તેનો રસ કહાડી, ગાળીને તેમાં સાકર નાખી રોજ સવારે તો. ૭–૮, એમ સાત દીવસ પીવાથી વીર્યપાત બંધ થાય.

(૨) મોચરસના ઝાડનાં તાજાં મૂળ તો. ૪ લાવી, કચરી, તે ગાયના પાશેર દુધમાં રાતે પલાળી, સવારે ગાળી, તેમાં સાકર તો. ૧ નાખી સાત દીવસ પીવાથી ધાતુસ્રાવ અટકે. વીર્ય મજબુત થાય.

(૩) શિલાજીત, દુધમાં ઉકાળી, તેમાં ગાયનું ઘી તથા સાકર મેળવીને પીવાથી વીર્યપાત બંધ થાય.

(૪) અક્લકરો, સુંઠ, કંકોલ, પીપર, જાયફળ, કેસર, લવીંગ સુખડ, એ દરેક તો. ૧. અફીણ તો. ૨, બારીક ચુરણ કરી, તે માસો ૧, મધ સાથે ખાવાથી ધાતુપાત બંધ થઈ વીર્ય મજબુત બને.

(૫) ગળોસત્ત્વ, કવચબીજ, ગોખરૂ, ધોળી મુશળી, શેમળાના મૂળની છાલ, સાકર, આંબળાં, એનું સમ ભાગે ચુરણુ બનાવી, તે તો. ૧, ગાયના ઘી તથા દુધ સાથે લેવાથી વીર્યસ્રાવ થતો અટકે અને ધાતુની વૃદ્ધિ થાય.

(૬) કવચબી અને એખરો, એ બંને સમ ભાગે લઈ, ચુરણુ બનાવી, તેની બરોબર સાકર નાખી, તે તો. ૦॥ થી ૨, ગાયના ધારોષ્ણ દુધ સાથે લેવાથી ધાતુની નબળાઈ મટી, તે મજબુત બને.

(૭) સાલમમિશ્રી, ધોળી મુશળી, કાળી મુશળી, ગોખરૂ, તાલિમખાના, બળબીજ અથવા બળદાણાનાં પાન, ખારેકના મગજનું ચુરણુ માસા ૬, ચુરણુ તો. ૧, સાકર સહિત પાશેર દુધમાં લેતાં સ્વપ્નમાં જતી ધાત અટકશે. વીર્ય પુષ્ટ થશે.

(૮) વરીયાળી, ગોખરૂના કાઢામાં સાકર નાખી, રોજ બે વખત, એમ સાત દીવસ પીવાથી ધાતુપાત થતો અટકે.

(૯) સુંઠના કાઢામાં હળદર અને ગોળ નાખી પીવાથી વીર્યસ્રાવ ન થાય.

(૧૦) અડદની દાળનો લોટ તો. ૨, ગાયના દુધમાં બાફી, તેમાં ઘી નાખી, ગરમ ગરમ સાત દીવસ પીવાથી ધાત જતી બંધ થાય.

(૧૧) હીરવણના બે ત્રણ પાન, સવારે સાકર સાથે ખુબ ચાવીને ખાવાથી વીર્યપાત બંધ થાય.

(૧૨) ચણોઠીનાં મૂળ દુધમાં બાફી, તેમાં સાકર નાખી પીવાથી ફાયદો થશે.

(૧૩) બીલીનાં પાન શે. ૦।, પાણીમાં વાટી, તેનો રસ કહાડી, તેમાં સાકર તો. ૧, જીરાની ભુકી માસા ૭ નાખી, સાત દીવસ પીવાથી ધાતુસ્રાવ અટકશે.

(૧૪) ધોળા શીમળાની છાલ, ગાયના દુધમાં ઘસી, તેમાં સાકર અને જીરાની ભુકી નાખી, રોજ બે વખત, એમ ૧૪ દીવસ પીવાથી ફાયદો થશે.

(૧૫) ખડી સાકર તો. ૭, ફુલાવેલ ટંકણખાર માસા ૭, બંને વાટી, રોજ તો. ૧, એમ સાત દીવસ ખાવાથી વીર્યદોષ મટે. પથ્ય પાળવું.

(૧૬) સાલમ, ધોળી મુશળી, પંજાબી મિશ્રી, એ ત્રણે સમ ભાગે લઇ, અતિ બારીક ચુરણ બનાવી, તે માસા ૩, સાકર માસા ૩, દુધ તો. ૩ માં મેળવી પીવાથી પેશાબમાં જતી ધાત અટકશે અને ધાતુવિકાર મટશે.

(૧૭) ઉંદરકનીના પાનની ભાજી ખાવાથી ધાતુપાત મટે.

(૧૮) આસંધનું ચુરણ માસા ૩ ખડી સાકર તો. ૧, ગાયના દુધમાં નાખી, રોજ બે વખત પીવાથી ધાતુવિકાર ટળે.

(૧૯) ગુલાબનાં તાજાં ફુલ ૫, સાકર માસા ૩, સાથે ખુબ ચાવીને રોજ બે વખત, એમ ૧૪ દીવસ ખાવાથી ધાતુવિકાર દુર થાય. ઉપર થોડું દુધ પીવું. મળશુદ્ધિ થવા સાથે મુત્રના વિકાર પણ મટી જશે.

(૨૦) વડનાં કોમળ કુંપળ તો. ૧, ચીનાઇ સાકર સાથે ખુબ ચાવીને ખાવાથી ધાત જતી બંધ થશે.

(૨૧) ઉટકટારીના મૂળની છાલ સુકવી ખાંડી મુકવી. રાતે મોબીલાઇ એલાણા તો. ૧, સાકર તો. ૨ લઇ, પાશેર પાણીમાં ભીંજવી, સવારે ગાળી, તેમાં ઉપરનું ચુરણ માસા ૭ નાખી પીવાથી મુત્રમાં જતી ધાત અટકશે, પ્રમેહ તથા મુત્રનો વિકાર પણ મટી જશે.

(૨૨) મોચરસ તો. ૧॥, જાયફળ તો. ૧, જુનો ગોળ તો. ૩, એ બધાંની ૨૧ ગોળી બનાવી, રોજ એક ગોળી ખાવાથી વીર્યસ્રાવ મટશે.

(૨૩) બહુફળીનું ચુરણ તો. ૦॥ દુધમાં લેવાથી ધાતુપાત ન થાય.

(૨૪) દુધેલીનાં પાન તો. ૦॥, સાકર તો. ૦॥ સાથે ખુબ ચાવીને ખાવાથી વીર્યની નબળાઇ મટે.

(૨૫) મેંદાલકડી તો. ૧ાા, ખેરીયો ગુંદર તો. ૭, બંગાળી સતી ખાંડનું ભુરૂં તો. ૧, એનો તાજા ગાયના ઘીમાં અવલેહ કરી ખાવાથી ધાત જતી બંધ થાય.

(૨૬) સમુદ્રફીણની ભુકી, લીંબુના અડધા ફાડીઆમાં ભરી, દેવતા ઉપર તપાવી, તે ત્રણ દીવસ ચુસવાથી વીર્યપાત બંધ થઇ જશે.

(૨૭) આસંધ, બંને મુશળી, ગોખરૂ, સમુદ્રશોષ, ખાખરાનો ગુંદર, માલકાંકણી, એખરો, એ બધાં સમ ભાગે લઇ, બમણી ચીનાઇ સાકર મેળવી, બારીક વાટી, તે વાસી પાણીમાં અગર દુધમાં લેવાથી ધાત જતી બંધ થશે.

(૨૮) સફેત સાંવરી (મોચરસના ઝાડ)નો કંદ સુકાવી, તેનું ચુરણ કરી, તે રોજ સવારે તો. ૦ાા, ઘી તથા ગાયના દુધમાં પકાવી, તેમાં બદામ, સાકર અને મોગલાઇ બેદાણા નાખી ખાવાથી ધાતુના તમામ વિકાર નાબુદ થાય.

(૨૯) લસણને વાટી, ગાડરના દુધમાં પીવાથી ધાત જતી બંધ રહે.

(૩૦) શોધેલ ગુગળ તો. ૩, જાઇનાં પાન તો. ૩, અફીણ તો. ૨, કસપકંદ તો. ૪, શાહજીરૂં તો. ૨, સરગવાના મૂળની છાલ તો. ૨, એ બધાં વસ્ત્રગાળ કરી, પોસ્તાં નાખેલા પાણીમાં બોર જેવડી ગોળીયો કરવી. તે રોજ સવારે એક ગોળી ખાવાથી સ્વપ્નમાં જતી ધાત અટકશે અને વીર્ય સ્તંભન પણ થશે. ઉપર દુધ પીવું. પથ્ય પાળવું.

(૩૧) ખસખસ, આંબળાં, ભોંયકોહોળું, એ ત્રણે દરેક તો. ૪ લઇ, બારીક વાટી, તે રોજ તો. ૦ા ફાકી, ઉપર કોરા વાસણમાં ભરી રાખેલ ટાઢું પાણી પીવું, એમ સાત દીવસ કરવાથી ધાતુ જતી બંધ થશે. માફક આવે તો ચુરણ, રોજ વધારતા જવું.

(૩૨) પંજાબી સાલમ તો. ૦ા, સાકર તો. ૦ાા, એ બંને બારીક કરી, દુધમાં ઉકાળી, સાત દીવસ પીવાથી વીર્યપાત અટકશે.

(૩૩) પરણેલા પુરૂષોએ પોતાની સ્ત્રી સાથે રહેવું.

(૩૪) ધાતુસ્રાવનાં કારણોથી અલગ રહેવું.

(૩૫) દસ્તની કબજીયાત હોય, તો તે ટાળવા હરડે, સોનામુખી, ત્રિફળાં વિગેરેનું સેવન કરવાથી પણ ધાતુ જતી બંધ રહેશે.

(૩૬) શતાવરી, કવચબીજ, એખરો, ગોખરૂ, આસંધ, આંબળાં, જેઠીમધ, મુશળી, એ બધી દવા પૌષ્ટિક છે. એમાંની ગમે તે એક, બે અથવા બધી દવાનું ચુરણ, દુધ અને સાકરમાં લેવાથી અગર પાક કે અવલેહમાં ખાવાથી તમામ જાતના ધાતુવિકાર મટી વીર્ય મજબુત થશે.

ધાતુપુષ્ટિ અને વીર્યવૃદ્ધિના ઉપાયો—

(૧) ધોળી અને કાળી મુશળીનું ચુરણ તો. ૦ાા. સાકર નાખેલ ગરમ દુધ સાથે લેવાથી ધાતુ પુષ્ટ થાય.

(૨) ગોખરૂ અને આંબળાંનું ચુરણ માસા ૩, ગળોસત્વ માસો ૧, ઘી તો. ૨, સાકર તો. ૨, મેળવી એકરૂપ કરીને ખાવાથી ધાતુપુષ્ટિ થશે.

(૩) અડદના ઉકાળામાં ગાયનું ઘી તથા ગાયનું દુધ અને સાકર મેળવી પીવાથી સારો ફાયદો જણાશે.

(૪) પીપરીમૂળ, પીપર, દરેક તો. ૨, તુલસીનાં બી તોલા ૪ લઈ, બે દીવસ ખરલ કરી શક્તિ પ્રમાણે તે ચુરણ ખાવું. ઉપર દુધ પીવું.

(૫) આસંધ અને વરધારાનું ચુરણ તો. ૦ાા, ગાયના અરધા શેર દુધમાં ઘી તથા સાકર સાથે મેળવી ખાવાથી બહુજ ગુણ થાય.

(૬) બળદાણા, કવચબીજ, ગોખરૂ, શતાવરી, તાલીમખાના, તલ, અડદ, એનું ચુરણ, ઉકાળેલા ગાયના દુધમાં મેળવી, સાકર નાખી પીવાથી ધાતુ પુષ્ટ થાય.

(૭) રૂમી મસ્તકી તો. ૦ાા, લવીંગ તો. ૧ા, તજ તો. ૧ા, જાયફળ તો. ૧, કેસર તો. ૦ાા, સુકું કોપરૂં તો. ૧૨, બધાં બારીક કરી, મધ શે. ૧ા, સાકર શે. ૧ ની ચાસણીમાં તે ચુરણ મેળવી, તે રોજ બે વખત તો. ૧ લેવાથી બહુ ફાયદો થાય.

(૮) ગળોસત્વ, ગોખરૂ, કવચબીજ ધોળી મુશળી, સફેત સાંવરીનો

કંદ, મૂળ કે તેની છાલ, સાકર, આંબળાં. એ બધાંનું સમ ભાગે ચુરણુ બનાવી. તે તો. ૦ા, ગાયના ધારોષ્ણુ કે ગરમ કરેલા દુધમાં ઘી નાંખી પીવાથી ધાતુ બહુજ મજબુત થશે.

(૯) ખજુર શે. ૪, તલ શે. ૪, બંને ખાંડી, તેનાં વડાં બનાવી, ઘીમાં તળી, તે તો. ૪–૫, ગાયના ગરમ કરેલા દુધમાં ચોળી, રાતે પીવાથી વીર્યવૃદ્ધિ થાય.

(૧૦) જાવંત્રી તો. ૧, ભાંગ તો. ૧, ધતુરાનાં મૂળ વાલ ૪, લઇ ખાંડીને મધમાં મગ જેવડી ગોળીઓ કરવી. રાતે એક ગોળી લઇ, ઉપર દુધ પીવું. ભાંગ બાફીને લેવી. ધાતુ બહુજ પુષ્ટ બનશે.

(૧૧) મોચરસનું ચુરણુ તો. ૦ા, દુધમાં સાકર નાખીને લેવું.

(૧૨) ભેંસના દુધ શે. ૧ માં અડદનો લોટ તો. ૨ નાખીને ખીર કરવી. તે ખીર ૨૧ દીવસ ખાવાથી ધાતુવૃદ્ધિ થાય.

(૧૩) મહુડાં શે. ૦ા, ખજુર શે. ૦ા, સાકર શે. ૦ા, દ્રાક્ષ શે. ૦ા, પીપર તો. ૧, તજ તો. ૦ા, તમાલપત્ર તો. ૦ા, નાગકેસર તો. ૦ા, એ બધાં બારીક ખાંડી, મધમાં તો. ૦ાા ની ગોળીયો વાળવી. તે બે વખત ખાવાથી ધાતુ આબાદ થાય. ઉપર દુધ પીવું.

(૧૪) ચણોઠીનાં મૂળ સાથે મુશળીકંદ તો. ૧–૨ ઘસી, તેમાં દુધ નાખીને પીવાથી ધાતુ વધે. એથી પ્રમેહ પણ જાય.

(૧૫) અકલકરો, તજ, જાવંત્રી, તમાલપત્ર, શોધેલ હીંગળો, બંગભસ્મ, નાગકેસર, ચિત્રકમૂળ, કેસર, જાયફળ, પીપર, એ બધાં સમ ભાગે લઇ બારીક વાટી, તેમાં સાકર શે. ૦ા નાખી, નાગરવેલના પાનના રસમાં તો. ૦ાા ની ગોળીયો કરવી. તે સાંજે એક ગોળી ખાવી, ઉપર શક્તિ પ્રમાણે દુધ પીવું. એથી ધાતુ બહુજ વધશે.

(૧૬) હીંગળો તો. ૨, જાયફળ તો. ૨, પ્રથમ હીંગળો વાટીને તે જાયફળ કોરીને તેની અંદર ભરવો. તેનાપર સુતર વીંટાળી, ઘઉંની કણુકમાં નાખી, અડાયાં છાણાંના અગ્નિમાં પકાવવો. પછી જાયફળ

કુહાડી, બારીક વાટીને તેમાં તજ, તમાલપત્ર, જાવંત્રી, લવીંગ, અકલકરો, ધોળી મુશળી, કાળી મુશળી, તેજબળ બળદાણા, ખુરસાણી અજમો, એ દરેક તો. ળ્ા લઇ જાયફળની ભુકી સાથે બારીક ચુરણ બનાવી, પાનના રસમાં તેની નાના બોર જેવડી ગોળીયો વાળવી. તે રોજ બે વખત બે ગોળી ખાવાથી ધાતુ બંધાઇને વૃધ્ધિ પામે. તાકાત વધે. ઉપર દુધ પીવું.

(૧૭) ગોખરૂના તાજા બે ત્રણ છોડવાને મૂળસહિત ઉખેડી લાવી, તેને પાણીમાં પલાળી, લુવાબ નીકળે ત્યાંસુધી હલાવતાં રહેવું. પછી તે લુવાબ તો. ૬ માં સાકર તો. ૧ નાખી પીવાથી ધાત પુષ્ટ બને.

૧૮) ગરમ દુધમાં ઘી અને સાકર મેળવી પીવાથી વીર્યવૃધ્ધિ થાય.

(૧૯) ઓથમી જીરૂં તો. ૧, એલચીદાણા તો. ળ્ા, ખડીસાકર તો. ૨, રાતે પાણીમાં પલાળી રાખી, સવારે મસળી ગાળીને તે પાણી પીવું. પોતાથી પીવાય તેટલું પાણી લેવું. અથવા એનું ચુરણ લઇ, ઉપર થોડું ગાયનું દુધ પીવું. ધાત મજબુત થાય.

પ્રકરણ ૨૦ મું.

વાજીકરણ.

વિરૂધ્ધ આચરણથી કે કોઈ ભયંકર દર્દની નબળાઈથી પુરૂષની ગુહ્યેંદ્રી પોચી રૂની પુણી જેવી બની જાય છે. એટલે સ્ત્રીનો સ્પર્શ કે સમાગમ થતાં પણ તે જાગ્રત થતી નથી. આવા પ્રસંગે પોતાની ખોવાઇ ગયેલ મર્દાઈને પાછી લાવવા માટે પુરૂષો મુક્ત હાથે પૈસાનો વ્યય કરવા પાછી પાની કરતા નથી. અનેક પ્રકારની પૌષ્ટિક દવાઓ (યાકુતિઓ) બદલાવી બદલાવીને ખાતાં તેઓ ઘણીવાર કંટાળી પણ જતા હશે. એ નામર્દાઈને નાબુદ કરવા નીચે બતાવેલા ઉપાયો તેમને માટે અતિ ઉપયોગી થઈ પડશે. એમાંનો ગમે તે ઉપાય પોતાની અનુકુળતા પ્રમાણે કરવાથી ગુહ્યેંદ્રીની નસોમાં જોર આવશે, સંપૂર્ણ મૈથુનશક્તિ ખીલવા માંડશે અને ઘડપણ મટી પાછી નવી જુવાનીની ખુમારી આવશે. મર્દાઈની મોજ પાછી તાજી થઇ રહેશે.

(૧) કવચબીજ તો. ૧૬, ચોસઠ તોલા ગાયના દુધમાં પકાવતાં, તે દુધ ઘાટું થાય, ત્યારે તેની છાલ કહાડી નાખી બારીક વાટી, તેની વડીઓ બનાવી, ગાયના ઘીમાં પકાવી તેને સાકરની બમણી ચાસણી પાવી. પછી તે ડુબી જાય તેટલા મધમાં જુદી જુદી રાખી મુકવી. તે રોજ સવાર સાંજે એકેક તોલો ખાવાથી પુરૂષની ગુલંદ્રી અતિ મજબુત થાય અને અશ્વ જેવી મૈથુનશકિત આવે.

(૨) શતાવરી, ગોરખમુંડી, ગળોસત્ત્વ, કસેલાં, કાળી મુસળી, એ બધાં સમભાગે વાટી કરેલ ચુરણ ઘી કે મધમાં એકરૂપ કરી ચાટવાથી વૃદ્ધતા ટળે, બળ વધે, અને જુવાની સ્થિર થાય.

(૩) શતાવરીનાં મૂળ, મોટી વજ, આસંધ, ઉપલેટ, કણેરની છાલ, એ બધાં તલના તેલમાં ઉકાળી, તે તેલ ગુલંદ્રી પર માલીસ કરવાથી શિથિલતા મટે અને હ્રસ્વ હોય તો તે દીર્ઘ થાય.

(૪) સુવરની ચરબી મધમાં મેળવી ઇંદ્રિયપર મર્દન કરતાં ના-મર્દાઇ મટે. નસોમાં ભારે તાકાત આવે.

(૫) સીંધાલુણ, સાકર, આસંધ, એ ત્રણેની ચટણી બનાવી, તેનાથી ચારગણા ઘીમાં ચટણી નાખી. પકાવી ઘી સિધ્ધ કરવું. એ ઘીના મર્દનથી ઇંદ્રિયની શિથિલતા ટળે.

(૬) પીપર, ગંજપીંપર, સીંધાલુણ, હળદર, સાકર, આસંધ, એ બધાં ગાયના દુધમાં વાટી ઇંદ્રિયપર લેપ કરવાથી તે દૃઢ થાય અને હ્રસ્વ હોય તો દીર્ઘ થાય.

(૭) વજ, કઠ, બલા, નાગબલા, ગજપીંપર, આસંધ, એ બધાંનું બારીક ચુરણ કરી, તે ભેંસના ઘીમાં કાલવી ઇંદ્રિયપર લેપ કરવાથી તે મજબુત થાય અને હ્રસ્વ હોય તો દીર્ઘ થાય.

(૮) જાયફળ કોરી, તેમાં ધોળી કણેરનું દુધ નાખી, તેની કોર પુરી, તેના પર ઘઉંનો લોટ લપેટી, ઘીના દીવા પર તે લાલ થતાં સુધી શેકવું. પછી લોટ કહાડી નાખી, જાયફળ ખુબ બારીક વાટી, મધમાં તેની

ચણોઠી જેવડી ગોળીયો વાળવી. તે રોજ સવારે એક ખાવી અને ઉપર દુધ પીવું. એથી ઇંદ્રિયની શિથિલતા મટે. પથ્ય બરાબર પાળવું.

(૯) કાળા તલ અને ખજુર, સાથે કુટી તેની નાની પીંડી બનાવી ઘીમાં તળવી. તે રાતે તો. ૮ થી ૧૦ લઇ ઉપર દુધ પીવાથી વીર્ય વધે અને શરીરમાં ભારે તાકાત આવે.

(૧૦) અકલકરો, સુંઠ, લવીંગ, કેસર, પીપર, જાયફળ, જાવંત્રી, સફેત ચંદન, એ દરેક તો. ૦।, અફીણ તો. ૦॥, બધાં વાટી, મધમાં અડદ જેવડી ગોળીયો કરવી. તે રાતે ૧ ગોળી લઇ ઉપર દુધ પીવું. નામર્દાઇ મટે, ધાત મજબુત થાય અને તરત સ્ખલિત ન થાય.

(૧૧) અડદની ફોતરી વિનાની દાળ, જવ, ઘઉં, ચોખા—એ ચારેનો લોટ સમાન ભાગે લઇ, એ બધા કરતાં અર્ધા ઘીમાં તેને શેકવો. પછી એ બધા વજન જેટલી સાકરની ચાસણી બનાવી, તેમાં સેકેલ આટો તથા પીપરનું ચુરણ નાખી ચાર ચાર તોલાની લાડુડી કરવી. તે રાતે ૧ લઇ ઉપર માફકસર દુધ પીવું. ભારે તાકાત આવે. અત્યંત મૈથુનશક્તિ જાગ્રત થાય.

(૧૨) કાચો હીંગળો તો. ૨, એક પછી એક એમ ૨૪ રીંગણામાં નાખીને ભરસાડમાં ખુબ બાફવો. પછી તેની ભુકી બનાવી તે એક ચોખાભાર જેટલી પાનમાં ચાવી એકરસ કરીને ઉતારવી. એથી નામર્દાઇ દૂર થશે અને અજબ તાકાત આવશે.

(૧૩) કુલીંજન, અકલકરો, શોધેલ વછનાગ, એ દરેક તો. ૨॥ લઇ વસ્ત્રગાળ વાટી, ગાયના ઘીમાં ઉકાળી, ઠંડું થયા પછી પુરૂષની ઇંદ્રિય પર તેનો લેપ કરવાથી નરમ પડી ગયેલ નસોમાં તાકાત આવી મજબુત થશે.

(૧૪) ધોળી કણેરનાં મૂળ, ભોંયરીંગણીનાં મૂળ, ઉતકંટાના મૂળ, એ દરેક તો. ૨॥ લઇ બારીક વસ્ત્રગાળ ખાંડીને ઘીમાં તેને ખુબ ઘુંટવું. પુરૂષની ગુહ્યેંદ્રિયપર તેનો લેપ કરવાથી ઢીલી થઇ ગયેલ નસોમાં મર્દાઇ આવશે અને તાકાત વધશે.

(૧૫) શતાવરી, એખરો, કવચનાં મીંજ, ગોખરૂ, બંને જાતની કાંસકી એ બધાં સમભાગે વાટી ચુરણ બનાવી, તે સાકર સાથે કાઢેલા ગાયના દુધમાં રાતે માફકસર ખાવાથી મૈથુનશકિત ક્ષીણ ન થાય

(૧૬) પીપર તો. ૬૪, સાકર તો. ૧૨૮, ગાયનું ઘી તો. ૬૪, મધ તો. ૩૨, ગાયનું દુધ તો. ૫૧૨, પ્રથમ દુધમાં ઘી અને પીપરનું ચુરણ નાખી ઉકાળવું. પછી ઘીમાં તેનો દાણો પાડવો, અને સાકરની ચાસણી બનાવી, તેમાં ઉપરની કીટી. મધ, તેમજ તજ, તમાલપત્ર, નાગકેસર અને એલચી, એ ચારે ચાર ચાર તોલા, લોહભસ્મ તો. ૧ નાખી અવલેહ કરવો. તે રોજ તો. ૨ ખાવાથી ક્ષય, શ્વાસ, ખાંસી, કોઢ જાય, બળ વધે અને મૈથુનશકિત આવે.

(૧૭, સુંઠ તો. ૩૨, ઘી તો. ૩૨, દુધ તો. ૫૧૨, એને ઉકાળી ગોળો કરવો. પછી સાકર તો. ૨૦૦ ની ચાસણી કરી, તેમાં ઉપરનો ગોળો તથા તજ, તમાલપત્ર, એલચી, પીપર, સુંઠ, મરી, એ દરેક ચાર ચાર તોલા નાખી પાક તૈયાર કરવો. તે રોજ તો. ૪ ખાતાં વૃદ્ધતા દૂર થઇ અજબ તાકાત આવે. આયુ, તેજ વધે.

(૧૮) બદામનાં મીંજ તો. ૩૨, માવો તો. ૧૬, મોગલાઈ બેદાણા, લવીંગ, જાયફળ, વંશલોચન, કમળ કાકડી, એ દરેક તો. ૦ાા, તથા તજ, તમાલપત્ર, એલચી, નાગકેસર, એ દરેક તો. ૧, સાકર તો. ૧૬, ઘી તો. ૧૬, નિયમ પ્રમાણે પાક કરી ખાવાથી શરીરમાં ભારે તાકાત આવે, કાંતિ તથા બુદ્ધિ વધે

(૧૯) જે જાળાંને માત્ર એકજ મૂળ હોય તેવી ઉટકટારીનું મૂળ લાવી ચુરણ બનાવી, તે રોજ સવારે તો. ૦ાા લઇ ઉપર દુધ પીવાથી અજબ પુરૂષાતન આવે. આ દવાથી મૈથુનશકિત ભારે સતેજ થાય છે.

(૨૦) ઝેરકોચલાં તો. ૧, સાત દીવસ રોજના તાજા ગોમુત્રમાં પલાળી, પછી તેની જીભ કહાડી નાખી, સુકાય ત્યારે ઘીમાં તળી નાખવાં. વછનાગ તો. ૧ દુધ તો. ૨ાા માં બાફી કહાડવો. હીમજ તો. ૧ લઈ ઘીમાં

તળવી. એ બધાં મરી તો. ૧ મેળવી બારીક વાટવાં. પછી આદુનો રસ ખપપુરતો તેમાં નાખી ચણા જેવડી ગોળીયો વાળવી. તે રોજ સવારે એક ગોળી લેવી અને ઉપર પાચન થઇ શકે તેટલું દુધ પીવું. એથી ભારે તાકાત આવશે અને નામર્દાઇ નાબુદ થશે.

(૨૧) તજ, તમાલપત્ર, એલચી, જાવંત્રી, કેસર, લવીંગ, જાયફળ, સુંઠ, મસ્કતી ગુંદર, અકલકરો, અફીણ, પીપર, એ બધાં સમ ભાગે બારીક વાટી ચુરણ બનાવી, તેમાં સમાન ભાગે સાકર મેળવી રાતે મધમાં તે ચુરણ એકરૂપ કરી ચાટી, ઉપર માફકસર દુધ પીવાથી અસાધારણ મૈથુનશક્તિ આવે. ધાત બહુજ મજબુત થાય.

(૨૨) તવખીર, વિદારિકંદ, અડદનો લોટ, જવનો લોટ, મરીનું ચુરણ, એ બધાં એકત્ર કરી, ઘીમાં તેની પુરીઓ તળી, તરત સાકરના બુરામાં નાખી દેવી. તે પુરીઓ રોજ ભાવે તેટલી ખાઈ, ઉપર દુધ પીવાથી વીર્યવૃધ્ધિ થાય. ભારે મૈથુનબળ જાગ્રત થાય.

(૨૩) શોધેલ ઝેરકોચલું તો. ૧, શુધ્ધ ભાંગ તો. ૨, બારીક કરી, તે રોજ સવાર સાંજે વાલ ૧॥ લઇ ઉપર દુધ પીવાથી નામર્દાઇ નાશ પામે. તાકાત આવે.

(૨૪) અભ્રક ભસ્મ ભાગ ૪, કલઈ ભસ્મ ભા. ૨, મારેલ પારો ભા. ૧, એ ત્રણેના વજન જેટલી ભાંગ, તથા તજ, તમાલપત્ર, એલચી, નાગકેસર, જાયફળ, સુંઠ, મરી, પીપર, લવીંગ, જાવંત્રી, એ બધાં બબ્બે ભાગ, તેમજ એ બધા ચુરણ કરતાં બમણી સાકર લઇ, તેમાં થોડું મધ અને જરૂરપુરતું ઘી મેળવી લાડુ બનાવી પોતાની શક્તિ પ્રમાણે રોજ સવારે ખાવાથી કામશકિત વધે અને નામર્દાઈ નાશ પામે.

(૨૫) સુંઠ તો. ૦॥, પીપર તો. ૧, ધોળાં મરી, ભાંગ, એ બંને દરેક તો. ૧॥, શુધ્ધ હીંગળો તથા અફીણ એ દરેક તો. ૦।, એ બધાંનું બારીક ચુરણ બનાવી, તે નાગરવેલના પાનના તથા ધતુરાના રસમાં ખુબ ખરલ કરવું. પછી તેમાં સાકર તો. ૨॥ મેળવી બત્રીશ ગોળીઓ કરવી.

એ ગોળી રોજ સવાર સાંજે એકેક લઈ ઉપર દુધ પીવું. એથી કામ જાગ્રત થશે અને ધાત મજબુત થઇ તાકાત આવશે.

(૨૬) આસંધ, ચોપચીની એ દરેક તો. ૫, ઉટકટારીના મૂળ, સુંઠ, નિર્ગુંડી, શતાવરી, કવચનાં બી, એખરો, એ બધાં દરેક તો. ૨, રૂમી મસ્તકી તો. ૧, સાકર તો. ૧૦, એ બધાં બારીક વાટી રોજ તો. ૦ાા, ગરમ દુધમાં મેળવી પીવાથી ધાત મજબુત થાય અને ભારે તાકાત આવે.

(૨૭) શોધેલ પારાને સોનાના વરગ સાથે ખરલ કરતાં પારો પાનાં ખાય ત્યાંસુધી તેમાં પાના નાખી ખુબ ઘુંટવું. પછી મગના જેવડી તેની ગોળીયો વાળવી. તે રોજ સવારે એક લઈ ઉપર માફકસર દુધ પીવું. એથી ધાતુપુષ્ટિ થશે અને નામર્દાઇ નાબુદ થઇ ભારે તાકાત પ્રાપ્ત થશે. પથ્ય પાળવું.

(૨૮) બળદાણા, ગોખરૂ, એલચી, નાગકેસર, ખસખસ, કવચનાં બી, ધોળી મુશળી, એખરો, એ દરેક તો. ૨ાા લઇ બારીક ખાંડીને દુધમાં તેની કીટી કરવી. પછી સાકર શે. ૦ાા ની ચાસણી બનાવી તેમાં અડદનો લોટ શે. ૧, ઉપરની કીટી તથા ઘી શે. ૦ાા નાખી, તેની પાંચ પાંચ તોલાની લાડુડી બનાવવી. તે રોજ સવારે એક ખાવી. પથ્ય પાળવું.

(૨૯) અફીણ, ધતુરાનાં પાન, શોધેલ ભાંગ અને મધ, એ બધાં સમાન ભાગે લઈ ખુબ ખરલ કરી, તેની એક એક રતીની ગોળીઓ વાળવી. તે સવારે અને સાંજે એકેક ગોળી લઈ ઉપર દુધ પીવું. એથી શરીરમાં ભારે તાકાત આવશે અને નામર્દાઇ ટળી જશે.

(૩૦) જાયફળ, જાવંત્રી, અકલકરો, ચણકબાબ, સમુદ્રશોષ, મિશ્રી અફીણ, શુધ્ધ હીંગળો, લવીંગ, ચણીયો કપુર, ઇસપકંદ, એ બધાં સમભાગે લઇ બારીક ખાંડી, મધમાં ખુબ ખરલ કરી વડના બોર જેવડી ગોળીઓ કરવી. તે રોજ સાંજે એક ગોળી લઇ ઉપર દુધ પીવું તથા પાનનાં બે ત્રણ બીડાં ચાવી જવાં. એથી મૈથુનશક્તિ આવશે અને ધાતુની નબળાઈ ટળી જશે.

(૩૧) રૂમીમસ્તકી, જાયફળ, કબાબચીની, અકલકરો, કેસર, બંગ-ભસ્મ, જાવંત્રી, લવીંગ, ભાંગ, સમ ભાગે વાટી તાજા મધમાં તો. ૦।। ની ગોળીયો કરવી. તે સાંજે એક ગોળી પાનના બીડા સાથે લેવી. ઉપર દુધ પીવું. એથી ધાતુ ઘટ્ટ થશે અને કામશકિત બહુજ વધશે.

(૩૨) રૂમી મસ્તકી તો. ૧।।, જાયફળ તો. ૨, અકલકરો તો. ૧।।, અફીણ તો. ૦।।, કેસર તો. ૦।।, ચણીયો કપુર તો. ૧, ખુરસાણી અજમો તો. ૧।।, શોધેલ હીંગળો તો. ૧, એ બધાં ખાંડી કપુર મેળવી, પાનના રસમાં ઘુંટી, નાના બોર જેવડી ગોળીયો વાળવી. તે રોજ સવારે એક ગોળી ખાવાથી વીર્યવૃધ્ધિ થઇ તાકાત આવે.

(૩૩) ભાંગરાનાં બીજ, એખરાનાં બીજ, ગોખરૂનાં બીજ, કવચ-બીજ, અકલકરો, ચણકબાબ, મુશલીકંદ, જાયફળ, જાવંત્રી, તમાલપત્ર, ખસખસ, માલકાંકણીનાં બીજ, એ બધાં દરેક તો. ૧ અને કપુર તો. ૦।।, તેમજ મધ તો. ૦।।, સુંઠ તો. ૦।।, ભાંગ તો. ૨, એ બધાં બારીક કરી ઘુંટતાં એકરસ થાય ત્યારે મધ અને ગોળમાં એક તોલાની ગોળી કરવી. તે દીવસ આથમ્યા પહેલાં એક ગોળી રોજ ખાવી. એથી કામ-વૃદ્ધિ થશે અને નામર્દાઈ નષ્ટ થશે.

(૩૪) બંગભસ્મ, શોધેલ હીંગળો, જાવંત્રી, અકલકરો, તજ, તમા-લપત્ર, ચિત્રકમૂળ, નાગકેસર, જાયફળ, પીપર, કેસર, એ બધાં સમાન ભાગે વાટી, સાકર શે. ૦।।, તેમાં નાખીને પાનના રસમાં તો. ૦।।ની ગોળીઓ વાળવી. તે સાંજે એક ગોળી ખાઇ ઉપર માફક આવે તેટલું દુધ પીવું. નામર્દાઈ ટળશે. શકિત આવશે.

(૩૫) ગોખરૂ તો. ૨।।, આસંધ તો. ૨।।, કવચબીજ તો. ૨।।, જાવંત્રી તો. ૦।।, એખરો તો. ૨।।, સાલમ તો. ૭, એલચી તો. ૦।।, લવીંગ તો. ૦।।, તજ તો. ૦।।, શીંગોડાં તો. ૫, સુંઠ તો. ૧।।, સાકર શે. ૦।।, એ બધાં બારીક ખાંડી રોજ તો. ૨–૩, ગાયના નવટાંક ગરમ દુધ સાથે ખાવાથી નબળાઇ ટળી શકિત આવે, ભુખ લાગે અને

ધાતુ મજબુત થાય.

(૩૬) પીપર, જાયફળ, તમાલપત્ર, સુંઠ, અકલકરો, કેસર, તવખીર, લવીંગ, અગર, કાળો વાળો, જીરૂં, કમળકાકડી, કપુર, એ બધાં બારીક વાટી વસ્ત્રગાળ કરવાં. રોજ સાકર સાથે તોલા ૧ ની ફાકી ટાઢા પાણી સાથે લેવી. એથી નામર્દાઇ મટે અને પ્રમેહ પણ જાય.

(૩૭) નગોડનાં સુકાં પાન તો. ૯, ખસખસ તો. ૯, ભાંગનાં ફુલ તો. ૪, મરી તો. ૫, હરડેદળ તો. ૯, સરગવાનાં મૂળ તો. ૯, દહીં તો. ૯, અજમાની ખાખ શે. ૧, આકડાનાં ફુલ તો. ૯, કણેરનાં સુકાં ફુલ તો. ૯, કંદબોર તો. ૯, પીપર ગે. ૧, એ બધી ચીજો સાથે લઇ બારીક વાટવી. પછી મધ અને ગોળમાં તેના એકેક તોલાની ગોળીયો વાળવી. પ્રભાતે રોજ એક ગોળી ખાવી. ઉપર ગાયનું ગરમ દુધ પીવું. કામવૃદ્ધિ બહુ થાય. પથ્ય બરાબર પાળવું.

(૩૮) ચીનીકબાલા, કમળકાકડી, નાગરમોથ, નગોડ, વરીયાળી, હડીશીંગનાં બીજ, ઇંરાબંધુ, એ બધાં દરેક તો. ૫ લઈ બારીક વાટી, મધ અને ગોળમાં નાના બોર જેવડી ગોળીયો કરવી. તે રાતે સુતી વખતે રોજ એક ગોળી ખાવી. ઉપર ગરમ દુધ પીવું. કામવૃદ્ધિ થાય અને ભારે તાકાત આવે. પથ્ય બરાબર પાળવું.

(૩૯) ધોળી મુશળી, કાળી મુશળી, મોચરસ, ગોખરૂ, એખરાના બીજ, કુવચનાં બીજ, એ દરેક તો. ૨॥, રૂમી મસ્તકી તો. ૦॥, કેસર તો. ૦॥, મીસરી અફીણ તો. ૦॥, કેદાર ચીનીઉં તો. ૦॥, એ બધાં વસ્ત્રગાળ બારીક કરી, તેમાં રાતી ખાંડ શે. ૧ મેળવી, રોજ તો. ૨॥–૩ ખાવાથી હાથરસની કુટેવથી આવેલ નામર્દાઈ નાબુદ થાય.

(૪૦) રતિક્રીડા કર્યા પછી તરત પાણી ન પીવું, ઠંડા પાણીથી ઇંદ્રિય ન ધોવી, ખારૂં કે ખાટું કાંઈ ન ખાવું, પેશાબ તરત ન કરવો, પરંતુ ગરમ કરી રાખેલ દુધ તરત પી લેવું. એથી શરીરમાં તાકાત રહેશે અને ફરી સ્ત્રીસંગ કરવાની કામવૃત્તિ જાગ્રત થશે.

પ્રકરણ ૨૧ મું.

ધાતુસ્તંભનના ખાસ પ્રયોગો.

ઘણા એવા પુરૂષો હશે કે જેમનું વીર્ય સ્ત્રીનો સ્પર્શ કરતાં પાતળું પાણી જેવું બની સ્રવતું રહે છે અને સ્ત્રીનો સમાગમ કરતાં તરત સ્ખલિત થઈ જાય છે. આ એક નબળા વીર્યનું લક્ષણ છે. તેવા પુરૂષોને માટે નીચે બતાવેલા ઉપાયો એક દૈવી આશીર્વાદરૂપ થઈ પડશે. એથી ધાત બહુજ ઘટ્ટ અને મજબુત થશે તથા સ્ત્રીસમાગમમાં તે એકદમ સ્ખલિત ન થતાં વધારે વખત ટકી રહેશે.

(૧) અફીણ તો. ૨ા, શોધેલ વછનાગ તો. ૨ા, નાગકેસર તો. ૧ા ચવક તો. ૦ા, ચિત્રક તો. ૦ા, સરધવાનાં બીજ તો. ૦ા, ભૂંગીન બીજ તો. ૦ા, બંને જીરા તો. ૧, કવચબીજ તો. ૧ા, એખરે તો. ૪, કુલીંજન તો. ૪, લવીંગ તો. ૪, ખુરાસાણી અજમો તો. ૪, પીપર તો. ૪ા, અક્કલકરો તો. ૪ા, તજ તો. ૪ા, તમાલપત્ર તો. ૪ા એલચી તો. ૪ા, એ બધાં બારીક વાટી ગોળમાં નાની સોપારી જેવડી ગોળીયો બનાવવી. તે સાંજે એક ગોળી લઇ ઉપર ગરમ દુધ પીવું અને પાનનું બીડું ખાવાથી સ્તંભન થાય.

(૨) શુદ્ધ પારો તો. ૧, ચણીયો કપુર તો. ૧ા, અકલકરો તો. ૧ા ખુરાસાણી અજમો તો. ૧, સમુદ્રશોષ તો. ૧, પારો તુલસીના પાનના રસમાં ખુબ મર્દી, પાનના રસમાં તેની ગોળી બનાવવી. તે રોજ સાંજે એક ગોળી લઇ ઉપર દુધ પીવું. એથી ધાતનું સ્તંભન થશે.

(૩) ધતુરાનાં બીજ, દુધમાં ઉકાળી, તે જમાવી વલોવીને તેનુ માખણ લેવું. તથા જાયફળ, શુદ્ધ પારો, તાંબાની ભસ્મ, કપુર, અકલકરો, બંને જાતના અજમા, કબાબચીની, જાવંત્રી, કસ્તુરી, તજ, તમાલપત્ર, એલચી, નાગકેસર, એ બધાં સાથે વાટી, મધમાં માસા ૧ પ્રમા

ણુની તેની ગોળીયો કરવી. તે સ્ત્રીસમાગમ વખતે મોઢામાં રાખવાથી વીર્યસ્તંભન થાય. દુધ અગાઉથી પી લેવું.

(૪) આંબળાંના રસની ભાવના આપેલ પીપરનું અને આંબળાંનું ચુરણ સાકર તથા મધ સાથે મેળવીને ચાટવાથી વૃધ્ધ પુરૂષ જુવાન બની જાય. ઉપર દુધ કાઢેલ પીવું.

(૫) ગોખરૂ, તાલીમખાના, કવચબી, શતાવરી, અડદ, એ બધાંનું બારીક ચુરણ, દુધમાં મેળવી પીનાર પુરૂષ વૃધ્ધ છતાં જુવાન જેવો બળવાન બની જાય છે.

(૬) પીંપળાનાં મૂળ, છાલ, કુંપળ અને ટેટાં, એ બધાં દુધમાં ઉકાળી, તેમાં મધ તથા સાકર નાખી પીવાથી પુરૂષમાં ભારે તાકાત આવે છે.

(૭) અડદ, કવચબી, ખજુર, શતાવરી, દરાખ, એ બધાં મળીને તો. ૮, પાણી તો. ૬૪, દુધ તો. ૬૪, સાથે મેળવીને પકાવતાં તે તો. ૮ રહે ત્યારે ગાળી લઇને તેમાં સાકર, તલવણી અને નવું મધ નાખી પીએ અને ઉપર સાઠી ચોખાનો ભાત ખાય, તો તે પુરૂષ વૃધ્ધ છતાં જુવાનની જેમ સ્ત્રીસંગ કરી શકે અને છોકરાં પેદા કરવા પણ ભાગ્યશાળી થઇ શકે.

(૮) ધતુરાના રસથી પારાનું મર્દન કરી, તે જાયફળ કોરી તેમાં નાખી, તેની કોરને અફીણની મુદ્રા આપવી. પછી ધતુરાની છોતમાં ઘઉંનો આટો મેળવી, તે જાયફળ પર લપેટી ત્રણવાર ઘીમાં પચાવવું. પછી ચાંપતાં જ્યારે તે ફુટી પડે, ત્યારે તે જાયફળ વાટી, તેમાં અફીણ, અક્લકરો, અજમોદ, સમુદ્રશોષ, માલકાંકણી, ઇસપકંદ, એ દરેક તો. ॥ લઈ ખાંડી નાખી, મધ સાથે ખુબ ઘુંટી ચણા જેવડી ગોળીયો કરવી. તે સાંજે એક ગોળી લઇ ઉપર દુધ પીવું. ધાતુ સ્તંભિત થશે.

(૯) સવા પાશેર ધતુરાનાં બી બારીક વાટી, દુધ શે. ૧૦ માં તે રૂપાનાણા સાથે ઉકાળી, જમાવી વલોવીને ઘી તૈયાર કરી, તે એક વાસણમાં નાખી ખાડામાં દાટી રાખવું. અવસરે હાથ પગના વીશ નખે તે ચોપડતાં સ્તંભન થાય અને તે ધોઈ નાખતાં ધાત સ્ખલિત થાય.

(૧૦) લજામણીનાં મૂળ બકરાના મૂત્રમાં વાટી, તેનો પગતળીયે લેપ કરવાથી વીર્ય સ્તંભિત થાય.

(૧૧) પારો અને ગંધક સમ ભાગે ઘુંટી, તે પગતળે મર્દવાથી સ્તંભન થાય.

(૧૨) બંગ ભસ્મ, જાયફળ, જાવંત્રી, લવીંગ, મરી, શોધેલ હીંગળો, પીપર, એ દરેક તો. ૦ાા, સુંઠ તો. ૦ા, અકલકરો તો. ૦ા, શોધેલ વછનાગ તો. ૦ા, ધતુરાનાં બીજ તો. ૦ા, એ બધાં બારીક ખાંડીને પાનના રસમાં તેની બોર જેવડી ગોળીયો વાળવી. તે સવાર સાંજે એકેક ગોળી ખાવાથી સ્તંભન થાય. ઉપર દુધ પીવું.

(૧૩) સુંઠ, શતાવરી, નિર્ગુડી, એખરો, ગોખરૂ, મુશળીકંદ, એ બધાં સમ ભાગે ખાંડી વસ્ત્રગાળ કરી ગાયના ઘી અને મધમાં નાના બોર જેવડી ગોળીયો કરવી. તે રોજ સવાર સાંજે એકેક ગોળી ખાવી. ઉપર દુધ પીવું. ધાતુબંધન થાય, મર્દાઇ વધે.

(૧૪) જાયફળ, જવખાર, લવીંગ, મરી, કાકડાશીંગ, ખુરસાણી, અજમો, અકલકરો, સમુદ્રશોષ, શુદ્ધ પારો, કાચો હીંગળો, એ દરેક તો. ૦ાા, ભાંગ તો. ૨ાા, અફીણ મીસરી તો. ૨ાા, શોધેલ વછનાગ તો. ૧, એ બધાં બારીક વાટીને ભાંગરાના રસમાં ૯ દીવસ ખરલ કરવાં. પછી તેની મગના દાણા જેવડી ગોળીયો વાળવી. તે સાંજે એક ગોળી ખાવી ઉપર દુધ પીવું. સ્ત્રીસંગ કરતાં એથી ધાત ટકી રહેશે.

(૧૫) ચણોઠી તો. ૨ાા. ધતુરાનાં બી તો. ૨ાા. દાડમીયો સોમલખાર તો. ૦ાાા, એ બધાં વાટી દુધ શે. ૧૦ માં ઉકાળી, સોળ પહોર જમાવી, પછી વલોવી તેમાંથી ઘી કહાડી, તે ઘી રતી ૧, હાથ પગને તળીયે મર્દવાથી ધાત સ્તંભિત થાય.

(૧૬) કાળી અને ધોળી મુશળી, મોચરસ, ચવક, અકલકરો, ગોખરૂ, ઇંદ્રજવ, ગળોસત્વ, રાઇ, ગુંદાં, કવચ બીજ, ઉટીંગણ, બળબીજ. નાગબલાનાં બી ચણકબાબ, રૂમી મસ્તકી, એ બધાંનું બારીક ચુરણ તો. ૦ા, દુધ શે. ૧ માં

મેળવી સાંજે લેવાથી સ્તંભન થાય.

(૧૭) તજ, તમાલપત્ર, નાગકેસર, સફેત મુશળી, ઉટીંગણના બીજ, સમુદ્રશોષ, અભ્રક ભસ્મ, ધાવડીનાં ફુલ, એ દરેક તો. ૨ાા, લવીંગ તો. ૧, પીપરીમૂળ તો. ાા, ભાંગ તો. ૧૦, અફીણ તો. ાા, જાવંત્રી તો. ૧, જાયફળ તો. ૧, કપુર તો. ાા, સુંઠ તો. ૧, કેસર તો. ૧, અજમો તો. ૪, મરી તો. ૧, એ બધાં બારીક વાટી, મધમાં ચણીયા બોર જેવડી ગોળીયો કરવી. તે મોઢામાં ધારણ કરવાથી સ્તંભન થાય. દુધ અગાઉથી પી લેવું.

(૧૮) જાયફળ, જાવંત્રી, લવીંગ, કવચબીજ, એલચી, અકલકરો, મરી, એખરો, ઉટીંગણના બી, પીપર, સુંઠ, શતાવરી, આસંધ, સફેત અને કાળી મુશળી, વજ, ખસખસ, કપુર, એ દરેક તો. ાા, ઉટીંગણનાં મૂળ તો. ૧૫, ભાંગ તો ૧૫ લેવાં. પ્રથમ અફીણ તો. ૧, ઘોડીના દુધમાં ઉકાળી, તેમાં થોડું ઘી નાખી દાણો પાડવો. પછી ઉપરની વસ્તુઓનું બારીક ચુરણ તેમાં નાખી, વડના બોર જેવડી ગોળીઓ કરવી. તે સાંજે એક ગોળી લઈ ઉપર દુધ પીવું. એથી વીર્યસ્તંભન થાય.

(૧૯) આદની અફીણ, ચણીયો કપુર, કેસર, મરી, કક્કોલ, ઇસબકંદ, મસ્કતી ગુંદર, એ દરેક તો. ાા, જાયફળ તો. ા, જાવંત્રી તો. ૧, તજ તો. ૨, લવીંગ તો. ૧, નાગકેસર તો. ૧ાા, સમુદ્રશોષ તો. ૧ાા, શોધેલ હીંગળો તો. ૨, અકલકરો તો. ૨, એ બધાં બારીક વાટી, મધમાં ચણા જેવડી ગોળીયો બનાવવી. સાંજે એક ગોળી લઇ ઉપર દુધ પીવાથી ધાતુ બંધેજ રહે. તરત સ્ખલિત ન થાય.

(૨૦) શિરીષનાં ફુલ, કણેરના ફુલ, બીજોરીનાં ફુલ, લીલી નાગરમોથ, કચુરો, એલચી, એ દરેક તો. ાા લઇ, છાયામાં સુકવી વાટીને તેની ગુંદીના ફુલના રસમાં ગોળી બનાવી, તે મોઢામાં ધરવાથી સ્તંભન થાય. દુધ અગાઉથી પી લેવું.

(૨૧) તાલીમખાના, જાયફળ, લવીંગ, જાવંત્રી, દાલચીની, કવચબીજ, જંગલી લવીંગ, ખુરસાણી અજમો, ધોળી મુશળી, કાળી મુશળી,

ખાખરાનો ગુંદર, બાવળનો ગુંદર, માયફળ, સાલમ, ગોખરૂ, એ દરેક તો. ૧, ઉત્કંટાનાં બીજ તો. ૨, ભાંગ તો. ૧૦, ઘી તો. ૧૦, મધ તો. ૧૦, સાકર શે. ૧, પ્રથમ ખાંડની ચાસણી કરવી. પછી તેમાં ઉપરના વસાણાનું બારીક કરેલ ચુરણ નાખવું. બધું એકરૂપ થયા પછી તેની તો. ાા ની ગોળીયો વાળવી. તે ગોળી સ્ત્રી પાસે જતાં પહેલાં એક ઘડી અગાઉ એક ગોળી ખાવી અને ઉપર દુધ ભાવે તેટલું પીવું, તેમજ પાનનું બીડું જરૂર ખાવું. એથી ધાતુસ્તંભન થાય. વીર્ય જલદી સ્ખલિત ન થાય.

(૨૨) ખુરાસાણી અજમો તથા જાવંત્રી તો. ૩, ઉટીંગણનાં બીજ, જાયફળ, અકલકરો, નાગકેસર, સમુદ્રશોષ, ચણીયો કપુર, કેસર, ઇસપકંદ, એ દરેક તો. ાા, બધાં બારીક વાટી, લીમડાના રસમાં તેની ચણીયા બોર જેવડી ગોળી કરવી. તે સાંજે લઇ ઉપર દુધ પીવું અને પાનનું બીડું અવશ્ય ખાવું. એથી વીર્ય સ્તંભિત થશે.

(૨૩) કેસર, સુખડ, પીપર, લવીંગ, જાયફળ, ચણકબાબ, અકલકરો, સુંઠ, એ દરેક તો. ૧, અફીણ તો. ૪ લઇ, બધાં બારીક વાટી, પાંચ પાંચ રતીની ગોળી વાળવી. તે રાતે એક ગોળી મધ સાથે લઇ ઉપર દુધ પીવાથી ધાત તરત સ્ખલિત થવા ન પામે.

(૨૪) મિશ્રી અફીણ તો. ાા, શોધેલ હીંગળો તો. ાા, ભૂંગી તો. ાા, એ બધાં લીમડાના રસમાં સડસડાવી, ચણીયા બોર જેવડી ગોળી કરવી. તે સાંજે એક ગોળી લઇ ઉપર દુધ પીવાથી સ્તંભન થશે.

(૨૫) શોધેલ ઝેરકોચલાં તો. ાા શેકી, વાટીને પાનના રસમાં તેની ગોળી વાળવી. તે સાંજે ચાર ઘડી પહેલાં એક ગોળી લઇ ઉપર દુધ પીવું અને પાનનું બીડું અવશ્ય ખાવું. એથી સ્તંભન થાય.

(૨૬) મોચરસ, જાયફળ, રૂમીમસ્તકી, પીપર, અફીણ, અકલકરો, એલચી, કેસર, શરપંખાના મૂળ, કસ્તુરી, જાવંત્રી, સુંઠ, સમુદ્રશોષ, ધતુરાનાં બીજ, શોધેલ પારો, શોધેલ હીંગળો, લવીંગ, ભાંગ, કણેરના

મૂળ, ધરોના મૂળ, જુવારના મૂળ, વાંસકપુર અને કપુર, એ બધાં સમભાગે લઇ ખુબ બારીક વાટીને મધ કે નાગરવેલના પાનના રસમાં મરી જેવડી ગોળીયો કરવી. તે સમાગમ પહેલાં એક ગોળી ઉતારી ઉપર દુધ અને ઘી તથા પાનનું બીડું ખાવાથી વીર્યસ્તંભન થાય. વધારે વખત સ્ત્રીસંગ થઈ શકે.

(૨૭) શોધેલ વછનાગ તો. ૨, મરી તો. ૨, બારીક કરી પાનના રસમાં ખુબ ખરલ કરવાં. તથા લીલાં ધતુરાનાં બી તો. ૨ વાટી, તેના રસમાં અફીણ તો. ૨, શોધેલ હીંગળો તો. ૨, ચણીયો કપુર તો. ૦ાા, એ બધાં એકરૂપ કરવાં. પછી પાનના રસમાં ખુબ વાટી વટાણા જેવડી ગોળીયો બનાવવી. તે એક ગોળી સાંજે લઇ ઉપર દુધ પીવાથી એક ઘડી ધાતપાત ન થાય.

(૨૮) ભાંગ, જાયફળ, અફીણ, લવીંગ, જાવંત્રી, એ બધાં સમભાગે બારીક વાટી, પાનના રસમાં તેની ચણોઠી પ્રમાણ ગોળી વાળવી. તે સાંજે લઈ ઉપર દુધ પીવાથી વીર્ય તરત સ્ખલિત થશે નહિ.

(૨૯) શોધેલ હીંગળો, જાયફળ, કેસર, એખરો, કવચ બીજ, લવીંગ, રૂમીમસ્તકી, અકલકરો, તજ, તમાલપત્ર, ખુરાસાણી અજમો, એ દરેક તો. ૦ાા, અફીણ તો. ૦ાા, લઇ બારીક વાટી, ભાંગના રસમાં ખુબ ઘુંટીને ચણા જેવડી ગોળીઓ કરવી. તે સાંજે એક ગોળી લઇ ઉપર દુધ પીવું. વીર્ય વધારે વખત સ્તંભિત રહેશે.

(૩૦) હરડેને ઘીમાં તળીને ખાવી અને ઉપર તેજ ઘી પીવું. એથી શરીરમાં લાંબો વખત બળ કાયમ ટકી રહે છે.

(૩૧) રોજ કાળા તલ તો. ૧ ખાઈ ઉપર ઠંડું પાણી પીવાથી શરીરમાં તાકાત આવે છે અને દાંત કાયમ મજબુતજ રહે છે.

(૩૨) પીપર, સાળ, પ્રિયાલ, વિદારિકંદ, અખોડ—એ બધાંનું ચુરણ તો. ૧૬, કવચબીજનું ચુરણ તો. ૧૬, સાકર તો. ૨૦૦, તાજું ઘી તો. ૪૮, આ બધી ચીજો મેળવી રોજ સવાર સાંજે એકેક તોલો ખાનાર પુરૂષ ભારે બલિષ્ઠ થાય છે અને લાંબો વખત રમણીવિલાસ

કરી શકે છે.

(૩૩) પોતાના રસથી વારંવાર ભાવના આપેલ વિદારિકંદનું ચુરણ મધ તથા ઘીમાં ચાટવાથી પુરૂષમાં ઘણી સ્ત્રીઓ ભોગવવાની તાકાત આવે છે.

(૩૪) લવીંગ, જાવંત્રી, જાયફળ, એ દરેક તો. ૧, અફીણ તો. ૧ાા, શોધેલ હીંગળો તો. ૦ા, બધાં બારીક વાટી, પાનના રસમાં નાના બોર જેવડી તેની ગોળીઓ કરવી. તે એક ગોળી સમાગમ પહેલાં એક ઘડી ખાવી. ઉપર દુધ પીવું. એથી ૪ ઘડી વીર્ય સ્તંભન રહેશે.

(૩૫) કેસર, અફીણ, જાવંત્રી, લવીંગ, મિશ્રી, શેતુર, એ દરેક તો. ૧, પ્રથમ અફીણને ગરમ કરી તેમાં ઉપરની ચીજો નાખી એક પહોર ખુબ ખરલ કરવું. પછી તેમાં પાનનો રસ નાખી સરખા પ્રમાણની ચૌદ ગોળીયો કરવી. તે સ્ત્રીસંગ પહેલાં ત્રણ કલાક અગાઉ એક ગોળી ખાવી, ઉપર દુધ પીવું. ધાતુ સ્તંભન થાય.

(૩૬) રૂમી, મસ્કતી ગુંદર, અકલકરો, ખુરાસાણી અજમો, મીંઢળનાં બીજ, અફીણ, એ દરેક તો. ૦ાા લઈ બારીક વાટી, મધમાં ચાર આની ભારની ગોળીયો કરવી. તે સાંજે સવારે એકેક ગોળી લઇ ઉપર દુધ પીવું. એથી ધાત તરત સ્ખલિત થશે નહિ.

(૩૭) રૂમી મસ્તકી, જાયફળ, જાવંત્રી, બંને અજમા, સમુદ્રશોષ, એ દરેક તો. ૦ાા લઈ બારીક વાટી, ગોળમાં તો. ૦ાા ની ગોળીયો વાળવી. તે સવાર સાંજે એકેક ગોળી લઇ ઉપર દુધ પીવાથી સ્તંભન થાય.

(૩૮) શોધેલ ઝેરકોચલાં, અફીણ, ખુરાસાણી અજમો, એ દરેક તો. ૦ાા લઇ બારીક વાટી, લીમડાના રસમાં ખુબ ઘુંટી, નાના બોર જેવડી ગોળીઓ વાળવી. તે સવાર સાંજે એકેક ગોળી લઇ ઉપર દુધ પીવાથી તરત વીર્ય સ્ખલિત ન થાય.

(૩૯) શોધેલ વછનાગ, અકલકરો, ભૃંગી, જાયફળ, જાવંત્રી, લવીંગ, ખુરાસાણી અજમો, ચણકબાબ, માયફળ, સોવનટંકી, અજમોદ, અફીણ,

એલચી, ધતુરાના બી, એ દરેક તો. ાા, ચણીયો કપુર માસો ૧, એ બધાં બારીક વાટી, ગોળમાં બોર જેવડી ગોળીયો કરવી. તે સવાર સાંજે એકેક ગોળી લઇ ઉપર દુધ પીવાથી વીર્યસ્તંભન થાય.

(૪૦) શોધેલ હીંગળો તો. ાા, સુંઠ, જાવંત્રી, એલચી, પીપર, અકલકરો, એ દરેક તો. ૧, હરડેદળ, સાકર, મોંઢીઆવળ, તજ, નસોતર, એ દરેક તો. ૨, એ બધાંનું બારીક ચુરણ કરવું. પછી કાળી દરાખ રાતે પલાળી, સવારે તેનું સત્ત્વ કહાડી, તેમાં ગોળીયો વાળવી. તે રોજ સુતી વખતે એક ગોળી લઈ ઉપર દુધ પીવાથી ધાતુ ઘટ્ટ થતાં તે તરત સ્ખલિત ન થશે. પથ્ય બરાબર પાળવું.

(૪૧) શોધેલ ઝેરકોચલાં, શોધેલ વછનાગ, શોધેલ હીંગળો, કેસર, સમુદ્રશોષ, એખરો, અભ્રક ભસ્મ, તામ્રભસ્મ, ધોળી કણેરની છાલ, સફેત મુશળી, ગોખરૂ, ખુરાસાણી અજમો, કવચબીજ, ખસખસ, લવીંગ, અકલકરો, છરૂં, માલકાંકણી, સુંઠ, ચણકબાબ, શોધેલ ભાંગ, એલચી, જાયફળ, ધતુરાનાં બી, શતાવરી, જાવંત્રી, અજમો, એ દરેક તો. ાા, કમળકાકડી તો. ૧, મરી, કંકોલ, એ બંને તો. ાા, એ બધાં બારીક વાટી, ગોળમાં ચણીયા બોર જેવડી ગોળીઓ બનાવવી. તે સવાર સાંજે એકેક ગોળી લઇ ઉપર દુધ પીવાથી ધાતુપાત વિલંબે થાય. વીર્યનું સ્તંભન થાય. બરાબર સાત્ત્વિક ખોરાક લેવાથી અત્યંત તાકાત આવે, રતિસંગ વખતે સ્ત્રી થાકે પણ પુરૂષ ન થાકે. એથી શરીરમાં અજબ કૌવત વધે છે. ઘડપણ આવેલ ગળી જાય અને પાછી નવી જુવાનીનો જુસ્સો જામી રહે.

સમાપ્ત

છપાય છે! છપાય છે!! છપાય છે!!!

પુરાતન ગૌરવભર્યા સંસ્કૃત હસ્તલિખિત તેમજ મુદ્રિત ગ્રંથોના આધારે સરલ ભાષામાં તૈયાર કરેલ દેશી વૈદકનું ઉત્તમોત્તમ પુસ્તક—

ચિકિત્સા-ચિંતામણિ

અથવા

દેશી દવાઓનો ભંડાર.

પ્રથમ ભાગ.

આ પુસ્તકમાં નાનાં મોટાં તમામ દર્દો, જેવાં કે **તાવ, ખાંસી, દમ,** ક્ષય. **અતિસાર, આમાતિસાર,** રકતાતિસાર, મરડો, **સંગ્રહણી, પાંડુ,** કમળો, **હરસ, બરોળ, વધરાવળ, વાયુ (વા), અજીર્ણ,** કોલેરા, **સોજો, ચામડીના** ચેપી રોગ, કાનનાં દર્દો, પુરૂષોને લાગુ પડતા ગરમીનાં દર્દો, જેવાં કે વીશ જાતના **પ્રમેહ, મુત્રકૃચ્છ્ર, મુત્રાસ્મરી** (પથરી), **ચાંદી** કે **ટાંકી,** ઉપદંશ, **બદ,** વિસ્ફોટક, **ધાતુની** નબળાઇ, **નામર્દાઇ,** વિગેરે દરેક દરદનાં ટુંક લક્ષણો, કારણો અને તેના અલગ અલગ સંખ્યાબંધ સાદા અને સ્હેલા ઉપાયો બતાવેલા છે. વળી **ધાતુપુષ્ટિ** અને **વીર્યવૃધ્ધિના** સંખ્યાબંધ નિર્ભય ઉપાયો તેમજ **નામર્દાઇના** લેપ, માલીસ કરવાના **તેલ** કે **ઘી** તથા ખાવાના અનેક ઐાષધો બતાવેલ છે. છેવટે વાજીકરણ અને **ધાતુ**-સ્તંભનના સ્હેલાઇથી થઇ શકે તેવા ઘણા પ્રયોગો આપેલા છે કે જેની પોતાના હાથે બનાવટ કરી, તેનો ઉપયોગ કરવાથી આજ કાલ ઉભરાતી નવીન યાકુતિઓ તથા ધાતુપુષ્ટિની ગોળીઓમાં પૈસાની બરબાદી કરવાની જરૂરજ ન રહે. તેમજ જે ચીજો શોધન કર્યા વિના ખાવામાં ન વાપરી શકાય, તેવી ચીજોની શોધનવિધિ શાસ્ત્રીય રીત પ્રમાણે બતાવવામાં આવેલ છે. લગભગ ૪૦૦ પાના, પાકી બાઇંડીંગ.

અગાઉથી ગ્રાહક થનારને રૂા. ૨ા માં, પાછળથી રૂા. ૩.

અગાઉથી આઠ આના ડીપોઝીટ આપી ગ્રાહક થનારનું મુબારક નામ આ પુસ્તક સાથે છપાવી પ્રગટ કરવામાં આવશે.

